# પ્રાચીન જગત્

પ્રકાશકઃ ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીઃ અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S.

Jin Gun Aaradhak Trust

સ્વ. ચંદ્રપ્રસાદ ગોવિંદલાલ સ્મા. ગ્રંથમાળા નં. ૩

બ્લન્ટ (Blunt) રચિત

(The Ancient world પરથી)

# પ્રાચીન જગત્

અનુવાદક,

મૂળશંકર સોમનાથ ભટ્ટ,

વડોદરા

છપાવી પ્રસિદ્ધ કરનાર,

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી-ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી,

અમદાવાદ.

કિમ્મત બાર આના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવૃત્તિ પહેલી. પ્રત ૧૫૦૦.

સન ૧૯૩૨. સંવત્ ૧૯૮૮.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું,

ઠે. પાંચકુવા, ચાર રસ્તા; ગાંધીરોડ—**અમદાવાદ.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વ. ચંદ્રપ્રસાદ ગોવિંદલાલ સ્મારક ગ્રંથમાળાનો

# ઉપોદ્‌ઘાત.

સ્વ. ચંદ્રપ્રસાદ વિદ્યાર્થી અવસ્થામાં અકાળે અવસાન પામતાં તેમના આત્માના શ્રેયાર્થે તેમના પિતાશ્રી રા. ગોવિંદલાલ નરભેરામ ઠાકોરે રૂ. ૧૫૦૦) ના બોમ્બે સ્ટીમ નેવિગેશન કું. ના પ્રેફરન્સ શેરો, સોસાઇટીને તે ફંડના વ્યાજમાંથી ધર્મ, નીતિ, ચારિત્ર્ય, કેળવણી અગર જનસુખાકારી સંબંધી સામાન્ય લોકોને ઉપયોગી તેમજ બોધદાયક થઈ પડે તેવાં પુસ્તકો બનતાં સુધી લખાવવાને સોંપ્યા છે. તદનુસાર તે ફંડના વ્યાજમાંથી પારિતોષિક આપી સોસાઇટી તરફથી નીચેનાં પુસ્તકો છપાવવામાં આવ્યાં છેઃ

| નં. | પુસ્તકનું નામ. | કિંમત. |
|---|---|---|
| ૧ | સિંહાસન બત્રીસી, ભાગ ૧ લો ... ... | ૦–૧૦–૦ |
| ૨ | ,, ,, ભાગ ૨ જો ... ... | ૦–૧૦–૦ |
| ૩ | પ્રાચીન જગત ... ... ... ... | ૦–૧૨–૦ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

પ્રાચીન કાળમાં હિંદમાં મોટે ભાગે આશ્રમજીવન હતું, જુદી જુદી ટોળીઓ જુદી જુદી દિશાઓમાં સ્થલાંતર કરતી, રાજ્યો સ્થાપતી અને નગરો વસાવતી એ વાતની જેટલી હિંદવાસીઓને માહિતી છે, તેના પ્રમાણમાં પ્રાચીન કાળમાં તે વખતની બાકીની દુનિયાની માનવ જાતોના વિકાસ અને વિનાશની માહિતી બહુ જ જૂજ કહેવાય. ઇસુ ખ્રિસ્તનાથ પહેલાં ૩૦૦૦-૪૦૦૦ વર્ષો પહેલાં ઇજિપ્તમાં, પછી આસીરિયા, બાબિલોન, ઈરાન, ગ્રીસ અને રોમમાંની પ્રજાઓએ જે સંસ્કૃતિનો જન્મ આપ્યો અને વિકસાવી અને જેના અવશેષોમાંથી અર્વાચીન યુરોપિય સંસ્કૃતિમાં બીજરૂપે છે તેનો સ્પષ્ટ સુરેખ છતાં સરળ ઇતિહાસ ઓક્સફર્ડ યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરેલ તે પુસ્તકનું આ ભાષાન્તર છે. લેખકે લડાઇઓ અને વ્યક્તિઓના હેવાલો લગભગ છોડી દઈ એ પ્રજાઓના ઘડતર ને વિકાસને સામાન્ય વાચકો પણ સમજી શકે એવી રીતે આલેખ્યો છે અને તેવા જ સ્વરૂપમાં ગુજરાતી ભાષામાં ઉતારવાની મને તક મળી છે તે માટે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો હું ઋણી છું. શ્રી. મુરબ્બી બલવંતરાય ઠાકોરનું વાત્સલ્યપૂર્ણ પ્રોત્સાહન મળ્યું નહોત તો આ પુસ્તકનું ભાષાન્તર પ્રગટ ન જ થયું હોત એ વાત પણ નોંધવી જરૂરની ધારૂં છું.

મૂળશંકર સોમનાથ ભટ્ટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા

## ખંડ ૧ લો : પ્રાચીન પૂર્વ :


| નં. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | બેબિલોનનું સામ્રાજ્ય ... ... ... ... | ૧ |
| ૨ | મિસરનું સામ્રાજ્ય ... ... ... ... | ૧૯ |
| ૩ | આસીરિયન સામ્રાજ્ય ... ... ... ... | ૩૨ |
| ૪ | ખાલ્ડિયન અને પરશિયન સામ્રાજ્યો ... ... | ૪૪ |


## ખંડ ૨ જો : ગ્રીસ :


| | | |
|---|---|---|
| ૧ | ગ્રીસનો પુરાતન યુગ ... ... ... ... | ૫૫ |
| ૨ | ગ્રીસનો ઉદય ... ... ... ... ... | ૭૧ |
| ૩ | હેલ્લાસની પડતી દશા ... ... ... ... | ૮૯ |
| ૪ | મકદુનિયાનો જમાનો ... ... ... ... | ૧૦૪ |
| ૫ | ગ્રીક લોકો અને જગત ઉપરનો તેમનો ઋણભાર ... | ૧૧૭ |


## ખંડ ૩ જો : રોમ :


| | | |
|---|---|---|
| ૧ | રોમની ચડતી ... ... ... ... ... | ૧૪૧ |
| ૨ | રોમન પ્રજાસત્તાક ... ... ... ... | ૧૫૬ |
| ૩ | ઑગસ્ટન યુગ ... ... ... ... ... | ૧૭૨ |
| ૪ | રોમન સામ્રાજ્ય... ... ... ... ... | ૧૯૭ |
| ૫ | જંગલી પરદેશીઓનાં ધાડાં ... ... ... | ૨૧૭ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ચિત્રોની સૂચી.

| નં. | નામ. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | પ્રાચીનતમ્ ચિત્રલિપિ ... ... ... | ૯ |
| ૨ | નકશો – પૂર્વના દેશો ... ... ... | ૧૩ |
| ૩ | અશોકના શિલાલેખ પેઠે પથ્થર સ્તંભ ઉપર કોતરેલા હામુરબીના કાયદા... ... ... | ૧૩ સામે |
| ૪ | નકશો – પૂર્વના દેશો ... ... ... | ૧૫ |
| ૫ | ,, ,, ... ... ... | ૨૭ |
| ૬ | ,, ,, ... ... ... | ૩૬ |
| ૭ | ,, ,, ... ... ... | ૪૬ |
| ૮ | નકશો – પર્શિયન એમ્પાયર... ... ... | ૭૬ |
| ૯ | ડેલિયન લીગનાં ખંડિયાં નગર રાજ્યોએ ભરેલી રકમોની યાદી ( એક્રોપોલિસ, એથેન્સ ) ... | ૮૦ સામે |
| ૧૦ | ગ્રીસ પર ચઢાઇ લઈ જવાની દેરાયસની તૈયારી... | ૮૧ |
| ૧૧ | નકશો – અલેક્ઝાન્ડરનું સામ્રાજ્ય ... ... | ૧૧૨ |
| ૧૨ | રોમન લશ્કરના પ્રતીક ... ... ... | ૧૬૦ સામે |
| ૧૩ | સીઝર ઑગસ્ટસ ... ... ... ... | ૧૭૪ સામે |
| ૧૪ | રોમન મલ્લો, દરિયાઈ કૃત્રિમ લડાઈ ... ... | ૧૭૯ સામે |
| ૧૫ | વિદ્યાપીઠ વ્યાખ્યાન ... ... ... | ૨૧૯ સામે |

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

# પ્રાચીન જગત્

## ખંડ ૧ લો

### પ્રાચીન પૂર્વ


૧ બેબિલોનનું સામ્રાજ્ય .... ....

૨ મિસરનું સામ્રાજ્ય.... .... ....

૩ આસીરિયન સામ્રાજ્ય .... ....

૪ ખાલ્ડિયન અને પરશિયન સામ્રાજ્યો ....


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ૧. બેબિલોનનું સામ્રાજ્ય

દુનિયાના કયા ભાગ કે ભાગોમાં પહેલવહેલી માણસ જાત વસતી હતી તે આપણે જાણતા નથી. જીવન-વ્યવહારમાં તેમનામાં અને પશુઓમાં બહુ જૂજ તફાવત હોવો જોઈએ. એકાદ ખોપરી કે રડયુંખડયું એકાદ હાડકું એ સિવાય તેઓ એવી બીજી કશી નિશાની પાછળ મૂકી ગયા નથી કે જેનાથી તેનો દેખાવ કેવો હતો એ આપણે કલ્પી શકીએ.

પણ ધીમે ધીમે માણસ વધારે ચતુર અને વધારે બુદ્ધિશાળી થતો ગયો. પોતે દેવતા સળગાવતાં શિખ્યો. પથ્થરોને સામસામા ઘસીને, લાકડાના હાથા ઉપર બેસારી શકાય અને શિકાર તથા લડવામાં ખપ લાગે એવાં કુહાડી અને ભાલા જેવાં હથિયાર બનાવતાં પણ તેને આવડયું. આ કાળ પત્થર યુગને નામે ઓળખાય છે, અને તે હજારો વર્ષ સુધી ચાલ્યો. પરન્તુ એ બધા સમય દરમિયાન મનુષ્ય જાત વધારે માણસાઈવાળી અને ચતુર બનતી ગઈ. આખરે આપણને સમજાય છે કે ખડકો ઉપર અને ગુફાઓમાં નિશાનીઓ અને ચિત્રો કોતરતાં તેને આવડયું; અને આ યુગ પછી તો માણસ જાતે એટલી ઝડપથી પ્રગતિ કરી કે આપણે જેને સંસ્કારી કહી શકીએ એટલે દરજ્જે તે પહોંચી. હવે તે જંગલીઓની જેમ રહેતી નથી, પણ ગવર્નમેન્ટ, કાયદા, હુન્નર અને પરસ્પર વ્યવ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થિત વ્યવહાર વગેરે સ્થાપવાની શરૂઆત કરે છે. હવે તે વ્યવસ્થિત સમાજમાં એટલે એક બીજા સાથે સહચારથી જીવન ગાળે છે.

પૂર્વના કરતાં યૂરોપમાં માણસ આ સુધરેલી સ્થિતિએ બહુ ધીમે અને મોડો પહોંચ્યો અને તેથી સંસ્કારી માણસનો ઇતિહાસ પૂર્વમાંથી શરૂ થાય છે. જે સમયથી આ ઇતિહાસ શરૂ થાય છે તે વખતે માણસ જાત ત્રણ મોટાં જૂથમાં વહેંચાઈ ચૂકી હતી. એ ત્રણ ટોળાં એટલે સેમિટિક, હેમિટિક અને આર્ય અથવા ઇન્ડો–યૂરોપિયન. બાઈબલ એમને અનુક્રમે શામ, હામ, અને જાફેથના પુત્રો કહે છે. વધારે દૂર પૂર્વમાં, એટલે કે ચીનમાં–વળી બીજાં મોટાં જૂથો બંધાયાં. પણ આજ સુધીમાં મળેલી માહિતી જોતાં, પૂર્વ એશિયાના લોકોએ હજારો વર્ષો સુધી પશ્ચિમ એશિયાના ઇતિહાસને સ્પર્શ કર્યો નથી. એટલે હમણાં તો આપણે ઉપર કહ્યાં તે ત્રણ જૂથોનો જ વિચાર કરવો રહ્યો. પહેલા જૂથમાંથી બાબિલોનિયન, આસિરિયન અને હિબ્રુલોકો; બીજા જૂથમાંથી પૂર્વકાળના મિસરીઓ; અને ત્રીજામાંથી આખા યૂરોપ ઉપરાંત હિંદ અને ઇરાનના લોકો ઉતરી આવ્યા છે. આપણો ઇતિહાસ જ્યારથી શરૂ થાય છે તે વખતે આ ટોળાંઓ એક જગ્યાએ છેવટનાં સ્થિર થઈને વસ્યાં નથી. પરન્તુ દુનિયાના જુદા જુદા ભાગોમાં વસે છે; જેમ કે સેમાઈટ લોકો અરબસ્તાનમાં, હેમાઈટ આફ્રિકામાં અને આર્યો કાસ્પિયન સમુદ્રની આસપાસ વસતા હતા. હજી તો તેમનામાંથી નાની નાની ટોળીઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છૂટી પડતી જાય છે અને પોતાની વધતી જતી સંખ્યા માટે ખોરાક પાણી અને વસવાટ લાયક સ્થળની શોધમાં નિરનિરાળી દિશામાં ખસતી જઇને પોતાને જોઇતાં સાધનોવાળું સ્થળ આખરે મળી રહેતાં દુનિયાના જુદા જુદા ભાગોમાં સ્થિર થઇને વસે છે.

પરન્તુ પૂર્વ તરફ ગયેલા લોકો સંસ્કૃતિમાં સૌથી આગળ વધ્યા અને પૂર્વના એક વિશિષ્ટ સ્થાનમાં તો સંસ્કૃતિ અતિશય ઝડપથી ખીલી નિકળી. ઉત્તર દક્ષિણે એશિયા માઇનોરને કિનારે થઇને ઇજીપ્તની પશ્ચિમ સરહદ ઉપર એક, અને કાસ્પિયન સમુદ્રને પૂર્વ કિનારેથી ઇરાની અખાતના કાંઠા સુધી બીજી, એવી બે સમાંતર રેષાઓ દોરીએ; અને બીજી બે સમાંતર રેષાઓ પૂર્વથી પશ્ચિમ, એક બાલ્કન પર્વતોથી કાસ્પિયન સમુદ્ર સુધી અને બીજી રાતા સમુદ્રને કિનારેથી અરબસ્તાનને કિનારે કિનારે; તો એક સમચોરસ જેવી આકૃતિ થાય. આ સમચોરસ પ્રદેશ તે નજીકનું પૂર્વ* અને પૂર્વના આ પ્રદેશમાં પહેલવહેલી મહાન માનવ સંસ્કૃતિઓ જન્મી.

આ સમચોરસ પ્રદેશમાં પણ વધારે ઝીણવટથી તપાસીએ તો આ સંસ્કૃતિઓનું કેન્દ્રસ્થળ જડી આવશે. નજીકના પૂર્વના નકશામાં જોઇએ તો એક અર્ધચંદ્રાકાર આકૃતિ–પટ્ટા જેવું દેખાય છે. આ પટ્ટો ઇરાની અખાતને

---

* મૂળ લેખક યૂરોપિયન છે અને યૂરોપિયનોની ભૌગોલિક દૃષ્ટિએ એશિયાના મુલકો તે પૂર્વના મુલકો ગણાય. આપણી દૃષ્ટિએ આ પ્રદેશ “ નજીકનું પશ્ચિમ ” અને યૂરોપ એટલે “ દૂરનું પશ્ચિમ. ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માથેથી શરૂ થઇ, ઉત્તર તરફ તૈગ્રીસ નદીના મૂળ સુધી વળાંકો લઇને પછી પશ્ચિમ તરફ વળીને યુફ્રેતિસ નદીને સ્પર્શે છે; ત્યાંથી પાછો દક્ષિણ તરફ નમીને સીરિયા અને પેલેસ્ટાઇનને આરપાર વીંધીને સીનાઇના રણ સુધી લંબાય છે. એ રણને પેલે પાર આ પટ્ટાનો જાણે એક છેડો નાઇલ નદીને કાંઠે કાંઠે છેક દક્ષિણ તરફ ગયેલો લાગે છે. આ અર્ધચંદ્રાકૃતિ જેવા પટ્ટાની અંદરનો પ્રદેશ ફળદ્રુપ જમીનથી ભરપૂર છે અને પૂર્વની બધી પ્રાચીન સંસ્કૃતિઓ ત્યાં જ જન્મી અને ખીલી.

આ વિસ્તારને બંને છેડે બે વિશાળ ફળદ્રુપ પ્રદેશો પથરાએલા છે. એક ઇજીપ્તમાં અને બીજો તૈગ્રીસ ને યુફ્રેતીસનાં મુખ આગળનો જે પહેલાં શિનાર અને પછી બેબિલોનીઆ કહેવાતો અને હવે મેસોપોટેમીઆ એટલે દોઆબના નામથી ઓળખાય છે. બાકીના વિસ્તારમાં જમીન ઓછી ફળદ્રુપ કે ખાડા ટેકરા અને ગાળીઓવાળી છે. આ બે વિશાળ, સમૃદ્ધ અને પાણીથી ભરપૂર પ્રદેશોમાં મહાન સંયુક્ત વસતિ વસી અને આબાદ થઇ શકી એટલે અહિંયાં જ કોઈ પણ પ્રાચીન સામ્રાજ્યનાં મુખ્ય કેન્દ્રસ્થળ હોવાનો સંભવ ખરો.

છતાં આ વિસ્તારમાં વસતા લોકો બહાર તેમ જ અંદર બંને બાજુએથી આવતા ભયમાં આવી પડે એ પણ એટલું જ ખરું છે. પહેલું તો તેઓ અંદર અંદર જ લડી પડે; અને બે વિશાળ પ્રદેશોનો ભોગવટો કરતી બે પ્રજાઓ એક બીજીની અદેખી બને એ પણ દેખીતું જ સંભવિત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમામ વેપાર વણજને આ પ્રદેશમાં થઇને પસાર થવું રહ્યું; કારણ કે એક બાજુએ રણ અને બીજી બાજુએ પર્વતોને લીધે બીજે કયાંઇથી માર્ગ કાઢવો અતિશય મુશ્કેલ થઇ પડે. એટલે સામસામી દરેક સત્તા આ માર્ગના બને એટલા મોટા ભાગ ઉપર પ્રભુત્વ મેળવીને બીજી ઉપર સરસાઇ ભોગવવાનો પ્રયત્ન કરે જ કરે.

વળી બહારથી સંકટ આવવાનો સંભવ પણ ખરો. આ પ્રદેશના સીમાડા ઉપર સમુદ્ર, પર્વતો અને રણ પથરાએલાં છે. એ ત્રણેયમાંથી ગમે તે એક ભયનું કારણ થઇ પડે.

अ. સમુદ્રમાર્ગે તૂર્તમાં સંકટ આવવાનો સંભવ નહોતો. જૂના જમાનાનાં વહાણો મોટાં મોટાં લશ્કરો લઇ જવા માટે નકામાં હતાં; અને વળી તે કાળે હોકાયંત્ર જેવું સાધન ન હોવાથી ખલાસીઓ મહાસાગર ખેડતાં કે ધરતીથી બહુ દૂર જતાં અચકાતા. એટલે કોઈ દુશ્મન પશ્ચિમ દિશાએથી આ વિસ્તાર ઉપર હુમલો કરવા ધારે તો તે જમીન માર્ગે જ આવે અને લાંબા સમય સુધી, ખરૂં જોતાં મહાન સિકંદરના (૩૩૪) સમય સુધી પશ્ચિમની કોઇ સત્તા આ ફળદ્રુપ પ્રદેશ ઉપર ચઢાઇ કરવા જેટલી સબળ થઇ નથી.

ब. આ વિસ્તારને મથાળે એશિયા માઇનોરથી એલામ (ઈરાની અખાતને પૂર્વ મથાળે) સુધી પર્વતો અને ઉચ્ચ પ્રદેશો પથરાએલા છે, એ ભાગ પ્રાચીન સમ-


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યથી ઈન્ડો-યુરોપિયનોને કબજે હતા. આ જાત દક્ષિણુ રશિયા અને કાસ્પિયન સમુદ્રના પ્રદેશમાંથી આવી એમ મનાય છે. આ જાત એટલે પુરુષો, સ્ત્રીઓ અને બાળકોનાં ટોળેટોળાં ખોરાક અને સ્થાયી રહેઠાણુની શોધમાં કાયમ ભટકયા કરતાં અને દશિણુ રશિયા તરફથી ધસ્યાં આવતાં એવાં જ બીજાં ટોળાંઓથી દક્ષિણુ તરફ આગળ ને આગળ ધકેલાતાં. આમાંની કેટલીક ટોળીઓ એલામની આસપાસ બહુ વહેલાંથી સ્થિર થઈને વસી હતી. બીજી ટોળીઓએ તે પછીના કાળમાં એશિયા માઈનોર અને આર્મીનિયામાં રાજ્યો સ્થાપ્યાં. પરન્તુ બીજાં ટોળાંઓ પાછળ આવતાં જ રહ્યાં. આમ આ બધો માનવ સમુદાય ફળદ્રુપ પ્રદેશના કિનારાને તોડીને અંદર ધસી આવવા મથતા સમુદ્રની ભરતી જેવો હતો. આ રીતે જ બેબિલોનિયન, આસીરિયન અને કેલ્ડિયન સામ્રાજ્યો વારા ફરતાં અસ્ત થયાં.

क. ઈજીપ્તની દક્ષિણે અને પશ્ચિમે આફ્રિકાનું રણ છે. એ રણની જંગલી જાતો નાઇલ નદીના પ્રદેશમાં વસતી પ્રજા ઉપર હુમલો કરી શકે. વળી આ અર્ધચંદ્રાકૃતિના પેટામાં અરબસ્તાનનું રણ આવેલું છે. તેમાં સેમિટિક જાતની ટોળીઓ અન્નપાણી અને પોતાના ઢોરમાલને માટે ચરાણુની શોધમાં, રણની એક મીઠી વીરડીથી બીજીએ, એમ ભટકતી જીંદગી ગાળતી વસતી. એ લોકો નોમાડ અથવા બેદુઈનઃ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભટકનારાઓને નામે ઓળખાય છે. આવી ટોળીઓમાં મનુષ્ય સંખ્યા હંમેશાં બહુ નાની હોય, કારણ કે રણમાં કોઈ એક જ જગ્યાએ વધારે માણસોનો લાંબો વખત નભાવ થઇ શકે નહિ. પરન્તુ કોઇ કોઇ વાર ખોરાક પાણીની તાણ પડવાથી કે સંસ્કૃતિના વૈભવથી આકર્ષાઇને એ લોકો ટોળાબંધ એકઠા થઇને ફળદ્રુપ પ્રદેશો ઉપર ધાડ પાડતા. ઇજીપ્તને આ જાતના ભયનો અનેક વાર સામનો કરવો પડેલો. અને બેબિલોનિયન, આસીરયન અને કેલ્ડિયન સામ્રાજ્યો તથા ફિનીશિયન, સીરિયન અને હિબ્રુ રાજ્યો એ રીતે જ ઉત્પન્ન થયેલાં.



પ્રાચીનતમ ચિત્રલિપિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે નજીકના પૂર્વનો ઇતિહાસ એટલે મુખ્યત્વે કરીને રણ, પર્વત અને સમુદ્રમાર્ગે આ ફળદ્રુપ પ્રદેશમાં વસતા લોકોને માથે તેમની સમીપના આ પાડોશીઓએ જે જે વિતાડયું તેની કથાઃ—એટલે હવે આપણે એ કથાનો અભ્યાસ શરૂ કરી શકીએ.

ઈ. પૂ. આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં સુમેરિયન જાતના લોકો, ઘણું કરીને મધ્ય એશિયામાંથી ઉતરી આવ્યા અને શિનારના સપાટ પ્રદેશમાં–ખાસ કરીને દક્ષિણ ભાગમાં વસ્યા. શિનારનો દક્ષિણ ભાગ સુમેર (સુમેરૂ?) અને ઉત્તર ભાગ (તે કાળે અથવા તે પછી) અક્કાદ કહેવાતો. સુમેર પ્રદેશમાં આવીને વસ્યા પહેલાં એ લોકો કેટલે અંશે સુધરેલા હતા એ કહેવું મુશ્કેલ છે. પરન્તુ સુમેરમાં તેમની પહેલવહેલી નિશાનીઓ જડી આવે છે. તે વખતે આ લોકોએ ધર્મગુરુ–શાસકોના અમલવાળાં નગરરાજ્યો સ્થાપ્યાં હતાં. એ ધર્મગુરુ–શાસકો માંહોમાંહે નિરંતર લડયા કરતા. વળી બીજું એ પણ જોઇ શકાય છે કે એ લોકો મોટા વેપારી હતા. બીજી વસ્તુઓ સાથે જથ્થાબંધ ત્રાંબુ કદાચ સિનાઇ કે એશિયા માઇનોરમાંથી આયાત કરતા; જમીન ખેડતાં અને પીત કરતાં, પત્થર કોતરતાં કે ધારદાર અસ્ત્ર ઓજાર બનાવતાં અને ધાતુકામ કરતાં તેમને આવડતું. વળી લખતાં પણ આવડતું. બેશક એ વખતે કાગળ નહોતા, પણ નરમ ભીની માટીનાં ચોસલાં ઉપર અણિદાર કલમથી પંખીની પાંખના આકારની નિશાનીઓ કોતરી જાણતા. આ તક્તિઓને, હાલની ઇંટોની જેમ, અગ્નિમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પકવતા એટલે એ નિશાનીઓ ભૂંસાઈ જતી નહિ. આ સુમેરિયન લોકો વળી વખત પણ ઠીક ઠીક અટકળી શકતા. તેમણે વર્ષને ૨૮ દિવસના ૧૨ ચાન્દ્રમાસમાં વહેંચી નાખ્યું હતું. ઋતુએ ઋતુ મળી રહેવાનો આધાર તો સૂર્યની ગતિ ઉપર હોવાથી ઋતુઓનું પ્રમાણ સરખું જાળવવાને વચ્ચે વચ્ચે એક મહિનો ઉમેરતા જઇને મેળ બેસાડતા. તડકામાં પકવેલી કાચી ઈંટો વડે બાંધેલાં ઘરોમાં રહેતા. (મેસોપોટેમિયામાં પત્થર છે જ નહિ). અને પોતાના દેવ માટે મંદિર પણ એ જ સાધનથી બાંધતા. એ મંદિરનો ઘાટ ખ્રિસ્તિ દેવળના મિનારાના ઘાટના ઘુંમટવાળો હતો.

ઈ. પૂ. આશરે ૩૦૦૦ વર્ષની આસપાસ સેમિટિક ટોળાં રણમાં થઇને ધસી આવ્યાં અને આસીરિયા (શિનારનો ઉત્તર પ્રદેશ) અને અક્કાદનાં ધણી થઇ બેઠાં. સુમેરિયન અને સેમાઇટ લોકો વચ્ચે લાંબો ઝઘડો ચાલ્યો. એક વખત તો અક્કાદવાળા સારગોનની સરદારી નીચે સેમાઈટ લોકોએ આખો પ્રદેશ જીતી લીધો. પાછળથી સુમેર અને અક્કાદ, યૂરોપનાં ઑસ્ટ્રિયા–હંગરીની પેઠે, એક રાજાના છત્ર નીચે બે સંયુક્ત રાજ્યો તરીકે એકત્રિક થયાં. વચ્ચે કેટલોક કાળ (૨૩૫૦–૨૧૫૦) એલેમાઇટ લોકોય વચ્ચે ઘૂસ્યા અને બન્ને જાતોના ધણી થઇ બેઠા હતા. પરન્તુ એ નવા આગંતુકોને કેમ જાણે મારી હઠાવવા માટે જ, નવાં સેમાઇટ ટોળાઓ આવતાં જ રહ્યાં અને છેવટે એલેમાઈટ લોકોને હાંકી કાઢયા. સુમેરિયન લોકોની છેવટની જીત થઇ અને સેમેટિક સામ્રાજ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થપાયું. બેબિલોન એ આખાય પ્રદેશનું અગ્રણી શહેર અને સામ્રાજ્યનું પાટનગર થયું.


પણ સુમેરિયન લોકો જે કાંઇ શિખ્યા હતા તેનો સેમાઇટોએ નાશ ન કર્યો, ઉલટું તેમનું બધું ગ્રહણ કરી લીધું અને તેમાં સુધારાવધારા પણ કર્યા. સેંકડો વર્ષોથી સુમેરિયનો સાથે તેમને લડાઇ ચાલતી હતી, છતાં તેમની પાસેથી પોતે શીખતા પણ જતા હતા. સેમાઇટો પણ તડકે સૂકવેલી ઇંટો વડે ઘર બાંધતાં, માટીની તક્તિઓ ઉપર નિશાનીઓથી લખતાં, પત્થર કોતરતાં અને શિલ્પકામ કરતાં અને સુમેરિયન પદ્ધતિએ સંખ્યા, માપ અને કાળગણના કરતાં શીખ્યા હતા. વખત જતાં ત્રાંબા અને કલાઈમાંથી બ્રોન્ઝ ધાતુ પણ પોતાની મેળે બનાવતાં શીખ્યા. વળી તેમણે પોતાના અને સુમેરિયન ધર્મનું મિશ્રણ કરીને તેમાંથી અસંખ્ય દેવો, મોટાં મોટાં દેવળો અને સમર્થ તથા સમૃદ્ધ ધર્માચાર્યો ( સાધુમંડળ ) વાળો મહાન ધર્મ સ્થાપ્યો. તેમણે આગમ ભાખવાની, એટલે પંખીઓનું ઊડવું અને પશુઓનાં બલિદાન જેવાં શુકનો ઉપરથી દૈવેચ્છા જાણવાની કળા સાધવાનો પણ ઢોંગ કરવા માંડયો. દેવળોમાં શાળાઓ સ્થાપી. વેપાર કરતાં અને ખિલવતાં શીખ્યા. બેબિલોન આમ નજીકના પૂર્વનું મોટું વેપારી મથક થઇ પડયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



અશોકના શિલાલેખ પેઠે પથ્થરસ્તંભ ઉપર
કોતરેલા હામુરબીના કાયદા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust




બેબિલોનના રાજકર્તાઓમાં સૌથી પ્રખ્યાત હેમુરાબી (ઇ. પૂ. ૨૧૦૦) થઇ ગયો. તેણે રાજ્યના કાયદાઓ વ્યવસ્થિત કર્યા અને તેને એક પથ્થર સ્થંભ ઉપર કોતરાવ્યા. એ પ્રાચીન સ્થંભ જડયો છે. પુરાતત્વનિવેશો હવે હેમુરાબીના કાયદાઓ ઉકેલી શકે છે. આપણી જાણમાં હોય એવો દુનિયાનો આ જૂનામાં જૂનો કાયદાસંગ્રહ છે. મોઝીઝના કાયદા તરીકે જાણીતા થએલા હિબ્રુ લોકના કાયદા ઉપર તેની અસર થએલી એમ ધારવામાં આવે છે. આ સ્થંભ ઉપરાંત હેમુરાબીના માટીની તક્તિઓ ઉપર લખેલા ૫૫ પત્રો પણ મળી આવ્યા છે. આ પત્રો તેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


અમલદારોને લખેલા છે અને તે બધામાં પોતાની પ્રજાની સંભાળ, ખેતરોમાં પાણી પૂરું પાડનારી નહેરોનું સંરક્ષણ, ત્વરાથી અને ન્યાયથી કર ઉઘરાવવાની ફરજ, એવી એવી બાબતોનો ઉલ્લેખ છે. એ વખતના રાજકર્તાને કેટલું બધું ઉદ્યોગી રહેવું પડતું અને કેટલી બધી બાબતો પાછળ તેણે જાતે લક્ષ આપવું પડતું તે એ પત્રો ઉપરથી આપણે જાણી શકીએ છીએ.

આપણે જોયું કે સેમાઇટ લોકોની છેવટની જીત ઇ. સ. પૂર્વ ૨૧૦૦ પહેલાં નહોતી થઈ. પણ આસીરિયા અને બેબિલોનિયાના એ લોકો જે ધણી થઈ બેઠા તે ચઢાઇ તો આશરે ઈ. પૂ. ૩૦૦૦ પહેલાંથી શરૂ થઇ ચૂકેલી. એ જ સૈકાઓ દરમિયાન, પહેલાં જેમ પૂર્વ તરફથી આવતી તેમ, પશ્ચિમ બાજુએથી રણમાં થઇને બીજી સેમિટિક જાતો આવવા લાગી. એ લોકો કોણ હતા તે જોઇએ.

૧. ફિનિશિયન. આ લોકો સિરિયાને કિનારે ટાયર અને સીડનને પોતાનાં મુખ્ય થાણાં બનાવીને વસ્યા હતા. વખત જતાં તેઓ દુનિયાના સર્વોપરિ નાવિકો થયા. પશ્ચિમ ભૂમધ્ય સમુદ્રને સળંગ કિનારે તેમણે પોતાનાં થાણાં સ્થાપ્યાં. તેમાં કાર્થેજ સૌથી વધારે પ્રખ્યાત થયું. વળી તેઓ જીબ્રાલ્ટરની સામુદ્રધૂની ઓળંગીને ઠેઠ સ્પેન, ફ્રાન્સ, બ્રિટન અને દક્ષિણે આફ્રિકાના પશ્ચિમ કિનારા સુધી સફરે જતા. આમ કરતાં કરતાં તેઓ સમર્થ દરિયાઇ સત્તા ગણાતા થયા. છતાં એશિયામાં તો બહારના હુમલાઓ સામે આત્મરક્ષણ કરવા ઉપરાંત તેમણે કશો વિશેષ પુરુષાર્થ કર્યો નહિ; બીજાઓ ઉપર તેમણે કદિ હુમલો કર્યો નથી. તેમની મુખ્ય મતલબ–કાળજી લડવાની નહિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ વેપારની હતી. પૂર્વને જે કાંઇ વેચવું હોય તે પોતે ખરીદતા અને પોતાનાં વહાણોમાં ભરી એ માલ પશ્ચિમમાં વેચી આવતા. એ જ પ્રમાણે પશ્ચિમનો માલ લાવીને પૂર્વમાં વેચતા. એ રીતે તેઓ તે જૂના કાળના આડતીઆ કે મારફતીઆ વેપારી થયા.




P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨. આરેમિયન્સ. ઇ. સ. પૂર્વે ૩૦૦૦ અને ૨૫૦૦ ની વચ્ચેના ગાળામાં આરેમિયન્સની સેમિટિક જાતો યુફ્રેટિસથી પેલેસ્ટાઇન સુધીના રણની ઉપલી સરહદની આસપાસ, તક મળતી ગઈ તેમ તેમ ઠેર ઠેર વસાહતો સ્થાપીને વસવા લાગી. પાછળના જમાનામાં આમાંની કેટલીક વસાહતો બળવાન થઇ. તેમાં દમાસ્કસ સૌથી વધારે મહત્વનું થયું અને ટકી રહ્યું. છતાં તે કાળે આરેમિયન્સ નોમાડ=ભરવાડી જીવનથી જરાય આગળ વધ્યા નહોતા.

૩. છેલ્લું, કદાચ ઇ. સ. પૂર્વે ૨૫૦૦ પછી, સેમિટિક મૂળવાળી જાતોમાંથી જ કેનાઇટ લોકો પેલેસ્ટાઇનમાં આવ્યા. જે પ્રદેશમાં આ લોકો આવી વસ્યા તેને આપણે કેનાન કહી શકીએ. આ નવા લોકોએ આવતાં વેંતજ ડુંગરી શહેરો બાંધવાનું, બેબિલોન અને મિસર સાથે વેપાર ખેડવાનું અને વધારે સુધરેલા થવાનું શરૂ કર્યું. એ લોકો લગભગ બધી સંસ્કૃતિ બેબિલોન પાસેથી શીખ્યા અને બેબિલોનિયન લેખનકળાનો જ ઉપયોગ કરતા. તેમ છતાં આ લોકોએ એક સંયુક્ત રાષ્ટ્ર તરીકે એકસંપી કરવાનો કદિ પ્રયત્ન સરખોય કર્યો નથી. પોતપોતાના સ્વતંત્ર રાજા કે સરદાર નીચે નાનાં નાનાં સ્વતંત્ર નગરરાજ્યો સ્થાપીને તેઓ વસતા. તેમ છતાં આડકતરી રીતે તે બેબિલોનની આણમાં તો હતા જ. ખરૂં જોતાં પશ્ચિમ સમુદ્ર સુધીના સમસ્ત ફળદ્રુપ પ્રદેશ ઉપર બેબિલોનનું સામ્રાજ્ય ફેલાયલું હતું.

આટલે સુધી તો આ રણકાંઠાના લોકોને બધું તેમને અનુકૂળ ઉતરતું આવ્યું. પણ ઇ. સ. પૂર્વે આશરે ૨૦૦૦ની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આસપાસ પર્વત ભણીના લોકોનો વારો આવે એવો સમય આવ્યો. હેમુરાબીના સમય પછી તુર્ત જ બેબિલોનનું સામ્રાજ્ય ખળભળવા માંડયું. એશિયા–માઇનોરમાં હિતાઇટ નામે ઓળખાતી ઇન્ડો–યૂરોપિયન જાતોએ એકસંપી કરીને રાજ્ય સ્થાપના કરવા માંડી. તેમની સત્તા દક્ષિણ અને પૂર્વ તરફ ફેલાતી ગઇ અને ધીમે ધીમે બેબિલોનને કેનાન અને પશ્ચિમ પ્રાન્તોથી વિખૂટું પાડતી ગઇ. ઇ. સ. પૂર્વે ૧૯૨૫ માં તો હિતાઇટ લોકોએ ખૂદ બેબિલોન ઉપર હુમલો કર્યો અને તેને લૂંટયું. તે પછી તુર્ત કેસાઇટ નામની બીજી જાતો ઊત્તર તરફથી ઉતરી આવી અને તેણે બેબિલોનમાં પોતાની સત્તા સ્થાપી, જે ૬૦૦ વર્ષ સુધી નભી. આ લોકો પોતાની સાથે ઘોડા લેતા આવેલા. ત્યાર પહેલાં બેબિલોનના લોકોને અશ્વ જાતિની ખબર જ નહોતી. કેસાઈટ લોકોએ બેબિલોનમાં પોતાની સત્તા જમાવ્યા પછી પાછળથી સુખ, સંતોષ અને એશઆરામમાં રહેવામાં સંતોષ માન્યો. પરિણામે બેબિલોન દિવસે દિવસે નબળું ને નબળું પડતું ગયું. આસિરિયા જે આજ સુધી બેબિલોનનું ખંડિયું ગણાતું તે પોતાની સત્તા વધારવા માંડયું. હિતાઈટ લોકો દિનપ્રતિદિન વધારે વધારે બળવાન થતા જતા હતા તેમણે હેલીસ નદીની પૂર્વે હટ્ટી શહેરને કેન્દ્ર બનાવીને તેની ફરતું સામ્રાજ્ય સ્થાપ્યું. આ રાજ્ય ઇ. સ. પૂર્વે આશરે ૧૪૦૦ ની લગભગ પશ્ચિમ એશિયામાં સૌથી બળવાન રાજ્ય થયું. તેનાથી થોડુંક જ પહેલાં ઈ. સ. પૂર્વે ૧૫૦૦ માં બીજું એક નાનકડું પણ સંગઠિત રાજ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'મિટાંની' હિતાઇટ અને યુફ્રેટિસ વચ્ચે અસ્તિત્વમાં આવ્યું. આ રાજ્ય જો કે પ્રથમ પંક્તિએ કદિ પહોંચી શક્યું નહિ, પરન્તુ તે પોતાના નિભાવ પૂરતું સમર્થ તો હતું જ અને બેબિલોનને પશ્ચિમથી વિખૂટું પાડવાનું બાકીનું કામ તેણે પૂરું કર્યું.

આમ ઇ. સ. પૂર્વે ૨૦૦૦–૧૫૦૦ વર્ષ દરમિયાન પશ્ચિમ એશિયાના સેમિટિક વસાહતીઓ આ ફળદ્રુપ પ્રદેશમાં ધસી આવતી ડુંગરાઉ જાતોનાં દબાણને લીધે ભયંકર ક્ષોભ પામ્યા હતા. ભરતીના પૂરેપૂરા જોસ વખતે દરિયાનાં મોજાં કિનારાની દિવાલથી કેટલેય ઊંચે સુધી ઊછળે છે, તે પ્રમાણે ઉત્તર તરફથી ધસી આવતા માનવ પ્રવાહે ઠેઠ મિસર સુધી પોતાની પ્રવૃત્તિનો ધક્કો માર્યો. એટલા માટે આપણે પણ હવે એ દેશ તરફ જરા ધ્યાન આપીએ, અને તેનો પૂર્વકાળનો ઇતિહાસ જોઈ ગયા પછી એશિયાની આ અનવસ્થાએ તેના જીવનમાં શી અસર કરી તે તપાસીએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ૨. મિસરનું સામ્રાજ્ય

આપણી જાણ પ્રમાણે માનવ જાતમાં પ્રથમ પહેલા સુધરેલા લોકો નાઇલ નદીના પ્રદેશમાં વસતી પ્રજા હતી. અતિ પ્રાચીન સમયથી જ તેમનામાં લડાઇખોરીનો નાદ અને સામ્રાજ્ય સ્થાપવાની અભળખા બિલકુલ નહોતાં. તેમનું બધું ધ્યાન શાન્તિકાળની કળાઓ ખિલવવામાં જ પરોવાયેલું રહેતું. તેમના પવિત્ર મનાતા શાસકોના આધિપત્ય નીચે ઈ. સ. પૂર્વે ૩૪૦૦ ની લગભગ, આપણે જાણતા હોઇએ એવી પહેલી મહાન પ્રજાનું એક સંગઠિત મહાન રાષ્ટ્ર ઉત્પન્ન થયું. એ સમય પહેલાં પણ તેઓ ઘણું ઘણું શીખ્યા હતા અને પાછળથી પણ તેમનામાં બહુ ઝડપી પ્રગતિ ચાલુ રહી. એ લોકો શું શું શીખેલા તે જોઇએ.

મિસરી પ્રજાનું રાષ્ટ્ર મોટે ભાગે ખેતીપ્રધાન હતું અને હમેશાં રહ્યું છે. ઘણા પ્રાચીન સમયથી એ લોક અનાજ અને શણ પકવતા આવ્યા છે. શણમાંથી તેમને કાપડ વણવાનું ઝટ આવડેલું અને તેથી ભરતકામ પણ સંભવિત થયું. પાણી માટે તેમને નાઇલ નદી ઉપર આધાર રાખવો પડતો અને તેથી ખેતરોમાં તેનો પ્રવાહ વ્યવસ્થિત રીતે લઈ જવા માટે નીકો ખોદતા. ઈ. સ. પૂર્વે ૪૦૦૦ વર્ષ પહેલાં, તાંબાનો ઉપયોગ તેમને સૂઝેલો અને તેનાં હથિયાર, કરવત અને પથ્થર ભાંગવાનાં ઓજારો બનાવી શકતા. આમ તેઓ પથ્થર–યુગ વટાવીને ધાતુ–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યુગ સુધી પહોંચી ચૂકયા હતા. વખત જતાં તાંબાનું અને કલઇનું મિશ્રણ કરીને તેમાંથી કાંસુ બનાવવાનું પણ તેમણે શોધી કાઢયું.

ખુશ્કી તેમ જ તરી, બંને માર્ગે તેમનો વેપાર ચાલતો. ભૂમધ્ય અને રાતા સમુદ્રને કિનારે વસતા હોવાથી ઘણા જૂના કાળથી તેમણે વહાણો બાંધવા માંડયાં હતાં. વહાણનું પહેલું મિસરી ચિત્ર ઇ. સ. પૂર્વ ૨૭૫૦ ની સાલનું મળી આવ્યું છે. પણ મિસરી લોકો તો તે પહેલાં ઘણા સમયથી દરિયો ખેડતા થયા હતા. આ વહાણોમાંથી કેટલાંકને ભૂમધ્ય સમુદ્રના બેટોમાંથી અથવા રાતા સમુદ્રને દક્ષિણ છેડે પેન્ટ સુધીના દેશોમાંથી માલ ભરી લાવવા, તો કેટલાંકને સીરિયાને કિનારે લિબનોન પર્વતમાંથી વહાણો બાંધવા માટે ઉપયોગી લાકડું લાવવા સફરે મોકલતા; કારણ કે મિસરમાં ઇમારતી લાકડું બિલકુલ નીપજતું નથી. રાતા સમુદ્રમાંથી ભૂમધ્ય સમુદ્રમાં વહાણોની ઉલટાસુલટી આવજા માટે તેમણે રાતા સમુદ્રમાંથી પશ્ચિમ દિશાએ નાઇલ નદી સુધી એક નહેર બાંધી હતી. વખત જતાં પોતાના વેપારી કાફલાના સંરક્ષણ માટે તેમને લડાયક કાફલો પણ બાંધવો પડયો. ઈ. સ. પૂર્વ ૨૦૦૦ ની પહેલાં તો તેમની થોડી ઘણી આણ ક્રીટ અને ઇજિયન સમુદ્રના બેટો ઉપર ફેલાઇ ચૂકી દેખાય છે.

ખુશ્કી રસ્તે, ગધેડાં અને ઊંટોની તેમની વણજારો (હજી સુધી તેમણે ઘોડો જોયેલો પણ નહિ) રણ ઓળંગીને એશિયા અને સુદાન સુધી જતી. રણમાં વસતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જંગલી જાતો આ મુસાફરી જોખમ ભરી કરી ન મૂકે એટલા માટે અને આવી જાતોના હુમલાઓથી સરહદની સલામતી સાચવવા વણજારોનું રક્ષણ કરવા અને કોઈ રંજાડ કરે તેને શિક્ષા કરવા માટે મિસરીઓને વસાહતી થાણાં નિભાવવાં પડતાં. દાખલા તરીકે, સિનાઇના પ્રદેશમાં ઉપર ગણાવ્યા એવા હેતુ માટે પેલેસ્ટાઇનમાં જમીન તેમ જ દરિયાઈ માર્ગે ઇ. સ. પૂર્વે છેક ૨૬૦૦ વર્ષ પહેલાં મીસરી લોકો ચઢાઈ લઇ ગયેલા તેનું વર્ણન ઉપલબ્ધ છે અને સેસોસ્ટ્રિસ પહેલા અને ત્રીજા ( ઈ. પૂ. આશરે ૧૯૫૦ અને ૧૮૬૦ ) જેવા પાછળના મિસરી રાજાઓએ કેનાન અને આફ્રિકા ઉપરની ચઢાઇઓની સરદારી લીધેલી, છેક બીજા જલધોધ સુધીનું ન્યુબિયા જીતી લીધેલું અને નાઇલના પ્રદેશનો લાંબો પટ પોતાના રાજ્યમાં ભેળવી દીધેલો.

લેખનકળામાં પણ તેમણે બહુ ઝડપી પ્રગતિ કરી હતી. ઇ. પૂ. ૩૫૦૦ થી એ લોકો પોતાનાં વક્તવ્યનું અર્થભાન કરાવવા ચિત્રો દોરતા. તે પછી અલ્પાવધિમાં ચિત્રસંજ્ઞાઓ એટલે એક એક વાક્યખંડના પ્રતીક રૂપ આકૃતિઓનો ઉપયોગ કરતાં પણ શીખ્યા. ઇ. સ. પૂર્વે ૩૦૦૦ પહેલાંના કેટલાય સમય સુધીમાં આથી પણ આગળ વધ્યા અને ૨૪ ચિહ્નોવાળા મૂળાક્ષર-કક્કાનો ઉપયોગ કરતાં શીખ્યા. એ ૨૪ ચિહ્નોમાંનું પ્રત્યેક એક એક અક્ષર અથવા ઘોષની નિશાની તરીકે ઓળખાતું આપણી સમજ પ્રમાણે પહેલ વહેલો કક્કો તે આ જ. માટીની ભારે બેડોળ તક્તિઓના કરતાં લખવામાં વધારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુગમ સાધન પણ તેમણે જલ્દી શોધી કાઢયાં. નાઈલ નદીનાં ભાઠાંઓમાં પેપીરસ—જેમાંથી Paper પેપર=કાગળ શબ્દ નિકળ્યો છે તે નામનો છોડ ઊગે છે. આ છોડનાં પાંદડાંની પત્તીઓ એક બીજી સાથે ચોંટાડવાથી સુંદર લીસી સપાટીવાળું લખવા લાયક ટીપણા જેવું સાધન તૈયાર કરી શકાય એવું મિસરી લોકોએ શોધી કાઢયું. પાણીમાં થોડી મેશ અને બાવળનો ગુંદર મેળવીને શાહી બનાવી. આમ લેખનકળા બહુ સહેલી વાત બની. ટીપણાની પેઠે ગોળ વીંટાળી દેવાથી પેપીરસ બહુ થોડી જગા રોકે અને તેથી પુસ્તકો બહુ સહેલાઇથી લખી શકાતાં અને સંખ્યાબંધ સંગ્રહી શકાતાં. ઇ. પૂ. ૨૫૦૦ થી શરૂ થતા માંડલિક યુગના રાજાઓ અને ઉમરાવોનાં સમાધિમંદિરો-માંથી પુસ્તકાલયો મળી આવ્યાં છે. આ ગ્રંથભંડારોમાં જગતની જૂનામાં જૂની વાર્તાઓ, કવિતાઓ, પ્રાર્થના ગીતો, ધાર્મિક નાટકો, વૈદક અને ગણિતનાં પુસ્તકો, જૂનામાં જૂની વસ્તિગણત્રી અને કરની ઉઘરાતનાં દફતરો સુરક્ષિત રહ્યાં છે.

બેબિલોનના લોકો કરતાં મિસરીઓ કાળગણનામાં બહુ વહેલા પાવરધા થયા હતા. તેમણે વર્ષમાન ચંદ્રને બદલે સૂર્યની ગતિ પ્રમાણે ઠરાવ્યું. વર્ષના તેમણે ૩૦ દિવસના એક મહિના લેખે બાર ભાગ એટલે બાર મહિના ઠરાવ્યા, તેમાં છેવટે ઉજાણીના ૫ દિવસ ઉમેર્યા અને એમ ૩૬૫ દિવસનું એક વર્ષ ઠરાવ્યું. ઇતિહાસમાં નોંધા-યેલી પહેલવહેલી બરાબર માપસરનાં વર્ષની વ્યવસ્થા છેક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇ. સ. પૂર્વે ૪૨૫૧ માં શરૂ થઇ છે. તેમ છતાંય લીપ-ઇયર, જેની શરૂઆત પણ મિસરમાં જ થયેલી, તેની શોધ મહાન સિકંદરના કાળ સુધી થઇ નહોતી.

પ્રાચીન મિસરની કળાએ પણ એજ પ્રમાણે અદ્‌ભૂત પ્રગતિ કરી. એ પ્રાચીન કાળનાં ઘણાં સ્મૃતિચિહ્નોને આપણે અત્યારે પણ વખાણીએ છીએ અને તે વખતના મિસરી લોકનું ઝવેરી કામ અને મહોર બનાવવા પથ્થરમાં કરેલું કોતરકામ-મીણાકારી, માટીકામ અને કાચનાં વાસણોની બનાવટ, ફરનીચરની કારીગરી અને શોભા, એ બધામાં કુશળતા જોઇને આશ્ચર્યમુગ્ધ થઇએ છીએ. તેમનાં પ્રાચીન બાંધકામો અને શિલ્પાકૃતિઓ પણ કદ તેમ જ કળાકૌશલ્ય માટે એટલાં જ પ્રશંસનીય છે. તમામ મિસરી શિલ્પાકૃતિઓમાં સૌથી પ્રખ્યાત સ્ફીન્કસ ગિઝેહની બીજી પીરામીડ બંધાવનાર મિસરી બાદશાહ ખેફ્રેનાં મસ્તકની પ્રત્યાકૃતિ રૂપ છે, અને જગતમાં ખડકમાંથી કોતરી કાઢેલી આકૃતિઓમાં તે મોટામાં મોટી છે.

મિસરી લોક અનેક દેવોના ભક્ત હતા. બધા દેવોમાં રા-સૂર્ય અને ઓસીરીસ-પ્રાણ દેવતા મુખ્ય ગણાતા. પૃથ્વી દર વર્ષે મરી જાય છે અને નાઇલ નદી તેને પાછી સજીવન કરે છે એમ મનાતું અને નાઇલના દેવ ઓસીરીસ મનાતા. બેબિલોન પેઠે મિસરના લોક તડકે સૂકવેલી કાચી ઇંટો વડે બાંધેલાં ઘરોમાં વસતા, પણ પોતાના દેવોની પ્રીત્યર્થે તેમણે પત્થરનાં ભવ્ય દેવળો બાંધ્યાં હતાં. આ દેવમંદિરોના ગભાર અને સભામંડપની બાજુઓએ કમાન-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાર લાંબી પડશાળો બાંધતા. જૂના જમાનાની બેડોળ કઘાટી ચોરસ કમાનોને બદલે ગોળ કમાનો પ્રથમ બાંધી જાણનારા પણ એ લોકો જ છે.

મૃત્યુ પછી પણ જીવન છે એ તેમની મુખ્ય ધાર્મિક માન્યતા હતી. તેઓ માનતા કે મરી ગયા પછી પણ આપણું અસ્તિત્વ કાયમ રહે છે અને આપણા શરીર, નોકરો અને ઐહિક જીવનમાં જે બીજાં બધાંની જરૂર પડતી તે તમામની પછીથી પણ જરૂર પડવાની જ. તેથી તેઓ શરીર (મડદાં) ને સાચવી રાખવા તેને મસાલા લગાડતા અને મરનારના સમાધિગૃહમાં રાચરચીલું અને બીજી તમામ પ્રકારની જણસો ભરી મૂકતા. એ જૂના જમાનામાં કોઈ મોટો માણસ મરતો ત્યારે તેને પછીથી પણ સેવા કરવામાં ઉપયોગી થાય એટલા માટે તેના નોકરોને પણ મારી નાંખવામાં આવતા. પાછળથી તેમણે આ ઘાતકી રૂઢિ તજી દીધી અને નોકરોને મારી નાંખવાને બદલે મરનારના સમાધિગૃહમાં તેના નોકરોનાં પૂતળાં મૂકવા માંડયા. વળી વખત જતાં એ લોક એવું પણ માનતા થયા કે મૂઆ પછી દરેક વ્યક્તિનો ઓસીરીયસ દેવ ન્યાય ચૂકવશે અને જીવતાં કરેલી કરણી અનુસાર સારો માઠો બદલો આપશે.

મિસરનાં સૌથી મહાન બાંધકામો પૈકી જે હજી સુધી ટકી રહ્યાં છે તે પ્રાચીન સમયનાં સમાધિગૃહો છે. ઘણીખરી પીરામીડો ઈ. પૂ. ૩૦૦૦–૨૫૦૦ વર્ષ જેટલી જૂની છે તે રાજાઓનાં સમાધિગૃહ તરીકે બાંધવામાં આવી હતી. આ ભવ્ય ઇમારતો ૫૦૦૦ વર્ષ જેટલી જૂની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


છે એમ માનતાં અત્યારે પણ મન આંચકો ખાય. ગીઝેહમાં રાજા ઈમ્હોટેપની (ઇ. પૂ. ૨૯૫૦) મોટી પીરામીડ છે તેની ઉભણીએ ૧૩ એકર જમીન રોકી છે, ૫૦૦ ફુટ ઉંચી છે અને અઢી અઢી ટન ૫૬ મણનાં ભૂખરા પથ્થરનાં ૨૦ લાખ બેલાં સમાઇ ગયાં છે. મિસરનાં જૂનાં દફતરો કહે છે કે આ એક પીરામીડ બાંધતાં એક લાખ માણસો ૨૦ વર્ષ સુધી કામે લાગેલાં. આ વાતમાં શંકા લેવા જેવું કશું નથી. ૬૦ માઈલ લાંબી પીરામીડોની હારમાંથી આ તો માત્ર એકની જ વાત થઈ. એ સમયના રાજાઓ કેટકેટલા મજુરોને હુકમથી બોલાવી શકતા, મજુરોના એવડા મોટા સમુદાયને વ્યવસ્થિત રાખવા માટે તેમની વ્યવસ્થાશક્તિ કેટલી જબ્બરદસ્ત હશે, આવાં ભીમકાય બાંધકામો ઉભાં કરવા માટે કેવાં કેવાં ઓજારો અને સાંચાકામ તેમણે સિદ્ધ-હસ્તગત કર્યાં હશે તેનો આટલા ઉપરથી આપણને કંઈક ખ્યાલ આવી શકે છે.

મિસરી સંસ્કૃતિની અસર પૂર્વ પશ્ચિમ બંને દિશામાં ફેલાઈ હતી. તેની સત્તા, સમૃદ્ધિ અને સંસ્કૃતિ અદ્‌ભૂત રીતે ખિલ્યાં હતાં, અને ઈ. સ. પૂ. ૨૦૦૦ કે તે પછીના થોડા સમય સુધી તેની શાન્તિનો ભંગ કરનાર બહારની કોઈ આફ્ત તેને નડી નહોતી. પણ આશરે ૧૭૦૦ લગભગ, આપણે આગલાં પ્રકરણમાં જોઇ ગયા તે એશિયામાં થયેલ ખળભળાટને પરિણામે, મિસરની જાહોજલાલી ઉપર ભયનાં વાદળ ઝઝમવા લાગ્યાં. આ બધો વખત રણવાસી બેદુઇનો મિસરમાં આવીને, કાં તો વસવા અથવા પકડાઇને ગુલામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થવા, ભટકયા કરતા હતા. અભરામ, જુસબ, જાકૂબ અને તેનો પરિવાર કદાચ આ રીતે જ મિસરમાં આવ્યા હશે. પણ જ્યારે હિતાઈટ લોકો સીરિયામાં કનડગત કરવા લાગ્યા ત્યારે તો એશિયાવાસીઓનાં ટોળેટોળાં નાઈલ નદીના પ્રદેશમાં ધસી આવવા માંડયાં. મિસરી લોકો આ આગંતુકોને હિક્સૉસ કહેતા જેનો અર્થ 'ભરવાડ-રાજાઓ' થતો હશે એમ મનાય છે. આ હિક્સૉસ લોક કોણ હતા તે જો કે ચોક્કસ જણાયું નથી; પણ એટલું તો નક્કી કે તેમાંના ઘણાખરા હિતાઈટ લોકના હુમલાઓથી દક્ષિણ તરફ ધકેલાયેલા કેનાન અને સીરિયાના સુધરેલા લોકો જ હતા. આ આગંતુકોની સાથે સાથે રણપ્રદેશના તાયફાવાળાઓનાં ટોળાં પણ ચાલ્યાં આવ્યાં હોય એમ પણ બેશક બને. તેમની અટકાયત કરવાનું મિસરથી બને એમ નહોતું. હિક્સૉસ લોકોએ નાઈલના ફાંટા આગળ 'અવારીસ' રાજધાની વસાવીને મિસરમાં રાજ્ય સ્થાપ્યું. મિસરી રાજાઓ દક્ષિણ તરફ નાઠા અને દક્ષિણમાં કંઇક પોતાનો અમલ ટકાવી રાખ્યો. પણ ખરૂં જોતાં તો હિક્સૉસ લોકો જ સમસ્ત દેશના શાસક થયા; અને ઈ. સ. પૂર્વે છેક ૧૫૭૫ માં જ્યારે નવીન મિસરી વંશનો અહમોસીસ નામનો રાજા થયો ત્યારે તે એક લાંબી લડાઈ લડયા પછી આ આગંતુકોને હરાવીને તેમની સત્તા તોડી શકયો. છતાંય એ હિક્સૉસ લોક તો ગુલામ તરીકે મિસરમાં જ રહ્યા. બાકીનાઓને ઉત્તરમાં એશિયામાં, જે કેનનાઈટ અને સીરિયન જાતોમાંથી તેઓ ઉતરી આવ્યા હતા તેમાં, પાછા હાંકી કાઢયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust




હિક્સૉસ લોકો પોતાની સાથે મિસરમાં ઘોડા અને યુદ્ધરથ લેતા આવ્યા અને મોટી મોટી લડાઇઓ કેમ લડાય એ મિસરીઓને શીખવ્યું. એ લોકોને પાછા હાંકી કાઢયા પછી મિસરે જાણે પાછલું વેર વાળવાનો નિશ્ચય જ કર્યો હોય એમ લાગે છે. હવે તેણે પોતાની કારકિર્દીમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પહેલી જ વાર દળેપાંગળી સત્તા બનવાના પ્રયત્ન આદર્યા. નવા વંશના રાજાઓમાં સૌથી પ્રખ્યાત એવા થુત્મોસીસ પહેલો અને ત્રીજો ( ઈ. સ. પૂ. ૧૫૪૦ અને ૧૪૭૯ ) મહાન વિજેતાઓ નીવડ્યા. વર્ષોવર્ષ લડી લડીને તેઓ ઉત્તર તરફ છેક કારચેમીશ આગળ યુફ્રેટિસ સુધી પહોંચ્યા, એ ફળદ્રુપ પ્રદેશના આખા પશ્ચિમ અર્ધ ભાગ ઉપર મિસરનું આધિપત્ય સ્થાપ્યું અને ટકાવી રાખ્યું. કેનાન મિસરના તાબાનો પ્રાન્ત થયો. પ્રાચીન થીબ્સ નગરને અસલ ઠેકાણે આવેલાં કારનાકનાં અતિ વિશાળ દેવળમાં અત્યારે પણ, મિસરમાં ઢસરડાઈ આવેલ લક્ષ્મી અને કીર્તિના પ્રવાહની કથા કહેતાં પત્થરનાં કોતરકામ અને તેમાં પ્રાણ પૂરનાર મિસરી શિલ્પીઓ કેવા કલાકાર હતા તે જોઈ શકાય છે.

મિસરી સામ્રાજ્યનો સૂર્ય એમેન્હોટેપ ત્રીજાના સમય ( ઈ. સ. પૂ. ૧૪૧૧ ) માં મધ્યાન્હે તપતો હતો. પણ ત્યાર પછી તેની કળા ઝાંખી પડવા માંડી. એમ થવાનાં કારણ તળ મિસરનાં તેમ જ બહારનાં બંને હતાં.

૧. ત્રીજા થુત્મોસીસ પછીના રાજાઓ ક્ષાત્રતેજ રહિત અને રણવાસને બદલે ઘર આંગણે રાણીવાસમાં રહેવાનું વધારે પસંદ કરનારા નીકળ્યા. પરિણામ એ આવ્યું કે મિસર અસંતુષ્ટ સૈનિકોથી ઉભરાઈ નિકળ્યું; કારણ કે સૈનિકો ધંધાધાપા વગરના થઈ બેઠા. પરદેશની તાબેદાર પ્રજાઓને પણ, તેમને અંકુશમાં રાખનાર મિસરી લશ્કરની ધાક મટી જવાથી, બળવો કરવાનું ઉત્તેજન મળ્યું.

આ ઉપરાંત ૧૩૬૦ માં ગાદીએ બેઠેલા પાંચમા એમેન્હોટેપ રાજાએ ધાર્મિક નવીનતાઓ દાખલ કરવાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અખતરા કરવામાં જ પોતાનો બધો સમય ગુમાવ્યો. એ રાજાએ જૂના અનેક દેવોની પૂજા સદંતર બંધ કરાવવાનો અને પોતે જેને 'એટોન' કહેતો તે એકલા સૂર્યદેવની જ ઉપાસના ફેલાવવાનો નિર્ણય કર્યો. એટોનના માનમાં તેણે પોતાનું નામ પણ ફેરવીને અખ્નાટોન રાખ્યું. નવું શહેર જે હાલ અમાર્ના કહેવાય છે તે બાંધ્યું અને જૂની રાજધાની થીબ્સનો ત્યાગ કર્યો. ધાર્મિક વિચારોમાં સુધારણા કરવાના પ્રયત્ન લેખે તેણે ઉઠાવેલી જહેમત સુંદર અને પ્રશંસનીય છે. પરન્તુ ધાર્મિક બાબતોના તેના ઉત્સાહના અતિરેકે સામ્રાજ્યનાં અન્ય કામકાજની કાળજી રાખવાની તેને ફુરસદ જ રહેવા દીધી નહિ અને ઉલટું તમામ ધર્માચાર્યો અને જૂના દેવોના ભકતોને દુશ્મન બનાવ્યા. આમ મિસર અસંતુષ્ઠ અને બેવફા થયું.

૨. દરમિયાન બહારના વધારે ને વધારે ભયમાં સામ્રાજ્ય મૂકાતું ગયું.

अ. અખ્નાટોનના રાજ્યઅમલ દરમિયાન હિતાઇટ લોકો જે કાળા સમુદ્ર નજીકની પોતાની ખાણોમાંથી લોઢું કાઢતાં શીખ્યા હતા તે દક્ષિણ તરફ મક્કમ પગલે આગળ વધતા રહ્યા અને તેમણે આખો ઉત્તર સીરિયા કબજે કરી લીધો. નવા વંશના અખ્નાટોન પછીના રાજાઓ, ખાસકરીને સેથોસ પહેલો (૧૩૧૩) અને રામેસીસ બીજો (૧૨૯૨) હિતાઈટ લોકોને પાછા કાઢવા માટે લાંબી અને જીવસટોસટની લડાઇઓ લડયા; છતાં તેમને પાછા કાઢી શકયા નહિ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ઉલટી મિસરની શક્તિ ખૂટી ગઇ. એટલે અહીંઆં આપણે પહાડવાસીઓની સત્તા મિસરી સામ્રાજ્યને ૨૫ વર્ષમાં નબળું પાડતી જોઇએ છીએ.

च. થોડા વખત પછી યાહૂદીઓ પૂર્વ તરફના રણમાંથી આવીને કેનાનમાં વસ્યા. (આશરે ૧૨૦૦) તેમની કેટલીક જાતો મિસરમાં ગુલામીનાં બંધન વેઠતી હતી તે પણ નાસી છૂટીને જોરડન નદીના પશ્ચિમના પ્રદેશમાં હવે વસવાટ કરવા લાગી. કંઈક અંશે લડીને અને કંઈક અંશે શાંત યુક્તિ–પ્રયુક્તિથી, કેનનાઇટ લોકોને જીતીને કે તેમનામાં ભળી જઇને આ યાહુદી લોકો એ પ્રદેશના માલિક થયા. તદ્દન સ્વતંત્ર થતાં તો તેમને ઘણો વખત લાગ્યો. પણ મિસર પોતાના પ્રાંત તરીકે કેનાનને વધારે વખત કબજામાં રાખી શક્યું નહિ.

क. લગભગ એ જ વખતે સમુદ્ર અને રણ બંનેએ મિસર ઉપર એકસામટો હુમલો કરવાને સંપ કર્યો. ઈ. સ. પૂર્વે ૧૩ મા સૈકાના અંતમાં ક્રીટના રાજાઓની દારયાઇ સત્તા પડી ભાગી, ક્રીટ, તેની આસપાસના ટાપુઓ અને એશિયા માઇનોરના દરિયા કાંઠાના નાવિકોનાં ટોળાં ધણીધોરી વગરનાં થઈ પડયાં એટલે તેમણે દક્ષિણ અને પૂર્વ બાજુના કિનારાઓ પર ધાડો પાડવા માંડી. કેટલાક તો સીધા આફ્રિકા સુધી પહોંચી ગયા અને નાઈલ પ્રદેશના પશ્ચિમ ભાગ ઉપર રણમાંથી આવીને હુમલા કરતી લીબિયન જાતો સાથે મળી ગયા. બીજાઓ એશિયાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કિનારે ઉતર્યા અને ટોળે વળીને દક્ષિણ તરફ ધસવા લાગ્યા. રસ્તામાં આ ચાંચિયાઓએ હિતાઈટ સામ્રાજ્યને નબળું પાડીને તેનો નાશ કર્યો અને કિનારે કિનારે લુંટ ચલાવતા છેક મિસરની સરહદ સુધી પ્હોંચ્યા. આ બંને લશ્કરો ઉત્તર મિસરને સતાવતાં અને ડરાવતાં આશરે ૫૦ વર્ષ (૧૨૨૫–૧૧૭૫) સુધી મંડયાં રહ્યાં. છેવટે મિસરી રાજાઓ તેમને હરાવીને વિખેરી નાખવામાં ફાવ્યા ખરા; પણ તેમાંનો એક ભાગ ફિલિસ્ટાઈન્સ, ટકી રહ્યો અને કેનાનને કિનારે વસ્યો. તેણે મિસરની તાબેદારી સ્વીકારવાનો દેખાવ કર્યો, પણ તે માત્ર નામનો દેખાવ જ રહ્યો.

મિસરે એશિયામાંનું પોતાનું સામ્રાજ્ય ખોયું તો ખોયું, પણ એથી વિશેષ ખરાબી તો એ થઇ કે આ લડાઇઓમાં મિસરી લોકોનું બધું બળ ખપી ગયું. લડાઇના છેવટના પ્રસંગોમાં તો તેમને લશ્કરમાં પડતી ખોટ પૂરી કરવાને પરદેશી ભાડુતી સૈનિકોની ભરતી કરવી પડતી. મિસરનો જુસ્સો ગયો તે ગયો જ. દરેક પ્રકારે તેનો અધઃપાત થયો. અને ૨૦૦ કે તેથીય વધારે વર્ષો પર્યન્ત તેનું અસ્તિત્વ, એક થીબ્સમાં અને બીજો ડેલ્ટામાં–બંને સરખા નિર્બળ અને નિર્માલ્ય–એવા બે પ્રતિપક્ષી રાજવંશના રાજાઓના કલહને લીધે, સતત્ અસંતોષ અને વિખવાદમય થતું ગયું. સમયના એટલા ગાળા પછી પહેલાં જ્યારે લીબિયન અને પછી ઇથોપિયન એમ પરદેશી રાજાઓના હાથમાં રાજસત્તા ગઈ ત્યારેજ તેના જીવનમાં ફરી કંઈક ચેતન આવ્યું.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૩. આસીરિયન સામ્રાજ્ય

ઈ. સ. પૂર્વે ૧૧૦૦ પછીના ૨૦૦ વર્ષ સુધી આવેલા ફળદ્રુપ પ્રદેશમાં વસતી પ્રજાને માથે નહોતો કોઈ ધણી કે નહોતો કશો ભય. પહાડી રસ્તેથી કે રણમાંથી તેમને સતાવવા કોઈ ફરકયું નહિ. દુનિયામાં તે વખતે કોઈ એવો મોટો રાજા નહોતો જેની સત્તાની તેમણે ધાસ્તી રાખવી પડે. બૅબિલોન જો કે ૧૧૮૧ માં તેના કેસાઈટ રાજાઓના પંજામાંથી છૂટયું હતું, છતાં એ વખતના મિસર જેટલું તે પણ માંદલું જ હતું. હિતાઈટ સામ્રાજ્ય પણ તે કાળે પડી ભાંગ્યું હતું. ૧૨૫૦ અને ૧૧૦૦ ના ગાળામાં આસીરિયા જાણે પોતાનું સામ્રાજ્ય સ્થાપવા માગતું હોય એમ લાગવા માંડયું. પણ પાછળથી તેનો ઉત્સાહ મંદ પડી ગયો અને અટકી ગયું.

પરિણામ એ આવ્યું કે આ આખા ફળદ્રુપ પ્રદેશમાં વસતી નાની પ્રજાઓમાંથી જેની ઇચ્છા હોય તેને તેને સત્તાને માટે બીડું ઝડપવાની પૂરતી મોકળાશ મળી. એ તકનો પહેલો લાભ લેનારા યાહુદીઓ નીકળ્યા.

કેનાનમાં આવ્યા પછી યાહુદીઓને, ખાસકરીને ફીલિસ્ટાઈન લોકો સાથે, સ્વતંત્રતા માટે લાંબા વખત સુધી લડત લડવી પડી. પણ આખરે તેઓ સ્વતંત્ર થઈ શક્યા અને ડેવીડ તથા સોલોમન નીચે રાજ્ય સ્થાપ્યું. આ યાહુદી રાજ્ય આશરે ૧૦૦ વર્ષ (૧૦૦૦ થી ૯૦૦) સુધી યુફ્રેટીસથી છેક મિસરની સરહદ સુધી પથરાએલું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ સોલોમનના મૃત્યુ પછી, ઉત્તરમાં ઈઝરાએલના અને દક્ષિણમાં જ્યુડાના, એમ તે બે ભાગમાં વહેંચાઇ ગયું. એ સમય પછી યાહુદી લોકો ફરી કદિ બળવાન થયા નહિ અને માત્ર બીજા દરજ્જાની રાજ્યસત્તા જ રહ્યા. પણ તેમની ખરી મહત્તા ધર્મમાં હતી. ઇસુના પહેલાં ઈશ્વર વિષે દુનિયાએ કદિ નહિ સાંભળેલા એવા ઉત્તમોત્તમ વિચારોનું ચિંતન કરનારા એક પછી એક પુરુષો યાહુદી લોકોમાંથી જ પાકયા છે. આ વિચારકો પયગંબરો કહેવાય છે અને તેમના શિક્ષણને લીધે યાહુદી ધર્મ, ઇસુખ્રિસ્તના આવતાં સુધી, જગતનો સર્વશ્રેષ્ઠ ધર્મ નીવડયો.

યાહુદીઓ નબળા પડવાથી આરમિયન અથવા સીરિયન લોકોનો મહત્તા મેળવવાનો વારો આવ્યો. એ લોકોએ પેલેસ્ટાઇનની ઉત્તરે દમાસ્કસ, હામાથ, આરાપદ વગેરે સ્થળોએ આબાદ થતી જતી વસાહતો સ્થાપી હતી અને પશ્ચિમ એશિયાના મહાન વણજારા વેપારી થયા હતા. તેઓ સુશિક્ષિત થયા હતા અને તેમને ફિનીશિયન કક્કો તથા મિસરી શાહી કલમનો ઉપયોગ કરતાં પણ શીખ્યા હતા. ધીમે ધીમે તેઓ બળવાન પણ થવા માંડયા. દમાસ્કસ તેમના રાજ્યનું મધ્યસ્થળ થયું. ઇ. સ. પૂર્વે ૯૦૦ થી પચાસ કે તેથી પણ વધારે વર્ષો સુધી તે પશ્ચિમ કિનારા તરફની સૌથી બળવાન સત્તારૂપ હતું અને જો બહારની કોઈ સત્તાના હુમલાનો ગંભીર ભય ઉભો થાય તો પોતાના પાડોશીઓને અણીને વખતે મદદે બોલાવી શકતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ સીરિયાની ખરી ત્રુટી એ હતી કે તે આસપાસના તમામ પાડોશીઓને એક છત્રછાયા નીચે સંગઠિત કરી શકયું નહિ. જ્યારે જ્યારે તક મળતી ત્યારે એ બધાં પડોશી રાજ્યો—સીરિયા, ઈઝરાએલ, જ્યુડા, ફિલિસ્ટાઈન, ઇદમ, મુઆબ, આમોન અને બાકીનાં બધાં—આપસઆપસમાં લડવા મંડી પડતાં. કદાચ કોઇ પ્રબળ સંયુક્ત સત્તા પશ્ચિમ ઉપર હલ્લો લઈ આવે, તો દશા એવી હતી કે આ સીરિયન રાજ્યોમાંથી કોઈ કોઈની મદદે ન જાય. ઉપરાંત અંદર અંદર લડીને તે બધાંય નબળાં પડયાં હતાં.

હવે ઈ. સ. પૂર્વે આશરે ૯૦૦ ની આસપાસ એક નવી સત્તા સામ્રાજ્ય સ્થાપવા તૈયાર થઈ. એ નવી સત્તા તે આસીરિયા. આસીરિયન લોકો મૂળ સેમાઈટ જાતના હતા. ઈ. સ. પૂર્વે આશરે ૩૦૦૦ વર્ષ પહેલાં તેઓ રણમાંથી આવીને બેબિલોનના ઉત્તર પ્રદેશમાં વસ્યા હતા. પહેલાં તેમની રાજધાનીનું શહેર આસૂર હતું. પણ પાછળના એક રાજા સારગોને (૭૨૨) બીજી રાજધાની વસાવી અને તેના ઉત્તરાધિકારી રાજા સેનાકરીબે (૭૦૧) છેવટ નીનેવેહમાં રાજધાની સ્થાપી. પ્રાચીન કાળમાં આસીરિયન લોકો ઘણુંખરૂં બેબિલોન અથવા હિતાઇટ અમલના તાબામાં હતા, પણ જેમ જેમ બળવાન થયા તેમ તેમ સ્વતંત્ર થતા ગયા, અને ઈ. સ. પૂર્વે ૯૦૦ માં તો સમસ્ત પશ્ચિમ એશિયાનું સ્વામીત્વ મેળવવાનો પ્રયત્ન કરી જોવા જેટલા તૈયાર થયા.

આ લોકો કેવી ખાસિયતના હતા? તેમનો મુખ્ય ધંધો ખેતી કરવાનો હતો. મોટા વેપારી તેઓ કદિ થયા


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી. તેમની બધી સંસ્કૃતિ તેઓ સુમેરિયન, બેબિલોનિ-
યન, હિતાઈટ, ફિનીશિયન અને મિસરી લોક પાસેથી
શીખ્યા હતા. મહેલો, દેવળો અને શહેરો બાંધવામાં તેઓ
અચ્છા કારીગર અને શિલ્પકળામાં કળાકુશળ હતા. પોતાના
ઇતિહાસની નોંધ રાખતા. દુનિયાના તે ભાગનાં પુસ્તકો
જેવી માટીની તક્તિઓ સંગ્રહી રાખતા. અસૂરવાણીપાલના
મહેલનાં ખંડિયેરોમાં વિદ્વાન શોધકોએ ખોદકામ કરાવતાં
આવી ૨૨૦૦૦ તક્તિઓ જડી આવી છે.

પણ આસીરિયન લોક ખાસ તો લડવૈયા હતા. હિતાઈટ
લોકો પાસેથી તેઓ લોઢું ગાળતાં શીખ્યા હતા અને તેનાં
હથિયાર બનાવી જાણતા. તેમની પાસે ઘોડેસ્વાર લશ્કર,
રથ અને શહેરોને ઘેરો ઘાલવાનાં યાંત્રિક સાધનો પણ હતાં.
તેમનું સમસ્ત જીવન જ જાણે યુદ્ધને ખાતર અને યુદ્ધમય
હતું. તેમના મહાન રાજાઓ અસૂરનઝીરપાલ, શૅલ્મેનાઇઝર
( શાલ્મનેસર ? ) બીજો અને પાંચમો, તીગલાથ–પિલેસર
ચોથો, સારગૅાન, સેનાકરીબ અને ઇસહેડૅાન એ તમામ
યોદ્ધા હતા. એ બધાએ પોતાનો બધો સમય પોતાનાં
સૈન્યોને વિજય અને જીત અપાવવામાં ગાળ્યો. દુનિયામાં
કદિ કોઇએ દીઠી સાંભળી ન હોય એવી ઝનુની દયાહીન
ક્રૂરતાથી આસીરિયન લોકો યુદ્ધ ખેલતા. ૨૫૦ વર્ષ સુધી
તેમની સત્તાની ચડતી કળા રહી અને તેઓ ફળદ્રુપ
પ્રદેશના ધણી રહ્યા. પછીથી તેમનું સામ્રાજ્ય નબળું પડયું
અને ૫૦ વર્ષમાં તો ભાંગીને એવો ભૂકો થઈ ગયું કે
તેનું નામનિશાન ન રહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમનાં યુદ્ધોની વાત ક્રમશઃ કરવા બેસીએ તો મોટું મહાભારત થાય. વાત બહુ લાંબી ન થઇ જાય, એટલા માટે તેને ત્રણ ભાગમાં વહેંચી નાખીને તપાસીએ.




૧. આસીરિયન રાજાઓને પોતાનાં લશ્કરોનો પગાર ચૂકવવા નાણાંની જરૂર પડયા કરતી અને એટલા માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમણે નૈઋત્ય દિશામાં નજર દોડાવી. સીરિયા, પેલેસ્ટાઇન અને જરૂર પડે તો મિસર સુદ્ધાં જીતી લેવાનો તેમણે નિશ્ચય કર્યો. શરૂઆત દમાસ્કસ ઉપરના હુમલાથી થઇ. દમાસ્કસના રાજાઓએ પોતાના તમામ પાડોશીઓને ભેગા કર્યા અને ૫૦ થી વધારે વર્ષ સુધી ( ૮૫૪--૮૦૦ ) જીવ સટોસટનો સામનો કર્યો. પણ આસીરિયા તેમના બધાયના કરતાં સવાશેર નીકળ્યું. સીરિયાનાં રાજ્યો ધીમે ધીમે નબળાં પડતાં ગયાં. ૭૩૨ માં આસીરિયનોએ દમાસ્કસ જીત્યું અને તેનો નાશ કર્યો. દસ વર્ષ પછી સામેરિયાની પણ એ જ દશા થઇ અને ઇઝરાએલના યાહુદી રાજ્યનો અંત આવ્યો. ૬૮૨ ની સાલ પછી દક્ષિણનું જ્યુડાનું યાહુદી રાજ્ય આસીરિયાને તાબે થયું અને ખંડિયું બન્યું. આમ આસીરિયાની સત્તા મિસરની સરહદ સુધી પહોંચી.

મિસરને નજીક આવતા ભયના ભણકારા વાગી ચૂક્યા હતા અને તેને ખાળવાના પ્રયત્ન તેણે આદરી દીધા હતા. ઇથીઓપિયન વંશના રાજાઓની ( ૭૨૭ ) સરદારી તળે તેણે યાહુદી તેમ જ બીજી જાતોને આસીરિયા સામે બળવો કરવા હમેશાં ઉશ્કેર્યા કર્યા અને ઘણી વાર તેમાં તેને ફત્તેહ પણ મળતી. તેને પરિણામે આસીરિયન રાજાઓની ખાત્રી થઇ કે ખૂદ મિસરને જીતીને વશ કર્યા વિના પશ્ચિમમાં તેમને શાન્તિ મળવાની નથી. એટલે ૬૭૦ માં તેમણે મિસર ઉપર ચઢાઇ કરી, મોટાં શહેરો મેમ્ફીસ અને થીબ્સનો નાશ કર્યો અને મિસરનું શાસન કરવાને આસીરિયાના નોકર તરીકે મિસરી સુબાઓની નિમણૂક કરી. પરન્તુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આસીરિયનો મિસર જીત્યા છતાં તેને વશ રાખી શકયા નહિ. મિસર રહ્યું ઘણું દૂર અને આસીરિયન લશ્કરો જેવાં સ્વદેશ જાય કે તુર્ત મિસર બળવો કરતું. છેવટે થાકીને આસીરિયનોને મિસર વશ કરવાનો પ્રયત્ન છોડી દેવો પડયો. સામેટિક અને નેકો બીજાએ મિસરને ફરી સ્વતંત્ર કર્યું.

૨. ઘર આંગણે, એલામ અને બેબિલોન આસીરિયનોને હમેશાં ત્રાસ આપ્યા કરતાં. તેમણે એલામ ઉપર કેટલીય વાર ચઢાઇઓ કરી અને છેલ્લી ચઢાઇ (૬૪૭) વખતે વસતિનું સદંતર નિકંદન કાઢયું અને એલામની રાજધાની, સુસા, બાળી મૂકી. પણ બેબિલોન સાથે તેમને ઓછી ફતેહ મળી. બેબિલોન ભલે બળવાન નહોતું; પણ તે એટલું નજીક હતું કે જો બેવફા થાય તો આસીરિયાને પુષ્કળ હેરાન કરી શકે. કોણ જાણે કેમ, આસીરિયા બેબિલોનને કદિ વફાદાર બનાવી શકયું નહિ. ઘડીએ ને પહોરે બેબિલોનને ફરી ફરી જીતવું પડતું. ૬૮૯ માં તો આસીરિયા એટલું કંટાળ્યું કે બેબિલોનનો સમૂળગો નાશ કર્યો અને જાણે તેનું નામનિશાન પણ ધરતી ઉપરથી ભૂંસી નાખવું હોય તેમ યુફ્રેટિસ નદીનો પ્રવાહ તેની ઉપર વાળી મૂકયો. પછીના રાજાએ ૬૭૫ માં બેબિલોનિયન લોકોની સાથે મૈત્રી સાંધવા એ શહેર ફરી બંધાવ્યું, પણ તે ફોગટ ગયું. બેબિલોનિયનો એવા હઠીલા કે બળવો કરવા તૈયાર ને તૈયાર રહ્યા.

આ હઠીલાઇનાં મુખ્ય બે કારણ છે. અ. બેબિલોનિયનો પોતે પણ એક દિવસ એક મહાન સામ્રાજયના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધણી હતા એ વાત તેમનાથી કેમે કરી ભૂલાતી નહોતી અને તેથી આસીરિયાની માત્ર તાબેદાર રૈયત થઇ રહેવા જેટલી ત્યાગબુદ્ધિ તેમનામાં શક્ય નહોતી. અને વ. ખાલ્ડિયન નામના નવી જાતના લોક બેબિલોનિયામાં આવતા રહ્યા અને એ લોકોએ તેમને ઉશ્કેર્યા કર્યા. આ નવા લોકો ઇરાની અખાતના સમુદ્ર કાંઠાના વિસ્તારમાં સેંકડો વર્ષોથી ફેલાતા રહ્યા અને બેબિલોનિયામાં વધારે વધારે પેસતા ગયા. આસીરિયનોએ તેમની ઉપર ઘણી વાર હુમલાઓ કર્યા, પણ ધીમે ધીમે એ લોકો બેબિલોનીય લોકોના અગ્રણી થઈ પડયા. ૬૨૬ માં તેમણે બેબિલોનમાં એક નેબોપોલાઝાર નામનો રાજા નીમ્યો અને સ્વતંત્રતા જાહેર કરી. ૬૧૨ માં નિનેવેહનો નાશ થયો ત્યારે એ કામ કરનારાં લશ્કરોમાં ખાલ્ડિયનો પણ શાગીર્દ હતા.

૩. પણ સૌથી ભયંકર આફત તો ઉત્તરમાં હતી. નકશામાં જોતાં જણાય છે કે આસીરિયા ફળદ્રુપ પ્રદેશની ઉત્તર સીમા ઉપર આવેલું છે. તેની ફરતા ડુંગરાઉ ઉચ્ચ પ્રદેશનો અર્ધ ગોળાકાર છે. આ સ્થળે પર્વતવાસી ઈન્ડો–યૂરોપિયન જાતોએ ફરી એક વાર હિલચાલ કરવા માંડી. તેમાંની કેટલીકે વાન સરોવરની આસપાસ આસીરિયાને વાયવ્ય ખૂણે, હાલમાં જે આરમીનિયા કહેવાય છે ત્યાં, ઉરાર્તુ અથવા ખાલ્ડીઆ નામે રાજ્ય સ્થાપ્યું. આ પડોશી રાજ્ય આસીરિયાને હમેશાં ત્રાસ આપતું અને ઇ. સ. પૂર્વે ૭૧૦ સુધી તેનો નાશ થયો નહોતો. પણ તેથીય ત્રાસ–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાયક તો ઉચ્ચ પ્રદેશની પૂર્વ અને પશ્ચિમ બંને બાજુએ પથરાતાં અને ગમે તે દિશાએથી દક્ષિણ તરફ ધસી આવવા ટાંપી રહેલાં ભટકતી જાતોનાં ટોળાં હતાં. આ ટોળાંઓમાં મુખ્યત્વે ખાસ બે જાતો હતી.

अ. સાઇમેરિયન અને સીથિયન. વાસ્તવમાં આ લોકો જંગલી, અર્ધનગ્ન, જંગલી ઘોડાં ઉપર ઉભપલાણે સ્વારી કરનારા, લાંબી–ભારે–પહોળી ધારવાળી તલવાર રાખનાર લડવૈયા હતા. જ્યાં જતા ત્યાં બાળતા, લૂંટતા અને ખેદાનમેદાન કરતા. પશ્ચિમ એશિયાના લોકોનો તેમણે વર્ષોનાં વર્ષો સુધી તેમની ધાડોને લીધે મૂઠીમાં જીવ રખાવ્યો. આસીરિયાએ તેમને અંકુશમાં રાખવાને મહેનત કરી જોઇ અને પાછળથી તેમની સાથે મૈત્રી બાંધવાનો પ્રયત્ન પણ કરી જોયો. પણ મિત્ર તરીકે કે શત્રુ તરીકે, તે લોકો પોતાને મન ફાવે તેમ વર્તતા. આશરે ૬૫૦ કે તે પહેલાંથી તેઓ દક્ષિણમાં આવવા લાગ્યા, સીરિયા અને પેલેસ્ટાઇનને પાયમાલ કર્યાં, અને એ રીતે આસીરિયન સામ્રાજ્યના પશ્ચિમ પ્રાન્તોનો તેમણે નાશ કર્યો.

ब. આસીરિયાની પૂર્વ અને ઇશાન ખૂણે કેટલીક જાતોનો સમુદાય વસતો હતો. તેમાં મીડ અને પરશિયનો મુખ્ય હતા. આ લોકો સંસ્કૃતિના અમુક અંશ સુધી પહોંચી ચૂક્યા હતા. ખાસ કરીને તેમનો ધર્મ ઉત્તમ પ્રતિનો હતો. ઇ. સ. પૂર્વે ૧૦૦૦ વર્ષ લગભગ જરથુસ્ત નામના પુરુષે તેમને સમજાવ્યું કે "સમસ્ત જીવન નેકી બદી વચ્ચેનો ઝગડો છે. આ ઝઘડાનું કારણ અહુર્મઝદ દેવ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેના દેવગણુની અંગ્રેમાન અને તેના પિશાચગણ સાથેની નિરંતર ચાલ્યા કરતી લડાઇ છે.” આ ઉત્તમ ભાવના ઇ. પૂર્વે ૭૦૦ પહેલાં મીડ અને પરશિયનોનો મુખ્ય ધર્મ થઇ ચૂકી હતી.

આ જાતો આસીરિયા અને બેબિલોનની પૂર્વે અને ઇશાન ખૂણે ઉચ્ચ પ્રદેશોમાં વસતી હતી. એ લોકો ધીરે ધીરે બધી જાતોનું સંગઠન કરવા મંડયા હતા અને ધીમે ધીમે નૈઋત્ય અને પશ્ચિમ તરફ આગળ વધતા હતા. ઘણા આસીરિયન રાજાઓએ તેમને ખાળવાનો પ્રયત્ન કરેલો. પણ તેઓ થોડો વિલંબ કરાવી શકયા એટલું જ. એ લોકો તો આગળ વધતા જ રહ્યા. આસીરિયાની પૂર્વે આવેલો ઝગ્રોસ પર્વત ઓળંગીને તેઓ એલામમાં પાણીના પૂર માફક ધસી આવ્યા. આગળ કહેવાઇ ગયું છે કે એલેમાઇટ વસતિનું સદંતર નિકંદન કાઢીને આસીરિયનોએ એલામને નિર્જન પ્રદેશ કરી મૂકયો હતો. ૬૪૭ માં મીડ લોકો નીનેવેહ ઉપર હુમલો કરવા જેટલા નજીક આવ્યા અને બળવાન થયા. આ વખતે માર ખાઇને તેમને પાછા હઠવું પડયું, છતાં પણ તેઓ વધારે વધારે ભયપ્રદ થતા ગયા. આખરે પોતાના રાજા શ્યાઝરેસની સરદારી નીચે તેમણે ૬૧૪ માં નીનેવેહ ઉપર હુમલો કરી તેને ઘેરો ઘાલ્યો અને ૬૧૨ માં ખાલ્ડિયન અને સીથીયન લશ્કરોની મદદ વડે તેને સર કર્યું અને તેનો સદંતર નાશ કર્યો.

નીનેવેહ પડયું તેની સાથે આસીરિયન સામ્રાજ્યનો પણ અંત આવ્યો. અંત શાથી આવ્યો તે હવે તપાસીએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧ સામ્રાજ્ય અતિકાય હતું. તેને આખાને તાબામાં રાખવા જેટલું આસીરિયા સમર્થ નહોતું. આસીરિયન રાજાઓ મહાન વિજેતાઓ હતા ખરા; પણ પોતાનું સામ્રાજ્ય સંગઠિત અને વફાદાર રહે એવી રીતે તેની વ્યવસ્થા કરતાં તેમને આવડ્યું નહિ. તેમની તાબેદાર પ્રજાઓ હમેશાં બળવો કરવાને ખડે પગે રહેતી અને એવા બળવાખોરોને કચરી નાખવા માટે પોતાના સામર્થ્યનો ઘણો મોટો ભોગ સતત આપ્યા કરવો પડતો.

૨ આસીરિયાને કાયમ લડાઇઓ લડયા કરવી પડી છે અને આ લડાઇઓમાં જો કે હમેશાં તેની જ જીત થતી, છતાં તેની પોતાની જાતના લોકોનું દિવસે દિવસે નિકંદન નીકળતું ગયું. તેના આખરના દિવસોમાં આસીરિયન ખાનદાનના લોકો બહુ જૂજ રહ્યા હતા અને તેને પોતાનાં લશ્કરોમાં બીજી જુદી જુદી પ્રજાઓનાં માણસોની ભરતી કરવી પડતી. આ ઉપરાંત તે હમેશાં લડાઇઓ લડયા જ કરતું એટલે તેની પ્રજાને પોતાનાં ખેતરો, વેપાર કે હુન્નર :ઉદ્યોગની સંભાળ લેવાનો વખત રહેતો નહિ. કોઇપણ પ્રજા આ બાબતો ઉપર પૂરતું લક્ષ આપે તો અને ત્યારે જ આબાદ અને બળવાન થઇ શકે અને એવું ધ્યાન શાન્તિનો સમય મળે અને એવી બાબતોનો વિચાર થઇ શકે તો જ આપી શકાય.

૩. વાસ્તવિક રીતે ઉત્તર તરફથી આવતાં ટોળાંને આસીરિયા સદાકાળ ખાળી શકે એમ હતું જ નહિ. એ ટોળાં અસંખ્ય અને અતિ બળવાન હતાં. છતાં જો આસી-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રિયાએ આવડું મોટું સામ્રાજ્ય તાબે રાખવાનો પ્રયત્ન કર્યો નહોત, જો તેણે પોતાનું બધું સામર્થ્ય લડાઇઓમાં જ ખરચી નાખ્યું નહોત, તો તેમને જરૂર ખાળી શકયું હોત; અને વળી એ લોકોને થોડે થોડે આવવા દઇને પોતાની રૈયત તરીકે સ્વીકારી લીધા હોત. પરન્તુ બન્યું એમ કે એ લોકોના ધસારાને લીધે આસીરિયાની સત્તા ગંજીપાનાં પાનાંના મહેલ પેઠે ભાંગી પડી અને આસીરિયન લોકોનું દુનિયામાં નામનિશાન સરખું ન રહ્યું એવો વિનાશ થયો.

નિનેવેહ પડયું ત્યારે આખા એશિયાને હર્ષોન્માદ થયો. વાંચો પયગંબર નહુમ કે ઝેફાનિયાના શબ્દો; સમસ્ત એશિયાએ તેનો પડઘો પાડયો હોત. આસીરિયાના વિનાશથી દુનિયાને ખેદ થાય એવું કશુંય ઉત્તમ સંભારણું તે તે પાછળ મૂકી ગયું નથી. મિસરીઓ, બેબિલોનિયનો, ફીનીશિયનો, આરામિયનો અને યાહુદીઓનો જગત ઉપર કંઇ ને કંઇ ઋણભાર છે અને કેટલાકના તો તે બહુ ભારે ઉપકાર નીચે છે. આસીરિયાનો ઇતિહાસ અને તેનો છેવટનો ફેંજ, એટલે "તરવાર ઉપાડનારનો નાશ તરવારથી જ થશે અને જે સામ્રાજ્ય લડાઇઓ લડીને જ મહાન થયું હશે તેનો વિનાશ પણ લડાઇઓથી જ થવાનો અને વારસામાં તે કશું ઉપયોગી મૂકી નહિ જાય" એ વાતનું ઉત્તમ દૃષ્ટાન્ત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૪. ખાલ્ડિયન અને પરશિયન સામ્રાજ્યો

આસીરિયા તો પડયું. હવે તેનો ઉત્તરાધિકારી કોણ થાય? સૌથી પહેલાં, મિસરને મનસૂબો થયો કે હું તેમાંથી મોટો ભાગ પડાવવાની કોશીશ કેમ ન કરૂં? ૬૦૪ માં નેકોની સરદારી હેઠળ મિસરનું લશ્કર ઉત્તરમાં છેક યુફ્રેટિસ સુધી આગળ વધી આવ્યું. પણ કારચેમીશ આગળ નેબુકદનેઝારની સરદારી નીચે ખાલ્ડિયનો સાથે તેનો ભેટો થયો તેમાં તે સજ્જડ હાર્યું અને મિસર તરફ ઉભી પૂંછડીએ નાઠું. ફરી બીજો પ્રયત્ન કરી જોવા જેટલી હિંમત મિસરીઓમાં રહી નહોતી.

આથી આસીરિયન સામ્રાજ્યનો નાશ કરવામાં મુખ્ય ભાગ ભજવનારી બે સત્તાઓ મીડ અને ખાલ્ડિયનો વચ્ચે જ તેની વહેંચણી થવાનો વારો આવ્યો. આસીરિયા અને લીડિયાના રાજ્યની પૂર્વ સરહદ ઉપર આવેલી હેલીસ નદી સુધીનો આખોય ઉત્તર એશિયા મીડ લોકના હાથમાં ગયો, ત્યારે તેમના પીતરાઇ જેવા પરશિયનો એલામના સ્વામી થયા. ખાલ્ડિયનોએ બેબિલોનિયા અને આસીરિયાના તમામ પશ્ચિમ પ્રાન્તો રાખ્યા અને નેબુકદ-નેઝાર નીચે સામ્રાજ્ય સ્થાપ્યું જે ૫૦ વર્ષ પર્યંત ચાલ્યું. એ રાજાએ પશ્ચિમ પ્રાન્તોને તુર્ત વ્યવસ્થિત કર્યા. જ્યુડાની દાનત હજી ત્રાસ આપવાની જણાતી હતી એટલે તેનો કાયમને માટે અંત લાવવાનો તેણે નિશ્ચય કર્યો. ૫૮૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


માં તેણે જરૂસામેલ લીધું, બાળ્યું અને સંખ્યાબંધ યાહુદીઓને ગુલામ બનાવીને બેબિલોન લઇ ગયો.

નેબુકદનેઝાર મહા સમર્થ રાજા થઇ ગયો. જો કે તેને અનેકવાર લશ્કરની સરદારી લેવી પડી હતી, પણ તેને વધારે રસ તો શાંતિસમયની કલાની ખિલવણીમાં જ પડતો. તેના અમલ દરમિયાન બેબિલોન શહેરનો વિસ્તાર વધ્યો, સુશોભિત મહેલો અને દેવળોથી તેની શોભામાં વધારો થયો અને તેની ફરતો મોટો ગઢ અને દરવાજા બંધાયા. રાજાએ પોતાના મહેલની એક પછી એક અગાસી ઉપર અદ્ભુત બાગબગીચા બનાવ્યા. ગ્રીક લોકો આને બેબિલોનના હેંગીંગ ગાર્ડન્સ—ઝૂલતા બગીચા—કહેતા અને દુનિયાની સાત અજાયબીઓમાંની એક તરીકે માનતા. વેપાર અને ઉદ્યોગ, કળા અને હુન્નર ખૂબ ખિલ્યાં. પુસ્તકો અને બધી જાતની નોંધોનો સંગ્રહ થતો. તારાઓના અવલોકનમાં (ખગોળવિદ્યામાં) ખાસ કરીને ખાલ્ડિયનોએ મોટી પ્રગતિ કરી હતી. બેશક, ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે એ હજી કોઇએ શોધી કાઢ્યું નહોતું; પણ ખાલ્ડિયનોએ આકાશના તારાઓની સ્થાનગણના પહેલી જ વાર કરી અને તારાઓની ગતિનું એટલી ચોકસાઇપૂર્વક અવલોકન કર્યું કે તેઓ ગ્રહણનો સમય અગાઉથી અટકળી શકતા.

એટલે નેબુકદનેઝારનું સામ્રાજ્ય સારૂં અને આબાદ નીવડ્યું. પણ તેના મૃત્યુ પછી તુર્ત જ તેના ભાંગીને ભૂક્કા થઇ ગયા. ત્યારપછીનાં કેટલાંક વર્ષોનો ઇતિહાસ જાણવામાં આવ્યો નથી, પણ અનેક જાતની ખટપટો ઉભી થઇ હોવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોઇએ એ સંભવિત લાગે છે; કારણ કે પાછળના ત્રણ રાજાઓમાંથી બેનાં ખૂન થયાં અને ત્રીજો માત્ર ચાર વર્ષ રાજ્ય કરીને મરણ પામ્યો. ખાલ્ડિયાના છેલ્લા રાજા નબુનીડસે બધું કામકાજ પોતાના દિકરા બેલ્શાઝારને સોંપી દીધું હતું અને પોતે બધો સમય પુસ્તકો વાચવામાં અને પ્રાચીન ધર્મોનો અભ્યાસ કરવામાં ગાળતો. આમ રાજ્યમાં અંદરથી જ સડો પેસવા માંડયો હતો.




તે દરમિયાન મીડ લોકનાં બીજાં સામ્રાજ્યને પણ પોતાની ઉપાધિઓ હતી જ. પરશિયનોનું અત્યાર સુધી બહુ મહત્વ નહોતું તેમની સત્તા હવે વધતી જતી હતી. ૫૫૩ માં એલામના એક પરશિયન પરગણાનો રાજા સાઇરસ એટલો બળવાન થયો કે તેણે મીડિયાના રાજાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગાદીએથી ઉઠાડી મૂક્યો અને પોતે મીડિયા અને પરશિયાના સંયુક્ત રાજ્યનો રાજા થયો. સાઇરસ ખરેખરો મહાપુરુષ હતો અને તેણે પોતાનું રાજ્ય ઝપાટાબંધ વધાર્યું. જૂના આસીરિયાની પશ્ચિમના પ્રાન્તો તેણે એકદમ જીતી લીધા. ૫૪૫ માં હેલીસ નદી ઓળંગીને તે લીડિયામાં આવ્યો, ત્યાંના રાજા ક્રીસસને હરાવ્યો, રાજધાની સાર્ડિસ કબજે કરી અને તે આખો મુલક પોતાના રાજ્યમાં જોડી દીધો. ત્યાંથી પણ તે આગળ વધ્યો, બહુ આસાનીથી એશિયા માઇનોરના કિનારાનાં ગ્રીક શહેરો જીતી લીધાં, અને તેથી એલામથી માંડીને ઇજીયન સમુદ્ર સુધીના આખા ઉત્તર એશિયાનો તે પહેલો સમ્રાટ થયો.

હવે તે બેબિલોન તરફ વળ્યો અને ૫૩૮ માં વિજેતા તરીકે તેમાં દાખલ થયો. પ્રાચીન પૂર્વના છેલ્લા મોટા સેમિટિક સામ્રાજ્ય–ખાલ્ડિયન સામ્રાજ્ય–નો આમ અંત આવ્યો. પર્વત અને રણ એ બે વચ્ચેની ખેંચતાણ જે હજારો વર્ષોથી ચાલ્યા કરતી હતી તેમાં છેવટે પર્વતની જીત થઇ. ઇન્ડો–યૂરોપિયનોની સેમાઇટ લોક ઉપર જીત થઇ.

સાઇરસ હવે પૂર્વમાં હિન્દુસ્તાનને સીમાડેથી એશિયા માઇનોરના પશ્ચિમ કિનારા સુધી અને મિસરની હદ સુધી ફેલાયલાં સામ્રાજ્ય ઉપર રાજ્ય કરવા લાગ્યો. ૫૩૬ માં તેણે યાહુદીઓને તેમનો દેશ પાછો સુપ્રત કર્યો. પણ યાહુદીઓ મારી પરવારીને હવે એટલા થોડા રહ્યા હતા કે તેને કશી હરકત કરી શકે એમ નહોતા. ૫૨૯ માં તેના પુત્ર કેમ્બાઇસીસે એથી પણ આગળ વધીને ખૂદ મિસર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર હુમલો કર્યો. મિસર વધારે બળવાન અને આબાદ થતું જતું હતું અને તેણે પાછો પોતાનો કાફલો પણ બાંધવા માંડયો હતો. છતાં તે પરશિયન લશ્કર સામે ટકી શક્યું નહિ. કેમ્બાઇસીસે આખો દેશ જીતી લીધો અને મિસરના રાજા તરીકે પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. પરશિયન સામ્રાજ્ય હવે આજસુધીમાં દુનિયાએ જોયેલું મોટામાં મોટું સામ્રાજ્ય થયું. પરશિયનો બહુ મજાના લોક હતા. આ સમયે તેમના સૈનિકો, ખાસ કરીને તેમના બાણાવલી અને ઘોડેસ્વારો દુનિયામાં ઉત્તમોત્તમ હતા. તેમણે જીતેલી પ્રજાઓ પાસેથી તેઓ ઘણું શીખ્યા હતા. બેબિલોન અને આસીરિયા પાસેથી તેઓ વિશાળ ઇમારતો બાંધતાં, અનુપમ શિલ્પાકૃતિઓ બનાવતાં અને અગાસીઓ ઉપર બગીચા ઉગાડતાં શીખ્યા હતા. મિસર પાસેથી તેઓ લાંબી પરશાળો બાંધતાં અને મકાનોની દિવાલો રંગીન ઈંટો વડે શણગારતાં શીખ્યા હતા. તેમણે પોતાનાં શહેરો બહુ રોનકદાર બનાવ્યાં. તેમની રાજધાની સૂસા હતું, પણ તેમના રાજાઓ બેબિલોનમાં જઇને પણ રહેતા. એલામમાં પસારગડ અને પરસેપોલીસ જેવાં નવાં શહેરો પણ તેમણે બાંધ્યાં. સમસ્ત રાજ્યમાં મોટે ભાગે એરેમિયન ભાષા બોલાતી હતી, જો કે પરશિયન લોકો પોતાની જૂની પરશિયન ભાષા પણ વાપરતા.

પરન્તુ પરશિયન લોકનું સાચું ગૌરવ તો, તેમણે પોતાના તાબાના પ્રાન્તોનો વહીવટ કુશળતાથી ચલાવવાનો પ્રયત્ન કર્યો અને આસીરિયનોની જેમ માત્ર લશ્કરી બળથી જ તેમને કબજે રાખ્યા નહિ, એમાં છે. કેમ્બાઇસીસ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી ૫૨૨ માં દરાયસ ગાદીએ આવ્યો તેણે પોતાના સામ્રાજ્યને ૨૦ પ્રાન્તોમાં વહેંચી નાખ્યું અને દરેક પ્રાન્તનું નામ 'સત્રપી' પાડયું. દરેક પ્રાન્ત ઉપર સુબો અથવા સત્રપ હતો. આ પ્રાન્તોમાં વસતી નિરનિરાળી જાતની પ્રજા સાથે ન્યાયી વર્તાવ થતો; અને તેઓ નિયમિત રીતે ખંડણી આપ્યા કરે અને તેમણે આપવા ઠરાવેલા સૈનિકો પૂરા પાડયે જાય ત્યાં સુધી પરશિયન સુબાઓ તેમને ઠીક ઠીક પ્રમાણમાં સ્વતંત્રતા આપતા. પરશિયનોએ પોતાના રાજ્યમાં મોટા મોટા ધોરી રસ્તા બાંધ્યા હતા અને રાજમહેલથી દરેક પ્રાન્ત સુધી ઉલટાસુલટું ખેપિયા-દળ ગોઠવેલું હતું. એ ઉપરાંત રાજાને લાગ્યું કે દરિયા કિનારાના રક્ષણ માટે કાફલાની જરૂર છે, તેથી તેણે મિસરી અને ફિનીશિયન ખારવાઓ અને વહાણોનો કાફલો બાંધ્યો. (ફિનીશિયન લોકો ખરૂં જોતાં પરશિયન રાજાના તાબેદાર નહિ, પણ મિત્રો હતા.) આમ ઇતિહાસમાં પહેલીજ વાર મહાન એશિયાઇ સામ્રાજ્ય ભૂમધ્ય સમુદ્રમાં મોટી દરિયાઈ સત્તા પણ થયું.

આ બધું આશ્ચર્યકારક રીતે સુવ્યવસ્થિત અને વિચારપૂર્ણ હતું. તેમ છતાંય તે 'એક-વ્યક્તિ' નું સામ્રાજ્ય હતું. દરેક બાબતનો આધાર રાજા ઉપર અવલંબી રહેતો. રાજા જો ખરેખરો સમર્થ શાસક હોય તો બધું બરાબર સીધું ઉતરતું. પણ જો તે આળસુ કે બેવકૂફ નીકળ્યો તો સામ્રાજ્ય નક્કી નબળું પડતું. ઇ. પૂ. ૪૮૫ માં દરાયસના મૃત્યુ પછી તેની પછીના રાજાઓ લગભગ બધા તદ્દન નમાલા નીકળ્યા. પરિણામ એ આવ્યું કે પરશિયન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૈનિકો ધીમે ધીમે આળસુ અને તેમના અફસરો નિર્માલ્ય થતા ગયા. પ્રાન્તોમાં વારંવાર દંગા ઊઠતા અને સત્રપો ઘણી વાર નિમકહરામ–બેવફા નીવડતા. પરશિયન સામ્રાજયમાં આમ સડો પેઠો. તે એકદમ ભાંગી ન પડયું તેનું કારણ એટલું જ કે તેનો નાશ કરનાર હજી કોઇ તૈયાર નહોતું. નજીકના પૂર્વના લોકોમાં હૈવત રહ્યું નહોતું અને એશિયા કોઇ નવીન મહારથીની રાહ જોઇ રહ્યું હતું. એ નવીન વિજેતા કોણ નીવડશે એ હજી અનિશ્ચિત હતું, છતાં તે પશ્ચિમમાંથી આવશે એ વધારે સંભવિત લાગતું હતું. રણ અને પર્વતના લોકો નજીકના પૂર્વના આધિપત્ય માટે છેલ્લાં ૨૫૦૦ વર્ષ સુધી સામ સામે લડયા કર્યા. હવે એ લડતમાં હાથ ઘાલવાનો વારો દરિયાઇ લોકોનો હતો.

એશિયા માઇનોરનાં ગ્રીક શહેરો ઉપર હુમલા કરતી વખતે સાઇરસ યુરોપિયન લોકોના પરિચયમાં આવ્યો હતો. ઇતિહાસમાં પહેલી વાર યુરોપિયન અને એશિયાઈ સત્તા મોઢામોઢ મળી. હવે પછીનાં પ્રકરણમાં આપણે થોડું પાછળ હઠીને શોધી કાઢવું પડશે કે એ ગ્રીક લોકોનો પ્રાચીન ઇતિહાસ કેવોક હતો; અને પછી આપણે આગળ ચાલીને જોશું કે યૂરોપ અને એશિયા વચ્ચેની ખેંચતાણ કેમ અને કેવી ચાલી. પરન્તુ આ બધો પ્રાચીન ઇતિહાસ ગ્રીસ અને રોમના ઇતિહાસ સાથે કેવો સંકળાયેલો છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે એટલા માટે અહીં એક બે વાતો કહી દેવાની જરૂર છે.

મૂળ ગ્રીસ (હેલાસ) ના ગ્રીક લોકો પરશિયાને કશું ગંભીર નુકસાન કરી શકે એવા બળવાન કે સંગઠિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ દિવસ હતા જ નહિ. પરશિયાને પશ્ચિમ તરફ વધારે આગળ વધતું અટકાવવા કે ઇજીયન સમુદ્રનો ધણી થઇ બેસતું અટકાવવા જેટલા બળવાન તેઓ જરૂર હતા; પરન્તુ પરશિયાની સત્તા નબળી પડે એટલું બધું નુકસાન કરી શકે એમ નહોતા. પણ ઉત્તર ગ્રીસમાં સિકંદર મકદુનિયાનો રાજા થયો (ઈ. પૂ. ૩૩૬) અને તમામ ગ્રીક પ્રજાની સરદારી તેણે હાથમાં લીધી, ત્યારે એક પાશ્ચાત્ય સત્તા એશિયામાં પ્રવેશ કરવા અને પરશિયાને મરણતોલ ફટકો મારવા જેટલી, દરિયા ઉપર તેમજ જમીન ઉપર, બળવાન થઇ. એ પ્રસંગ આવ્યો ત્યારે, પાકેલી કેરી આંબા ઉપરથી ખરી પડે એમ પરશિયન સામ્રાજ્ય સિકંદરના હાથમાં આવી પડયું. સિકંદર ઇ. પૂ. ૩૨૨ માં મરણ પામ્યો. તેના મરણ પછી તેનું સામ્રાજ્ય તેના સેનાપતિઓએ વહેંચી લીધું. મકદુનિયા, ઇજિપ્ત અને સીરિયા, એમ ત્રણ નવાં રાજ્યો સ્થપાયાં. એ ત્રણેય સાંહોમાંહે લડીને નબળાં પડયાં. આખરે રોમન લોકો જે આ બધા સમય દરમિયાન બળવાન અને મહાન થતા જતા હતા તેમણે ઝંપલાવ્યું અને ગ્રીક તેમજ પૂર્વની દુનિયાના મુલકો એક પછી એક જીતતા ચાલ્યા. એટલે આ પ્રાચીન દુનિયાનું છેલ્લું મોટું એશિયાઇ સામ્રાજ્ય ઇરાન ઠર્યું. હવે પછી યૂરોપિયન પ્રજાને હાથે ભાવિ ઇતિહાસ રચાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખંડ ૨ જો

## ગ્રીસ


૧ ગ્રીસનો પૂર્વકાળ

૨ ગ્રીસનો ઉદય

૩ હેલ્લાસની પડતી

૪ મકદુનિયાનો જમાનો

૫ ગ્રીક લોકો અને દુનિયા ઉપર તેમનું ઋણ


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ૧. ગ્રીસનો પુરાતન યુગ

ગ્રીસનું જૂનું નામ ‘હેલાસ’ હતું. હાલના ગ્રીસ કરતાં એ જૂનું ગ્રીસ બહુ નાનું હતું; કારણ કે મકદુનિયા, થેસેલી, એકરનેનિયા અને ઇટોલિયા જે હવે ગ્રીસના ભાગ ગણાય છે તે, જૂના જમાનાના એવા જંગલી અને અસંસ્કૃત હતા કે તેમાં ગ્રીક લોહીની જ જાતો વસતી હોવા છતાં તેમને ખરા હેલાસના ભાગો ગણવામાં નહોતા આવતા. એટલે શુદ્ધ હેલાસ એ કોરિન્થિયન અખાત ઉપરના નૉપેકટસથી મેલિઆક અખાત ઉપરના થર્મોપીલી સુધી દોરેલી લીટીની દક્ષિણનો પ્રદેશ ગણાય છે. એ લીટીની બહાર બાકીની દુનિયા એટલે ગ્રીક ન હોય તે તમામને ગ્રીક લોકો કહેતા તેવા ‘બારબેરિઅન્સ’ જંગલી લોકો જ્યાં વસતા તે.

પરન્તુ એ જંગલી લોકોમાં પણ, ધૂળમાં જેમ રત્ન દટાએલું હોય તેમ, ખરા સુધરેલા ગ્રીકોની વસાહતો હતી. ઈજીઅન સમુદ્રના બેટો, સિસીલી અને દક્ષિણ ઇટલિનાં, તથા એશિયા–માઇનોર અને કાળા સમુદ્રના કાંઠા ઉપરનાં ગ્રીક શહેરો એ બધાં ખૂદ હેલાસમાં નહિ, તો હેલાસના બહાર પથરાએલા ભાગ તરીકે બૃહદ્ હેલાસ ગણી શકાય; કારણ કે તેમાં પણ ગ્રીક ભાષા બોલતા અને ગ્રીક સંસ્કૃતિમાં હિત ધરાવતા ગ્રીક લોકો જ રહેતા.

ગ્રીક લોકો આવતાં પહેલાં હેલાસમાં અને ટાપુઓમાં વસતા લોકો આબાદ અને સુધરેલા થયા હતા. ઇ. સ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂ. ૩૦૦૦ કે તેના કરતાંય વહેલાં, ક્રીટ એક સુંદર સંસ્કૃતિનું મધ્યસ્થળ હતું એમ જણાય છે. એ સંસ્કૃતિ આસપાસના તમામ બેટોમાં અને ગ્રીસમાં ફેલાએલી હતી. આ લોકો –એમનું નામ જાણમાં નથી–એશિયા–માઇનોર અને ઇજિપ્ત સાથે વેપાર કરતા. મીસેની અને ટાઇરીન્સમાં (પેલો-પોનીસમાં), ક્રીટમાં અને અન્ય સ્થળોએ એ લોકોએ બાંધેલા અદ્ભુત મહેલોનાં ખંડિયેરો, અને એ ખંડિયેરોમાં રૂપાળાં વાસણો, રાચરચીલું, હથિયારો, ઘરેણાં અને પત્થરનું કોતરકામ જડી આવ્યાં છે. તેમની મુખ્ય ધાતુ કાંસું હતું. સુધરેલા જીવનનાં કળા અને હુન્નરોનું તેમણે ઘણું જ્ઞાન સંપાદન કર્યું હતું એ આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. ફીનિશિયન વેપારીઓ અને તેમના પોતાના વેપારીઓ ઇજિપ્ત અને એશિયામાંથી તેમને વસ્તુ–ચીજો લાવી આપતા અને એ નમૂના ઉપરથી તેઓ જાતે એવી વસ્તુઓ બનાવતાં શીખેલા. અતિ પ્રાચીનકાળના ક્રીટનો એક રાજા મિનોસ કરીને હતો તેની વાતો જૂની દંતકથાઓમાં આવે છે, તેના નામ ઉપરથી આ સંસ્કૃતિ સાધારણ રીતે હવે 'મિનોઆન' સંસ્કૃતિ કહેવાય છે. ઇ. સ. પૂ. ૮૦૦ વર્ષ પહેલાં લખાએલાં હોમરનાં કાવ્યોમાંથી એ લોકોની જીવનપદ્ધતિનાં છૂટાંછવાયાં સંસ્મરણો મળી આવે છે ખરાં. છતાં ઉપર કહ્યાં તે તેમનાં જૂનાં શહેરોના દટાઈ ગયેલા અવશેષો સિવાય બીજાં કશાં સાધન નથી કે જેના ઉપરથી, એ લોકો કેવી રીતનું જીવન ગાળતા તે આપણે નિશ્ચિતપણે જાણી શકીએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇ. સ. પૂ. ૧૩૦૦ અને ૧૦૦૦ ના વચલા ગાળામાં આ મિનોઆન સંસ્કૃતિ, પહેલાં ક્રીટમાં અને છેવટે હેલાસ-માંથી પણ વીંખાઇ ગઈ. સમુદ્ર તેમજ જમીન માર્ગે હેલાસમાં અને ટાપુઓમાં ઉત્તર તરફથી ધસી આવતા આગંતુકોના ધસારાથી એ સંસ્કૃતિ હતી નહોતી થઇ ગઈ. આ ધાડપાડુ આગંતુકો એ જ ગ્રીક લોકો, અને તેમના જ વંશજોની હવે આપણે વાત કરવી છે.

હેલાસમાં ગ્રીક લોકો કેવી રીતે આવ્યા તેની તો માત્ર અટકળ જ થઈ શકે. દંતકથાઓમાં ઘણી નિરનિરાળી જાતોનાં નામો આવે છે. તેમાં ડોરિયન, આયોનિયન અને ઇયોલિયન નામો મુખ્ય છે. આપણી જાણમાં આવ્યા તે કાળે બધા ગ્રીકો દેખાવમાં, ચહેરેમહોરે અને ખાસિયતોમાં એકસરખા નહોતા. એથિનીઅન ચપળ અને હુશિયાર, સ્પાર્ટન ખાટા અને અતડા, બોએશિયન જાડા અને બેવકૂફ અને આર્કેડિયન સુસ્ત અને જંગલી હતા. પણ તેમ છતાંય એટલું તો ચોક્કસ કે તમામ ગ્રીક ટોળીઓ મૂળમાં એક-લોહી હતી અને એક જ પેદાશમાંથી ઉતરી આવેલી હતી. તમામ પોતાને 'હેલેનીસ' કહેવરાવતી અને જો કે તેમની બોલછામાં ફેર પડતો, પણ ભાષા સુદ્ધાં એક જ બોલતી. ત્રણથી ચાર સૈકાં સુધી ગ્રીક ટોળીઓ ઉત્તરમાંથી હેલાસમાં આવ્યા કરી હોય અને ગ્રીસમાં બધેય પથરાઈ હોય એમ બનવું સંભવિત છે. ડોરિયન જાત સૌથી પાછળ આવી એટલું નક્કી છે. આ જાતે આવતાંને વાર પોતાને પસંદ પડી તે જગ્યામાંથી પોતાના પહેલાં આવીને વસેલી ગ્રીક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટોળીઓને હાંકી કાઢી. એ બિચારાઓએ એટ્રિકામાં આશરો શોધ્યો, ત્યાંની પ્રજામાં ભળી ગયા અને છેવટે એટ્રિક પ્રદેશમાં વસતી જનતા ઉપર સરસાઈ મેળવી. બીજાઓ વળી દરિયાપાર યૂબિયા, ટાપુઓ, એશિયા–માઇનોર, વગેરે સ્થળોએ જઈને મિલેટસ, ફોકેઆ અને કલેઝોમીની વગેરે શહેરોમાં વસ્યા. આ બધા ભાગેડુ લોકો પોતાને ઇયોનિયન તરીકે ઓળખાવતા. ડોરિયન લોક મોટે ભાગે પિલોપોનીસમાં વસ્યા; આર્ગોસ, સ્પાર્ટા, કોરિન્થ, મેગારા અને સીકિઓન તેમનાં મુખ્ય શહેરો હતાં. એલીસ, આરકેડિયા, એકેઇયા, કોરિન્થના અખાતની દક્ષિણ, લોક્રીસ, ફોકિસ અને બોએશીઆ: એ બધાના લોકો ઇયોલિયન કહેવાય છે.

ગ્રીક ટોળીઓની આ બધી ધમાલ–હેરફેર ઇ. સ. પૂ. ૧૦૦૦ લગભગ બંધ પડી હોય એમ લાગે છે. ત્યાર પછીથી ગ્રીકલોકો પોતપોતાનાં સ્થળોએ જાથુકના વસ્યા છે. પરન્તુ તેઓ કોઈ કાળે એક છત્ર નીચે એક રાષ્ટ્ર બન્યા નથી, ડોરિયન હમેશાં ઇયોનિયનથી સૂગાતા. ભિન્ન ભિન્ન ગ્રીક વસાહતો આપસઆપસમાં લડી પડવા માટે હમેશાં તૈયાર જ હતી. એટલું ખરૂં કે ગ્રીક ન હોય એ તમામને પૂર્ણપણે તિરસ્કારવાની એક વાતમાં એ બધી જાતો એકચિત્ત હતી. કોઈ જંગલી દુશ્મનની ધાસ્તી સામે થોડો વખત એકસંપી કરવાને તેઓ હંમેશાં તત્પર રહેતા. તો પણ પોતાના સ્વાર્થી લાભો માટે, કોઈ પરદેશી સાથે મળી જઈને પોતાના જાતભાઈઓ સામે ખૂટામણ કરતા, એવું પણ વારંવાર બનતું ખરૂં. વળી એક જાત બીજીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાની એકલોહીની સગી ગણતી છતાં તેમણે પરસ્પરનો શાશ્વત સંબંધ બાંધવાની કદિ પરવા કરી નથી. મોટાં મોટાં રાજ્યો કે સામ્રાજ્યોના ભાગ તરીકે રહેવાનું તેમને ગમતું નહિ. એક મોટું શહેર અને તેની આસપાસના નાના કસ્બા અને ગામડાંનાં બનેલાં નાનાં નાનાં નગર-રાજ્યો-જેમાં વસવાથી લોકો પોતાના શાસકો કોણ અને કેવા પ્રકારના અને કેવી રીતભાતવાળા છે તેની જાતમાહિતી મેળવી શકતા અને શાસનના મધ્યસ્થળથી બહુ દૂર રહેવું પડતું નહિ-એવાં નગરરાજ્યોમાં વસવાનું ગ્રીકલોકોને વધારે પસંદ પડતું. આવું દરેક નગરરાજ્ય સ્વાયત્ત-શાસક હતું અને તેમાં બીજા કોઇને દખલ કરવા દેતું નહિ. વસાહતીઓની એકાદ નાનકડી ટોળકી પોતાના વતનથી દૂર દરિયા પાર જાય અને ક્યાંઇક નવીન ગ્રીક શહેર વસાવે તે ભલે કહેવાય 'કોલોની'-મૂળ નગરનું થાણું, પરન્તુ એ વસાહતીઓ તુર્ત પોતાની સ્વતંત્ર સરકાર સ્થાપી દેતા. આમ કોઇ નવું ગ્રીક 'કોલોની' એટલે એક નવું સ્વતંત્ર નગરરાજ્ય અને નહિ કે માદરવતને સ્થાપેલું અને તેના તાબાનું સંસ્થાન-'ડોમીનિયન'.

ગ્રીસની ભૂમિ પણ આ જાતની સ્થાનિક સ્વતંત્રતા નીભાવવી બહુ સહેલી પડે એવી જાતની છે. જમીન વિસ્તારમાં અંદર ધૂસેલા ઊંડા અખાતોથી ગ્રીસ વહેંચાઈ ગયેલું છે-કોરિન્થની સંયોગીભૂમિ આગળ તેના બે ભાગલા પડી ગયા છે-અને બધી બાજુએ, એક ખીણ કે મેદાનને બીજાથી અલગ કરી નાખે એવા, પર્વતો છે. આવા દેશમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોકોએ નાનાં ટોળામાં રહેવું પડે અને એ નાનાં વિભક્ત ટોળાંને એક બીજાને ઓળખવાનું કે સાથે મળીને કામ કરવાનું અઘરૂં પડે. જમીન પણ ડુંગરાળ અને આછી છે. હેલાસના ગ્રીકલોક મકાઇ, જવ, દારૂ, ઓલિવ અને મચ્છી વડે પોતાનો નિભાવ કરતા; ભાગ્યે જ માંસ ખાતા. બીજા દેશોને જીતીને કે તેની સાથે વેપાર ખેડીને જ તેઓ શ્રીમંત થઇ શકતા; અને લગભગ બધો વેપાર દરિયા રસ્તે જ કરવો પડતો; કારણ કે આખાય ગ્રીસમાં થઇને જતા રસ્તા ખરાબ અને ડુંગરાઉ છે.

ગ્રીકલોકો પોતે ઠરીઠામ થયા અને તેમનાં શહેરોને ખિલવાને પૂરતો વખત મળ્યો કે તુર્ત તેમણે ભૂમધ્ય સમુદ્રના કાંઠાના બીજા ભાગોમાં જ્યાં સારૂં બંદર હોય અને મુલક વસતિઆણુ ન હોય ત્યાં બીજાં નગરો (કોલોનીઝ) સ્થાપવા માટે સવારીઓ મોકલવા માંડી. કોઇ કોઇ વાર ખુદ નગર પોતે જ આવી સવારી મોકલતું. નવું વસેલું શહેર પોતાના માદરવતન સાથે વેપાર કરતું અને એમ ગ્રીક વેપાર વધતો. કોઈવાર વળી નાગરિકોની એકાદ ટોળકી, કોઇક કારણને લઇને વતન છોડવા તૈયાર થતી; સાહસ ખેડવા માટે તેઓ એક પગે થઇ રહેતા અને કોઇ નવા મુકામે જઇને નવેસરથી જીંદગી શરૂ કરવાનાં સ્વપ્નાં સેવતા. આ થાણાંઓ સ્થાપવા માટે સવારીઓ મોકલવાની પ્રથા છેક ઇ. સ. પૂ. ૭૫૦ થી શરૂ થઈ અને લગભગ બસો વરસ ચાલુ રહી. આ વસાહતોમાંથી થોડીકનાં નામ આપીએ. સાઇરેક્યુસ અને સેલિનસ સિસિલીમાં, તારેન્ટમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇટાલિમાં અને રોડસનો ટાપુ–એ ડોરિયન લોકોએ વસાવેલાં; લીઓન્ટીની સિસિલીમાં, એબિડૉસ, લેમ્પસેકસ અને કાળા સમુદ્રને કાંઠેનાં બીજાં શહેરો એશિયામાઇ-નોરમાં–એ ઇયોનિયન લોકોએ વસાવેલાં; ક્રૉટન અને સાઇબેરીઅસ ઇટલિમાં–ઇયોલિયન લોકોએ વસાવેલાં. આ નવાં શહેરો કેટલીક વખત તેમના માદરવતનથી વધારે આબાદ અને મોટાં થતાં અને પાછી પોતપોતાની જ વસાહતો થાપવા માટે સવારીઓ મોકલતાં. આ રીતે ગ્રીક લોકો પૂર્વ ભૂમધ્ય સમુદ્રને આખે કિનારે અને ટાપુઓમાં પૂર્વમાં કાળા સમુદ્રથી પશ્ચિમમાં સિસિલી સુધી પથરાયાં. (ફૉસીઆના ગ્રીકો તો વળી આથીયે આગળ વધીને પશ્ચિમમાં વધારે દૂર સુધી ગયા અને દક્ષિણ ફ્રાન્સમાં માસીલિયા અને કૉર્સિકામાં એક એક શહેર વસાવ્યું); અને, ઉપર કહ્યું છે તે પ્રમાણે, જો કે દરેક શહેર પોતાનો વહીવટ તદ્દન સ્વતંત્ર રીતે કરતું; છતાં તેઓ પરસ્પર વેપાર કરતાં, સરખી સંસ્કૃતિ નભી શકે એટલાં એક બીજાને બરાબર ઓળખતાં અને એકજ સામાન્ય ભાષા બોલતાં. શહેરો ગમે ત્યાં વસ્યાં હોય, પણ રહેતાં ગ્રીક. તમામ ગ્રીક પ્રદેશોનું મધ્યસ્થળ હમેશાં હેલાસ પોતે જ ગણાતું. ગ્રીક સંસ્કૃતિનું ઉગમ સ્થાન અહીંઆં જ હતું અને ગ્રીક ઇતિ-હાસના મુખ્ય બનાવો હેલાસમાં કે હેલાસનાં શહેરો–ખાસ કરીને સ્પાર્ટા અને એથેન્સ–ના સંબંધમાં બનેલા છે.

પ્રથમ તો આર્ગોસ મુખ્ય ડોરિયન શહેર હતું. પણ તેનું ગૌરવ વહેલું ઝાંખું પડયું અને સ્પાર્ટા આગલી હરોળમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવ્યું. તેણે પોતાની સત્તા પડોશના લોકો ઉપર બેશરમ હુમલો કરીને સ્થાપી. સ્પાર્ટા પિલોપોનીસને અગ્નિ ખૂણે લેકોનિયામાં આવેલું છે. તેની શુદ્ધ પશ્ચિમે ટેગેટસ પર્વતની બીજી બાજુએ ગ્રીક જાતિના જ મેસેનિયન કરીને લોકો વસતા હતા. લેકોનિયા કરતાં મેસેનિયા વધારે આબાદ અને ફળદ્રુપ પ્રદેશ હતો એટલે તેને જીતી લેવાની સ્પાર્ટનોની દાનત થઈ. એટલે તેમણે મેસેનિયન લોકો સાથે બહાનું કાઢીને ઝઘડો કર્યો, ચઢાઈ કરી અને ખૂનખાર લડાઈ પછી તેમને જીત્યા. સમસ્ત મેસેનિયન જાતિને ગુલામ બનાવી અને એ જ દશામાં તે બિચારા લોકો સેંકડો વર્ષો સુધી રહ્યા. સદાય ભીષણ રીતે દલિત અને સદાય અસન્તુષ્ટ એવા મેસિનિયન લોકને માત્ર પશુબળથી જ વશ રાખી શકાતા. પણ સ્પાર્ટનો બળ વાપરવામાં પાવરધા હતા. પહેલાં તો તેમનું નગર વૈભવ અને લક્ષ્મીનું સ્થાન, કલા, વાઙ્મય અને વ્યાપારનું કેન્દ્ર હતું. પરન્તુ ઈ. સ. પૂ. ૬૦૦ પછી તુર્ત જ આવી તમામ બાબતોને તેઓ ધિક્કારતાં શીખ્યા હોય એમ જણાય છે. તેમણે પોતાની રાહરસમ છેક જ બદલી નાખી. સંસ્કૃતિ અને વિલાસ વૈભવને તલ્લાક મળી, પરદેશીઓ હદપાર થયા અને તેથી વેપાર સદંતર પડી ભાંગ્યો. ત્યાર પછી સ્પાર્ટનોએ પોતે માત્ર લડાયક રાષ્ટ્ર બનવાનો નિશ્ચય કર્યો. દરેક સ્પાર્ટન નરને છેક બચપણથી જ લડાઇ અને માત્ર લડાઈને માટે જ કેળવવામાં આવતો અને ઉમર લાયક થતાં તેણે સૈનિક થવું પડતું. સાત વરસની ઉમરના થતાં જ છોકરાઓને તેમની માથી વિખૂટા પાડવામાં આવતા અને રાજ્યે નીમેલા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિક્ષકોના હાથ નીચે ટુકડીઓમાં ઉછેરવામાં આવતા. ખાસ કરીને તેમને અખાડાની, તરવાની અને હથિયાર વાપરવાની તાલીમ આપવામાં આવતી. તેમને અલમસ્ત અને ખડતલ બનાવવા માટે કશું બાકી રાખવામાં આવતું નહિ. ( આપણે 'સ્પાર્ટન શિસ્ત' વિષે બોલીએ તેનો અર્થ એટલો જ કે માણસને હાડમારી સહન કરવામાં સબળ બનાવે એવી આકરી તાલીમ. ) માયકાંગલાં બાળકોને ટેગેટસ પર્વત ઉપર લઇ જઇને મરણને શરણે તજી દેવામાં આવતાં. જરૂરી બધું કામકાજ સ્પાર્ટન નહિ એવા લેકોનિયન લોકોને અને 'હેલોટ' એટલે ગુલામોને માથે પડતું. આ લગભગ તમામ ગુલામો તે ઉપર કહેલા મેસિનિયનો અને સ્પાર્ટનોએ જીતી લીધેલા હેલાસના મૂળ વતનીઓ હતા. સ્ત્રીઓ અને છોકરીઓ પણ પુરુષો અને યુવાનોના અખાડાઓમાં ભાગ લેતી અને સ્પાર્ટન યોદ્ધાઓની માતાઓ હોવાના કે થઈ શકવાના કારણે જ તેમનો આદર થતો. પ્રૌઢ વયના પુરુષો હમેશાં દિવસમાં એક વખત એક સામાન્ય પંક્તિએ જ જમતા.

પાછલા સમયના સ્પાર્ટનો એવું માનતાં શીખ્યા કે આ નિયમો તેમના અતિ પ્રાચીન કાળથી અસ્તિત્વમાં છે અને લાઇકરગસ નામના સ્મૃતિકારે ઘડયા છે. છતાં એ નિર્વિવાદ છે કે ઈ. પૂ. (?) ૫૫૦ સુધી તો સ્પાર્ટાનું જીવન આનંદી રસભર્યું અને વૈભવી હતું. તેમ છતાં એ વર્ષે જે મહાન ફેરફાર થયો તેણે સ્પાર્ટન લોકોને લડાઇને માટે હમેશાં લાયક અને તૈયાર લશ્કરમાં ફેરવી નાખ્યા. સ્પાર્ટન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોકોની સંખ્યા બહુ મોટી નહોતી અને તેમના લશ્કરમાં સ્પાર્ટન નહિ એવા લેકોનિયન લોકો પણ સામેલ હતા. તે ઉપરાંત અણીને વખતે ગુલામોને પણ લશ્કરમાં આમેજ કરી શકાતા. પરન્તુ લશ્કરનું સાચું મર્મસ્થાન તો ખરેખરા સ્પાર્ટનો જ હતા, અને નાગરિકપણાના તમામ વિશિષ્ટ હકો તેઓ ભોગવતા.

સ્પાર્ટનો રૂપાળા લોકો ન ગણાય. દેખાવે તેઓ જડસા જેવા મૂર્ખ અને કઠોર લાગતા. એકલાં સ્પાર્ટાના જ સ્વાર્થને ખાતર સ્પાર્ટનો ઘણી વાર નીચ અને દગાબાજ કૃત્યો કરતા અને કેટલીય વાર સમસ્ત ગ્રીક રાષ્ટ્રના ભલાનો પ્રશ્ન હોય ત્યારે નહિ જેવો જ જાહેર જુસ્સો બતાવતા. છતાં તેઓ અચ્છા લડવૈયા હતા. જીવનનાં કળા અને મોજશોખને ધિક્કારતા. સખત-કઠણ જીવન ગાળતા અને પોતાના રાજ્યને ખાતર જ જીવતા. મિતભાષી તરીકે પોતે ગર્વ કરતા અને વાતોડીઆઓનો અવિશ્વાસ કરતા. અંગ્રેજી શબ્દ Laconic લેકોનિક (એટલે મિતાક્ષરી-સંક્ષિપ્ત) લેકોનિયા નામના સ્પાર્ટન મુલક ઉપરથી નીકળેલો છે. માણસને ચતુર બનાવે એવી કેળવણીમાં તેમને શ્રદ્ધા નહોતી અને બહુ જ થોડા સ્પાર્ટનોએ બુદ્ધિની વિચક્ષણતા બતાવી છે. ડોરિયન લોકોએ ઉત્પન્ન કરેલી શિલ્પ અને સ્થાપત્યની ઉત્તમ કૃતિઓ સ્પાર્ટનોએ કરેલી નથી. વળી સ્પાર્ટાએ પ્રતિભાવાન સેનાપતિઓ પણ બહુ જ થોડા પેદા કર્યા છે. દરેક વ્યક્તિ લશ્કરી દિનચર્યાની ઘાણીમાં પીલાઈ જતી અને તેથી તેની માનસિક વ્યાપારની ચમક નિસ્તેજ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૃતવત્ બની જતી. પણ લડવૈયાઓ તરીકે તેઓ હમેશાં અસાધારણ હિંમત, હઠાગ્રહ અને તન્મયતા બતાવતા. તેના ચડતી કળાના દિવસોમાં સ્પાર્ટન લશ્કર અજેય હતું. સૈનિકો કાં તો જીત મેળવતા અથવા સામી છાતીએ પોતાને સ્થાને જ મરતા.

સેરોનિક અખાતની પેલે પાર આર્ગોલિસની ઇશાને એટ્ટિકામાં મુખ્યત્વે ઇયોનિયન જાતના મિશ્ર લોહીના લોકો વસતા હતા. એ લોકો તમામ ઇયોનિયન ગ્રીકોના પોતે મોવડી છે એમ માનતા. એ લોકો નાનાં નાનાં શહેરોમાં વસતા હતા અને એ દરેક શહેરને પોતાનો રાજા હતો. પણ પછી થોડા વખતમાં–કેમ તે કોણ જાણે–એથેન્સ એટ્ટિક પ્રદેશનું અગ્રણી બન્યું. દરિયાથી પાંચ માઈલ દૂર એક ખડક (એક્રોપોલિસ) ઉપર તે આવેલું છે. તેનું બંદર પાઇરેઉસ નામનું છે તે સુંદર છે. એથીનિયનો દરિયો ખેડનારા અને વેપારી લોક થયા; પોતે ઉછેરેલાં ઓલિવ ઝાડોમાંથી તેલ કાઢીને તે પરદેશ ચડાવતા. પહેલવહેલાં તેમની ઉપર અમીરો (ક્રેસીના યુદ્ધ પહેલાં ઈંગ્લાંડમાં હતા તેવા ઠાકોરો) હકુમત ચલાવતા. ઘોડેસ્વાર લશ્કર જે તે વખતે લશ્કરનું મુખ્ય બળ ગણાતું તે આ અમીરોનું જ બનતું. પણ વખત જતાં સારાં વજનદાર હથિયારવાળા પાયદળ લશ્કરની અગત્ય સમજાતી ગઈ તેમ લડાઈમાં ઘોડેસ્વાર લશ્કરની ખાસ મહત્તા હતી તે ઘટી ગઇ (ઈંગ્લાંડમાં પણ ક્રેસીના યુદ્ધ પછી એ જ પરિણામ આવ્યું હતું); અને ભીડ પડે ત્યારે દરેક નાગરિકને સૈનિક કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખલાસી તરીકે ફરજ અદા કરવી પડતી, તેથી સામાન્ય નાગરિક રાષ્ટ્રને વધારે અગત્યનો થઈ પડયો અને તેને લીધે દરેક નાગરિકના મનમાં પ્રશ્ન ઊઠવા માંડયો કે યુદ્ધકળામાં જો દરેકે દરેક માણસે સેવા અર્પવી પડે તો પછી શાન્તિના સમયમાં જૂનાં કુટુંબોમાંથી ગણ્યાગાંઠયા થોડાક જણના જ હાથમાં બધી સત્તા શા માટે રહેવી જોઇએ ?

અમીરો પ્રત્યેની આ પ્રકારની ઇર્ષ્યા એક જ સમયે બધાંય ગ્રીક શહેરોમાં પ્રજ્વળી ઊઠી હોય એમ જણાય છે. શહેરો દહાડેદહાડે વધારે ને વધારે આબાદ થતાં જતાં હતાં. વેપાર વડે શ્રીમંત થયેલા વેપારીઓ પણ રાજ્યના કારભારમાં ભાગ માગતા હતા. જ્યાં જ્યાં અમીરો શાણા હતા ત્યાં તો આ પ્રશ્નનો નિકાલ સમાધાનીથી આવી ગયો અને વધારે માણસોને સાર્વજનિક કામકાજમાં હિસ્સો મળ્યો. પણ ઘણે સ્થળે બન્યું છે તેમ, જ્યાં અમીરો પોતાની સત્તાને જળોની પેઠે વળગી રહ્યા ત્યાં પરિણામ વિદ્રોહ, દંગો, અને અંદરોઅંદરની લડાઇમાં આવ્યું. આવો બખેડો જાગે ત્યાં કોઇ પણ ચતુર અને પ્રતિભાશાળી માણસને, એક અથવા બીજા પક્ષમાં ભળીને કામ કાઢી લેવાની સુંદર તક મળતી. જો ફાવી જાય તો બે ડગલાં આગળ વધીને તમામને દબાવીને સહુનો ધણી થઈ બેસતો. પછી તે ગ્રીક લોકો જેને ‘ ટાઇરન્ટ ’ કહેતા તે બનતો અને જબરદસ્તી, પૈસા કે મુસદ્દીગીરીથી પોતાની સત્તા ટકાવી રાખી શકે ત્યાં સુધી જ રાજ્ય કરતો.

ઘણાંય ગ્રીક શહેરોમાં આવું બન્યું છે; અને ઇ. સ. પુ. ૭૦૦ થી ૫૦૦ ના કાળને ગ્રીક લોકો ‘ ટાઇરન્ટ યુગ ’

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહેતા. આવા માણસો કોરિન્થ, સીકિઑન, મેગારા, એથેન્સ, ગ્રીક ટાપુઓ અને વસાહતોમાં પેદા થયા. પણ સ્પાર્ટામાં કોઇ થયો નથી. સ્પાર્ટામાં તો વૃદ્ધોની સભા અને બે જોડિયા રાજાઓનો કારભાર સતત ચાલુ રહ્યો. પછી તો ગ્રીક લોકો ટાઇરન્ટ નામને ધિક્કારવા માંડયા. એકલો એક જ માણસ બાકીના બધા ગ્રીકો ઉપર રાજ્ય કર્યા કરે અને તેનાં કૃત્યો બદ્દલ તેને એક શબ્દ સરખોય ન પૂછી શકાય એ વિચાર જ તેમને તિરસ્કારને પાત્ર લાગવા માંડયો. જો કે ટાઇરન્ટોને રાજા થઇ બેસવાનો તેમના સામર્થ્ય સિવાય બીજો કશો હક નહોતો તોપણ ખરૂં જોતાં તેમાંથી કેટલાકે રાજ્યવહીવટ સારી રીતે ચલાવેલો અને પોતાનાં શહેરોને બળવાન બનાવવા માટે અને કળાકારો, વિચારકો અને લેખકોને ઉત્તેજન આપવા માટે તેમણે ઘણું કરેલું. છતાં બાકીનાઓ તો કઠોર અને ક્રૂર જ હતા. ઇતિહાસકાર હીરોડોટસ કહે છે: "ટાઇરન્ટોએ પરાપૂર્વથી ચાલતા આવેલા રિવાજો તોડી નાખ્યા, સ્ત્રીઓની લાજ લૂંટી, અને માણસોને ઇન્સાફ કરાવ્યા વગર ફાંસીએ લટકાવ્યા."

એથેન્સમાં ઇ. સ. પૂ. ૫૬૦ ની લગભગ પીસીસ્ટ્રેટસ નામનો ટાઇરન્ટ થયો. એથેન્સને તેણે ઘણું મહત્તર બનાવ્યું. એટ્ટિકામાં ઓલિવ ઝાડનાં ઉછેરને ઉત્તેજન તેણે આપ્યું, દેવળો તેણે બંધાવ્યાં, પાન–એથેનીઆક અને ડાયોનીસીઆક ઉત્સવો તેણે દાખલ કર્યા, હોમરનાં કાવ્યો લખાવરાવીને સંગ્રહિત તેણે કર્યા અને કવિઓ અને કલાકારોને આશ્રય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેણે આપ્યો. તેમ છતાં પણ એકાદ આપખુદ સારા રાજા ઉપરથી એમ નિશ્ચિત નથી ઠરતું કે તેના પછી થનારા રાજાઓ પણ આપખુદ છતાં સારા જ નીવડશે. એક પછી એક ટાઇરન્ટ કે તેના અનુગામીઓ અસહ્ય થઇ પડયા અને દરેક શહેરમાંથી તેમને કાઢી મૂકવામાં આવ્યા. ખુદ પીસીસ્ટ્રેટસના જ દીકરાઓ હિપ્પાર્કસ અને હિપ્પીઆસને માથે એમ જ વીત્યું હતું. એકનું ઈ. સ. પૂ. ૫૧૪ માં ખૂન થયું અને પછી તૂર્તજ બીજાને પણ કાઢી મૂકવામાં આવ્યો.

આને પરિણામે ગ્રીક લોકોએ એવો નિશ્ચય કર્યો કે થોડાક અથવા એક જ માણસથી ચાલતો રાજ્યવહિવટ આપણે જોઇએ જ નહિ. શહેરો પ્રજાતંત્રવાદી થયાં; એટલે કે ભવિષ્યમાં તેમના શાસકો બધા નગરજનોએ મળીને ચૂંટી કાઢેલા માણસો થાય એવી તેમણે વ્યવસ્થા રચી કે જેથી રાજકારભાર ચલાવનારાઓનો તેમણે અખત્યાર કરેલી વહીવટ પદ્ધતિ માટે નીમેલે સમયે આખી પ્રજાના પ્રતિનિધિઓ સમક્ષ જવાબ લઇ શકાય. કદિ કોઇ ટાઇરન્ટે જ્યાં રાજ્ય કર્યું નથી એવા સ્પાર્ટામાં પણ નવા ન્યાયાધીશો નીમીને બંને જોડિયા રાજાઓની સત્તા ઘણી ઓછી કરવામાં આવી. આ ન્યાયાધીશો 'એફોર' કહેવાતા. તેમની ચૂંટણી સમસ્ત નાગરિકોની મહાસભાએ કરેલી હોવાથી સ્પાર્ટાના રાજ્યમાં તેઓ સર્વશ્રેષ્ઠ સત્તાધીશ થયા.

આ બધા ફેરફારને લીધે સમસ્ત પ્રજાજનોની સ્વતંત્રતામાં ઘણો વધારો થયો. ગ્રીક લોકો આપખુદીમાંથી છૂટયા ખરા; પણ માણસને સ્વતંત્રતા મળ્યા છતાં તેનો ઉપયોગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરતાં નચે આવડે. ગ્રીક શહેરો ઘણી વાર પોતાની સ્વતંત્રતાનો દુરુપયોગ કરતાં. પોતાના શાસકો તરીકે નગરજનો ઉત્તમ કોટિના મનુષ્યોનેજ હમેશા નહોતા ચૂંટતા. તેમનામાં પક્ષો ઉભા થતા. એ પક્ષો બીજાને ભોગે પોતાના સ્વાર્થ સાધવાના પ્રયત્ન કર્યા કરતા. આ પક્ષોમાં વારંવાર સામસામી અતિશય કડવાશ જામતી અને વખતે મારામારી ઉપર પણ વાત આવી જતી. સમસ્ત ગ્રીક જીવનમાં જેમ સૌથી દુષ્ટ વસ્તુ શહેરોની એક બીજા પ્રત્યેની ઇર્ષ્યા હતી તેમ નાગરિક જીવનમાં સૌથી ખરાબ બાબત આ પક્ષ પક્ષ વચ્ચેની ભયંકર કડવાશ હતી. આપણે કહી શકીએ કે ગ્રીક લોકોએ પ્રજાસત્તાક રાજતંત્રનો મહાન અખતરો કરી જોયો; અને આ અખતરો છેવટે કેમ નિષ્ફળ ગયો એ વિચારતાં, રાજતંત્રની સાચી પદ્ધતિમાં સ્વતંત્રતા ખાસ મહત્ત્વની છે એવું ગ્રીક લોકોની પેઠે માનનાર બ્રિટિશોને તેમાંથી ઘણું ચેતવાનું મળે છે.

એથેન્સ વિશેષતઃ પ્રજાતંત્રવાદી બન્યું. પ્રત્યેક એથીનિયન નાગરિકને મહાસભામાં મત આપવાનો હક બક્ષવામાં આવ્યો. નાગરિકો વારાફરતી લોકસભાએ કરેલા નિર્ણયોની અમલ બજાવણી ઉપર દેખરેખ રાખનારી સમિતિ (કાઉન્સીલ) માં કામ કરવા ચૂંટાતા, અને ન્યાયમંદિરોમાં પંચ તરીકે બેસતા. પાછળથી પેરીકિલસે કાઉન્સીલરોને અને જ્યુરરોને મહેનતાણું આપવાની પ્રથા દાખલ કરી કે જેથી ગરીબ માણસોને કામધંધો છોડીને સરકારી કામે આવવું પડે તેને નુકસાન વેઠવું ન પડે. ઉપરાંત ગરીબ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માણસોને શાહુકારોની જકડમાંથી ઉગારવાને એક કાયદો કરવામાં આવ્યો કે કોઇ એથીનિયન નાગરિકને દેવું ન આપવાના કારણે ગુલામ બનાવી શકાય નહિ. મહાન કાયદા બાંધનારા ઇ. પૂ. ૫૯૪ માં થયેલા સોલન અને ઇ. પૂ. ૫૦૮ માં કલીસ્થેનીસ જેવાના કરેલા આ મુખ્ય સુધારા હતા; અને આ સુધારાઓને લીધે એથેન્સ સંપૂર્ણ પ્રજાતંત્રના માર્ગમાં દૃઢ થયું.

એથેન્સ હવે એટલું મહાન થયું હતું કે સ્પાર્ટા તેની અદેખાઇ કરવા માંડયું. આ અદેખાઇએ તેમનામાં કલહ ઉત્પન્ન કર્યો હોત; પણ એવું કાંઇ બને તે પહેલાં તો ગ્રીસને માથે એક સહુને અજ્ઞાન ભય ઉભો થયો. એ ભય એવો તો જોખમકારક હતો કે તેનો સામનો કરવા માટે સમસ્ત ગ્રીક પ્રજાને પોતપોતાની અદેખાઇઓ એક કોરે મૂકી દેવી પડી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૨ ગ્રીસ.

સાઇરસના હાથ નીચે પરશિયાએ એસીરિયા, બેબીલોન અને લીડિયા કેવી રીતે જીત્યાં અને પોતે એલામથી તે એશિયાની સરહદ સુધી પથરાયેલું વિશાળ સામ્રાજ્ય કેવી રીતે થયું એ વાત આગળ કહેવાઇ ગઇ છે. આ આખા સામ્રાજ્યમાંની સંસ્કૃતિ પૌર્વાત્ય પદ્ધતિની હતી અને રાજ્યવહીવટની પદ્ધતિ પણ પૌર્વાત્ય રાજ્યની રીતે હતી. તમામ એક જ માણસ 'મહાન નરેશ' ની ઇચ્છામાં સમાઇ જતી.

વાસ્તવિક રીતે તમામ પ્રકારની કળા અને વિદ્યા, તમામ પ્રકારનાં સંપત્તિ અને વૈભવમાંથી દુનિયાને જે કાંઇ અત્યાર સુધીમાં સાંપડ્યું હતું તે બધું જ આ સામ્રાજ્યની અંદરના મુલકોમાં નીપજ્યું હતું. પરશિયા સાથે ગ્રીસની સરખામણી કરતાં ગ્રીસ તો માત્ર કંગાલ અને ક્ષુદ્ર કજિયાખોર નાનકડાં સંસ્થાનોનો એક સમૂહ—જેણે ઇતિહાસમાં નોંધવા લાયક કશુંય મોટું પરાક્રમ હજી કર્યું નથી એવું જણાતું.

એશિયા જીતવાની ધમાલમાં સાઇરસે દરિયા કાંઠાનાં ગ્રીક શહેરોને તાબે કરીને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધાં હતાં. આમ પરશિયન અને ગ્રીક, એશિયાટિક અને યૂરોપિયન લોકો પહેલવહેલી વાર અથડામણમાં આવ્યા. સાઇરસના દિકરા કેમ્બાઇસીસે જ્યારે ઇજિપ્ત જીત્યું અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના પછી દારાયસે થ્રેસને નમાવ્યું, ત્યારે તો એમજ લાગતું કે જાણે પરશિયા પોતાની સત્તા પશ્ચિમ તરફ વધારતું જાય છે અને ખૂદ હેલાસને પણ ટૂંક સમયમાં સપાટામાં લેશે. ફિનીશિયન લોકો પરશિયન સમ્રાટના વફાદાર મદદગાર હતા અને તેમનો કાફલો તેની સેવા માટે તૈયાર હતો. એટલે થોડાક દિવસની દરિયાઇ મુસાફરી પરશિયન ચઢાઇને હેલાસનાં નગરો સામે લાવી મૂકી શકે. ગ્રીક લોકો માથે ઝઝૂમતો આ ભય સમજી ગયા. એથેન્સ :જે પોતે દરિયાઇ સત્તા હતું અને ઘણા એશિયાઇ ગ્રીકો સાથે મિત્રતાનો સંબંધ ધરાવતું હતું તે આ ભય સામે ખાસ જાગૃત હતું. તેથી જ્યારે ઈ. સ. પૂ. ૫૦૦ માં એશિયાનાં ગ્રીક શહેરોએ પોતાના પરશિયન સેટ્રપ (સુબા) સામે બળવો કર્યો ત્યારે એથીનિયનોએ તેમને મદદ મોકલેલી. બળવો તો જો કે શમી ગયો, પણ એથીનિયન લોકોની આ દખલગીરીએ દારાયસને ઉશ્કેરી મૂકયો. હેલાસને અને તેમાંય ખાસ કરીને એથેન્સને શિક્ષા કરવાને મોટી ચઢાઇ મોકલવાનો તેણે નિશ્ચય કર્યો.

દારાયસે મકદુનિયા અને થૅસોસ જીતી લઇને પોતાનો માર્ગ મોકળો કર્યો. ઈ. પૂ. ૪૫૦ માં એક ઘણો મોટો પરશિયન કાફલો અને લશ્કર ડેલોસને રસ્તે દરિયો ઓળંગીને પશ્ચિમ ભણી મેરેથૉન સુધી ધસી આવ્યાં. આ જગાએથી પરશિયન લશ્કર કિનારે ઊતર્યું અને તેનો એથીનિયન લશ્કરો સાથે ભેટો થયો. (પ્લાટીઆથી પણ એક સૈન્ય ગ્રીકોની મદદે આવ્યું હતું.) લડાઈમાં પરશિયનોની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાર થઇ; પોતાનાં વહાણોમાં તેમને પાછા હઠવું પડયું અને કાફલો પાછો એશિયા તરફ હંકારી ગયો. દારાયસની પછી ગાદીએ આવનાર ઝર્કસીસે દસ વરસ પછી પહેલાના કરતાંય વધારે મોટાં લશ્કર સાથે ફરીથી પ્રયત્ન કર્યો. તેનું લશ્કર થ્રેસ, મકદુનિયા, અને ટેમ્પીનો ઘાટ ઓળંગી ગયું; તેણે થર્મોપિલીનો ઘાટ વટાવ્યો અને દક્ષિણ તરફ આગળ ધસ્યું. કિનારે કિનારે વહાણોનો કાફલો જોડે જ હતો. યૂબિયાની ઉત્તર ભૂશિર આર્તેમીસિયમ સામે ગ્રીક કાફલાએ પરશિયન કાફલાને હરાવ્યો; પણ જેવું પરશિયન લશ્કર થર્મોપિલી સોંસરવું નીકળી ગયું કે ગ્રીક વહાણોને એટ્ટિકાનું રક્ષણ કરવા માટે દક્ષિણ તરફ પાછું હઠવું પડયું. પછી સેલામિસના અખાતમાં પરશિયન કાફલો સદંતર છિન્નભિન્ન થઇ ગયો અને પરશિયન લશ્કરને થેસાલીમાં હઠી જવું પડયું. બીજે વર્ષે આ લશ્કર વળી પાછું દક્ષિણ તરફ આગળ વધવા માંડયું, પણ પ્લેટિયા આગળ તેની સમ્પૂર્ણ હાર થઈ. બરાબર એ જ વખતે ગ્રીક કાફલો જે પરશિયન કાફલાની પછવાડે પૂર્વ તરફ ગયો હતો તેનો દુશ્મન સાથે સામોસમાં માઇકેલ ભૂશિર સામે ભેટો થયો. દુશ્મન કાફલાને તેણે નસાડયો અને સામોસ કબજે કર્યું.

આ લડાઇઓની આખીયે વાત ઇતિહાસની સૌથી રોમાંચક વાતોમાંની એક છે. ૧૦૦૦૦ ગ્રીકોએ મેરેથોન આગળ મોટાં પરિશિન લશ્કર ઉપર કેવો હુમલો કર્યો અને તેમાં કેવું ભંગાણ પાડયું; પોતાનાથી ૩૦ ગણા મોટા લશ્કર સામે ૩૦૦ સ્પાર્ટનો અને ૧૦૦૦ અન્ય ગ્રીકોએ થર્મોપિલીનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘાટ કેવી રીતે સાચવ્યો; અને એક દગાખોરે પરશિયનોને ઘાટની બાજુનો રસ્તો બતાવી દીધો ત્યારે ગ્રીક લશ્કર ઘેરાઇ ગયું તે વખતે શત્રુને શરણે ન જતાં સ્પાર્ટનોનો એકે એક માણસ મરતાં સુધી કેવી રીતે લડયો અને રણમાં પડયો; પરશિયનો આવી પહોંચતાં એથીનિયનો કેવી રીતે બબ્બે વખત ગઢકિલ્લા વગરનું શહેર શત્રુને હાથે નાશ પામવા માટે છોડી દઇને ખલાસી તરીકેની સેવા બજાવવા વહાણે ચડી ગયા; દેશને માટે નોકરી કરવા અશક્ત હતા તે પણ ઘરબાર છોડીને કેવા નાસી ગયા; પરશિયન સેનાપતિએ તેમને સમાધાનની આપેલી શરતો બબ્બે વખત કેવી નકારી અને ઉલટો ઉત્તર વાળ્યો કે “ આભમાં સૂરજ ઊગે છે ત્યાં સુધી ઝર્કસીસની સાથે વળી સંધી કેવી અને વાત કેવી; ” સેલેમીસ આગળ ગ્રીકોએ પરશિયન કાફલાને કેવો ચૂંથી નાખ્યો: આ સર્વ વર્ણનો વાંચતી વખતે કોઈ પણ વાચકનું લોહી ઉછળ્યા વગર રહે નહિ. કારણ, યાદ રાખો કે યૂરોપ અને યૂરોપિયન સંસ્કૃતિને પ્રતાપે આપણે જે કાંઇ સમજતા થયા છીએ તે બંનેનું ભાગ્ય આ લડાઇનાં પરિણામને તાજવે તોળાઇ રહ્યું હતું. જીવન ઉદાત્ત અને સુંદર બનાવવામાં મદદગાર થાય એવી અનેક બાબતો માટે અર્વાચીન યૂરોપિયનો ગ્રીસના ભારે ઋણી છે. પરન્તુ લોકોને પોતાનું ખમીર બતાવી આપવાની હજી પૂરી તક મળી નહોતી. જો તેમનો પરાજય થયો હોત, તો તેમને હાથે મળનારી ઉત્તમ વસ્તુઓ દુનિયાએ ખોઇ હોત; પૌર્વાત્ય રાજાએ યૂરોપનું શાસન કર્યું હોત, તો યૂરોપનો


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇતિહાસ તદ્દન જુદો જ થયો હોત, અને ગ્રીસે શિખવેલી મહાન બાબતો વગરના જમાનામાં આપણે જન્મ્યા હોત. ગ્રીકો લડતા હતા તે લડાઇ યુરોપની હતી—યૂરોપના સ્વાતંત્ર્ય અને સંસ્કૃતિની પૌર્વાત્ય જુલ્મ જહાંગીરી સામેની લડાઈ હતી.

એ લડાઇનાં પરિણામોનો હજી વધારે વિચાર કરવાની જરૂર છે. લડાઇથી પરશિયાને બહુ મોટું નુકસાન ન થયું; પણ તેથી ગ્રીસના ચણતરનો પાયો નંખાયો. લડાઇએ ગ્રીક લોકોને, તેઓ પોતે જીવનની પૌર્વાત્ય ભાવના વિરુદ્ધ એક વિશિષ્ટ ભાવનાના રક્ષક છે એમ માનતાં શીખવ્યું. લડાઇએ તેમને પરશિયનોને ગુલામ પ્રજા તરીકે તિરસ્કારતાં શીખવ્યું. તેઓ ચેતી ગયા કે આપણામાં એવું કંઇક છે કે જેને હરગીઝ કચરાઇ જવા દેવું ન જોઇએ. આ 'કંઇક' ને એ લોકો 'હેલનીઝમ' કહેતા અને એ શબ્દ તેમણે 'બાર્બેરીઝમ' જંગલીપણું—અનાર્યત્વની સામે યોજયો હતો. 'હેલનીઝમ' ની તેમની ભાવના કંઇક આવા અર્થની હતી: સ્વાતંત્ર્ય સંસ્કૃતિનો જે જુસ્સો તેમના મનમાં રમી રહ્યો હતો અને જેનું રક્ષણ કરવાની તેમને પોતાની ફરજ લાગતી હતી તેને સજીવન રાખવો અને ખીલવવો. પૌર્વાત્ય સામ્રાજ્યની અંદર પ્રવર્તી રહેલી જીવનપદ્ધતિને તેઓ નર્યું જંગલીપણું ગણતા.

પરશિયા સાથેની લડાઇનાં ખાસ પરિણામમાં એથેન્સ હેલાસનું અગ્રણી શહેર થયું; અને તે અનેક રીતે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


THE PERSIAN EMPIRE
Miles
0
200
400
600
PERSIA
ARABIA
INDIAN OCEAN
PERSIAN GULF
RED SEA
EGYPT
AEGEAN
BLACK SEA
CASPIAN SEA
Caucasus
ARMENIA
BABYLONIA
SYRIA
CILICIA
Cyprus
Taurus Mts
Antioch
Sidon
Tyre
Memphis
Naukratis
Thebes
Babylon
Arbela
Ecbatana
Susa
ELAM
Persepolis
Pasargadae
THRACE

૧ લડાઈ દરમિયાન ગ્રીસને તેણે પેદા કરેલા સર્વોત્તમ રાજનીતિજ્ઞ પુરુષો પૈકીના એક મહાપુરુષને હાથે દોરવાવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. તેનું નામ થેમિસ્ટોકિલસ. એ માણસ ધૂર્ત હતો અને ધાર્યું પરિણામ લાવવાની કળાનો જાણકાર હતો. સેલેમીસની લડાઇ પહેલાં, તેને લાગ્યું કે ગ્રીકો લડાઇ ટાળવા માગે છે એટલે તેણે ઝર્કસીસને છૂપો સન્દેશો કહેવરાવ્યો કે "ગ્રીકો પલાયન કરવાની વેતરણ કરે છે, માટે તમારે તેમની ઉપર તાકીદે છાપો મારવો." એ રીતે તેણે પોતાની ગણતરી પ્રમાણે પરશિયનો પાસે તાકીદે હુમલો કરાવ્યો; કારણ કે તેની માન્યતા પ્રમાણે ગ્રીકોની પરિસ્થિતિ બરાબર એ જ વખતે નાસી છૂટવા માટે નહિ, પણ લડવા માટે અનુકૂળ હતી. લડાઇ થઈ રહ્યા પછી, વળી બીજીવાર તેણે સંદેશો મોકલી ઝર્કસીસને સલાહ આપી કે "ગ્રીક લોકો દરિયો વટાવીને હેલેસ્પોન્ટ આગળનો પૂલ તોડી નાખવાની પેરવી કરે છે માટે તમે તાબડતોબ એશિયા ભેગા થઇ જાઓ." હવે આ નર્યું જૂઠાણું હતું, કારણ કે ગ્રીકોએ એ જ ઘડીએ એવું કશું ન કરવાનો નિર્ણય કર્યો હતો. છતાં એ સંદેશાએ ઝર્કસીસને એકદમ ઘર તરફ રવાના કરી દીધો. આમ જો કે થેમિસ્ટોકિલસના કાવાદાવા દેખાય છે વિશ્વાસઘાતી ને ધૂર્તતાથી ભરપૂર, પણ તેની ધારણા તો સ્વદેશાભિમાની, શાણી અને દીર્ઘ દૃષ્ટિવાળી હતી. દરિયાઇ લશ્કર સિવાય ગ્રીસ પરશિયા સામે ટકી શકવાનું નથી જ એ વાત પહેલો સમજી જનાર તે જ હતો, અને તેથી જ તેણે એથીનિયનોને લોરિયમની નવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જડેલી રૂપાની ખાણોમાંથી મળતું નાણું વહાણો બાંધવામાં ખરચવાને સમજાવ્યા. પાઇરેઉસનાં બંદરની કિલ્લેબંદી કરવાને, બંદર ઉપર ધક્કા બાંધવાને અને શહેરને ફરતો કોટ બાંધવાને તેમને સમજાવનાર પણ થેમિસ્ટોકિલ્સ જ હતો. (પાછળથી એથીનિયનોએ પાંચ માઇલ લાંબી દિવાલ બાંધી શહેરને બંદર સાથે જોડી દીધું હતું.) આમ તેણે એથેન્સને વિશાળ ગોદીવાળું મજબૂત શહેર બનાવ્યું.

૨. લડાઇ ઘણી ખરી દરિયા ઉપર જ જીતાઈ હતી અને એથેન્સ સૌથી મોટું ગ્રીક બંદરી શહેર હતું; સેલે-મીસની લડાઈમાં અર્ધ ઉપરાંત વહાણો તેણે પૂરાં પાડયાં હતાં. ઇયોનિયન ગ્રીકોનો મોટો ભાગ દરિયો ખેડનાર હતો અને તેમના વેપારનો મુખ્ય આધાર દરિયો તેમને માટે મોકળો રહે તે ઉપર હતો. એટલે ભવિષ્યમાં પરશિયનોને દૂર રાખવામાં મોવડી તરીકે તેઓ એથેન્સને ગણે એ તદ્દન સ્વાભાવિક હતું.

૩ પરશિયનોનો સામનો કરવામાં એથેન્સે ઉત્તમ શૌર્ય દાખવ્યું હતું એમાં કશો શક નથી. એ વાત ખરી કે જમીન ઉપર અવરોધ કરવામાં સ્પાર્ટનોનું પીઠબળ વિશેષ ખપ લાગ્યું હતું, અને થર્મોપિલી અને પ્લૅટિયાનાં યુદ્ધોમાં તેઓ વીરતાથી લડયા હતા. પણ ઘણીવાર સ્પાર્ટનો ઢચુપચુપણું દેખાડતા અને સમસ્ત ગ્રીસના લાભો કરતાં તેમના અંગત સ્વાર્થો તરફ વધારે ધ્યાન આપતા હોય એમ લાગતું. મેરેથૉનની લડાઇમાં તેઓ બરાબર ટાંકણે આવી પહોંચ્યા નહોતા અને કારણમાં એવું બહાનું બતાવેલું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે 'ધાર્મિક ઉત્સવની ધમાલ આડે અમને ફુરસદ નહોતી !' તેમણે કોરીન્થની સંયોગીભૂમિની કિલ્લેબંદી કરી લીધી હતી અને તેમનું ધારવું એમ કે "આટલું કરી લઇએ એટલે એટ્ટિકા અને ઉત્તરના ગ્રીકોની મદદે દોડવાની પંચાત આપણે માથેથી ટળી જાય." ઉત્તરે માત્ર પ્લેટિયા સુધી જ તેઓ આગળ વધેલા તે પણ એવા સ્વાર્થી કારણે કે જો ગ્રીક કાફલો પર્શિયનોને શરણે જાય તો દુશ્મન પેલોપોનીસ સુધી હંકારી આવી શકે અને સંયોગીભૂમિ ઉપરની સ્પાર્ટાની દિવાલને ગણકારે નહિ. તેથી, લડાઈનાં તાત્કાલિક પરિણામ તરીકે, ગ્રીસમાં એથેન્સની પ્રતિષ્ઠા સ્પાર્ટાને ભોગે વધી.

ડેલિયન લીગ (સંઘ) નું બંધારણ–યોજના એ એથેન્સની નવી પદવીનું પ્રથમ ચિહ્ન હતું. એથેન્સ, યૂબીઆ, ટાપુઓ અને એશિયા તથા થ્રેસનાં લગભગ સીત્તેર ગ્રીક નગરરાજ્યોએ એવી શરતોએ એકસંપી કરી કે દરેકે મજમુ કાફલામાં વહાણો, નાણાં અને માણસોનો ફાળો આપવો; કોઇ શહેર આખું અકબંધ વહાણ આપી ન શકે તેણે બદલામાં પૈસા આપવા; અને સંઘની તીજોરી ડેલોસમાં રાખવી. આ સંઘમાં એથેન્સ સૌથી મહત્ત્વનો સભ્ય હતું. સૌથી મોટો ફાળો તે આપતું. કાઈમન નામનો એક એથીનિયન આખા કાફલાનો સેનાપતિ હતો અને દશ એથીનિયન અફસરો સંઘની લહેણી થયેલી ખંડણીની ઉઘરાત કરતા.

આ સંઘ વડે ગ્રીક નગરરાજ્યોની મહાન એકસંપીને માટે અચ્છી તક મળી હતી. જો એ એકસંપી નભી હોત


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો ગ્રીસનો ઇતિહાસ તદ્દન જુદો જ થયો હોત. પણ આ અખતરો બહુ સ્પષ્ટ કારણોને લીધે નિષ્ફળ નીવડયો.

ધીમે ધીમે શહેરોને માણસો અને વહાણો કરતાં પૈસા પૂરા પાડવામાં ઓછી મુશ્કેલી જણાવા માંડી. પરિણામ એ આવ્યું કે તમામ ભરણું એથેન્સને ત્યાં થવા માંડયું. (વીસ વર્ષમાં તો સંઘની તીજોરી ડેલોસથી ખસેડીને એથેન્સમાં લાવવામાં આવી હતી.) એથેન્સ જ ખરૂં જોતાં આખો કાફલો અને તેનો સરંજામ પૂરો પાડતું, અને વખત આવ્યે પરશિયા સામે મિત્રસંઘનો બચાવ કરવામાં તેનો ઉપયોગ કરતું. આમ સંઘ સામ્રાજ્યમાં ફેરવાઇ ગયો અને સમાન દરજ્જાના મિત્રો તરીકેના ફાળાનું સ્વરૂપ બદલાઇને ઉતરતા દરજ્જાનાં નગરરાજ્યોએ એકલાં એક અગ્રણી નગરરાજ્યને પોતાના રક્ષણના બદલામાં આપેલી ખંડણીનું થયું.


વળી જો એકસંપીમાં જોડાયેલાં મિત્રરાજ્યો એક પછી એક છૂટાં પડી જાય તો સંઘ દેખીતો જ આપોઆપ ભાંગી પડે. એટલે જે કોઇ રાજ્ય સંઘમાંથી નીકળી જવા માગે તેની ઉપર બળજબરી વાપરવાની અને તેને પરાણે સંઘનો સભ્ય રાખવાની એથીનિયનો પોતાની ફરજ અને હક્ક બંને માનવા લાગ્યા. આમ હુમલો કરીને અને તાબે કરીને તેમને વફાદાર રાખવા માટે એથેન્સ તેમની ઉપર શાસન કરવા માંડયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ડેલિયન લીગનાં ખંડિયાં નગર રાજ્યોએ ભરેલી રકમોની યાદી
એક્રોપોલિસ, એથેન્સ.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust



(ગ્રીસપર ચઢાઈ લઈ જવાની દેરાયસની તૈયારી)

ઉપરાંત, સંઘનો મુખ્ય ઉદ્દેશ પરશિયા સામે ગ્રીસનું રક્ષણ કરવાનો હતો એટલે જે રાજ્યો સંઘમાં જોડાયાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહોતાં તે પણ પોતાના દરિયામાં સંઘના કાફલાની હાજરીને લીધે તેના રક્ષણનો લાભ મેળવતાં અને છતાં એ કાફલાના નિભાવમાં તો એક પાઇ સરખી પણ આપતાં નહિ. આમ આવો મફતીઓ લાભ મેળવી જનારાં રાજ્યોને પરાણે સંઘમાં જોડાવાની ફરજ પાડવાનો પણ એથેન્સ પોતાનો હક માનતું.

આ બધી બાબતમાં એથીનિયનો ખોટી રીતે વર્તતા કે બીજી રીતે વર્તી શક્યા હોત એ કલ્પવું બહુ અઘરૂં છે. બેશક પોતાની સત્તાના તેઓ મગરૂર બનેલા અને જેમ વધારે સત્તાવાન થતા ગયા તેમ તેમની મહત્વાકાંક્ષા પણ વધતી ગઇ અને તેથી નબળાં રાજ્યો સાથે તે સખ્તાઇથી અને ગુંડાશાહી દાદાગીરીથી વર્તતા. થોડાં વર્ષો બાદ, દંગો ઉઠાવવા માટે માઇટીલિનીની આખી વસતિનો સંહાર કરવાનો તેમણે સાચેસાચ ઠરાવ કર્યો અને ખંડણી ન આપવાના ગુના બદલ મેલોસની સમસ્ત જનતાનો ખરેખર નાશ કર્યો એ તેમનો માઇટીલિની અને મેલોસ પ્રત્યેનો વર્તાવ તેઓ અમલ કરવામાં કેવા ઘાતકી થયા હતા તે બતાવી આપે છે, અને ઘણાં શાગીર્દ રાજ્યો તેમને એટલાં બધાં શા કારણે ધિક્કારતાં તેનું હાર્દ ખૂલ્લું કરે છે. થોડાં વર્ષોમાં જ આ કૃત્યોની કડવી સજા તેમને ભોગવવી પડી. પણ તેમની વહીવટ પદ્ધતિની વાત કોરે મૂકીએ તોપણ એથીનિયન સામ્રાજ્ય સ્વાભાવિક રીતે ડેલિયન લીગમાંથી ખીલ્યું નથી એમ કોઈ કહી શકે નહિ. અને તેને પરિણામે જે જે ફેરફારો થયા તેને માટે એથેન્સના જેટલાં જ મિત્રરાજ્યો પણ જવાબદાર ખરાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગમે તેમ હો, ઘણાં ગ્રીક નગરોમાં એથેન્સ સામે અદેખાઇ ઊગી નીકળી. ઇ. સ. પૂ. ૪૫૯ માં એથેન્સનાં બહુ ઇર્ષાખોર બનેલાં દરિયાઈ શહેર કોરિન્થે તેની સામે લડાઈ જાહેર કરી અને બહુ ખરાબ રીતે હાર્યું. એથીનિયનોએ આ જીતનો ઉપયોગ કોરિન્થને મદદ કરનાર ઇજીના ઉપર હલ્લો કરવામાં અને થીબ્ઝ સિવાય આખાય બોએશિયામાં ફરી વળવામાં કર્યો. છતાં અસંતોષ તો વધતો જ ગયો; અને સ્પાર્ટા જે એથેન્સને ગ્રીસમાં પ્રથમ દરજ્જે આવેલું જોઇ બળી રહ્યું હતું તે પીડિતની દાદ સાંભળવા તૈયાર જ હતું. વળી તળપદ શહેરોમાં પણ, ગ્રીક રાજ ખટપટના શાપરૂપ પક્ષભેદ—નાનાં સામે મોટાંની તકરાર રહી હતી. એ અંદરો અંદરની તકરારોમાં એક પક્ષ સ્પાર્ટાની તો બીજો પક્ષ એથેન્સની મદદ માગે. આમ ગ્રીકો વળી પાછા વીંખણ શીંખણ થઇ ગયા, અને ગ્રીસની દશા અંદર ખાતેથી દારૂગોળાની વખાર જાણે દિવાસળી ચાંપવાની વાટ જોઇ રહી હોય એવી થઇ પડી.

પરન્તુ ધડાકો થયા પહેલાં, એથેન્સે પોતાના સમયનો ઉપયોગ અદ્ભુત રીતે કર્યો. પરશિયન વિગ્રહોએ ગ્રીસનાં બીજાં કોઈ શહેર કરતાં તેની કીર્તિમાં ઘણો વધારો કર્યો હતો. વિજયશ્રી તેને વરી ચૂકી હતી; અને લડાઇઓ શમ્યા પછી તેના જીવનમાં પ્રગટેલા ઉલ્લાસ અને ચેતન વડે ઇ. સ. પૂ. ૪૮૦ થી ૪૩૦ સુધીનાં વર્ષો તેના ઇતિહાસના સુવર્ણયુગ તરીકે અંકાયાં.

એ બધા સમય દરમિયાન એથેન્સમાં મુખ્ય માણસ પેરિક્લિસ કરીને હતો. એથીનિયન્ સામ્રાજ્યની અને એ સામ્રાજ્ય દ્વારા ગ્રીક દુનિયાને સંસ્કૃતિપથમાં દોરવાની કલ્પના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરનાર એ માણસ હતો. સ્વતંત્ર એથેન્સે દુનિયાને શીખવવાનું હતું કે સ્વતંત્ર કેમ થવાય. આવી હાકલ કરવા માટે લાયક થવું હોય તો એથન્સે મહાન થયે જ છૂટકો.

(૧) યુદ્ધમાં તે વિજેતા હોવું જોઇએ. શહેરનો બચાવ સંપૂર્ણ કરવાની જરૂર તેણે પહેલી વિચારી અને કાફલાનું બળ વધાર્યું. લડાઇખોરીની કે વિજયયાત્રાની તેના મનમાં જરાય મહાત્વાકાંક્ષા નહોતી અને તેના અંતકાળ સમયે જ્યારે તેના મિત્રો તેણે બજાવેલાં કામોની પ્રશંસા કરવા મંડયા ત્યારે તેણે ગર્વપૂર્વક દાવો કરેલો કે "મારી કારકિર્દીમાં સૌથી માનનીય અંશ તો હું એ માનું છું કે મારાં કૃત્યથી એક પણ એથીનિયનને શોક પાળવો પડયો નથી" શાન્તિકાળના પુરુષાર્થોની મહત્તા સમજનાર પહેલવહેલો મહામુસદ્દી તે પોતે હતો. તેની સાથે પોતે એટલું પણ સમજતો કે એથેન્સને પોતાનાં લશ્કરી અને દરિયાઈ બળની બેદરકારી રાખી પાલવે નહિ.

(૨) પોતાનો અંતર્ગત કારભાર ચલાવવામાં પણ એથેન્સે અજોડ થવું જ જોઇએ. એથેન્સની પ્રજાતંત્રની રચના તેણે સમ્પૂર્ણ બનાવી; અને એથેન્સનું રાજ્ય એવું બનાવ્યું કે તેમાં મોટામાં મોટા અમીરથી માંડીને ગરીબમાં ગરીબ નાગરિકને પણ અધિકાર ઉપર આવવાની એક સરખી તક સાંપડે. સમસ્ત નગરજનોની મહાસભા એ જ સર્વોપરી; સમિતિ ( કાઉન્સીલ ) મહાસભાનું શસ્ત્ર અને ન્યાયાધીશો તેના અમલદારો. ગમે તે માણસને ઓદ્ધો સંભાળી લેવાનો વારો આવી શકે એટલા માટે કાઉન્સીલરો અને ન્યાયાધીશોની ચૂંટણી ચિઠ્ઠી નાંખીને કરવામાં આવતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગરીબને માથેથી કરભાર ઓછો કરવામાં આવ્યો હતો. આખા શહેરની જરૂરીઆતો અને મોજશોખ પૂરાં પાડવાની જવાબદારી શ્રીમંતોને માથે નાખવામાં આવી હતી. વહાણો બાંધવા તેમજ તેનો સરંજામ પૂરો પાડવા (વહાણ બંધાવી આપનાર પોતે જ તેનો કપ્તાન થતો) અને મોટા મોટા ઉત્સવો માટે ગાયકો ભેગા કરવા અને તેમને તાલીમ આપવાના કામનો ખર્ચ ભરી આપવા માટે શ્રીમન્તોની વારાફરતી પસંદગી થતી. શ્રીમન્તોએ આ ફરજો બોજારૂપ નહિ પણ નગર પ્રત્યેની પોતાની સેવા તરીકે ગણવાની હતી. એ કામ કશા બદલાની આશાએ નહિ, પણ પોતપોતાની યથાશક્તિ સેવાભાવે આબરૂ ખાતર કરવાનું હતું. પેરિકિલસના કાળમાં આ પદ્ધતિ બહુ ફત્તેહમંદ નીવડેલી. પણ પાછળથી ધનિકવર્ગ સ્વાર્થી થતો ગયો અને પોતાની ફરજમાંથી છટકવાના પ્રયત્ન કરવા લાગ્યો, ત્યારે ગરીબ નાગરિકો લશ્કર અને કાફલાની નોકરીમાંથી છટકવાની કાળજી રાખતા થયા.

(૩) આ બધા ઉપરાંત એથેન્સે બુદ્ધિબળ અને આત્મબળમાં પણ શ્રેષ્ઠ થવું જ જોઇએ. પરશિયનોએ શહેરનો નાશ કર્યો. એથીનિયનોએ તેને દુનિયાભરમાં અનુપમ ગણાય એવી કોઇ ચીજ જેવું સુંદર ફરી બાંધ્યું; જૂનાં દેવળોને નવેસરથી સમરાવ્યાં અને નવાં નવાં દેવળો બાંધ્યાં, ખાસ કરીને, નગરદેવતા એથીનીનું વિશાળ મંદિર પાર્થેનૉન જગતની અજાયબીઓમાંનું એક ગણાય છે. એથેન્સની અને ગ્રીસની કીર્તિ વધે અને જગતને શિક્ષણ મળે એટલા માટે પોતાનું ખરેખરૂં જવાહિર બતાવી આપવાને લેખકોને,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચારકોને, ચિત્રકારોને અને શિલ્પીઓને ઉત્તેજન આપવામાં આવતું.

માનવજાતના ઇતિહાસમાં એથેન્સમાં પેરેક્લિસના યુગમાં ઊગ્યો તેવો કલા અને વાઙ્મયનો વસંતકાળ બીજે કોઇ સમયે ફૂલ્યોફાલ્યો નથી. એ યુગ એટલે માઇરૉન અને ફીડીઆસ જેવા મહાન શિલ્પીઓનો, એસ્કિલસ, સોફોકલીસ, અને યુરીપિડીસ જેવા કરૂણરસના ઉત્તમ નાટયલેખકોનો, હીરોડોટસ અને (જરા પાછળથી) થ્યુસીડિડિસ જેવા ઇતિહાસકારોનો, એનેગ્ઝાગોરાસ જેવા વિજ્ઞાનવેત્તાઓનો અને ઇક્ટિનસ, કેલીક્રેટસ, નેસાઇકિલસ જેવા સ્થાપત્યના કુશળ કારીગરોનો યુગ. આ બધા જ કંઇ એથીનિયનો નહોતા. હીરોડોટસ હેલીકારનેસસનો હતો; એનેગ્ઝાગોરાસ કલેઝોમીનીનો હતો. પણ આવા માણસો એથેન્સમાં આવ્યા તે સોનામાં સુગંધ ભળ્યા જેવું થયું, અને તેમનાં બુદ્ધિકૌશલ્યને એથેન્સમાં ઉત્તેજન મળ્યું. વળી ગ્રીસમાં અન્ય સ્થળોએ, ખાસ કરીને આર્ગોસમાં, મહાન કલાકારો કામમાં ગૂંથાઇ રહ્યા હતા એ પણ ભૂલવું ન જોઇએ. છતાં સમસ્ત ગ્રીક સંસ્કૃતિનું મર્મસ્થાન તો એથેન્સમાં જ હતું. પેરિક્લિસની ઇચ્છા અને પ્રેરણા અનુસાર એથેન્સ 'હેલાસની વિદ્યાપીઠ' હતું. એથેન્સની એ મુઠ્ઠીભર* પ્રજાએ માત્ર પચાસજ વર્ષના ગાળામાં, સૌન્દર્ય અને

---

* ગુલામો સુદ્ધાં ગણતાં એટ્રિકાની વસ્તી અઢી લાખથી કદી વધારે વધી નથી. તેમાં ત્રીજો ભાગ તો ગુલામોનો અને પરદેશી વસાહતીઓનો હતો. ઉમરલાયક પુરુષસંખ્યા માંડમાંડ ૩૫ થી ૪૦ હજારની હશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનની દરેકે દરેક શાખામાં ખાસ કરીને સ્થાપત્ય, શિલ્પ અને કાવ્યમાં ઉત્તમ કોટીની એટલી બધી કલાકૃતિઓ સરજાવી કે એ વિષયોનાં ઉત્તમોત્તમ શિક્ષણ માટે તો હજી પણ આપણે તેમનાં ચરણો સેવવાં પડે છે.

સુવર્ણ યુગનાં એ પચાસ વર્ષ પૂરાં થયાં અને એથેન્સની કીર્તિનાં તેજ ઝાંખાં પડયાં. પણ તોય એકાએક કે સદંતર તો નહિજ. એકાએક એટલા માટે નહિ કે ઇ. સ. પૂ. ૪૩૦ પછી પણ પ્રથમ પંક્તિની એથીનિયન કલાકૃતિઓ થોડો વખત નીપજવી ચાલુ રહી. સદંતર એટલા માટે નહિ કે જે બીજાં સ્થળો એથેન્સ પાસેથી પાઠો શીખ્યાં હતાં અને તેમાં પ્રગતિ કરી રહ્યાં હતાં તે સ્થળોએ સૈકાઓ પર્યન્ત ગ્રીક કલાના નાદર નમૂનાઓ પેદા કર્યા. પણ પેરીક્લિસનો જમાનો ગયા પછી એથેન્સમાં કે બીજી કોઇ જગ્યાએ સૌંદર્યના પ્રેમથી છલકાતી કે એ પ્રેમને પોષવાને મ ટે પોતાના મહાપુરૂષોને પૂરતું કામ આપીને ઉત્તેજતી કોઇ સમસ્ત જનતા પેદા થઇ નજરે પડતી નથી. પોતે એક દિવસ આવું શહેર સાચેસાચ હતું, એ વાત એથેન્સ કદી ભૂલ્યું નહિ. સેન્ટ પૅાલના સમયમાં પણ એથેન્સના નાગરિકો 'કોઇ નવીન વાત કહેવા કે સાંભળવા સિવાય બીજા કશામાં પોતાનો સમય ગાળતા નહિ.' તેમની રસવૃત્તિ ત્યાં સુધીમાં તો નિષ્ક્રિય થઇ ચૂકી હતી અને તેમનું માનસ મોટે ભાગે નિર્માલ્ય વાતોમાં જ પરોવાઇ રહે એવું થયું હતું. એવી પરિસ્થિતિમાં પણ ઝાંખી ઝાંખી પણ સુવર્ણયુગની પ્રભા એથેન્સવાસીઓના દિલમાં છેકજ અસ્ત પામી ગઇ નહોતી. શક્તિ હોય તો દરેક કેળવાએલો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માણુસ તેની યાત્રાએ જવાનું મન કરે એવું સ્થાન એથેન્સ ભૂતકાળમાં હતું અને હજી પણ છે.

એથેન્સ ઈ. પૂ. ૪૩૦ પછી ભાંગ્યું. પણ તેનો વિનાશ નજીક લાવનારાં બળો તો તે પહેલાંનાં કામે લાગી ગયાં હતાં. બહારની દિશામાં સ્પાર્ટાની ધાક અને મિત્રરાજ્યોનો અસંતોષ મુખ્ય હતાં. એથેન્સની ભીતરમાં નબળા દિવસોનાં પગરણ મંડાઇ ચૂકયાં હતાં. સ્વતંત્ર થવું અને બીજાને પણ સ્વતંત્ર થતાં શીખવવું એ મહત્વાકાંક્ષા લાગે છે તો બહુ મજાની; પણ તેને એકનિષ્ઠાથી અનુસરવા માટે મહાન તેમ જ ભલાં માણસોની જરૂર પડે છે. નહિ તો પછી બને એવું કે આપણે પોતે બની જઇએ સુસ્ત અને શિસ્ત રહિત અને કરવા નીકળીએ બીજાઓ ઉપર ધણીપણું. એથેન્સમાં એમ જ બન્યું. પક્ષાપક્ષીનો દવ સળગી ઊઠયો. ખુદ પેરિકિલસને પણ પાછલી અવસ્થામાં તેને પ્રતાપે વેઠવું પડેલું. પેરિકિલસની શક્તિ કે લાયકાતનો જેમનામાં છાંટોય ન મળે એવા નવા નવા માણુસો રાજ્યમાં મોટપ કરવા ઉભા થયા; પોતાની લાગવગનો ઉપયોગ એવાઓએ પોતાની સ્વાર્થી મતલબો સાધવામાં કર્યો અને એથેન્સને તેમણે દાદાગીરી, દોઢડહાપણુ અને ખોટી મોટાઇને ઘીંસલાંને માર્ગે દોર્યું. લોકોનાં વલણ વધારે બગડયાં. પેરિકિલસે શીખવાડેલા ઉચ્ચ આદર્શોની ધાટીએ તેમનાથી વર્તી શકાયું નહિ; લોકો ફરજને ઉવેખવા લાગ્યા અને પોતાના નેતાઓ પાસેથી ખુશામતની આશા રાખતાં શીખ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ૩ હેલાસની પડતી દશા

ઇ. સ. પૂ. ૪૩૧ માં એથેન્સ અને સ્પાર્ટા વચ્ચે લડાઇ સળગી. વચ્ચે થોડા થોડા અંતરાય બાદ કરતાં એ લડાઈ ઇ. સ. પૂ. ૪૦૪ સુધી ચાલુ રહી અને તે પેલોપોનીશિયન વિગ્રહ કહેવાય છે. એ લડાઇના અન્તમાં એથેન્સ સામ્રાજ્ય વગરનું થઈ રહ્યું. જો કે તેણે કેટલીક સત્તા પાછી જમાવી ખરી, પણ પહેલાંની તેની મોટાઇ તો ગઇ તે ગઇ જ, ફરી તેને કદિ ન સાંપડી. ઇ. સ. પૂ. ૪૦૪ થી ૩૭૮ સુધી વળી પાછું સ્પાર્ટા સૌથી વધારે મહત્ત્વનું ગ્રીક શહેર થયું. ઇ. પૂ. ૩૭૮ માં થીબ્સે તેના નેતૃત્વ સામે બળવો કર્યો. નવું લશ્કર અને મહાન નેતાઓની સરદારી નીચે, સ્પાર્ટાની સત્તા તોડી નાખવામાં તે ફાવ્યું. થોડો વખત થીબ્ઝ ગ્રીસનું મુખ્ય શહેર રહ્યું. છેવટે, ઉત્તરમાં એક નવીન સત્તા જામતી જતી હતી તેણે ઝંપલાવ્યું અને ગ્રીક જગતની સરદારી લીધી.

આ વરસોની વાત ગ્રીસના ઇતિહાસમાં કંટાળાભરી છે. એ વાત ખરી કે પેલોપોનીશિયન વિગ્રહનું વર્ણન દુનિયાના એક મહાન ઇતિહાસકારે કરેલું છે. થ્યુકિડિડીસે એ વિગ્રહોમાં પંડે ભાગ લીધેલો અને પછી જાતમાહિતી ઉપરથી તેની હકીકત લખેલી. ઇતિહાસનાં વસ્તુ તરીકે તેણે બનાવો પકડી લીધા અને તે ઉપરથી ગ્રીસના વિનિપાતનાં કારણોનું વિવેચન કર્યું. એનાં મંતવ્યો એવાં શાણાં, એટલાં નિષ્પક્ષપાત, એટલાં સ્પષ્ટ છે કે અત્યારે પણ તેનાં પુસ્તકો વાંચવાં એ રાજદ્વારી ડહાપણનો પાઠ ભણવા જેવું છે. ગમે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેવો રાજનીતિજ્ઞ, મુત્સદ્દી કે આવી બાબતોનો ચિન્તક એ પુસ્તકોનાં ભણતરથી ફાયદો જ મેળવવાનો. વળી આ લડાઇઓ રોમાંચક પ્રસંગો વગરની પણ બેશક નથી જ. પીલોસના બંદરમાં સ્ફેકટીરિયાના બેટમાં સ્પાર્ટાનાં લશ્કરને એથીનિયન લશ્કરે કેવી રીતે ઘેરી લીધું અને છેવટે રાતોરાત હુમલો કરીને કેવી રીતે તાબે કર્યું તે વાત; અથવા એથીનિયનોની સિસિલી ઉપરની ચડાઈ, તેની પહેલી ફત્તેહો, સાઇરેક્યુસનાં બંદરમાં મોટું યુદ્ધ, એથીનિયનોનું પલાયન અને તેમનાં આખાં લશ્કરનું શરણે જવું; આ બધી થ્યુકિડિડીસે જે રીતે વર્ણવી છે તે વાતો આજ સુધી લખાયેલી વાતોમાં સૌથી વધારે દિલ ઉશ્કેરનારી છે.

પરન્તુ પેલોપોનીશિયન વિગ્રહ વિષે એક મહાન ઇતિહાસકારે એક મહાન ઇતિહાસ લખ્યો એથી એક સત્ય વાતથી આપણે બેફામ ન રહેવું જોઇએ. એ સત્ય થ્યુકિડિડીસ પોતે પણ પૂરેપૂરી સ્પષ્ટ રીતે જોઇ શકયો છે કે ઇ. સ. પૂ. ૪૩૦ પછીનો ગ્રીસનો જમાનો વેંતિયાં માણસોનો, તુચ્છ આકાંક્ષાઓનો અને નિર્માલ્ય કારણોનો જમાનો હતો. એથેન્સ અને સ્પાર્ટા વચ્ચેના ઝગડાએ વસ્તુતઃ બધાય આથમણા ગ્રીકોને તેમાં સંડોવ્યા. પણ ખરી રીતે તો એ ઝગડો એક શહેરે બીજા શહેર ઉપર સરસાઈ ભોગવવા માટેનો હતો; પરશિયન યુદ્ધોના જેવો સકલજન-હિતાર્થે નહોતો. ઈ. પૂ. ૪૦૦ પછી તો આ વાત ઘણી વધારે સ્પષ્ટ થાય છે. એ વર્ષ પછીની ગ્રીક રાજયોની અંદરોઅંદરની અવિશ્રાન્ત ઝનૂની તકરારો માત્ર ક્ષુદ્ર હેતુઓને માટેના મામુલી સત્તાઓના વાઘરીવેડા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ ઇતિહાસ જેટલો નીરસ છે એટલો જ ગોટાળાભર્યો છે. ખાનદાની મોટાઇ ગ્રીક શહેરોનાં જીવનમાંથી વિદાય થઈ અને ગ્રીસનું નાગરિક જીવન આ સતત બખેડા અને પામરતા પાછળ વેડફાઈ કેમ ગયું એ આ વર્ષોની વાતોમાં વાંચતાં વાંચનારને ચીડ ચડયા વગર રહે નહિ. એટલે એ કંટાળાભર્યા ઇતિહાસને પતાવી દઇને મહત્ત્વના બનાવોના મુખ્ય મુખ્ય મુદ્દાઓ તપાસી જઇએ.

પેલોપોનીશિયન વિગ્રહનું કારણ શોધી કાઢવું બહુ સહેલું છે. એથેન્સ મહાન થયું હતું. હવે તેને લોભ લાગ્યો હતો. બધાય વેપારી લાભો એકહથ્થુ કરી લેવાનો તેને મનસુબો થયો. આથી કોરિન્થ અને મેગારા જેવાં બીજાં મોટાં વેપારી શહેરોનાં ભય અને અદેખાઈ જાગૃત થયાં. એવાં શહેરો એથેન્સની વધતી જતી સત્તા અને સ્વાર્થીપણાને લીધે કાંઇ પોતાનો વેપાર કચરાઈ જવા દે અને પડખે ઉભાં ઉભાં જોયા કરે નહિ. ગમે એવું જરાક જેટલું બહાનું લડાઈ સળગાવવા માટે બસ થાય એમ હતું. એવી કોઇ લડાઇ સળગે તો સ્પાર્ટા તેમાં કૂદી પડવાને તૈયાર જ હતું. કોરિન્થ અને મેગારા બંને પેલોપોનીશિયન શહેરો હતાં અને એથેન્સની વિરુદ્ધ તેમનો પક્ષ લેવાને સ્પાર્ટા ખાસ બંધાયલું હતું; કારણ કે તે પોતે એથેન્સનું અદેખું અને એથેન્સની મહત્વાકાંક્ષાથી ભયભીત થયું હતું. એવો પ્રસંગ કોરિન્થ અને કોર્કાઇરા વચ્ચેના કજીયાથી ઉભો થયો. એ કજીયામાં એથેન્સે કોરિન્થની વિરુદ્ધ જઇને કોર્કાઇરાનો પક્ષ લીધો. એટલે પછી લડાઇ જામી. જો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ બહાનું ન મળ્યું હોત તો બીજાં હજાર બહાનાં મળી રહેત, અને લડાઈ સળગત. ગ્રીક રાજ્યો અંદરોઅંદર લડવા માટે તલપાપડ થઈ રહ્યાં હતાં.

એથેન્સ ખાસ કરીને કોરિંથન કાફલાની મદદથી, દરિયા ઉપર સર્વોપરી હતું. સ્પાર્ટાના પક્ષમાં કોરિન્થનો કાફલો હતો, જે તે વખતે ગ્રીસમાં બીજે નંબરે ગણાતો, અને ખરેખર એ નીવડયો પણ બહુ ઉપયોગી. પણ સ્પાર્ટાનું મુખ્ય બળ જમીન ઉપર, તેના લશ્કરમાં અને તેના સહાયક મિત્રોમાં હતું. એથેન્સ પેલોપોનીસીનાં દરિયાકાંઠાનાં શહેરો ઉપર હુમલો કરી શકે. પણ સ્પાર્ટા તો ખુદ એટ્ટિકા ઉપર ચઢાઈ લઇ જઇ શકે. (એકેય બાજુ પાસે ગઢવાળાં શહેરો ઉપર હુમલો કરવા માટે કશાં યાંત્રિક સાધનો નહોતાં.) દર વર્ષે સ્પાર્ટાનું લશ્કર એટ્ટિકામાં ધસી જતું અને ઉભા પાકનો નાશ કરતું. પાછળથી સ્પાર્ટનોએ એટ્ટિકામાં જ ડેસીલીઆ આગળ કિલ્લો બાંધ્યો અને એ રીતે એથેન્સનો અનાજ અને ઓલિવ મેળવવાનો તથા લૉરિયમની તેની રૂપાની ખાણોમાં કામ કરવાનો બહારનો સંબંધ કાપી નાંખ્યો. એથેન્સને તેથી નાણાંની ઘણી ભીડ પડવા માંડી. એ મુશ્કેલીનો નીકાલ તેણે પોતાનાં મિત્ર રાજ્યો ઉપરની ખંડણી બેવડી કરીને આણ્યો. પણ તેથી તો ઉલટી એથેન્સ પ્રત્યેની તેમની બેવફાઈ વધી અને તેમણે જગાડેલા દંગાને દાબી દેવામાં એથેન્સનું ઘણું બળ ખરચાઇ ગયું. ઉપરાંત એટ્ટિકામાં સ્પાર્ટનોએ કરેલી ખાનાખરાબીથી, નાના નાના ખેડુતો પાયમાલ થઇ જવાથી અને ખેતરોનો નાશ થવાથી શહેરમાં આવીને ભરાયા. શહેરમાં ગટરની સગવડ નહિ અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમાં વળી માણસો ખીચોખીચ ભરાયાં, એટલે મરકી ફાટી નિકળી. મરકીએ હજારો (ચારમાંથી એક) માણસનો ભોગ લીધો, અને એથેન્સનું મનુષ્યબળ ઘટાડયું. પેરિકિલસના બે દિકરા અને તેની બહેન મરકીથી મરી ગયાં. તે પોતે ઇ. પૂ. ૪૨૯ માં મરણ પામ્યો. એથેન્સને તેની ખોટ બહુ ભયંકર નીવડી.

લડાઇની હમેશની ઉપાધિને લીધે એથીનિયનોનો જુસ્સો હણાઈ ગયો. તેમનું જોમ જતું રહ્યું. લડાઇથી તેઓ થાકી ગયા. સામ્રાજ્યને અખંડિત રાખવાનું અને સાથે સાથે સ્પાર્ટા અને હેલાસમાંના બીજા દુશ્મનો સામે માથું ઉંચકવાનું: એ બે કામ સાથે લાગ્યાં સંભાળવાનો બોજો તેમના ગજા ઉપરવટ નીવડયો. તેમની તાકાત વીંખાઈ ચૂંથાઈ ગયાની અસર તેમનામાં જાગૃત થયેલા ખરાબ સ્વભાવમાં ચોકખી જણાઇ આવે છે. ખરા રાજનીતિજ્ઞોની ડહાપણભરેલી સલાહ સાંભળવાનું તેમણે છોડી દીધું અને તેને ઠેકાણે કલીઑન અને આલ્કીબિયાડીસ જેવા માણસોને કાન દીધા. કલીઑન જાતનો ચમાર, વાચાળ, બહાદૂર અને ઠીકઠીક પ્રમાણિક હતો, પણ તે ઉતાવળિયો અને માથાભારે ફાટેલ મગજનો અને ગમે તેવાં મૂર્ખાઇભરેલાં પણ ઝનૂની કૃત્યોને હંમેશાં ઉત્તેજન આપનાર હતો. આલ્કીબિયાડીસ શ્રીમંત, કુળવાન, પ્રતિભા અને શક્તિવાળો હતો; થોડો વખત લોકપક્ષનો લાડકો હતો; પણ એ માણસ પ્રમાણિકતા વગરનો, જેને પોતાની શક્તિનો પરચો બતાવવાની એટલી બધી તૃષ્ણા કે ગમે તેવાં જોખમવાળાં પણ કોઇક ભવ્ય સાહસમાં એથેન્સને હોમી દે એવો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવા માણસો કહેતા તે એથીનિયનો સાંભળતા; પણ જે માણસો માત્ર સારા સેનાપતિઓ હોય અને લડાઈમાં ડહાપણ ભર્યું શું અને મૂર્ખાઈભર્યું શું કહેવાય તે સમજતા હોય તેમની લોકો ઉપરની લાગવગ વાતોડીઆ માણસો જેટલી કદિ પાછી જામી નહિ.

વળી એથીનિયનો પોતાના સૌથી સમર્થ નેતાઓનો પણ અણવિશ્વાસ કરવા સારુ ભયંકર રીતે તત્પર થયા. સ્પાર્ટીએ એટ્ટિકા ઉપર ચઢાઇ કરી એટલે તેમણે પેરિક્લિસનો દંડ કર્યો. આલ્કીબિયાડીસને તેમણે સેનાપતિ નીમ્યો. અને પછી જેવો તે લશ્કર લઇને રવાના થયો કે તેને પાછો બોલાવી લેવાનો સંદેશો મોકલ્યો. લોકોમાં અણવિશ્વાસની વૃત્તિ એટલી બધી અચાનક ફેલાઇ હતી કે આલ્કીબિયાડીસના દુશ્મન પક્ષે એ અણવિશ્વાસનો તેની વિરુદ્ધ ઉપયોગ કરી લીધો. (આલ્કીબિયાડીસને કોઇએ કહ્યું કે ‘ તારી ગેરહાજરીમાં એથેન્સવાસીઓએ તને મોતની સજા કરી છે ’ ત્યારે તેણે જવાબ આપલો કે, ‘ હું તેમને દેખાડી દઇશ કે હું હજી જીવતો છું, મરી નથી ગયો. ’ તે નાસી છૂટયો, સ્પાર્ટનોને જઇ મળ્યો અને સ્પાર્ટનોને તેણે આપેલી સલાહથી બાકીની લડાઇમાં એથેન્સને પારાવાર નુકસાન થયું.)

નીકિયાસ નામના સરદાર તરીકે ઘણા નબળા અને રાજનીતિજ્ઞ તરીકે ઘણા પ્રમાણિક માણસને, તેની પોતાની ઇચ્છા વિરુદ્ધ પણ લશ્કરના સેનાપતિ તરીકે વારંવાર નીમવામાં આવતો, ત્યારે રાજકારણમાં તેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સલાહ ઘડીએ ને પહોરે અવગણવામાં આવતી. છ સેના-પતિઓનો એકદમ વધ કરવામાં આવ્યો હતો; કારણ કે તેમણે એક મોટી દરિયાઇ ફત્તેહ મેળવ્યા પછી, સમુદ્રનાં તોફાનમાં પચીશ એથીનિયન વહાણોનો નાશ થયો અને તોફાનને લીધે તેના ખલાસીઓને બાકીનાં વહાણો બચાવી શકયાં નહિ.

લડાઇ આગળ ચાલતી ગઇ તેમ, પોતાનાં બળોની કાળજીપૂર્વક વ્યવસ્થા કરવાને બદલે, એથીનિયનો પોતે નવાં નવાં સાહસો અને નવી નવી જીતોના મોહમાં ફસાતા રહ્યા. એ લોક તરંગી અને લાગણીવશ થઇ ગયા હતા એનો આ એક વિશેષ પુરાવો છે. મહાન નગરી સાઇ-રેકયુસ ઉપર હુમલો કરવાને, ઇ. સ. પૂ. ૪૧૫ માં તેમણે સિસીલી ઉપર મોકલેલી ચડાઇ એ જીવસટોસટનું તદ્દન ફોગટિયું સાહસ હતું. નવાઇની વાત તો એ છે કે એ સાહસ લગભગ ફત્તેહમંદ થયું. પરન્તુ એથેન્સને જ્યારે તેનાં તમામ બળની ઘરઆંગણે જરૂર હતી, બરાબર તે જ વખતે એ સાહસે બબ્બે વર્ષ સુધી તેનાં મોટાં લશ્કરોને રોકી રાખ્યાં. સાહસ શરૂ કર્યા પછી વળી એથીનિયનોએ તેને બગાડી માર્યું: લશ્કરની સરદારી પહેલાં તેમણે ત્રણ અને પછી બે સેનાપતિઓ વચ્ચે વહેંચી નાંખી; સેનાપતિઓએ જણાવ્યું કે હવે આગળ વધવામાં માલ નથી, બહુ જોખમ છે, ત્યારે લશ્કરી પરિસ્થિતિ વિષેના તેમના હેવાલપર બિલકુલ ધ્યાન ન આપ્યું અને હુકમો ફેંકે રાખ્યા કે 'બસ આગળ વધો, લડાઇ ચલાવ્યે રાખો. છેવટે સાહસનો અંત બહુ જ કરૂણ અને ભયંકર આવ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ સાહસથી એથેન્સનું બળ એટલું બધું પરવારી ગયું કે, જો કે ત્યાર પછી પણ તેણે સ્પાર્ટા સાથે નવ વર્ષ સુધી મથામણ કર્યા કરી, પણ જરાકેય વિજય મળવાની આશા તો મરી પરવારી હતી.

આ બધું થયા છતાં પણ, સ્પાર્ટાએ જો બહારની મદદ બોલાવી ન હોત તો તે અને તેના સાથીતો કદાચ લડાઇ જીત્યા ન પણ હોત, અથવા, તેમની આવી ચોકખી જીત તો ન જ થઇ હોત. દરિયા ઉપરના પ્રભુત્વ માટે જયાં સુધી એથીનિયનો કાફલો નિભાવી શકે ત્યાં સુધી તેમને સંપૂર્ણ પરાસ્ત કરી શકાય એમ નહોતું. કલહનો અંત સ્પાર્ટાએ પરશિયાની મદદ લીધી ત્યારે આવ્યો. પરશિયાનાં નાણાં વડે તેણે વહાણો બાંધ્યાં અને તેમાં સૈનિકોની ભરતી કરી, અને તેથી જ ઇગૉસ્પૉટામીના યુદ્ધમાં એથેન્સના કાફલાનો નાશ કરવા તે સમર્થ થઇ શકયું. હવે એથેન્સ દરિયાઇ હુમલા સામે ઉઘાડે વાંસે થઇ ગયું. સ્પાર્ટાનો કાફલો પાઇરીયુસ બંદરમાં દાખલ થયો અને એથેન્સને વગર શરતે તાબે થવું પડયું. કોરિન્થ અને થીબ્ઝની ઇચ્છા તો એવી હતી કે એથેન્સનો સમૂળગો નાશ જ કરવો અને સમસ્ત વસ્તીને ગુલામ તરીકે વેચી નાખવી. પણ સ્પાર્ટા એટલી બધી હદે જાય એમ નહોતું. એથેન્સને પોતાનાં તમામ વિદેશી સંસ્થાનો ઉપરથી હાથ ઉઠાવી લેવો પડયો. નગર એથેન્સથી બંદર પાઇરીયુસ સુધીની લાંબી દિવાલો અને બંદરની કિલ્લેબંદી તોડી નાખવાં પડયાં. એથેન્સને સ્પાર્ટાનું ખંડિયું થવાનું, સ્પાર્ટા જયાં કાન ઝાલીને દોરે ત્યાં દોરાવાનું રહ્યું. પરંતુ આખરે અંતર્ગત કારભારમાં તેને સ્વતંત્ર રહેવા દેવામાં આવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એથીનિયન સામ્રાજ્યનો અંત આવ્યો. શહેર ધીમે ધીમે પાછું પગભર થયું અને હજી તેનો વેપાર અબાધિત રહ્યો. પરંતુ તેની સત્તા તો ગઇ તે ગઇ જ; પછીનાં ચાળીશ વર્ષ પર્યંત ગ્રીસમાં તે માત્ર બીજા દરજ્જાનું રાજ્ય રહ્યું.

કળા અને વાઙ્મયમાં ગ્રીસ હજીય ઉત્તમ કૃતિઓ નીપજાવતું. યુરીપિડિસનાં પાછલાં નાટકો અને એરિસ્ટોફેનિસનાં ઘણાંખરાં હાસ્યપ્રધાન નાટકો આ યુદ્ધકાળમાં લખાયેલાં છે, પરંતુ સૉક્રેટિસનું જીવન અને શિક્ષણ, પ્લેટો અને ઝેનોફનનાં લખાણો, લિસિઍસ, આઇસોક્રેટિસ અને ડેમોસ્થેનિસનાં ભાષણો, (ડેમોસ્થેનિસ વિષે વિશેષ આવતાં પ્રકરણમાં જાણશું.) અને પ્રૅક્સિટિલીઝની શિલ્પાકૃતિઓ એ બધાં યુદ્ધ પછીના સમયનાં સર્જન છે. એ બધી કૃતિઓ ભવ્ય છે. વિચાર અને વાઙ્મયમાં એથેન્સ હજુય ગ્રીસનું કેન્દ્રસ્થાન હતું. કલામાં, જે સ્થળે ગ્રીક કલા પહેલવહેલી ખીલી હતી તે સ્થાનની અસર હજી જીવંત હતી. પરંતુ હવેથી લગભગ બધીય ગ્રીક કલા ખાનગી ગૃહસ્થો કે ધનિક શહેરો માટે પેદા થવા લાગી અને શિલ્પીઓ, ચિત્રકારો અને મિસ્ત્રીઓના ધંધા માટે એથેન્સમાં પોસાણ રહ્યું નહિ. ગ્રીક 'મયદાનવો', પેરૉસના સ્કોપેસ જેવા ગ્રીક શિલ્પીઓ અને ઝ્યુકિસસ ને પેર્‌હાશિયસ જેવા ગ્રીક ચિત્રકારો દુનિયાના બીજા ભાગમાં, અને ખાસ કરીને એશિયા માઇનોરની ધનિક અને અલબેલી નગરીઓમાં, જઇ વસ્યા અને ત્યાં પોતાનું કલાનૈપુણ્ય દાખવ્યું. ભૂતકાળની મૂડી ઉપર જ નભવું પડે એવા નબળા વખતને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માર્ગે એથેન્સ ચડ્યું હતું, પણ હજી છેક એ દશાએ નહોતું પહોંચ્યું.

પોતાની સત્તાનાં ઇ. પૂ. ૪૦૪ થી ૩૭૮ સુધીનાં ચાળીશ વર્ષ દરમિયાન સ્પાર્ટાએ સામ્રાજ્યના સ્વામી થવાની પોતાની છેક જ નિર્બળતા બતાવી આપી. પશુબળ સિવાય બીજી કોઇ રીતે કામ લેવાનો તેને ખ્યાલ જ નહોતો કોઇ શહેરની વફાદારીમાં તેને શંકા પડે તેને તે ક્રૂર રીતે કચરી નાખતું, પેલોપોનીશિયન વિગ્રહ મોટે ભાગે તે પોતાના મદદગારોને જોરે જીત્યું હતું. પરન્તુ વિજયની ઘડીએ તે બધાંયને ભૂલી ગયું અને જીતના લાભો પોતે એકલાએ જ હજમ કરી જવાનો પ્રયત્ન આદર્યો. ખાસ કરીને પરશિયાની સાથે તો તે મોટામાં મોટી મુર્ખાઇથીજ વર્ત્યું. પરશિયાની મદદ તેણે, એશિયાનાં ગ્રીક શહેરોને વેચી દઇને–એટલે પોતા તરફની કશી દખલગીરી વગર પરશિઆને એ શહેરો સાથે ફાવે તેમ વર્તવા દેવાની કબૂલાત આપીને–મેળવી હતી. ગ્રીક નામને બટ્ટો લાગે એવી એ નિમકહરામી હતી અને એશિયાઇ ગ્રીક શહેરો ત્યાર પછી કોઈ દિવસ સ્વતંત્ર થયાં નહિ. છતાં આ કાળો કામો એક વખત કરી ચૂકયા પછી સ્પાર્ટાની ફરજ હતી કે તેણે સોદો ઇમાનથી પાર ઉતારવો. એવું કશું કરવાને બદલે તેણે તો ઉલટું પરશિયાને ગુસ્સો ચડે એવું કર્યું. પરશિયાના સમ્રાટ અર્તાઝર્ક્સિસના ભાઇ સાઇરસને તેણે ગાદી મેળવવાના પ્રયત્નમાં મદદ કરી; સ્પાર્ટાના રાજા એગેસીલિયસને એશિયા માઇનોરના પરશિયન પ્રાન્તો ઉપર ચઢાઇ લઇને મોકલ્યો અને તેણે ઘણાં ગ્રીક શહેરો પાછાં જીતી લીધાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આખરે પરશિયાએ થાકીને કૉનોન નામના એથિનિયન દરિયાઇ સેનાપતિને નોકરીમાં રાખ્યો. તેણે પરશિયન કાફલાની જોડમાં રહીને ઈ. પૂ. ૩૯૪ માં નીડસનાં યુદ્ધમાં સ્પાર્ટાના કાફલાનો નાશ કર્યો અને એ રીતે એશિયામાંથી સ્પાર્ટાનો પગ નીકળી ગયો. ત્યાર પછી પણ ઘણા વખત સુધી પરશિયા સ્પાર્ટાનું દુશ્મન રહ્યું અને તેણે એથેન્સને તેની પુરાણી મોટી દિવાલો નવેસરથી બાંધવા માટે પૈસા આપ્યા. હેલાસનાં એટલાં સદ્‌ભાગ્ય કે પરશિયન સામ્રાજ્ય હવે નબળું પડતું જતું હતું. પરશિયાની ગાદી હાથ કરવા માટેની સાઇરસની કૂચ વખતે તેની સાથે ગયેલા ૧૦ હજાર ગ્રીક ભાડૂતી સિપાઇઓનાં લશ્કરને બેબિલોનની નજીકમાં લડાઇમાં સાઇરસ કામ આવી જવાથી, પાછું હઠવું પડયું ત્યારે તે લશ્કર પરશિયન સામ્રાજ્યની વચ્ચોવચ્ચથી સહીસલામત ઠેઠ કાળા સમુદ્ર સુધી પસાર થયું ત્યાં સુધી તેને કોઇએ આંગળી સરખી પણ ન અડકાડી એ ઉપરથી એ સામ્રાજ્યની નબળાઇ ઉઘાડી પડી જાય છે. પરશિયન સત્તાની જો પડતી દશા આવી ન હોત તો ગ્રીસના કિનારા ઉપર પૌર્વાત્ય લશ્કર અને કાફલાએ એક વાર ફરીને દર્શન દીધાં હોત.

ગ્રીસમાંના સ્પાર્ટાના મિત્રો તેની સામે ફરી બેઠા. એથેન્સ, થીબ્ઝ, કોરિન્થ અને આર્ગોસે તેની સામે થવાને એકસંપી કરી. આ એકસંપી સામે થોડો વખત જ સ્પાર્ટા ટકાવ કરી શકયું, કારણ કે સ્પાર્ટાનું લશ્કર હવે પહેલાંના જેવું રહ્યું નહોતું. આખરે તેનો વિનાશ થયો તે વિશ્વાસ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘાતનાં તેનાં એક નમૂનેદાર કૃત્યને જ આભારી છે. થીબ્ઝ સાથેના સંધિકાળમાં અધવચ્ચે જ તેણે સૈનિકોની ટુકડી થીબ્ઝનો કોટ કબજે કરવા મોકલી. (ઇ. પૂ. ૩૮૨). આ બેશરમ કૃત્યથી થીબ્ઝના લોકો એકદમ બળવો કરી ઊઠયા. તેમણે કોટ ઉપર છાપો મારીને સ્પાર્ટન સૈનિકોને કાઢી મૂકયા. પછી તેમણે પોતાનું લશ્કર નવેસરથી વ્યવસ્થિત કર્યું અને થેસલીમાં આવેલા ફેરાઇના રાજા જેસનની સાથે સંધિ કરીને થેસેલિયન ઘોડેસ્વાર લશ્કરની મદદ મેળવી. આ વખતે થીબ્ઝના નેતા તરીકે પિલોપિડાસ અને એપામિનોન્ડાસ નામના બે સમર્થ માણસો હતા; પિલોપિડાસ સાહસિક સેનાપતિ હતો અને એપામિનોન્ડાસ યુદ્ધકળામાં નિપુણ, વિશુદ્ધ ચારિત્રનો, ઉદાર મનનો અને સ્વદેશાભિમાની નાગરિક હતો. એ બંનેની સરદારી નીચે થીબનો ફત્તેહ ઉપર ફત્તેહ મેળવતા ગયા. તેમણે બોએશિયામાંથી સ્પાર્ટનોને હાંકી કાઢયા, લ્યુકટ્રા આગળ તેમને પરાસ્ત કર્યા, લૅકોનિયા ઉપર ચઢાઈ કરી અને ખૂદ સ્પાર્ટાને ભયમાં મૂકયું. આ બધા ઉપરાંત, તેમણે દક્ષિણ-પશ્ચિમ પેલોપોનીસીમાં મેસ્સેની નામનું નવું સ્વતંત્ર શહેર વસાવીને સ્પાર્ટાની સત્તાને મૂળ પાયામાંથી હલમલાવી નાખી. આ નવાં સ્વતંત્ર શહેરમાં સ્પાર્ટાના નાસી છૂટી શકે તે બધા મેસેનીઅન ગુલામો અને સ્પાર્ટામાંથી હદપાર થયેલા બધા માણસો આશરો લઈ શકે. આમ, સ્પાર્ટાનું વિરોધી નવું રાજ્ય તેના તદ્દન પડખામાં જ ઉત્પન્ન થયું. ત્યાર પછી સ્પાર્ટાના હાથ ઘરઆંગણેની જ ઉપાધિમાં એટલા બધા બંધાઈ ગયા કે બહારની દુનિયાને તેનો ભય રહ્યો નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછીનાં થોડાએક વર્ષ સુધી થીબ્ઝ ગ્રીસમાં સૌથી શક્તિશાળી શહેર રહ્યું. પણ ઇ. સ. પૂ. ૩૬૨ માં મેન્ટિનીઆ આગળની સ્પાર્ટા ઉપરની જીતના મોટા વિજયોત્સવની ઘડીએ જ એપામિનોન્ડાસનું મરણ થયું. પિલોપિડાસ પણ બે વર્ષ પહેલાં લડાઇમાં મરણ પામ્યો હતો. આ બે માણસો વગરનું થીબ્ઝ તેની પોતાની જંજાળમાં જ પાછું ડુબી ગયું અને ગ્રીસમાં વધારે વાર અગ્રણી ભાગ ભજવવાનો તેણે પ્રયત્ન કર્યો નહિ.

એક વાર ફરીને એથેન્સના હાથમાં ગ્રીસની સરદારી આવી. પાછલાં ચાળીશ વર્ષોની ધમાલમાં તેણે માત્ર ગાણુ પણ માનનીય ભાગ લીધો હતો. તેણે થોડાં વિદેશી સંસ્થાના પણ પાછાં હાથ કર્યાં હતાં અને કાળા સમુદ્રના તેમ જ થ્રેસીઅન કિનારાનાં શહેરો સાથે તેનો મિત્રસંબંધ બંધાયો હતો. મોટું લશ્કર તો તેને નિભાવવું પરવડે એમ નહોતું. લડાઈ હવે એવા મોટા પાયા ઉપર થઈ ગઇ હતી કે ધંધાદારી સૈનિકો વગર ચાલે જ નહિ. જરૂર પડે ત્યારે લશ્કરમાં ભરતી થાય અને લડાઇ પૂરી થયે પાછા પોતાના ઘરકામે વળગે એવા નાગરિક સૈનિકોનો જમાનો લગભગ પૂરો થયો હતો. દરેક રાજ્યને પોતાના જીવનમાં સિપાઇગીરીનો જ ધંધો કરનારા પગારદાર સૈનિકો ઉપર દિવસે દિવસે વધારે ને વધારે આધાર રાખવો પડતો. પણ એથેન્સનું લશ્કર ભલેને નાનું હતું તેનો કાફલો સરસ હતો, તેના સેનાપતિઓ બુદ્ધિશાળી હતા અને તેનો વેપાર ધીકતો હતો. એ બધા ઉપરાંત એથીનિયન લોકોએ પેલોપોનિશિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યન વિગ્રહનો બોજો ખતમ થયા પછી, ખોઈનાખેલી તાકાત પાછી મેળવી લીધી હતી. પક્ષાપક્ષીનો આવેશ હજી જીવતો છતાં પહેલાંના જેટલો કડવાશભર્યો નહોતો. આ સમયના એથીનિયન રાજદ્વારી પુરુષો પણ એકંદરે સમજુ અને વિવેકી હતા અને તેમણે એથેન્સને સાવચેત અને ડહાપણ-ભર્યા નીતિમાર્ગે દોર્યું.

એથેન્સ પહેલાંનું સાર્વભૌમ શહેર બેશક નહોતું રહ્યું. તેનાં નગરજનોની ત્રુટિઓ હજીય હતી ખરી. લોકસભા હવે સર્વ સત્તાધીશ હતી અને અગત્યના પ્રશ્નોનો નિર્ણય કરતી વખતે પણ લોકસભા, તે ઘડીએ પ્રવર્તી રહેલી લોક લાગણીથી, સહેલાઇથી દોરવાઇ જતી: એક દિવસ એક પ્રકારનો હુકમ કરે, અને બીજે જ દિવસે તેને ઉલટાવે; લડાઇ જાહેર કરે, અને કાફલાને માટે પૈસા આપવાની ના પાડે; અથવા કાફલો રવાના કરે, અને પછી તેને માટે સરંજામ મોકલવાની ના પાડે. લોકોએ પોતાના સેનાપતિ-ઓમાં કદિ પણ ખરો વિશ્વાસ રાખ્યો નહિ. તેમના રાજદ્વારી પુરુષો અને સલાહકારોએ આપેલી સલાહ જો દુર્ભાગી નીવડે, કે એથેન્સમાં વિરુદ્ધ પક્ષ અધિકાર ઉપર આવે, અથવા કોઇ માણસને એવી તલબ થઇ આવે કે એકાદ મોટા માણસ ઉપર તહોમત મૂકીને પોતાને વિષે લોકોમાં ખૂબ ઉહાપોહ કરાવવો, તો તેમની ઉપર કામ ચાલવાનું જોખમ ખરૂં જ. ટૂંકામાં, એથીનિયન રાજદ્વારી પુરુષોએ બહુ સાવધપણે કામ લેવું પડતું અને જોખમભર્યાં સાહસિક કામો ઉપાડવાની સલાહ આપતાં તેમને હમેશાં સંકોચ રહેતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી સ્થિતિમાં આવી પડેલાં રાજ્ય ઉપર, હિંમત-પૂર્વક કામ કરવાનો કે તેમાં વળગ્યા રહેવાનો આધાર રાખી શકાય નહિ. નાની નાની મુશ્કેલીઓના દિવસોમાં તે ભલે સારી રીતે નભ્યું જાય; પણ મોટી આફત વખતે તે નિષ્ફળ નીવડવાનો સંભવ ખરો. છતાં, ગમે તેવું હતું તો પણ, એથેન્સ ગ્રીસનું મોવડી હતું; અને હવે પછીના પ્રકરણમાં આપણે તેને મકદુનિયાના ફિલિપ સામેના વિરોધના કેન્દ્રસ્થાન તરીકે વર્તતું જોઇશું. પણ ખરી વાત તો એ છે કે અંદરોઅંદરની લડાઇને લીધે હેલેનિક શહેરોનું બળ અત્યાર સુધીમાં તો ઘસાઇ ચૂક્યું હતું. જો કોઈ ખરેખરી બળવાન સત્તા ચડી આવે તો એ બધાં એવાં નમાલાં થઈ ગયાં હતાં કે તેનો જરાય અટકાવ કરી શકે કહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ૪ મકદુનિયાનો જમાનો

મકદુનિયામાં સેંકડો વર્ષોથી ગ્રીક લોહીની–પણ સંભવતઃ ઉત્તર તરફની જાતોનાં લોહી મિશ્રિત–સંખ્યાબંધ જાતો વસતી હતી. હેલાસના ગ્રીકોએ આ જાતોને કદિ પણ શુદ્ધ ગ્રીક ગણી નથી. ખડતલ ખેડૂતોની આ ટોળીઓ પોતાનો સમય શિકારમાં અને અંદરોઅંદર તેમજ મકદુનિયાની બંને બાજુની જાતો સાથે અને થેસેલિયનો, ઇલીરિયનો અને થ્રેસિયનો સાથે લડવામાં ગાળતી. એ લોકો મોટે ભાગે અણસુધરેલા રહ્યા હતા અને ગ્રીક કલા અને જ્ઞાન સમૃદ્ધિની પ્રગતિમાં તેમનો કશો હિસ્સો નહોતો. પોતપોતાના સરદારોના હાથ નીચે તેમણે જંગલી જાતો તરીકેનું જીવન ચાલુ રાખ્યું હતું.

આ સરદારોનાં ટોળાં પૈકી આરજીડી નામનો એક સરદાર ધીમે ધીમે સૌથી બળવાન થયો અને આખા દેશનું તેણે રાજપદ ધારણ કર્યું. ઇ. સ. પૂ. ૪૧૩ માં આ કુટુમ્બમાંથી આર્કીલૉસ નામનો રાજા થયો. તેણે રસ્તાઓ અને શહેરો બાંધીને દેશની સ્થિતિ સુધારવાનો ઘણો પ્રયાસ કર્યો; અને કલાકારો તરફ પણ સહાનુભૂતિ દેખાડી. સંગીતકાર ટિમોથીઅસ અને ચિત્રકાર ઝચુકિસસને તેણે આશ્રય આપ્યો હતો; અને કરુણ રસનો કવિ યુરિપિડીસ તેના દરબારને આશ્રયે જીવ્યો ત્યાં સુધી હતો. આર્કીલૉસના મૃત્યુ પછી અવ્યવસ્થાનો સમય આવ્યો તેમાં પડોશની જાતો મકદુનિયામાં ફરી વળી. એ આફતમાંથી મકદુનિયાવાસીઓને ફિલિપ જે ઈ. પૂ. ૩૫૯ માં રાજા થયો તેણે છોડવ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફિલિપ ખરેખરો મહાપુરુષ હતો; તેણે પોતાના રાજ્યને ધીમે ધીમે સારી સ્થિતિમાં લાવવાનો પ્રયાસ આરંભ્યો. જુવાનીમાં તે થીબ્ઝમાં લડાઈના બાન તરીકે રહ્યો હતો. ત્યાં રહ્યાં રહ્યાં તે, એપામિનોન્ડાસે થીબનોને યુદ્ધકળાનું જે શિક્ષણ આપેલું તે બધું, શિખ્યો હતો. મકદુનિયાનાં લશ્કરની સુધારણા કરવામાં એ જ્ઞાનનો તેણે હવે ઉપયોગ કરવા માંડયો. ઇ. સ. પૂ. ૩૫૩ માં આખુંય થેસલી જીતી લઇને તેણે ઇલીરિયનોને પાછા કાઢયા. એમ્ફીપોલીસ, પીડના અને પોટીડિયા તેણે કબજે કર્યાં અને તેથી દરિયાકાંઠાના બળવાન શહેરો તેના તાબામાં આવ્યાં; વળી તે પ્રદેશમાં આવેલી સોનાની ખાણોનો માલેક થયો એટલે પોતાની યોજનાઓ અમલમાં મૂકવા માટે તેની પાસે નાણાંની પુષ્કળ છૂટ થઇ. એ પૈસા વડે તેણે કાફલો બાંધ્યો. આમ થોડાંક વર્ષમાં તો મકદુનિયા અતિ બળવાન સત્તા થઇ પડયું. ફિલિપની મહત્વાકાંક્ષા સમસ્ત ગ્રીક જનતાના નેતા થવાની હતી અને એ પદવીને લાયક ગણવા જેટલો સમર્થ હવે તે થઇ ચૂકયો હતો.

ગ્રીસનાં શહેરો હમેશની જેમ આ વખતે પણ નોખનોખાં પડી ગયાં હતાં. એથેન્સ–જે પોતાને મળેલા પાછલા અનુભવ ઉપરથી કંઇ જ ડહાપણ શીખ્યું હોય એમ લાગતું નહોતું–તે પોતાનાં મિત્ર રાજ્યોની સાથે વગર વિચાર્યે વર્તતું હતું. બાકીનાં રાજ્યો પણ પહેલાંની જેવાં જ કજિયાખોર હતાં. એક જ મુદ્દામાં હેલાસના ગ્રીકો એકમત હતા તે એ કે ફિલિપને ગ્રીસના નેતા તરીકે લાયક શખ્સ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણુવો નહિ. તેમનું કહેવું એમ હતું કે ફિલિપ ક્યાં શુદ્ધ ગ્રીક છે ? વળી ફિલિપ રાજા હતો અને કોઈ પણ ગ્રીક નાગરિક રાજાનો હુકમ માનવાનું સ્વીકારે નહિ. ખરી વાત એ છે કે ફિલિપની કે બીજા કોઇની પણ સરદારી નીચે સંગઠિત થવાની તેમની દાનત જ નહોતી.

તેથી ફિલિપની મહત્વાકાંક્ષા તેમને મન પોતાની સ્વતંત્રતાને વિઘ્નરૂપ લાગી. ફિલિપની વધતી જતી સત્તાને અટકાવવા માટે તેમણે ઝાઝા ધમપછાડા માર્યા હોય એવું કોઇથી કહી શકાય એમ નથી. પણ જે કાંઇ વિરોધ થયો તેનું મધ્યસ્થળ એથેન્સ હતું. એથેન્સે જે કાંઇ હિંમત બતાવી તેના આત્મારૂપ એક માણુસ એથેન્સમાં હતો તે ડેમોસ્થેનિસ—તે મહાન વક્તા હતો. સારા પરીક્ષકો તો કહે છે કે દુનિયાએ જાણ્યો હોય એવો મોટામાં મોટો વક્તા ત હતો—અને સાચો દેશભક્ત હતો. તે ફિલિપની યુક્તિઓ કળી ગયો અને તેનો સબળ વિરોધ કરવા માટે એથીનિયનોને જાગૃત કરવાના પ્રયાસમાં તેણે પોતાની તમામ શક્તિ હોમી દીધી. કોઇ કોઇ વાર તેને ફત્તેહ મળતી ખરી; પરન્તુ એકંદર તેનો પ્રયત્ન નિષ્ફળ ગયો અને અન્યથા બનવું શકય પણ નહોતું. એથેન્સની પાસે લશ્કર કે તેનો પગાર ચૂકવવા નાણું, બેમાંથી એકેય નહતું અને અત્યારે તો એકેય સેનાપતિ પણ લશ્કરને દોરવે એવો રહ્યો નહોતો. ડેમોસ્થેનિસને પોતાને યુદ્ધકળાનું બિલકુલ જ્ઞાન નહોતું, તેમ ફિલિપ કેટલો બળવાન હતો તેનો પણ તેને ખ્યાલ નહોતો. હેલાસનાં બીજાં શહેરો સામે એથેન્સ ભલે ફાવતું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી શકતું હોય. પણ મકદુનિયાનાં તાજાં અને વળી ફિલિપ જેવા સેનાપતિની સરદારી નીચેનાં લશ્કર સામે થવા માટે તે તદ્દન અશક્ત હતું અને ફિલિપે જીવસટોસટનો હુમલો કર્યો કે તે જ ઘડીએ તે ચોક્કસ હારવાનું હતું.

હુમલો કાંઈ એકદમ નજ આવ્યો. ઇ. સ. પૂ. ૩૫૭ થી ૩૪૬ સુધી મેકીડોન સાથે એક લાંબી લડાઇ ચાલતી હોવાનું મનાતું. પણ ફિલિપ ઉત્તરમાં પોતાનું બળ સંગઠીત કરવામાં રોકાયો હતો એટલે દક્ષિણ તરફ ધસારો કરવાને હજી તે તૈયાર નહોતો. તેથી એ બધો વખત તેણે એથેન્સ સાથે રમત કર્યા કરી. વળી એથેન્સ તો તેની સામે થવામાં થીબ્ઝ સાથે એકસંપી કરવાને પણ ભાગ્યશાળી થયું. પરંતુ જેવો ફિલિપ સાચેસાચ જાતે દક્ષિણમાં આવ્યો કે કેરોનીયા આગળ (ઈ. પૂ. ૩૩૮) એક જ યુદ્ધમાં લડાઈ ખતમ થઇ. એ યુદ્ધ અતિ ભયંકર થયું, થીબનો અને એથીનિયનો ઘણી બહાદુરીથી લડયા; પણ લડાઇનું છેવટ પહેલેથીજ ચોક્કસ થઇ ચૂકયું હતું. ફિલિપ સંપૂર્ણ વિજેતા થયો. તેના સૈનિકો આખા હેલાસમાં મરજી પ્રમાણે ફરી વળ્યા. થીબ્ઝ અને બોએશિયાને ફિલિપનાં સંસ્થાનોમાં ભેળવી દેવામાં આવ્યાં, લેકોનિયાને ખેદાનમેદાન કરવામાં આવ્યું; કેલ્સીસ અને કોરિન્થમાં મેકીડોનિયન લશ્કરી થાણાં મૂકવામાં આવ્યાં અને જો કે એથેન્સ બહુ થોડામાં ઉગરી ગયું, છતાં તેને પણ મકદુનિયાના ખંડિયા થવાની ફરજ પડી. ફિલિપ હવે તમામ યૂરોપિયન ગ્રીકોનો સ્વામી થયો અને પોતાના મનમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધારી મૂકેલાં બીજાં પગલાં માટે તેણે તૈયારી કરવા માંડી. તેના મનની મુરાદ એવી હતી કે પરશિયા ઉપર એક જબરજસ્ત સવારી લઈ જવી. એશિયાનાં ગ્રીક નગરોને પરશિયાના રાજાની તાબેદારીમાંથી છોડાવીને તેને સમસ્ત ગ્રીકજનતાના અગ્રણી તરીકેની પોતાની પદવી સાબિત કરવી હતી. તેના હુમલા સામે પરશિયન સામ્રાજ્યને તુર્ત નમવું પડે અને એક ગ્રીક રાજા તમામ સુધરેલી દુનિયાનો માલેક થાય એમ બનવું જરા પણ અશક્ય કે અસંભવિત નહોતું.

ફિલિપ બધી તૈયારી કરી રહે તે પહેલાં ઇ. પૂ. ૩૩૬ માં તેનું ખૂન થયું. પણ પોતાનું અધૂરું રહેલું કામ તે પોતાના કરતાંય વધારે સમર્થ પુત્રના હાથમાં સોંપતો ગયો. ઇતિહાસે જેમને 'મહાન'ની પદવી એનાયત કરી છે તેવા સમ્રાટોમાંનો એક સિકંદર છે, અને સિકંદરની બાબતમાં એ પદવી ઘટારત પણ છે જ. તેની કારકિર્દી અદ્ભુત વિજયોથી ભરેલી છે. એ વિજયોનો તેણે જે રીતે ઉપયોગ કર્યો તે તો વળી વધારે અદ્ભૂત છે. તેની કારકિર્દીની અસરથી દુનિયાની શિકલ આખી બદલાઈ ગઈ. યુદ્ધકળામાં તેનું નૈપુણ્ય જો કે અસાધારણ હતું, પણ એકલા માત્ર સૈનિક કે સેનાપતિના કરતાં તેનામાં ઘણું વધારે જવાહીર હતું. તે સમ્પૂર્ણ રીતે કેળવાએલો હતો અને જ્ઞાન તથા કલા માટે તેને સાચો ગ્રીક-પ્રેમ હતો. શિલ્પી લાઇસીપ્પસ અને ચિત્રકાર અપેલ્લીસ તેના માનીતા હતા. ગ્રીસનો સૌથી શ્રેષ્ઠ વિદ્વાન એરિસ્ટોટલ તેનો ગુરૂ હતો. એરિસ્ટોટલ વિજ્ઞાનવેત્તા, વિચારક, અભ્યાસ માટે અપરિમિત શક્તિવાળો અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૃથક્કરણ કરવાની અસાધારણ બુદ્ધિવાળો માણસ હતો. પૃથક્કરણ કરવામાં એટલે પોતાના જ્ઞાનસંદર્ભમાં હકીકતોને તેના યોગ્ય વર્ગો પ્રમાણે ગોઠવવામાં, અમુક સત્યો બીજાં સત્યોને સમજવામાં કેવી રીતે મદદરૂપ થાય તે સમજવામાં અને એ રીતે જ્ઞાનને પદ્ધતિસર, વ્યવસ્થિત અને પૂર્ણ બનાવવામાં તે એક્કો હતો. હેલાસના ગ્રીકોએ મેકિડોનિયનોને ભલે ખરા ગ્રીકો તરીકે ન સ્વીકાર્યા, પણ સિકંદરને તો પેરિક્લિસના યુગ પછીના ગ્રીસના સૌથી મહાન પુત્ર ગણાવાનો ખરો અધિકાર છે. તેનામાં ગ્રીક ખમીર જીવતું જાગતું હતું અને એ ખમીરને તેણે વિશાળ ફત્તેહો વાટે માર્ગ કરી આપ્યો.

પરશિયા સામે ચડી નીકળવા પહેલાં સિકંદરને પોતાનું રાજ્ય બહારના ભયથી સુરક્ષિત બનાવવા માટે બે વર્ષ ગાળવાં પડયાં. આ સમય દરમિયાન તે થ્રેસિયનો અને ઇલીરિયનોના મુલકમાં ફરી વળ્યો અને તેમને હુકમને અધીન બનાવ્યા. થીબ્ઝમાં જાગેલો દંગો શમાવી દઇને, તે શહેરનો સદંતર નાશ કરીને અને તેની વસતિને ગુલામ તરીકે વેચી દઇને હેલાસમાં તેણે પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી. પછી ઇ. સ. પૂ. ૩૩૪ માં પોતે વિજયયાત્રા અર્થે નીકળવા માટે તૈયાર થયો. રવાના થતાં પહેલાં તેણે પોતાના મિત્રોને એવડી મોટી મોટી ભેટો વહેંચી આપી કે તેમણે પૂછયું: “ પણ તમારે પોતાને માટે શું રાખ્યું ? ” ત્યારે સિકંદરે જવાબ આપેલો કે “ મારે માટે તો માત્ર ‘ આશા ’ બહુ છે. ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


પરશિયા હજી પહેલાંના જેવડું જ વિશાળ સામ્રાજ્ય હતું અને તેના વિસ્તારે મેળવી આપેલી પ્રતિષ્ઠા હજી ટકી રહી હતી, પણ તેનું બળ ખૂટી પરવાર્યું હતું. રાજા નમાલો હતો અને લશ્કર તદ્દન સડેલું હતું. પરશિયન સૈન્યોમાં જો કોઈ ભાગ સામે મોઢે લડયો હોય તો તે ભાડુતી ગ્રીક સૈનિકોની ટુકડીઓનો હતો. તેમની સંખ્યા એટલી મોટી નહોતી કે દેશી લશ્કરની મોટી સંખ્યાના હિચકારાપણા અને નિરૂપયોગીપણાને લીધે આવી પડેલા વિનાશમાંથી પરશિયન સૈન્યને બચાવી શકે. પરિણામે, પરશિયા બહુ સહેલો શિકાર પૂરવાર થયું. અદેખાઇથી ભરેલાં હેલાસનાં રાજ્યો સિકંદરની ચડાઈથી અળગાં રહ્યાં, પણ હવે તેમની કશી ગણતરી રહી નહોતી. ૩૫૦૦૦ માણસનું લશ્કર સાથે લઇને સિકંદરે હેલેસ્પોન્ટની સામુદ્રધુની ઓળંગી. લશ્કરમાં અર્ધા મેકીડોનિયનો અને બાકીના થ્રેસ, થ્રેસાલી અને પડોશની ટોળીઓમાંથી હતા. તેની લડાઇઓ એટલે જાણે જીતોની પરંપરા. ઈ. સ. પૂ. ૩૩૪ માં ગ્રેનીકસની લડાઇમાં તેણે પરશિયન સૈન્યને સજ્જડ હરાવ્યું અને પછી ગ્રીક શહેરોને પરશિયાની ધોંસરીમાંથી છોડાવતાં છોડાવતાં તેણે એશિયા માઇનોર સોંસરવી કૂચ કરી. વધારે આગળ વધતાં પહેલાં, પછવાડે રહી જતા સંભવિત દુશ્મનોથી દરિયો સાફ કરવાની જરૂર હતી, તેથી ઇસ્સસ આગળ પરશિયનોને ફરી વાર હરાવીને તે દક્ષિણ તરફ વળ્યો. ટાયર કબજે કરીને તેણે પરશિયાને ફીનીશિયન કાફલાથી છૂટું પાડયું. દક્ષિણ કિનારે આગળ વધીને તેણે ગાઝા ઉપર છાપો માર્યો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ઇજિપ્તમાં દાખલ થઇ તેને પોતાના રાજ્યમાં ભેળવી દીધું. ઇજિપ્તમાં તે કેટલોક સમય રહ્યો અને એલેકઝાંડ્રિયા શહેર વસાવ્યું, જે પૂર્વ ભૂમધ્ય સમુદ્રનું ઝપાટાબંધ મુખ્ય બંદર થઇ પડયું.

ઇ. પૂ. ૩૩૧ ની સાલમાં તે પરશિયન સામ્રાજ્યને કાળજે ઘા મારવાને તૈયાર થયો. અર્બેલાનાં યુદ્ધમાં પરશિયાને તેણે છેવટની શિકસ્ત આપી. પરશિયન રાજા દરાયસ ત્યાર પછી તૂર્ત મરણ પામ્યો. પરશિયન સામ્રાજ્યનાં મોટાં મોટાં શહેરો બેબિલોન, પરસીપોલિસ, સૂસા, એકબાટાના, એક પછી એક સિકંદરને શરણે આવ્યાં. હજી તેની મહત્વાકાંક્ષા પૂરી ન થઈ. સોગડિઆના ઓળંગીને તે ઇ. સ. પૂ. ૩૨૭ માં હિંદુસ્તાનને સીમાડે પહોંચ્યો, સિંધુ નદી પાર કરી અને સામે થયેલાં હિંદી લશ્કરોને હરાવીને તે સતલજ નદીને કિનારે આવી પહોંચ્યો. પરન્તુ અહીંથી એક તસુ પણ આગળ વધવાની તેના સૈનિકોએ ના પાડી. એ બિચારા વતનથી ઘણે દૂર આવ્યા હતા; સાત સાત વરસથી એકસરખી લડાઇઓ લડતા હતા; અને યૂરોપથી હજી વધારે દૂર જવાની તેમને બિલકુલ મરજી નહોતી. એટલે સિકંદરને ફરજિયાત પાછું ફરવું પડયું. તેણે પોતાનું લશ્કર જેડ્રોસિયાના રણમાંથી પાછું પશ્ચિમ તરફ વાળ્યું. રણની એ ૬૦ દિવસની ભયંકર મુસાફરીમાં તેણે ત્રણ ભાગનું લશ્કર ખોયું. રણ વટાવી રહ્યા પછી તેણે આરામ લીધો અને લશ્કરમાં નવેસરથી ભરતી કરી. હજી તો નવા નવા વિજયો મેળવવાના તે મનમાં મનસુબા ઘડી રહ્યો હતો ત્યાં અચાનક ઇ. પૂ. ૩૨૩ માં તે મરણ પામ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


THE EMPIRE OF
ALEXANDER THE GREAT
Miles
PARTHIA
ARABIA
CASPIAN SEA
BLACK SEA
INDIAN OCEAN
PERSIAN GULF
RED SEA
MEDITERRANEAN SEA
EGYPT
SYRIA
CILICIA
THRACE
MACEDONIA
R. Indus
R. Oxus
R. Jaxartes
R. Tigris
R. Euphrates
R. Nile
R. Danube
Ecbatana
Susa
Persepolis
Pasargadae
Babylon
Jerusalem
Sidon
Tyre
Antioch
Cyprus
Crete
Cyrene
Alexandria
Memphis
Thebes
Byzantium
Athens
Sparta
Corinth

થોડાંક જ વરસમાં સિકંદરે દુનિયાનો એવડો મોટો ભાગ જીતી લીધો કે જેની ઉપર આજ સુધીમાં કોઈ એકલા એક જ માણસે રાજ્ય કર્યું જ નથી. અને જો કે તેને બહુ જ થોડો સમય મળ્યો, છતાં પોતે મેળવેલા વિજયોનો પોતે કેવો ઉપયોગ કરવા માગતો હતો તે તેણે દુનિયાને બહુ સ્પષ્ટ રીતે દેખાડી આપ્યું. તેનો મુખ્ય વિચાર પૂર્વ અને પશ્ચિમ, યૂરોપ અને એશિયા, ગ્રીસ અને પરશિયા વચ્ચે મનનો મેળ કરી આપવાનો અને એ રીતે એકત્રિત પ્રજાસમૂહ ઉપર રાજ્ય કરવાનો હતો. પોતાના ગ્રીક અફસરોને પરશિયન રાજકુંવરીઓ સાથે પરણવાનું તેણે પ્રોત્સાહન આપ્યું અને પોતે શાહ દરાયસની કુંવરીને પરણ્યો. જ્યાં જ્યાં ગયો ત્યાં તેણે ગ્રીક પદ્ધતિનાં શહેરો વસાવ્યાં અને ગ્રીક લોકોને તેમાં વસવા નોતર્યા—આવાં સીત્તેર શહેરો તેણે સ્થાપ્યાનું કહેવાય છે—જેથી પોતાના સામ્રાજ્યના પૂર્વ તરફના પ્રાન્તોમાં ગ્રીક વસતિવાળાં શહેરો, આસપાસના વિશાળ મુલકની વફાદારીની ખાતરી માટે કિલ્લાની અને વેપાર તથા સંસ્કૃતિનાં કેન્દ્ર તરીકેની એમ બંને ગરજ સારે. જીતાયેલા પ્રાન્તોમાં તેણે ગ્રીક સુબાઓ નીમ્યા, પણ વસતિને તેની જૂની રાહરસમો પાળવાની છૂટ રહેવા દીધી. એક જ પ્રકારની સંસ્કૃતિ ચારેકોર ફેલાઇ રહે એવા વ્યવસ્થિત સામ્રાજ્યનો પાયો નાંખવાની તેણે ગણતરી કરી હોય એમ લાગે છે.

કલ્પના બેશક ભવ્ય હતી; અને સિકંદરનાં કામથી દુનિયાનો આખોય ઇતિહાસ બદલાઇ જવાનો હતો. ગ્રીક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાગવગને માટે તેણે પૂર્વના દરવાજા ખૂલ્લા મૂકી દીધા. એણે ઉઘાડેલાં દ્વારમાંથી ગ્રીક ભાષા અને ગ્રીક સંસ્કૃતિનાં પૂર ધસી આવ્યાં; ગ્રામવિસ્તારમાં પણ તેની અસર પહોંચી અને શહેરો તો તેની સત્તાનાં કેન્દ્રસ્થળ બન્યાં. એ સંસ્કૃતિનું કલેવર બેશક જૂની પૌર્વાત્ય રૂઢિઓથી ઘણું મિશ્રિત હતું. એ મિશ્રણ 'હેલનિસ્ટિક' કહેવાય છે, કારણ કે તે 'હેલનિક' એટલે શુદ્ધ ગ્રીક નહોતું. ખૂદ સિકંદરે જાતે પૌર્વાત્ય રાહરસમો અખત્યાર કરવા માંડી અને પોતાના સૈનિકો અને હેલાસના ગ્રીકોને નારાજ કર્યા–ખાસ તો તેણે પૂર્વની રીત પ્રમાણે દેવાંશી તરીકે પૂજાવાની વૃત્તિ બતાવવા માંડી ત્યારે વધારે. પણ એ સંસ્કૃતિ મિશ્ર હોવા છતાંય દેખાવમાં તો ગ્રીક ઢબની જ હતી, ગ્રીક પ્રણાલિને અનુસરી અને તેથી જ ટકી રહી. ત્યાર પછીનાં સેંકડો વર્ષો સુધી–ખરૂં જોતાં આરબોના આવતાં સુધી–ઠેઠ હિંદ સુધી એશિયાની સંસ્કૃતિ ગ્રીક ઢબની રહી. રોમે જ્યારે એશિયા જીત્યું ત્યારે તે પણ આ પરિસ્થિતિ બદલી શક્યું નહિ અને બદલવાનો તેણે પ્રયત્ન પણ કર્યો નહિ. પૂર્વમાંનું રોમન સામ્રાજ્ય તેનાં મૂળ સ્વરૂપમાં ગ્રીક હતું.

આમ સિકંદરની ફત્તેહો પ્રાચીન એશિયાઇ દુનિયાને માટે મોટી સુધારક પ્રવૃત્તિ નીવડી અને કીર્તિકળશનો તેનો એ હક કોઇથી ભૂંસાડી કે ઝૂંટવી લઇ શકાય એમ નથી. પરન્તુ આ જીતેલી દુનિયા પર રાજ્ય કરવાની વાતમાં દરેક બાબતને સુદૃઢ વ્યવસ્થિત કરવાનો કે પોતાનો ઉત્ત-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાધિકારી નક્કી કરતા જવાનો તેને સમય જ મળ્યો નહિ. સમસ્ત સુધરેલી જનતાને આવરી લેતાં એક વિશાળ સામ્રાજ્યનું દૃષ્ટાન્ત તેણે દુનિયાને બતાવી આપ્યું. પરન્તુ પોતાનું સામ્રાજ્ય વ્યવસ્થિત કરતાં પહેલાં જ તેનું મરણ નીપજ્યું. પૂર્વ અને પશ્ચિમનું એક સંયુક્ત રાજ્ય સ્થાપવાનો પાકકાળ હજી આવ્યો નહોતો.

સિકંદરના મરણ પછી સામ્રાજ્ય જાણે હમેશના બખેડાઓનું ઘર થઇ પડયું. તેના સેનાપતિઓ આખાય સામ્રાજ્યને કે તેમાંથી બને એટલા મોટા ભાગને જીતી લેવા માટે માંહોમાંહે લડવા લાગ્યા. આ ઝઘડાને પરિણામે આખરે આફ્રિકન, એશિયાઇ અને યૂરોપિયન એમ ત્રણ મુખ્ય વિભાગમાં સામ્રાજ્ય વહેંચાઈ ગયું. ઇજિપ્તમાં તમામ સત્તા ટોલેમી નામના સિકંદરના એક સેનાપતિના હાથમાં આવી. ત્યાં તેણે પોતાની સત્તા મજબૂત જમાવી અને તેનાં કુટુમ્બે ૨૦૦ વર્ષ રાજ્ય કર્યું. પાછળથી એ વંશની સત્તા, ગાદી માટેના હરીફ દાવાદારોના અંદરોઅંદરના કલહથી અને બહારના દુશ્મનો સાથેની લડાઇઓથી ઉત્તરોત્તર નબળી પડતી ગઈ. આખરે રોમે આવીને એ દેશનો કબજો લીધો. એશિયાઇ પ્રાન્તો સેલ્યુકસના અને તેના ઉત્તરાધિકારીઓના હાથમાં ગયા અને તેનું સીરિયાનું રાજ્ય થયું. સીરિયાને ઇજિપ્ત સાથે વારંવાર લડાઇઓ થતી અને તે પણ ધીમે ધીમે નબળું અને વિભક્ત થતું ગયું અને છેવટે રોમે તેને કટકે કટકે જીતી લીધું. યૂરોપમાં કદિ સમાધાની થઇ જ નહિ. મકદુનિયા ગ્રીસમાં સૌથી બળવાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજ્ય રહ્યું ખરું, પણ અશાન્તિ અને કંકાસને લીધે, હેલાસનાં શહેરોને તે ફિલિપ અને સિકંદરની પેઠે સંપૂર્ણપણે કદિ વશ રાખી શક્યું નહિ. એ શહેરો, જેણે કદિ કશું ઉકાળ્યું નહિ એવા નામના સંઘો સ્થાપીને, કજીયાખોર અને નિરૂપયોગી જીવન ગાળતાં હતાં. ગ્રીસ, અને વસ્તુતઃ ગ્રીક યુગની આખી દુનિયા સમ્પૂર્ણપણે થાકીને લોથ થઇ ગઇ હતી. એ બધાં રાજ્યો અને સ્વતંત્ર શહેરો, કોઇ બીજી મોટી સત્તા આવીને તેમને ગળી જઇને તેમની ઉપર રાજ્ય કરે એ સમયની જાણે રાહ જોઇ રહ્યાં હોય તેમ મરવાની આળસે જીવતાં હતાં. એ વાત રોમનું રાજ્ય પૂર્વ દિશામાં આગળ વધ્યું નહિ ત્યાં સુધી બની નહિ. એટલે આપણે હવે થોડું પાછળ હઠીને જોવું પડશે કે રોમનો પાછલો ઇતિહાસ કેવોક છે અને સિકંદરના સામ્રાજ્યને તાબે કરવાને તે રફ્તે રફ્તે કેવી રીતે આગળ આવ્યું. પરન્તુ એમ કરતાં પહેલાં, જગત્ ખાસ ગ્રીસના કેવા ઉપકારમાં છે તે તપાસી જવા થોડું અટકવું પડશે. યૂરોપની સંસ્કૃતિનો જેના ઉપર પાયો રચાયો તે લગભગ બધુંય ગ્રીસના શિક્ષણને આભારી છે: ગ્રીક લોકો એવા તે કેવાક હતા, અને સુધરેલી દુનિયાના ગુરુ થવા જેવું ખાસ તે એમણે શું શું કર્યું છે?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૫ ગ્રીક લોકો અને જગત્ ઉપરનો તેમનો ઋણભાર

બધા બ્રિટિશો સરખા હોતા નથી, તેમ ગ્રીક લોકો પણ બધા એકસરખા નહોતા. અંગ્રેજ અને સ્કૉચ જેટલા જ એથિનિયન અને સ્પાર્ટન એક બીજાથી ભિન્ન હતા. પરન્તુ જગત્ ઉપરના ગ્રીસના ઋણભારની વાત કરતી વખતે ખાસ દૃષ્ટાન્ત તરીકે એથિનિયનો, અને તેમાંય ખાસ કરીને પેરિકિલસના યુગના, લઇ શકાય. ગ્રીસનું જે કાંઇ સર્વોત્કૃષ્ટ હતું તે એથેન્સમાં સમ્પૂર્ણપણે ખિલ્યું હતું અને એથેન્સે આપણને વારસામાં આપેલી લગભગ તમામ ઉત્તમ બાબતો પેરિકિલસના કાળમાં બની હતી.

હાલના જમાના પેઠે તે વખતે પણ એક શહેરમાં રહેતાં બધાં માણસો એક જ કોટિનાં નહોતાં. ચતુર અને સુઘડ એથિનિયનો હતા; તેમ બેવકૂફ અને જંગલી એથેનિયનો પણ હતા. એ લોકો કેવા હતા તેની વાત કરતાં એથિનિયન જીવને ઉત્પન્ન કરેલી સામાન્ય કોટિની જ વાત થઇ શકે; અને એટલું ગુપચુપ સમજી લેવું જોઇએ કે આ ગણનામાંની કેટલીક ખરાબ તો કેટલીક સારી કોટિની પણ હતી અને કેટલાક અપવાદ પણ હતા.

એટલે એમ કહીને શરૂઆત કરીએ કે ધર્મની બાબતમાં જેમ યાહુદીઓ જગતના ઉત્તમ શિક્ષકો નિવડયા છે તેમ ગ્રીકોએ આપણને સૌંદર્યપ્રકૃતિ ઉત્તમ રીતે સમજાવી છે. ગ્રીક સાહિત્યનું વિશાળ વાચન કે ગ્રીક કલાનું વિસ્તૃત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અવલોકન જેમણે કર્યું હશે તેમને તો જરાય શંકા નહિ હોય કે સૌંદર્યની કદર બૂઝવામાં અને સુંદર કલાકૃતિઓ સરજવામાં ગ્રીક લોકો માનવજાતના ગુરૂ છે. ગ્રીક સાહિત્યમાંથી ઝાઝા ઉતારા કરવાનો અહીં અવકાશ નથી; અને ઉત્તમ કલાના ફકરાઓ ટાંકવાથી તેની સાચી કિંમત સમજાઈ જાય નહિ. છતાં કઇ જાતનાં સૌંદર્યને ગ્રીક લોકો વખાણતા અને ઉત્પન્ન કરવાની મહેનત કરતા એ સમજવા કંઇક પ્રયત્ન કરી જોઇએ.

૧. ગ્રીક સૌંદર્ય હંમેશાં સાદું છે. ગ્રીક લોકોને ભપકો અને ઘણો ઠઠેરો પસંદ નહોતો. ઉદાહરણ તરીકે થર્મોપીલીની લડાઇમાં મૂએલા ૩૦૦ સ્પાર્ટનોના સંબંધમાં સિમોનાઇડ કવિએ લખેલું સ્મૃતિવાક્ય જુઓ: “ અપરિચિત ! સ્પાર્ટનોને કહેજે કે તમારા હુકમને માથે ચઢાવીને અમે અહીં સોડ તાણી છે.” ગ્રીક ભાષામાં એ લેખ માત્ર બે લીંટી લાંબો છે. એક પણ શબ્દ નકામો કે લાગણી હલાવી મૂકાવા માટે ઘૂસાડયો નથી. સૈનિકોની હિંમત અને કર્તવ્યનિષ્ઠાને આપ મેળેજ બોલવા દીધાં છે. આની સાથે, આપણાં બધાં યુદ્ધસ્મારકો ઉપર આપણે જ્યારે ને ત્યારે પ્રશંસાના શબ્દો ખડકીએ છીએ તેની સરખામણી કરો. ગ્રીક લોકોની પેઠે વસ્તુને શુદ્ધ સ્વરૂપમાં રહેવા દેવાની કળા આપણે જાણતા જ નથી, અને સાદાઇની મહત્તા વારંવાર ખોઇ બેસીએ છીએ, કારણ કે કશુંક સારૂં સારૂં કહી નાખવાની આપણને ઇચ્છા થઇ આવે છે. આવી જ સરળતા ગ્રીક સાહિત્યમાં જે કાંઈ ઉત્તમ છે તેમાં પણ તરી આવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. જગતપ્રસિદ્ધ દાખલા લેખે સિસિલિયન ધાડ–જેમાં તેના પોતાના વતનનો વિધ્વંસ થયો–તેની થ્યુકિડિડિસની લખેલી વાતનું ઇતિવચન જુવો ( જે એટલું લાંબું છે કે અહીં ઉતારવું મુશ્કેલ પડે ); અથવા જુવો પોતાના મિત્ર અને ગુરૂ સોક્રેટિસના મૃત્યુના વર્ણનને અંતે પ્લેટોએ કરેલું અંતિમ વિવેચનઃ “ આપણી જાતના બધા માણસોમાં આપણે જેને શ્રેષ્ઠ, સૌથી ડાહ્યો, સૌથી પ્રમાણિક માણસ કહેવો જોઇએ એવા મારા મિત્રનો આવો અંત આવ્યો. ” ગ્રીક સર્જનમાં કદાચ સૌથી સર્વાંગસુંદર કલાકૃતિ ગણાય એવાં દેવાલયમાં પણ આજ ગુણ નજરે પડે છે. અને તેમ છતાં એ દેવાલયો એટલે ઉપર છેક સપાટ છાપરૂં, આગળ પરશાળ અને બહારની બાજુએ થાંભલાઓવાળો માત્ર લંબચોરસ ઓરડો; એટલુંજ હોય છે. બ્રિટિશ મ્યુઝિયમમાં સાચવી રાખેલી પર્થેનોન શિલ્પકળામાં પણ આજ સાદાઇ દેખાય છે. તેમાં ઉત્સવના વરઘોડાનાં દૃશ્યો છે. લાંબી લાંબી હારો કદાચ પહેલી દૃષ્ટિએ નીરસ લાગે. આંજી નાખે એવી પરાણે ઘુસાડેલી વિવિધતા તેમાં નથી. છતાં બધું ય કેવું શાંત ગંભીર પ્રતિભાયુક્ત લાગે છે ! નરી સાદાઇ એજ એકલું સૌંદર્યનું પ્રતીક નથી. કોતરકામના શણગારમાં પણ ઘણીવાર સૌંદર્ય રહેલું હોય છે, પણ એ શોભાનો વારંવાર અતિરેક થઈ જાય છે. શુદ્ધતમ સૌંદર્ય ગ્રીક સાદાઇમાં રહેલું છે.

૨. ગ્રીક કલા સાદી છે તેમ તે સચોટ પણ છે. ગ્રીક કલાકાર પોતાને કહેવાનું હોય તે સીધી રીતે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સચ્ચાઇપૂર્વક કહી દે છે. તે પક્ષીનું વર્ણન કરવા માંડે તો (આપણા હાલના કેટલાક કવિઓની પેઠે) તેનામાં માણસના જેવા બધી જાતના વિચારો અને લાગણીઓનું આરોપણ નહિ કરે. તે તો પક્ષીને નીરખે છે અને જેવું જુવે છે તેવુંજ આબેહૂબ આલેખે છે. આલ્કમાન કવિ કહે છે: "જલચર પક્ષી જેમ નિશ્ચિંત મને તરંગો ઉપર સરે છે, તેમ વસંતનું નીલપક્ષી (વિહરે છે)." હોમર કવિનાં વર્ણન અને સરખામણીની ખુબી પણ એવી જ છે. અને એ જ ખુબી કુદરતનાં બધાં ગ્રીક ચિત્રોમાં રેલાઇ રહી છે. તેમના જીવન મરણના ખ્યાલોમાં પણ એજ સાદાઈ દેખાય છે. મૃત્યુ વિષે તેઓ બોલે છે તે પણ સરળ સચ્ચાઇપૂર્વક ખૂલ્લાં દિલથી. કેટલીક વખત તેમની કલ્પના કઠોર અને શુષ્ક લાગે ખરી. પરન્તુ કંઇ નહિ તો આપણા અર્વાચીન કવિઓનાં લખાણોને ડગલે ડગલે બગાડી મૂકતી અતિશયોક્તિ કે દંભના દોષોમાંથી તો તે ઊગરી જાય છે જ. હિરોડોટસનાં વૃત્તાન્તોમાં રહેલી સરળતા કે પ્રવાસ દરમિયાન જે જે તેના પરિચયમાં આવ્યું કે તેણે જોયું એ વિષેની તેની કુતૂહલવૃત્તિના જેટલીજ તેની ઘરગથુ શૈલી ચમત્કારી છે. હિરોડોટસ વિષે વર્ડ્ઝવર્થ કહે છે: "આજ સુધીમાં લખાયેલા ગ્રન્થોમાં બાઇબલથી બીજે નંબરે સૌથી રસિક અને બોધપ્રદ ગ્રન્થ એ છે."

૩. ગ્રીક કલા કારીગરી અને કૌશલ્યથી ભરપૂર છે. ગ્રીક કલાકાર સાદાઇ હસ્તગત કરે છે, પણ તે બેદરકાર કારીગરીથી નહિ. ગ્રીક કવિઓ ખરેખરાં ખરાબ જોડકણાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોડવાને અશક્ત છે ગ્રીક દેવાલય દેખાવમાં ભલે સાદું રહ્યું; પરન્તુ તેની બાંધણી એવા માણસોએ કરેલી છે કે જેણે ખૂણેખૂણા અને લીટીએ લીટીની માપણી ને ગણતરી કરેલી અને આખી વસ્તુને સમ્પૂર્ણ કાળજીપૂર્વક પાર ઉતારેલી. એવુંજ ગ્રીક શિલ્પકળામાં પણ છે. આરસની સપાટી ઉપરથી કઠોરતાની કણી એ કણી દૂર કરવાના કામમાં પડતી મહેનત કલાકાર શિલ્પીએ કદિ ફોગટ ગઈ માની નથી. અને છતાં ક્યારેય તે વધારે પડતી નકામી મહેનત કરતો કે આરસને જરૂર કરતાં વધારે કોમળ અને કૃત્રિમ દેખાતો થવા દેતો નથી. એવું કહેવાય છે કે પ્લેટોએ પોતાનાં એક પુસ્તકના પહેલા આઠ શબ્દો સમ્પૂર્ણ બંધબેસતા આવવા માટે કેટલીયે વાર ફેરવી ફેરવીને લખ્યા હતા.

આ બધાં ઉપરાન્ત સૌથી વિશેષ અદ્ભુત વાત તો એ છે કે સૌંદર્ય માટેની આ પ્રજ્ઞા સમસ્ત ગ્રીક જનતામાં વ્યાપક હતી–હાલ આપણે ત્યાં છે તેમ, જનસમૂહની ટોચે બિરાજતા થોડાક માણસોના ભોગવટાની નહોતી. ગ્રીસના કલાકારો તો સુંદરતાને સમજવાની અને ચાહવાની અદ્ભુત શક્તિ ધરાવતી પ્રજાસમસ્તના અગ્રણી માત્ર હતા. એમ કેમ બન્યું હશે તે સમજવાનો પ્રયત્ન કરી જોઈએ; કારણ કે એ આખી વસ્તુસ્થિતિ અસાધારણ છે અને એ દિશામાં ગ્રીકોની સાથે સરખાવી શકાય એવી બીજી કોઇ પ્રજા હજી સુધી તો પેદા થઈ નથી.

૧. લોકો ખૂદ જાતેજ રૂપાળા હતા. બેશક બધાય નહિ, પરન્તુ દેખાવડા ચહેરાનું એકંદર પ્રમાણ અવશ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોટું હોવું જોઇએ. તેઓ ખાવાપીવામાં મિતાહારી હતા. ખુલ્લી હવામાં તન્દુરસ્ત જીવન ગાળતા; અને દોડવાના, કુસ્તીના અને અખાડાની કસરતોના શોખીન હતા. આપણા કસરતબાજો કેટલીક વખત કરે છે તેમ, બીજા અવયવોને ભોગે એકજ ભાગના સ્નાયુઓ ખિલવનારને તેઓ નાપસંદ કરતા. શરીરના અવયવો એક સરખા પ્રમાણમાં ખિલ્યા હોય અને તેથી જોનારના મન ઉપર સપ્રમાણતા અને સમાનતાની અસર પડે એવું શરીરસૌંદર્ય તેમને ગમતું. દેવો અને શુરવીરોનાં તેમનાં પુતળાંમાં આવું સૌંદર્ય દેખાય છે. એવાં સૌંદર્ય અને તેમાંય મરદાનગીભર્યા સૌંદર્ય માટે તેમને ઘણું ઉંચું માન હતું. રાજદ્વારી પુરુષ તરીકે લોકપ્રીતિ સંપાદન કરવામાં આલ્કિબિઆડીસને તેનો નમણો ચહેરો ખરો ખપ લાગ્યો હતો. રાજ્યમાં મોટી પદવી મેળવવા માટે માણસને મદદગાર થતા ગુણોમાં ઝેનોફોન ' દેખાવમાં રૂપાળું અને સખ્ત પરિશ્રમ સહી શકે એવું શરીરસ્વાસ્થ્ય ' પણ ઉમેરે છે. રૂપાળા ચહેરા ઉપરાંત ગ્રીક લોકોનો પહેરવેશ પણ સુંદર ઝુલતી ઘડીઓવાળો અને કોઈ અવયવને કચરી ન નાખે એવો શોભિતો હતો.

૨. ગ્રીક ભાષા પણ મધુર છે. તમને ગ્રીક આવડતું ન હોય તો કોઈને કહો કે હોમરની થોડી પંક્તિઓ, કે એરિસ્ટોફેનિસનો કોરસ, અથવા પ્લેટોનાં થોડાંક વાક્યો તમને વાંચી સંભળાવે. ભાષા પોતેજ આપણા કાનમાં ગુંજી રહે છે. હેન્રી કિંગ્સલેની ' જ્યોફ્રે હેમ્લિન ' નામની નવલકથામાં ગ્રીક ભાષાનો એક શબ્દ સરખો પણ જેને આવડતો નથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવો એક નાનો છોકરો થર્મોપીલીના યુદ્ધનું હિરોડોટસે કરેલું વર્ણન પોતાના શિક્ષકને મોઢેથી એક ચિત્તે સાંભળી રહે છે. ‘ કાં કેવું લાગ્યું ? ” એમ પૂછતાં તે જવાબ આપે છેઃ “ મેં જાણ્યું કે આપ ગાતા’તા. ”

એથિનિયનો સુકોમળ આરામમાં બાદશાહી રીતે રહેનારા શ્રીમંત કલાકારોની જમાત હતા એમ રખે માની લેતા ! એમનું જીવન ગરીબાઈનું, હાડમારીઓવાળું અને છેક કરકસરીયું હતું. એક બીજાને ‘ મીઠું કે દીવાની વાટ, જીરૂં કે સરકો કે ખાવાનું ’ ઉછીનું આપતાં પણ તેઓ લડી પડતા. તેમને ઘેર જ્યારે જ્યારે પ્રીતિભોજન થતું ત્યારે પ્રસંગને માટે સહુએ ભેગાં કરેલાં બળતણ, મસુરની દાળ, સરકો, મીઠું, અને દીવેલ એમાંનું થોડુંક પણ ચોરી લેતા. એથેન્સ નગર કોઈ કાળે શ્રીમંત નહોતું; અને પેરિકિલસના કારભારના કાળ સિવાય તેની આર્થિક હાલત ‘ આટા તોલ, ઠીકરી જલતી હૈ ’ જેવી હતી. વળી આપણા અત્યારના ધોરણ સાથે સરખાવતાં ગ્રીક લોકો સ્વચ્છ પણ ન કહી શકાય. તેમનાં શહેરોની શેરીઓ ગંદી અને સુખાકારીને વિઘ્નરૂપ હતી; ઘરો માળ વગરનાં, ભેજવાળાં અને મોરી વિનાનાં હતાં. ગરમ ઋતુમાં પણ એ લોકો અંદરની બાજુએ ઊનનાં કપડાં પહેરતા, કારણકે સુતરાઉ પહેરે તો રોજ રોજ ધોવાં પડે. નહાવાધોવા માટે સ્ત્રીપુરૂષો બંનેને સાર્વજનિક સ્નાનગૃહો ઉપર જ આધાર રાખવો પડતો. એ સ્નાનગૃહોની રચના સાદી અને જૂના જમાનાની હતી. સાબુ બિલકુલ વપરાતો નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શરીરે તેલ ચોળતા અને વધારે શોભા દેખાડવી હોય તો સુગંધી લગાડતા. સ્વચ્છતા માટેની વધારે પડતી કાળજીને એક ગ્રીક લેખક (થીઓફ્રેસ્ટસ) માણસની ક્ષુદ્ર મહત્વાકાંક્ષાની નિશાની ગણે છે. ‘આવો માણસ વાળ અછકલા કપાવે અને દાંત દૂધ જેવા સ્વચ્છ રાખે છે’ એવું તેનું કહેવું છે. આલ્કિબિયાડિસના શયનગૃહનાં રાચરચીલાંની ફેરિસ્ત તપાસતાં નહાવા ધોવાની કશી સગવડ દેખાતી નથી (અને આલ્કિબિયાડીસ તો પોતાના જમાનાના એથિનિયન સૌંદર્યનો આદર્શ ગણાતો).

તેમ છતાં એટલું તો ખાતરીપૂર્વક કહી શકાય કે કલામય શોખમાં એથિનિયનો શ્રેષ્ઠ હતા. શરીર, પહેરવેશ, વક્તૃત્વ: બધાની શોભા તેમનામાં હતી. ગ્રીસના મધુર સૂર્યપ્રકાશમાં ચળકતા સંગેમરમરનાં રમણિય દેવાલયો અને પૂતળાંઓવાળું એક્રોપોલીસ શેહેર પોતે જ, સૌંદર્ય વસ્તુતઃ શું છે તેના જ્ઞાનના શિક્ષણરૂપ હતું, અને દરેક વ્યક્તિ જીવનમાં સમ્પૂર્ણ ભાગ લઇ શકતી. જનતાની એકંદર મનોવૃત્તિ વિનોદી, બુદ્ધિશાળી અને સમયસૂચક હતી. પ્રાથમિક શાળાઓ હતી; પરન્તુ આપણે જેને ઉચ્ચ શિક્ષણ કહીએ છીએ તેવું શિક્ષણ નહોતું. છતાં કોઇ કેળવાયા વગરનું રહેતું નહિ; ભાગ્યે જુજ સંખ્યા હોય તો.

વિગતમાં ઉતરીએ તો દરેક વ્યક્તિ રાજકારણમાં રસ લેતી. દરેક જણ ધારાસભામાં હાજર રહી શકતો. દરેકને વારાફરતી સમિતિ કે પંચમાં બેસવું પડતું. (પંચ–જ્યુરી ઘણી વખત અતિશય મોટી બનતી; મહત્વના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ડેસોમાં તો પાંચસો ઉપર માણસ બેસતાં.) તેથી જનતાની બુદ્ધિ તીક્ષ્ણ અને ચપળ બનતી. બેશક આ પરિસ્થિતિ શક્ય બનવાનાં કારણોમાં (૧) રાજ્ય એટલું મોટું નહોતું કે સાર્વજનિક કામમાં દરેક વ્યક્તિ અંગત ભાગ ન લઇ શકે; અને (૨) આજની પેઠે કામના કલાકો બહુ વધારે પડતા નહોતા કે કામ આજના જેટલું પરિશ્રમવાળું નહોતું. એથિનિયનને ખેતર કે હુન્નર કે વેપાર કે કામધંધો ભલે હોય, પણ તે કામ કરતો જીવન નિભાવવા પૂરતું જ, લક્ષ્મીનો સંગ્રહ કરવા માટે નહિ. ધાર્મિક ઉત્સવો માટે વારંવાર રાજ્યતહેવાર પળાતા; અને રાજ્ય પ્રત્યેની ફરજ અદા કરવા માટે દરેક માણસને પોતાનું અંગત કામ કોઇ કોઇ વખત પડતું મૂકવું પડતું. એટલે વારો આવે ત્યારે એવા હેતુ માટે પોતાનું કામ બંધ રાખવામાં વધારે પડતું નુકસાન સહન કરવું પડતું નહિ. તે ઉપરાંત ગંદુ અને કંટાળા ભર્યું કામ કરવા માટે તો ગુલામો હતા. હુન્નર અને વેપારમાં ઉપયોગી થાય એવા ગુલામોને સારી રીતે રાખવામાં આવતા. તેઓ પોતાના માલિકની જોડાજોડ કામ કરતા, પૈસા કમાતા અને એ રીતે પોતાનો છૂટકારો પણ મેળવી લેતા; પરન્તુ જે ગુલામોને ટોળાંબંધ કામ કરવું પડતું–ખાસ કરીને લૅારિયમની રૂપાની ખાણોમાં–તેમને તો ઘૃણા ઉત્પન્ન થાય એવી અધમ હાલતમાં જ જીંદગી ગાળવી પડતી.

એ ઉપરાન્ત એટલું પણ યાદ રાખવું ઘટે કે એથિનિયન જીવન મોટે ભાગે જાહેર અને ખુલ્લી હવામાં

વીતતું. તેમનાં ઘર એટલે માત્ર ખાવા, સૂવા અને સરભરા કરવાનાં સ્થાન પૂરતું ઠેકાણું. આરામ કે ફુરસદનો વખત એ લોકો ઘરબહાર જ ગાળતા, તેને લીધે મહાપુરૂષોનાં વચનામૃતો સાંભળવાની તેમને દરેક તક સાંપડતી. સભામાં કે સમિતિમાં કે ન્યાયમંદિરમાં હરકોઇ માણસ ડેમોસ્થેનીસ કે પેરિક્લિસને બોલતા સાંભળી શકે અથવા તેમની જોડાજોડ બેસીને તેમની સાથે કામ કરવાનું પણ આવે. જાહેર ઉત્સવોમાં જઇને કોઈ પણ માણસ હોમરનાં કે પિંડારનાં કાવ્યો ગવાતાં કે કરૂણરસના મહાન લેખકોનાં નાટકો ભજવાતાં સાંભળી શકે. અથવા મરજી પડે તો બજારના ચોકમાં કે અખાડામાં જઇને આસપાસ એકઠા થયેલા લોકોને વ્યાખ્યાન સંભળાવતા સોક્રેટીસ કે બીજી કોઇ મહાન વ્યક્તિને સાંભળી શકે. અને આ બધામાં એક પાઇનો પણ ખર્ચ નહિ! ગરીબમાં ગરીબ માણસ પણ વિના મૂલ્યે એ બધાનો ઉપભોગ કરી શકે. સાર્વજનિક ફરજ અદા કરતી વખતની તેની હાજરી બદલ તો ઉલટું તેને ભથ્થું મળતું.

આમ પેરિક્લિસના જમાનામાં (વ્યાપી રહેલી ગરીબાઇ છતાં) એથિનિયન નાગરિક હોવું એ પોતે જ રસવૃત્તિ વિચાર અને માનસિક ચપળતાનું ઉત્તમ શિક્ષણ હતું. એથિનિયનો કેવા ચતુર હતા તે તેમનાં પ્રિય નાટકો કલાના નાદાર નમૂના હતા એ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે અને એરિસ્ટોફેનીસની કેટલીક મજાક–દાખલા તરીકે કવિતામાં વિવિધતા વગરના પ્રાસ માટે યુરિપીડીસને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેણે આપેલો ઠપકો વગેરે—એવી છે કે સારા નરસાની બરાબર કદર કરી શકે એવી ચંચળ બુદ્ધિના લોકો ન હોય તો શ્રોતાજનો તે સમજી પણ ન શકે અને તેમાં રહેલી મઝા માણી પણ ન શકે.

વળી લોકો આનંદી અને સુખી હતા. "તમે ગ્રીક લોકો તો હંમેશા છોકરાં જેવાં જ રહ્યા" એવું એક મીસરી ધર્મ ગુરૂએ સોલોનને કહેલું; અને એ પ્રમાણપત્ર અક્ષરે અક્ષર સાચું છે. ગ્રીક લોકો જીવન અને યૌવનના ઉલ્લાસને ચાહતા અને યૌવનના પ્રતીકરૂપ માર્મિક વિનોદથી ખુશ થતા. વૃદ્ધાવસ્થા તેમના મનથી નીરસ અને ભારરૂપ લાગતી. સોફોકિલસ કહે છે: "બધાં અનિષ્ટો જેમાં વસે છે એવી મિત્રવિહીન, અતડી, નિર્બળ, તિરસ્કારને પાત્ર વૃદ્ધાવસ્થા એજ માણસ જાતનું છેવટનું ભાગ્ય છે."

તેમ છતાં, માત્ર સૌંદર્યની ધૂન પાછળ ગ્રીક લોકો બધો વખત ગુમાવી દેતા એમ માની લેવું ખોટું છે. તેમના જીવનમાં ગંભીર પાસાં પણ હતાં. પહેલું, જાતે સક્રિય મહેનત કરવામાં અભિમાન લેતા. જીવનનાં જરૂરી કામકાજ પણ જાતે ન કરવાની મોટાઇનો દંભ તેમનામાં નહોતો. બીજા બધા પ્રજાજનોની માફક તેમના મહાન કલાકારોને પણ સાર્વજનિક કામકાજમાં ભાગ લેવો પડતો. એકીલીસ અને સોક્રેટીસે સૈનિકો તરીકે સેવા બજાવી છે. સોફોકિલસ અને થ્યુકિડિડીસે કાફલાઓની સરદારી લીધી છે. સોક્રેટીસ અને બીજાઓએ વતનમાં પણ રાજ્યની સેવા કરી છે. સામાન્ય માણસ કે સામાન્ય જીવનના કામ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાજથી અળગા રહેવાની ગ્રીક કલાકારો અને વિચારકોને છૂટ નહોતી, તેમ તેમને ઇચ્છા પણ નહોતી. યુરિપિડીસ એ પોતાના અભ્યાસખંડમાં જ પૂરાઇ રહેનારો પહેલો ગ્રીક કવિ હતો.

વળી ગ્રીક લોકો માનતા કે સત્ય અને સૌંદર્ય અભિન્ન છે, જુદાં નથી. એવું માનતા હોવાથી તેમણે સતત ચિંતન કર્યું. તેમના જેટલું વાણી અને વિચારનું સ્વાતંત્ર્ય પહેલાં કદી નહોતું. યુરિપિડીસ કહે છે કે "ગુલામ તો તે કે જે પોતાના વિચારો દર્શાવી શકે નહિ." ધર્મ અને નીતિના પ્રશ્નો ચર્ચતી વખતે એવા પ્રશ્નોને લગતી દરેક સ્વીકૃતિ (એકિસયમ–axiom) વિષે શંકા ઉઠાવતી યુરિપિડીસનાં લખાણોની નિર્ભયતા ખરેખર તાજૂબ કરી દે એવી છે. કોઇપણ માણસ પોતાની મરજી પ્રમાણે બોલી શકતો. માત્ર બે કે ત્રણ વખત એથિનિયન લોકોએ કોઇ માણસનો તેનાં મંતવ્યો, માટે વધ કર્યો છે (આમાં સોક્રેટીસનો દાખલોજ મુખ્ય છે) પેલોપોનિશિયન વિગ્રહ વખતે ચાલતી લડાઇએ એરિસ્ટોફેનીસ યુદ્ધનો વિરોધ કરી શકે, મુત્સદ્દીઓ અને સૈનિકોની ઠઠ્ઠા મશ્કરી કરી શકે, અને છતાં હાસ્યરસનાં ઉત્તમ નાટક માટેનું ઇનામ મેળવે! થ્યુકિડિડીસે એ વિગ્રહનો ઇતિહાસ લખતાં નથી કરી પોતાના નગરની એકસામટી પ્રશંસા કે નથી કરી દુશ્મનોની એકસામટી નિંદા! અને તેની પાસેથી એવી કોઇએ આશા રાખેલી નહિ. એથેન્સના શિક્ષકો, વક્તાઓ અને વસતિને પોતાની મરજી પ્રમાણે માનવાની અને ખુલ્લાં દિલથી વિચારો જણાવવાની સમ્પૂર્ણ સ્વતંત્રતા હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મવિષયમાં દરેક માણસ પોતાની મરજી પડે તેમ માનતો. દેવળમાં આરાધના કરવાની કોઈને માથે ફરજ નહોતી, અને તેથી ધાર્મિક માન્યતાઓની અનેક પ્રકારની વિવિધતા પ્રવર્તતી હતી. તેમ છતાં એથિનિયન ધર્મને સામાન્ય રીતે કંઈક આવો કહી શકાય: ઝ્યૂસ, એથેના અને બીજા ઓલિમ્પિયન દેવો નગરના દેવો હતા; નગર તેમનામાં આસ્થા રાખતું અને બલિદાનો અર્પતું. પરન્તુ છેક હોમરથી માંડીને તે સમય સુધી ઘણા લોકો ખુલ્લી રીતે હસી કાઢતા એવી દેવો વિષેની વિચિત્ર વાતો ગ્રીક લોકોમાં ચાલતી. ખૂદ હોમર પોતે પણ એ વાતોને દિલચસ્પ દંત કથાઓ જેવી જ ગણતો જણાય છે. ગ્રીક લોકો પોતાના દેવોને માણસ કરતાં કંઈક વધારે બળવાન પણ બીજી રીતે જરાય જુદા નહિ એવા વર્ણવતા. બેશક અપવાદો હશે, પરન્તુ કોઈને પણ શંકા થાય કે સંસ્કારી ગ્રીક લોકો આવા દેવોને ઘણી ગંભીરતાપૂર્વક આરાધ્ય માનતા? સાધારણ જનતામાં તો ઓલિમ્પિયન ધર્મ વધારે પ્રમાણમાં સ્વીકારાયો હતો એમાં કશી શંકા નથી; પણ સામટી રીતે જોતાં, તેમના દેવો વિષેનું તેમનું અભિમાન મોટાં દેવળવાળા શહેરના લોકોને એ દેવળ પ્રત્યે હોય છે તેવું હતું; કેટલાકમાં એ અભિમાનવૃત્તિ ધાર્મિક અંશવાળી હતી, તો બાકીનાઓના મનથી ‘ દેવળ આપણા શહેરનું અનુપમ દૃશ્ય છે ’ એટલી જ ભાવના હતી.

ઓલિમ્પિક ધર્મનું એકંદર વલણ માણસને ધાર્મિક બનાવવાનું કે તેનામાં ધાક અને આવેશની લાગણી ઉશ્કેરવાનું નહોતું. આવી પ્રેરણાઓ તો ગ્રીક લોકોને બીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માર્ગોદ્વારા મળી રહેતી. (૧) સરળ ગ્રામજનતા (એથિનિયનોનો મોટો ભાગ ગ્રામપ્રદેશમાં વસતો) જંગલ, નદી, પર્વતના ગ્રામદેવો પાન અને નિમ્ફ્સને પૂજતી. આ દેવો જરૂર પડયે પોતપોતાના ભકતોને અનેક પ્રકારનાં ઝનૂની કામો કરવા માટે ઉશ્કેરતા એમ મનાતું. પ્રેરિત ભય માટેનો અંગ્રેજી શબ્દ Panic આ પાન Pan દેવના નામ ઉપરથી થયો છે. (૨) કેટલાક ડાયોનિસસ (ગ્રેસમાંથી આવેલા પરદેશી ધર્મ) ની વધારે આવેશમય એવી પૂજા કરતા, અથવા પૂજાવિધિ અને એવી જ અન્ય રીતે માણસની લાગણી ઉશ્કેરી મૂકનારાં મંડળો (જે ગુપ્તમંડળના નામથી ઓળખાતાં તે) માં જોડાતા. દેવો સુદ્ધાં જેને અધીન મનાતા એવાં નસીબ, ઇર્ષ્યા, વિનાશ, સંજોગ વગેરે મનુષ્ય જીવનમાં કામ કરતાં પ્રબલ અજ્ઞાત બળો ઉપરની શ્રદ્ધાને લીધે કેટલાંય માણસોના મનમાં ધાર્મિક બીક અને ધાકની અસર જાગૃત થતી. શાંત અને સાદું જીવન ગાળવું એ માત્ર એક જ ઉપાય એવાં બળોના પાશમાંથી બચવા માટે મનાતો. અતિ શ્રીમંત, અતિ મગરૂર અથવા અતિ યશસ્વી, ટૂંકામાં કહોને કે કોઇ પણ બાબતના 'અતિરેક'થી, જેમ ઉંચા ઝાડ ઉપર વિજળી પડવાનો અને ઉંચા માણસને ગોળીબારના અચૂક નિશાન થવાનો વધારે સંભવ તેમ, આફત વહોરી લેવી પડતી.

ગ્રીક ધર્મની ખ્રિસ્તી ધર્મ સાથે સરખામણી કરીએ તો કહેવું પડે કે દરેક જીવની સંભાળ લેનાર વ્યક્તિ તરીકે પરમેશ્વરનો, કે જેનાથી પરમેશ્વર દુભાય છે એવી કોઇક વસ્તુ તરીકે પાપનો, ગ્રીક લોકોને કશો ચોક્કસ ખ્યાલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહોતો. તેઓ જાણતા ખરા કે જગતમાં બુરાઇ છે. પરન્તુ એ બુરાઇને ટાળવાનો પ્રયત્ન કરવાની ફરજ તેમને સમજાયેલી નહિ. સાવચેત વર્તનદ્વારા બુરાઇથી દૂર રહેવાનો, જીવનની સારી વસ્તુઓનો જ ઉપભોગ કરવાનો અને તેમ કરતાં છતાં માથે આવી પડે ત્યારે ખરાબ દશાને હિંમતથી વેઠી લેવાનો પ્રયત્ન કરવો: બહુ બહુ તો માણસ આટલું કરી શકતો. તન્દુરસ્ત, નસીબદાર, દેખાવડા, બાળબચ્ચે સુખી હોવું અને અંતની ઘડી આબરૂભરી: એથી ઉચ્ચતર સુખની તૃષ્ણા એકે ગ્રીકને નહોતી. મૃત્યુ પછી પણ જીવન છે એ વાત તે શ્રદ્ધાપૂર્વક માનતો; પરન્તુ સાથે સાથે એવું પણ માનતો કે એ જીવન પૈશાચી અને નીરસ હોય છે. ભવિષ્યનાં એવાં જીવનની આમદાની માટે કોઇ માણસ ઉત્સુક હોઇ શકે નહિ.

ગ્રીક લોકો ધાર્મિક તો હતા; પરન્તુ ધાર્મિકપણાની તેમની રીત આપણાથી નિરાળી હતી. કંઇક અંશે સોક્રેટીસ અને તેથી વિશેષ પ્લેટો એજ માત્ર એવા ગ્રીકો છે કે જેમનામાં ઇસુના જેવા ધાર્મિક વિચારો આપણને મળી આવે છે; અને આ તેમજ બીજી ઘણી બાબતોમાં હમેશની ગ્રીક વિચાર પદ્ધતિમાં પ્લેટો ખાસ અપવાદ રૂપ છે. સામટી રીતે લેતાં ગ્રીક લોકો જીવનવિગ્રહમાં સુંદરતા, ઉત્તેજના અને ધાસ્તી આમેજ કરી શકે એવા જીવનના એક અંશ તરીકે ધર્મને ગણતા; પણ જીવનના તમામ ઉલ્લાસો, દુ:ખો અને ફરજો માટે માર્ગદર્શન અને પ્રેરણા આપનાર જીવનના મર્મભાગ તરીકે નહિ.

ગ્રીક જીવનમાં સૌથી ઊંડી અને ગંભીર બાબત ધર્મ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહોતો પણ ફિલસુફી હતી ( ગ્રીક શબ્દ ફિલૉસોફીનો અર્થ જ્ઞાનપ્રેમ, જ્ઞાનપિપાસા છે ). હમેશાં બનતું આવ્યું છે તેમ બહુ થોડાને જ તેમાં રસ પડતો. પરન્તુ અન્ય સ્થળો કરતાં ગ્રીસમાં તેની વધારે અસર થઇ હતી. ‘ જગત્ શું છે અને જીવનનો સન્માર્ગ કયો ?’ એ પોતાના ધર્મની કશી મદદ વગર માત્ર બુદ્ધિના તર્કથી શોધી કાઢવાનો અને સમજવાનો તેમણે પ્રયત્ન કર્યો. તેમના જૂનામાં જના વિચારકો ( થેલ્સ ઇ. પૂ. ૫૮૫ અને તેના અનુગામીઓ ) ‘ જગત શેનું બનેલું છે ?’ એ પ્રશ્ન વિચારતા. પૂર્વકાળના એ દિવસોમાં તેઓ નિરાકરણની માત્ર અટકળ કરી શકતા. કોઈ કોઈ વખત તેમની અટકળો નવાઇ પમાડે એવી વિચક્ષણ નિવડતી; પરન્તુ વિચારવા અને નિચોડ કાઢવા જેવો પ્રશ્ન આ રહ્યો એવું પ્રથમપહેલું એ લોકોને સૂઝયું. વિજ્ઞાનની એ શરૂઆત થઇ કહેવાય. અને ત્યાર પછીનાં સમગ્ર વિજ્ઞાને, ગ્રીક લોકોએ પહેલવહેલા પૂછેલા પ્રશ્નનું સમાધાન શોધી કાઢવાનો આજ સુધી માત્ર પ્રયત્ન જ કર્યો છે, સફળતા નથી મેળવી.

ઇ. પૂ. પાંચમા સૈકામાં ‘ સોફિસ્ટ ’ લોકો ઉત્પન્ન થયા. તેમણે લખ્યું અને વ્યાખ્યાનો કર્યાં એટલું જ નહિ, પણ એવા એવા પ્રશ્નો ઉપસ્થિત કર્યા કે “ જીવનનો સાચો માર્ગ કયો ? અને માણસ તેને કેવી રીતે અનુસરી શકે ? ઉત્તમ નાગરિક, ઉત્તમ મુત્સદ્દી અને સજ્જન થવા માટે કયા કયા નિયમો માણસને મદદગાર થાય ? ” આવા પ્રશ્નોના તેમના ખુલાસા ઘણી વાર અસંતોષકારક હતા. આપણે પોતે જોઇ શકીએ છીએ કે એકલા માત્ર નિયમો જાણવાથી જ કાંઈ ઉચ્ચ જીવન મેળવી વા ગાળી શકાતું નથી. છતાં કેટલાક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માણસોમાં–દાખલા તરીકે થ્યુકિડિડીસ જે એક વિખ્યાત સોફિસ્ટનો શિષ્ય હતો એવા માણસોમાં–આ ફિલસુફીને પરિણામે ‘ રાજ્યોનો કારભાર કેમ ચલાવવો અને પ્રજાઓ સફળ કેમ થઇ શકે ’ એવી ખરેખરી ઊંડી અને સુંદર વિચારપરંપરાનો આવિષ્કાર થયો. સોફિસ્ટો સોક્રેટીસના અનુયાયી હતા. “ ન્યાય એટલે શું, સત્ય ? ” એવા એવા પ્રશ્ન સોક્રેટીસ વિચારતો. ઘણી વખત આવા પ્રશ્નોના સ્પષ્ટ ખુલાસા તેને જડતા નહિ, પરન્તુ તેણે માણસોને આવા પ્રશ્નો ઉપાડી લેવાને અને ગમે તેવા ખુલાસાથી સંતોષ ન માનતાં આખી વસ્તુ સમ્પૂર્ણપણે વિચારી જવાને પ્રેર્યા. તે પોતે પ્રગાઢ ચિંતનની ધગશવાળો માણસ હતો અને એ ધગશમાં તેણે ઉચ્ચ જીવનની જરૂરિયાતની માણસોને ખાતરી કરાવી દેવાની પ્રબલ ઇચ્છાનો ઉમેરો કર્યો. તે સાચો ધર્મોપદેશક હતો; અને એથિનિયનોએ તેને સાચો શહીદ બનાવ્યો. તેનો વધ કર્યો એટલે યાહુદીઓની પેઠે એથિનિયનોએ પોતાના પયગંબરનો જ વધ કર્યો.

આગળ કહ્યું તેમ જો કે ગણ્યાગાંઠ્યા માણસો જ આવા પ્રશ્નોમાં રસ લેતા, છતાં વિજ્ઞાન અને ફિલસૂફીમાં રસ લેવો એ એથેન્સમાં ફેશનેબલ ગણાતું. સોફિસ્ટોને અનેક શિષ્યો હતા; યુરિપિડીસનાં નાટકો જોવા માટે દરેક જણ પડાપડી કરતો. એ નાટકોમાં દેવો વિષેના પ્રચલિત વિચારોનો વિરોધ કરવામાં આવ્યો છે અને ખરાખોટાના–સત્યાસત્યના ફૂટ પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. સોક્રેટીસના અંગત મિત્રો એથેન્સના યુવાન ઉમરાવો હતા અને સારા તથા ખાનદાન માણસ થવા માટે અને પોતાના ઘરનાં માણસો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને નોકરો, સગાંસ્નેહી, પોતાના દેશ અને દેશ બાંધવો સાથે કેમ વર્તવું એ શીખવા માટે તેઓ સોક્રેટીસ પાસેથી ઉપદેશ લેતા. બે પાંચ માનીતા શિષ્યો ઉપર જ આ વિચારોની દૃઢ છાપ પડી; પણ ઉપર ગણાવ્યા તે ગુરુઓની લાગવગ માત્ર તેમના તત્કાલિન શિષ્યો ઉપર પડીને અટકી ગઇ નહિ. આવા પ્રશ્નોની કંઇ નહિ તો ચર્ચા તો સર્વત્ર થતી, અને રસ ભલે ઉપર ઉપરનો હોય તથાપિ આટલું પરિણામ આવ્યું ગણાય, કે નીતિ અને રાજકારણના વિચારોની બાબતમાં બીજા દેશોના લોકો જેવા ગ્રીક લોકો બેવકૂફ રહ્યા નહિ.

આમ વિજ્ઞાન અને ફિલસૂફી બંનેની ગ્રીક લોકોએ શરૂઆત કરી; અને સોક્રેટીસના સમય પછી ગ્રીક લોકોનો એક પછી એક જમાનો એ બંને દિશામાં પ્રગતિ કરતો ગયો. ફિલસૂફીમાં સોક્રેટીસનો શિષ્ય પ્લેટો મુખ્ય થયો. તેણે સુંદર ગ્રીક ભાષામાં, જીવન, ફરજ, સૌંદર્ય, સત્ય, માણસે કેવું જીવન ગાળવું, અને રાજ્ય કેમ ચલાવવું એ વિષે પોતાના વિચારો દર્શાવ્યા છે. બધા વિચારકોનો તે ગુરુ છે. તેની પછી થયેલો એરિસ્ટોટલ બધા જ્ઞાનીઓનો અગ્રણી છે. સમસ્ત જ્ઞાનને તેણે પોતાનો કાર્ય દેશ ગણી લીધો અને વિજ્ઞાન તથા ફિલસૂફીના લગભગ દરેક વિષય વિષે તેણે લખ્યું અને વિચાર્યું. તેની પછી ફિલસૂફી ઉપરની ગ્રીક અસર ચાલુ જ રહી છે. એ અસર સ્ટોઇકિસ, સીનિકસ, નીઓ-પ્લેટોનિસ્ટ લેખકો, શિક્ષકો અને બીજાઓ જેમણે ફિલસૂફી અને ધર્મને જોડી દેવાને જુદી જુદી રીતે સાચો પ્રયત્ન કર્યો તેમનામાં દેખાય છે; સેન્ટ પોલમાં પણ એ અસર થયેલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેખાય છે. સેન્ટ પોલ મહાન સંત અને મહાન ખ્રિસ્તી ઉપદેશક હતો એટલું જ નહિ, એરિસ્ટોટલ પછીનો એ સર્વોત્તમ ગ્રીક વિચારક છે.

વિજ્ઞાનમાં પણ ગ્રીસે પોતાનું કામ આગળ ચાલુ રાખ્યું. પાછલા વખતના ગ્રીક લોકોએ વ્યાકરણ, સંગીત, ખગોળ, ભૂમિતિ, વૈદક, યંત્રવિદ્યા, ભૂગોળ, ખેતી એમ વિજ્ઞાનના લગભગ એકેએક વિષય ઉપર સંખ્યાબંધ પુસ્તકો વાંચ્યાં તેમ જ નવાં લખ્યાં; અને હાલના યુગમાં, એ લોકો જાણતા તે કરતાં વિજ્ઞાન ઘણું આગળ વધ્યું છે, છતાં આ બધાં જ્ઞાનની શરૂઆત કરવા બદલ તો આપણે તેમના જ ઋણી છીએ. અત્યારે ભાગ્યે જ વિજ્ઞાનની એવી કોઇ શાખા હશે કે જેમાં ગ્રીકમાંથી ઉછીના લીધેલા શબ્દો મોટે ભાગે વપરાતા નહિ હોય.

પણ આ વાત કરતાં આપણે પેરિકિલસના યુગથી ઘણા આગળ નીકળી ગયા. ઉપર કહ્યું તેમાંનું ઘણું એથેન્સમાં કે ગ્રીસમાંય બનેલું નહિ, જો કે એ કામ ગ્રીક જાતિના ગ્રીક ભાષા બોલતા માણસોએ જ કરેલું ખરૂં. ગ્રીસના સુવર્ણયુગ પછી એથેન્સમાં જીવન કરમાતું ગયું. શહેરને માથે દુઃખના દિવસો આવ્યા. વિજય વગરની લડાઇના બોજાએ લોકોનો ઉત્સાહ હણી નાખ્યો, અને પેરિકિલસના સમય જેવું મહાન જીવન જીવવા લાયક શક્તિ ફરી તેમનામાં કયારેય આવી નહિ. રાજકારણ, વિચાર, જીવન બધામાં તેમનો વિનિપાત થયો. આપણે કદાચ જોઇ શકીએ કે જીવનના આ બધા ચમકારાની પાછળ જોખમ તોળાઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહ્યાં હતાં. કદાચ છે તેના કરતાં તેમણે જીવનને વધારે સરળ માની લીધેલું. તેઓ કદી આત્મસંયમ કરતાં શીખ્યા જ નહોતા. સત્ય માટેની તેમના અંતરની તમન્નાની તાણને લીધે તેમનું દેવાળું નીકળ્યું. નીમકહરામી, દગાખોરી અને અપ્રમાણિકતા તેમનામાં દરેક જમાનામાં અતિ સાધારણ વાત હતી. પાપ વિષે કશી સાચી સમજણ ન હોવાથી અને ધર્મ વ્યક્તિગત અને નિર્બળ હોવાથી એક પ્રજા તરીકે એ લોકો વધારે ખાનદાન અને સારૂં જીવન જીવવાનો દૃઢ આગ્રહી પ્રયત્ન કરવાને અસમર્થ થયા. તેઓ તમામ નવા નવા વિચારો વિષે જિજ્ઞાસુ, ચતુર અને ચપળ થયા ખરા, પણ સાથે ટંટાખોર અને છીછરા બનવાથી સત્યાસત્ય વિષેની તેમની ધગશ મરી ગઇ.

તેમની અધોગતિ થયેલી જોઇને, આપણે જીવનના ભોમિયા તરીકે કેળવણી, બુદ્ધિ અને હોશિયારી ઉપર સદંતર ભરોસો રાખવામાં સમાયલા જોખમથી સાવચેત રહેવું ઘટે. છતાંય આપણે કબુલ કરવુંજ જોઇએ કે એકલી એ ચેતવણી કરતાં બીજી ઘણી બાબતો માટે આપણે ગ્રીક લોકોના ઋણી છીએ. જીવનને સુંદર બનાવવામાં મદદગાર થતી લગભગ દરેક વસ્તુમાં અને જીવનને ઉદાત્ત બનાવવામાં ખપ લાગતી અનેક બાબતમાં એ લોકો આપણા માર્ગદર્શક છે. કલા અને વાઙ્મયના શુદ્ધ સ્વચ્છ સૌંદર્યના શાશ્વત નમૂનાઓ આપી જવા માટે આપણે તેમના આભારી છીએ. તેમણે આપણને સ્વતંત્રતામાં અને પોતાના રાજ્યના કારભાર માટે દરકાર રાખવાની અને સારા રાજ્યવહીવટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટે મદદરૂપ થવાની દરેક નાગરિકની ફરજમાં માનતા રાજ્યનું દૃષ્ટાંત પૂરૂં પાડયું છે. ફિલસૂફીમાં તેમણે આપણને સ્પષ્ટ અને સાચા વિચારનું દૃષ્ટાંત આપ્યું છે, જે કોઈ પણ જમાનામાં સાચી વિચારણા માટે હજી પણ ઉત્તમ માર્ગ-દર્શક છે. અને જ્યાં સૌંદર્ય પોતે જ આનંદરૂપ મનાતું, જ્યાં માણસના ખરા જીવન માટે સ્વતંત્રતા અનિવાર્ય ગણાતી અને જ્યાં સત્યની સત્યને ખાતર જ કિંમત અંકાતી અને તેને અનુસરાતું, એવાં સુખી શહેરી જીવનનો આળેખ ચીતરી આપવા માટે પણ આપણે તેમના ઋણી છીએ. સેંકડો વર્ષો સુધી રોમન જગતમાં ગ્રીસની અસર ટકી રહી. એ અસરનો શુભ હેતુ માટે ઉપયોગ કરવા ખ્રિસ્તી ધર્મ અણીને ટાંકણે આવી પહોંચ્યો; અને ઘોર અંધકારના યુગમાંથી યૂરોપ આળસ મરડીને જાગૃત થયો, અને કલા અને જ્ઞાનના પ્રદેશમાં મોટાં મોટાં પગલાં ભરવા માંડયો, ત્યારે પ્રાચીન ગ્રીસના ખજાનાની પોતાની પુનઃશોધ માટે રાહબરી અને પ્રેરણા માટે યૂરોપ પણ ગ્રીસનો જ ઋણી બન્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખંડ ૩ જો

## રોમ

૧ રોમની ચડતી
૨ રોમન પ્રજાસત્તાક
૩ ઑગસ્ટન યુગ
૪ રોમન સામ્રાજ્ય
૫ જંગલી લોકોનાં ધાડાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ૧ રોમ

ઇટાલિના પશ્ચિમ કિનારાની લગભગ અધવચ્ચે ઇતિહાસમાં ‘ લૅટિયમ ’ ના નામથી પ્રસિદ્ધિ પામેલું મેદાન આવેલું છે. ( ‘ લૅટિયમ ’ શબ્દનો મૂળ અર્થ વિશાળ અથવા ખુલ્લી જમીન એટલોજ હશે. ) કિનારા સિવાયની તેની દરેક બાજુએ તે મેદાન ઉચ્ચ પ્રદેશથી વિંટાયેલું છે; ઉત્તર દક્ષિણે ડુંગરાળ પ્રદેશ આવેલો છે, ત્યારે તેની પૂર્વ સીમાએ એપિનાઈન પર્વતોની હારમાળા છે. આ મેદાનની સપાટી ખાડાખડિયાવાળી છે, એક સરખી નથી. અહીંતહીં ટેકરીઓ ઉપસેલી છે, પણ ઘણીખરી નીચી છે.

આ પ્રદેશમાં અતિ પ્રાચીન કાળમાં ડાન્યુબ નદીના પ્રદેશમાંથી ઉત્તર ઈટાલિમાં આવી વસેલાં લોકોનાં ટોળાં આવી ચડયાં, અને પછી આ ભાગમાં પહોંચતાં સુધી દક્ષિણ તરફ આગળ ખસતાં રહ્યાં, જ્યાં તે સ્થિર થઈને વસ્યાં. આ લોકો એટલે જેમને આપણે ‘ લૅટિન્સ ’ નામથી ઓળખીએ છીએ તે( =લૅટિયમના લોકો ). એ પ્રદેશમાં તેમણે ઘણાં શહેરો વસાવ્યાં, જે દરેક પોતે પોતાનો સ્વતંત્ર વહીવટ કરતાં છતાં પરસ્પર કોઇક જાતની મૈત્રી કે સંબંધ નિભાવતાં એમ લાગે છે. એ સંબંધ ‘ લૅટિન લીગ ’ ને નામે ઓળખાયો છે. આમાંનું એક શહેર ટાઇબર નદીને ડાબે કિનારે તેના મુખથી આશરે ૧૫ માઇલ, ૧૫૦ ફીટની ઉંચાઇની નાની નાની ટેકરીઓ ઉપર વસેલું હતું. આ શહેર તે જ રોમ. તેના ખાતમુહૂર્તની સાલ રોમનોએ ઇ. સ. પૂ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૭૫૪ ગણી છે. ઉત્તરના ઇટ્રુસ્કન લોકો ટાઇબર નદી ઓળં-ગીને ધસી ન આવે એટલા માટે ચોકી તરીકે તેની સ્થાપનામાં ધારણા હતી. અર્થાત્ શરૂઆતમાં તો લૅટિન પ્રદેશની સીમા ઉપર કિલ્લેદારી શહેર કરતાં તેનું કશું વધારે મહત્વ નહોતું.

લૅટિન શહેરોમાંથી એકેયનું પહેલાં તો ઇટાલિમાં ખાસ મહત્વ નહોતું. દક્ષિણ ઈટાલીમાં ગ્રીક વસાહતીઓએ ર્હિજિયમ (સ્થા. ઇ. સ. પૂ. ૭૧૫), ક્રોટોન (૭૧૦), ટેરે-ન્ટમ (૭૦૮) જેવાં શહેરો વસાવ્યાં હતાં. ગ્રીક સંસ્કૃતિના પીઠબળ સાથે આ શહેરોએ શરૂઆત કરી, અને ઝપાટાબંધ ધનવાન અને આબાદ થયાં. તેમ છતાં લૅટિયમથી તે એટલાં દૂર હતાં કે લેટિનોને ખાસ દખલગીરી કરી શકે નહિ. વળી ઉત્તર આફ્રિકાનાં કાર્થેજની વધતી જતી સત્તા સામે પોતાના મરતબા ને વેપારનું જતન કરવાની કાળજી તેમને વધારે હતી. લેટિન શહેરોને ધાસ્તી તો ઘર આંગણે પાડોશમાં વસતી ઑબ્સિઅન, સેબેલિયન જેવી આસપાસની પહાડી જાતોની હતી; અને તેમાંય વિશેષ તો ટાઈબરની ઉત્તરે ઇટ્રુરિયામાં આવેલાં ઇટ્રુસ્કન લીગનાં શહેરોની. આ ઈટ્રુસ્કન લોકો ઘણું કરીને પૂર્વ તરફથી ઇટાલિમાં આવેલા. થોડા વખતમાંજ એ લોકો ઉત્તર અને મધ્ય ઇટાલિમાં સૌથી પ્રબળ સત્તાસમાન થઇ પડયા. જમીન તેમ દરિયો, બંને ઉપર તેઓ બળવાન હતા અને તેમના પાડોશી લેટિનો કરતાં આ લોકોનો વ્યાપાર અને સંસ્કૃતિ ઘણી વધારે ઝડપથી ખીલ્યાં હતાં.

રોમના પ્રાચીન ઇતિહાસની ઝાઝી માહિતી મળતી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વ કાળના દિવસોની રોમન લોકો વાતો કરતા–ટ્રૉયથી નાસીને ઇનિયસ ઈટાલિમાં કેવી રીતે ઉતર્યો અને લેનુવિયમ વસાવ્યું–સેમ્યુલસ અને રીમસના આશરા નીચે તેના ઉત્તરાધિકારીઓએ રોમ કેવી રીતે બાંધ્યું–નૂમા નામનો પ્રાચીન રોમન રાજા દેવોને કેવો વહાલો હતો–અભિમાની ટારકિવને લ્યુક્રીશિયાની લાજ કેવી રીતે લીધી અને પછી રોમન લોકોએ તેને કાઢી મૂક્યો; અને જ્યારે ઇટ્રુસ્કન લોકોની મદદથી ટારકિવને પાછા આવવાનો પ્રયત્ન કર્યો ત્યારે શત્રુઓ સામે રોમના પૂલનું રક્ષણ હોરેશિયસે કેમ કર્યું; પાછળથી કેસ્ટર અને પોલકસ દેવોએ રેગિલસ સરો-વરસના યુદ્ધમાં રોમન સૈન્યને કેવો વિજય અપાવ્યો–એવી એવી વાતોમાં સત્યાંશ કરતાં રૂવાડાં ઊભાં કરે એવો દિલચસ્પ અંશ વધારે છે. એટલીજ વાત ખાતરીપૂર્વક કહી શકાય કે આખરે રોમ લેટિન શહેરોનું અગ્રણી થયું. પરન્તુ એ પણ સંભવિત લાગે છે કે ઇ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં તેના ઉપર ઇટ્રુસ્કન સરદારોનો અમલ હતો તે દરમિયાન તેની મોટાઇની શરૂઆત થઇ હોય. આ સરદારોએ રોમનો વિસ્તાર વધાર્યો અને રોમનોને ઇટ્રુસ્કન સંસ્કૃતિના કળા અને ઉદ્યોગો થોડા ઘણા પણ શીખવ્યા હોવાજ જોઇએ. ખાસ કરીને મોટાં મોટાં મકાનો અને શહેરની ગટર બાંધવાનું રોમનોને એ લોકોએ શીખવ્યું. રોમની મુખ્ય મોટી ગટર "ક્લોકા મેક્સિમા" લગભગ એ જમાના જેટલી જૂની છે. પોતાના નાગરિકોનાં સ્વાસ્થ્ય અને સુખ સગવડ માટેનાં વિશાળ સાર્વજનિક બાંધકામોની જવાબદારી રોમે એટલા વહેલા કાળથી ઉપાડી લીધી અને પાછળથી પણ હંમેશાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અદા કરી છે. એટલું તો ચોક્કસ દેખાય છે કે ઇટ્રુસ્કન સ્વામીત્વે રોમને લૅટિયમનું અગ્રણી બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

છઠ્ઠા સૈકાના અંતમાં ઇટ્રુસ્કન લોકોને હાંકી કાઢવામાં આવ્યા. પરન્તુ પોતાના પરદેશી શાસકોથી છૂટતાં રોમને પોતાની હયાતી માટે મથવું પડયું. પછીનાં ૩૫૦ વર્ષનો તેનો ઇતિહાસ અવિશ્રાન્ત લડાઇ ટંટાથી ભરપૂર છે; અને એ લડાઈઓ દરમિયાન સતત આવરણો ને આપત્તિઓ વચ્ચે ધીમે ધીમે તે પહેલાં ઇટાલિનું અગ્રણી અને પછી દુનિયાનું સૌથી મોટું રાજ્ય બને છે. આ લાંબી કથા ત્રણ ભાગમાં વહેંચી નાખી શકાયઃ अ ઇટાલિ માટેની લડાઇઓ ઇ. સ. પૂ. ૫૦૦–૨૬૯; ब પ્રશ્ચિમ સમુદ્રો માટેની લડાઈઓ ૨૬૪–૨૦૦; क પૂર્વ પ્રદેશની લડાઇઓ ૨૦૦–૧૫૦.

अ. ઇટસ્કન સત્તાની ચડતી કળાના દિવસો પૂરા થયા અને અગ્નિખૂણા તરફથી સેમનાઇટ તથા ઉત્તરમાંથી કેલ્ટ અથવા ગૅાલ લોકોના હુમલાથી તે નબળી પડી ( આ ગૅાલ લોકો ઈ. પૂ. ૩૯૦ માં તો છેક રોમ સુધી ધસી આવેલા; રોમ કબજે કર્યું અને બાળ્યું; પણ પછી લૂંટનો માલ લઇ જતા રહ્યા ); સમુદ્ર ઉપર પણ ગ્રીક લોકો તેમને ધીમે ધીમે હઠાવતા ગયા અને ઈ. પૂ. ૪૭૪ માં સિરેક્યુસાન લોકોએ તેમને એવા સખ્ત હરાવ્યા કે તેમની દરિયાઇ સત્તા પાછી કદિ જામી નહિ. પરન્તુ રોમના સૌથી વધારે ભયંકર દુશ્મનો તો વૅાલ્સિયન, સેબાઇન, એકિવયન અને જરા વધારે દૂરના લોકોની પહાડી જાતો હતી. રોમના વધતા જતા મરતબાની આ લોકોને અદેખાઇ આવતી. તેઓ માથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભારે શત્રુઓ હતા અને તેમને શેહ આપતાં પહેલાં રોમને કેટલીયે વિષમ પળો અને લડાઈની સતત જંજાળ વેઠવી પડી હતી. ખાસ કરીને સેમનાઇટોએ રોમને ત્રણ દારૂણ વિગ્રહોમાં ઉતાર્યું ( ૩૪૩–૨૯૦ ). પરન્તુ લેટિનો અને હરનિકનોની મદદ વડે હમેશાં છેવટની જીત તો રોમની જ થતી. ઈ. પૂ. ૩૪૩ માં રોમ મધ્ય ઈટાલિનું સ્વામી થયું; અને ઈ. પૂ. ૩૩૮ માં લેટિન લીગનો અંત આવ્યો એટલે લૅટિયમ અને તેની આસપાસના મુલકનું રોમ સર્વમાન્ય અગ્રણી થયું.

સેમનાઇટ લોકો ઉપરના વિજયે તેને દક્ષિણનાં ગ્રીક નગરોના સંબંધમાં આણ્યું. તેની ઉન્નતિથી ડરીને ટેરેન્ટમે ઈ. પૂ. ૨૮૦ માં એપિરૂસના રાજા પીરસની મદદ માગી. એ રાજાને હાથે રોમનોને દશ વર્ષ સુધી ઘણા પરાજય ખમવા પડયા. પરન્તુ તેમણે સમાધાનીની એકેએક દરખાસ્ત હઠપૂર્વક નકારી અને આખરે ૨૭૫ માં પીરસે પોતાની જીતો નકામી જતી સમજીને ઇટાલિ છોડયું. ગ્રીક શહેરો રોમને શરણે દોડતાં આવ્યાં અને એ રીતે તેની સત્તા આરનો નદીથી દક્ષિણ કિનારા સુધી ફેલાઇ અને પો નદીની ખીણ જયાં ગૅલિક જાતો વસતી હતી અને જેમને તેણે હજી છેડી નહોતી તે સિવાયનો, અત્યારે જેને ઈટાલિ કહીએ છીએ તે આખા વિસ્તારનો તેની સત્તામાં સમાવેશ થયો.

૧. રોમ હવે ભૂમધ્ય સમુદ્ર સુધી પહોંચ્યું. મેસિનાની સામુદ્રધુનીને પેલે પાર સિસિલીનો અતિ ફળદ્રુપ બેટ આવેલો છે. આ સ્થળનાં ગ્રીક શહેરોને બેટની પશ્ચિમે મજબૂત મથકો ધરાવતા કાર્થેજિયન લોકોની હરીફાઇનું લાંબા કાળથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોખમ રહ્યા કરતું. કાર્થેજ મોટું શહેર હતું. ટાયરના ફિનીશિયન લોકોએ સ્થાપેલું એ શહેર પશ્ચિમનું સૌથી મહાન વ્યાપારી નગર થઈ પડયું હતું. તેનો કારભાર શ્રીમન્ત વ્યાપારીઓનું મહાજન ચલાવતું. તેના નાગરિકો વેપારી હતા, લડવૈયા નહોતા; કાર્થેજ પોતાને ખપ પડતો ત્યારે આસપાસના આફ્રિકન મુલકની ન્યુમીડિયન જાતોમાંથી પગારદાર સૈનિકો રાખી લેતું. છતાં તેના નાગરિકો સદાય સાહસિક અને કુશળ નાવિકો હતા; અને તેનાં વેપારી વહાણો ઉત્તરમાં છેક બ્રિટન સુધી અને દક્ષિણમાં આફ્રિકાના દૂર દૂરના પશ્ચિમ કિનારા સુધી સફરે જતાં. રોમની ચડતીએ તેનામાં ઈર્ષ્યા અને બીક જાગૃત કર્યાં. બંને રાજ્યો વચ્ચે લડાઇ અનિવાર્ય થઇ પડી.

બંને 'પ્યુનિક' અથવા કાર્થેજિયન વિગ્રહો ઇ. સ. પૂ. ૨૬૪ થી ૨૪૧ અને ૨૧૯ થી ૨૦૨ સુધી ચાલ્યા. પહેલા વિગ્રહમાં ખરૂં મહત્વ દરિયાઇ યુદ્ધનું હતું. સિસિલીમાં ક્ષેત્રયુદ્ધ કદિ નિશ્ચયાત્મક થયું નહિ, અને આફ્રિકામાં ઉતરેલાં રોમન લશ્કરનો શત્રુઓને હાથે નાશ થયો. જીત મેળવવી હોય તો રોમે કાર્થેજને દરિયા ઉપર હરાવ્યે જ છૂટકો અને એટલા માટે તેને બલિષ્ઠ કાફલો બાંધવો પડયો. આ ભગીરથ પ્રયત્ન માટેના તેના આગ્રહ સારૂ માન ઉત્પન્ન થાય છે. ગ્રીક તેમજ ઇટ્રુસ્કન નાવિકોની કાંઇક મદદ તે મેળવી શકેલું એ ખરૂં, પરન્તુ તે છતાંય એક ખુશ્કી સત્તાએ ચાલતી લડાઇએ પોતે દરિયાઇ સત્તામાં પલટાઇ જવાનો પ્રયત્ન કરવો અને દુનિયાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૌથી સમર્થ દરિયાઈ સત્તાનો સામનો કરવો એ જેવું તેવું કામ નહોતું. વળી શરૂઆતમાં તો ભાગ્ય પણ તેની સામે રૂઠયું. રોમે ચાર કાફલા બાંધ્યા અને ચારેયને લડાઈ કે તોફાનમાં ગુમાવ્યા. આટલું થયા છતાં તેનાં સદ્‌ભાગ્યે કાર્થેજની સરકાર એવી બેવકૂફ નીવડી કે તેણે પોતાનાં સારાં નસીબનો ઉપયોગ જ કર્યો નહિ, એવી મકખીચૂસ કે પોતાના કાફલાને મરામત પણ કરી નહિ અને પોતાના મહાન સેનાપતિ હેમીલ્કારની એવી અદેખી કે સિસિલીમાં તેને જરૂરની મદદ પણ મોકલી નહિ. આથી રોમને એક વિશેષ પ્રયત્ન કરી જોવાની તક મળી. રાજ્યની તિજોરીમાં આ વખતે પૈસા બિલકુલ નહોતા, તેથી રોમના શ્રીમંતોએ પોતાના પદરનાં ૨૦૦ વહાણો બાંધ્યાં અને રાજ્યને ભેટ ધર્યાં. પછી તો ભાગ્ય પણ ફર્યું. આ કાફલાએ ઇગેશિયન ટાપુઓની સામે દુશ્મનોને સજ્જડ હરાવ્યા; અને પોતાના મુલકને ચઢાઈથી બચાવવા કાર્થેજને સુલેહ માગવી પડી.

આ લડાઈનાં પરિણામે સિસિલી રોમને મળ્યું અને પહેલો રોમન પ્રાન્ત બન્યું. રોમે ત્યાર પછી તુર્ત કૉર્સિકા અને સાર્ડિનીઆ જીત્યાં અને તેથી પશ્ચિમ સમુદ્રોનું ધણી થયું. વળી ઉત્તરમાંથી ઇટાલિ ઉપર આવેલી ગૉલ લોકોની ધાડને હરાવી અને પો નદી સુધીનો પ્રદેશ તાબે કર્યો.

પણ કાર્થેજ સાથેની માથાકૂટનો કાંઈ છેવટનો અંત આવ્યો નહોતો. વેર વાળવા માટે બળી રહેલા હેમિલ્કારને પોતાની સરકાર પાસેથી દક્ષિણ સ્પેનમાં કાર્થેજની સત્તા વધારવાની પરવાનગી મળી. નવ વર્ષ સુધી ત્યાં તેણે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગભગ સ્વતંત્રપણે રાજ્ય કર્યું, દેશનાં સાધનો ખિલવ્યાં અને ઉત્તમ લશ્કર કેળવ્યું. ઈ. પૂ. ૨૨૯ માં મરતી વખતે તે પોતાના પુત્ર હેનીબાલને પોતાની સત્તા અને વેર વાળવાનું સોંપતો ગયો. ૨૨૦ માં હેનીબાલ ચઢાઈ માટે આગળ વધવા તૈયાર થયો.

ઇતિહાસના અર્ધો એક ડઝન મહાન સેનાપતિઓમાંનો હેનીબાલ પણ એક છે. રોમ પ્રત્યેનો તેનો ધિક્કાર તેના મનથી પવિત્ર ધર્માજ્ઞા હતી. દરિયા માર્ગે તો ઇટાલિ ઉપર તેનાથી હુમલો થઇ શકે એમ નહોતું, કારણ કે રોમન કાફલાનું ત્યાં પ્રભુત્વ હતું. એટલા માટે તેણે ૧૦૦,૦૦૦ માણસોનું લશ્કર લઇને ખુશ્કી રસ્તે કૂચ શરૂ કરી. પીરેનીઝ પર્વતો ઓળંગીને રસ્તામાં સ્પેનીશ અને ગેલિક ટોળીઓને વશ કરતો કે જીતતો તે હ્રોન નદી સુધી આવી પહોંચ્યો. દારૂણ મુશ્કેલીઓ વચ્ચે બરફમાં અથડાતાં કૂટાતાં તેણે આલ્પ્સ પર્વત ઓળંગ્યો અને ઈ. પૂ. ૨૧૮ માં પોતાના લશ્કરમાંથી બચેલા માત્ર ૩૦ હજાર સૈનિકોને ઇટાલિમાં આણ્યા. તેની આ કૂચ ઇતિહાસમાં સૌથી સાહસિક અને વિસ્મય પમાડનારી છે; પણ ઇટાલિમાં તેણે સોળ સોળ વર્ષ સુધી પોતાની સત્તા ટકાવી રાખી એ તો તેથીયે વધારે આશ્ચર્યકારક છે. ટિસિનસ અને ટ્રેબિયા, ટ્રેસીમાન સરોવર અને કેન્ને, એમ સ્થળે સ્થળે તેણે રોમન લશ્કરોને ઉપરાઉપરી હરાવ્યાં. ઇટાલિની ભૂમિ ઉપર તેણે કદી એકેય હાર ખાધી નથી. ગૉલ લોકોએ તેને માણસોની મદદ કરી, દક્ષિણ ઈટાલિએ રોમ સામે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બળવો કર્યો અને રોમ નગર ઉપર ભયંકર આફત તોળાઇ રહી. પણ તકદીર અને હઠાગ્રહે રોમને ઉગાર્યું.

૧ તકદીરઃ કારણ કે કાર્થેજે હેનીબાલને પૂરવણી મદદ વગર લટકતો રાખ્યો; ન તો વધારે લશ્કર મોકલ્યું કે ન મોકલ્યાં ઘેરો ઘાલવાનાં યંત્રો (પોતાની કૂચમાં હેનીબાલ એવું કશું સાથે લાવી શકે એમ હતું જ નહિ), અને તેથી રોમ ઉપર કદી પણ ઘેરો ઘાલી શકાયો નહિ. દક્ષિણ સિવાયના રોમના મિત્રો પણ રોમની પડખે મક્કમ ઉભા રહ્યા અને હેનીબાલે આશા રાખી હતી તેમ બળવો ન કર્યો.

૨ હઠાગ્રહઃ ખરાબમાં ખરાબ ઘડીએ પણ રોમન હિંમત ઢઢળી પડી નથી. કેન્નેનો ભયંકર પરાજય જેમાં રોમે ૭૦,૦૦૦ માણસો ખોયાં હતાં તે પછી પણ માત્ર એકલા બચી ગયેલા સેનાપતિને તેના પ્રત્યાગમન સમયે સેનેટ અને નગરજનો સામે લેવા ગયેલા; એટલુંજ નહિ પણ 'પ્રજાસત્તાકની તેણે હજી આશા છોડી દીધી નહોતી એટલા માટે' તેનો જાહેર આભાર પણ માનેલો. ૨૦૭ માં હેનીબાલનો ભાઈ હસ્દ્રુબાલ, સ્પેનમાં તેની ઉપર ચોકી રાખતાં રોમન લશ્કરોની નજર ચુકાવીને, મોટા લશ્કર સહિત ઇટાલીમાં આવી પહોંચ્યો, ત્યારે અણીની પળ આવી. બંને ભાઇઓનાં લશ્કરો ભેગાં થઇ ગયાં હોત તો તો રોમનું આવી જ બન્યું'તું. પણ હેનીબાલની તપાસ રાખતાં રોમન લશ્કરના સરદાર ક્લૉડિયસ નીરોના હાથમાં હસ્દ્રુબાલના ખેપિયાઓ સપડાઇ ગયા. હેનીબાલને છેત-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રવા થોડુંક લશ્કર પાછળ રાખીને નીરો પોતાના મુખ્ય લશ્કર સાથે સટકી ગયો અને બીજા રોમન લશ્કર સાથે જોડાયો. હસ્દ્રુબાલ કૂચના થાકમાંથી ટટાર થાય તે પહેલાં બંને લશ્કરો તેની ઉપર તૂટી પડયાં અને મેટારસ નદી આગળ તેને ઘેરી લીધો. હસ્દ્રુબાલ પોતે લડાઈમાં કામ આવ્યો. આ ફટકો ખરેખર જબરદસ્ત હતો અને હેનીબાલની ફરી વાર મદદ મેળવવાની આશા જ નષ્ટ થઇ ગઇ. તેમ છતાંય બીજાં ચાર વર્ષ સુધી તે દક્ષિણ ઇટાલિમાં ટકી રહ્યો, પણ તેનાથી રોમને કશું વધારે નુકસાન થઈ શક્યું નહિ. એક રોમન સૈન્ય આફ્રિકામાં ઉતર્યું એટલે કાર્થેજના રક્ષણ માટે તેને પાછો બોલાવી લેવામાં આવ્યો. ત્યાં પોતાના જૂજ બચી ગયેલા મહારથીઓ સિવાય તદ્દન નવા લશ્કર સહિત ઝામા આગળ (૨૦૨) રોમનો સાથે તેણે મુકાબલો કર્યો અને તેમાં તેનો સદંતર પરાજય થયો.

આ પરાજયે લડાઇનો અંત આણ્યો. કાર્થેજને આકરી શરતો કબૂલવી પડી. તેમાં તેનાં વિદેશીય સંસ્થાનો ખૂંચવી લેવાયાં; તેનો કાફલો ઘટાડીને ૨૦ વહાણનો કર્યો; એક નાનકડા રાજ્યને દરજ્જે તે ઉતરી ગયું; પાડોશી ટોળીઓ તેને વારંવાર પજવતી અને તે પાછું શ્રીમંત અને બળવાન થઇ ન બેસે એટલા માટે તેનાં ખેતરો વગેરે લુંટવાને રોમ એ ટોળીઓને ઉશ્કેર્યા કરતું. ઇ. સ. પૂ. ૧૪૯માં કાર્થેજની સજીવન થતી આબાદીના ડર સિવાય બીજાં કશાં બહાનાં વગર રોમે તેના ઉપર હુમલો કરવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લશ્કર મોકલ્યું. બે વરસ સુધી કાર્થેજે જીવસટોસટ ટક્કર ઝીલી; પણ ઈ. પૂ. ૧૪૬ માં તે પડયું અને તેનો સદંતર નાશ થયો. ઇતિહાસકારો આને ત્રીજો પ્યુનિક વિગ્રહ કહે છે, ક્રૂર સતામણી સિવાય તેને બીજું કશું કહી શકાય જ નહિ. એવા અનુપમ શૌર્યપૂર્વક લડાયેલી લડતનો એ બેશરમ અણછાજતો અંત ગણાય.

પ્યુનિક વિગ્રહને પરિણામે રોમે આખું સ્પેન હાથ કર્યું અને ઉત્તર આફ્રિકામાં સાર્વભૌમ થયું. ત્યાર પછીનાં વર્ષોમાં પો નદીની પેલે પારની ગૉલ જાતોને જીતીને છેક આલ્પ્સ સુધી પોતાની સત્તા વિસ્તારવાને તે સમર્થ થયું. પશ્ચિમ દુનિયાની હવે તે સૌથી બળવાન સત્તા થયું.

૪. બીજો પ્યુનિક વિગ્રહ હજી માંડ પૂરો થયો ત્યાં રોમને પૂર્વ તરફ લક્ષ આપવું પડયું. મેકિડોનના રાજા ફિલિપે અને સીરિયાના રાજા એન્ટીઑાકસે મૈત્રી બાંધી હતી. ફિલિપ ગ્રીક શહેરો ઉપર હુમલા કરતો અને ગ્રીસમાં મેકિડોનનું સામ્રાજ્ય સ્થાપવાની ધમકી આપતો હતો. આખરે યુદ્ધનાં નગારાં વાગ્યાં અને સિનોસેફાલી આગળ ૧૯૨ માં ફિલિપે પેટ ભરીને માર ખાધો. તેના મિત્ર એન્ટિઑાકસે પુષ્કળ ઢીલ પછી મોટા દળદળા સહિત ગ્રીસ તરફ પ્રયાણ કર્યું; પણ થર્મોપીલી આગળ હાર્યો અને એશિયા તરફ પાછો ધકેલાયો. સીરિયાની અદેખાઈ કરતા હોડસ અને પરગેમમની રોમનોએ મદદ મેળવી અને એન્ટિઑાકસના ફિનિશિયન કાફલાને બે વખત છિન્નભિન્ન કરી નાખ્યો. એમ રોમન સૈન્ય એશિયામાં ઉતર્યું અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૮૦ માં મેગ્નેશિયા આગળ એન્ટિઑકસના લશ્કરના ફૂરચેફૂરચા ઉડાડી દીધા. રોમને ખંડણી ભરવાની અને પશ્ચિમ એશિયા માઇનોરનાં દેશી રાજ્યોને સ્વાતંત્ર્ય બક્ષવાની એન્ટીઑકસને ફરજ પડી. તે વખતે તો રોમે ત્યાં ખૂદ પોતાનો પ્રાંત ન બનાવ્યો; પણ એ વખતથી એશિયા માઈનોરમાં તેની સત્તા સર્વોપરી થઇ. સીરિયાનું રાજ્ય ભાંગતું ગયું અને તેનો અંતકાળ રોમ ક્યારે તેને પોતાને કબજે લઈ લે એ દિવસની રાહ જોઇ રહ્યો.

મેકિડોન, જે પોતાના નવા રાજા પરશીયસના હાથ નીચે હજી ત્રાસ આપી રહ્યું હતું તે ૧૬૮ માં પીડનાની લડાઈમાં છેવટનું હાર્યું. ૧૪૮–૬ માં મેકિડોન અને આખા ગ્રીસને રોમના પ્રાંતો બનાવવામાં આવ્યા. ૧૬૮ ની સાલમાં ઇજીપ્તને જીતવાના સીરિયાના પ્રયત્નો સામે તેનું રક્ષણ કરવા માટે ઇજીપ્તમાં પણ રોમે સાર્વભૌમ હક્ક ધારણ કર્યા. મીસરી રાજાઓને રહેવા દીધા, પણ તે રોમન સત્તા નીચે અધીન રાજાઓ તરીકે.

રોમ હવે આખી મેડિટરેનિયન દુનિયાનું માલેક થયું. તેની ફત્તેહો મોટે ભાગે તેના પોતાના સદ્‌ગુણોને આભારી હતી. જૂના જમાનાના રોમન શુરવીરોની વાતો મુખ્યત્વે દંતકથાઓ જેવી છે; પણ તે બતાવી આપે છે કે કેવી જાતના ગુણો ઉપર રોમન લોકો વારી જતા. બ્રુટસ ( 'રોમન ફાધર' ) ની વાત, જેણે મુખની એક પણ રેખા બદલાયા વિના રાજદ્રોહના ગુન્હાબદ્દલ પોતાના પેટના ફરજંદનો વધ કરવાનો હુકમ આપ્યો–સિન્સિનેટસ, જેને લશ્કરનું સેનાપતિપણું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લેવા બોલાવ્યો ત્યારે પોતાના ખેતરમાં હળ હાંકતો હતો અને જેણે પોતાના લશ્કરને વિજય અપાવ્યા પછી સીધો ખેતરનો માર્ગ લીધો હતો,–અને ડેશીયાઈ, જે લડાઇને મોખરે ધસી ગયા અને યુદ્ધમાં સૌથી પહેલા ખપી ગયા, કારણ કે એવાં બલિદાનથી રોમ ઉપર દેવોની કૃપા ઉતરશે એવી તેમને શ્રદ્ધા હતી–આ વાતો ભલે સાચી બનેલી ન હોય; પરન્તુ આમ આદરને પાત્ર થયેલા ગુણો એ પૂર્વ કાળના રોમન લોકોએ તો સાચોસાચ બતાવી આપેલા.

તે લોકોના કહેવા પ્રમાણે મુખ્ય રોમન સદ્‌ગુણો આ હતા : 'પ્રતિભા', સ્વમાન અને ધીરગાંભીર્યનું ભાન, 'ભક્તિ', દૈવી કે માનવી સત્તા પ્રત્યેની ફરજનું ભાન, અને 'સાદાઇ', જીવન વ્યવહારમાં એક ધારી સરળતા–એકમાર્ગતાની શક્તિ. રોમન નાગરિક શિસ્તના જુસ્સાથી ભરેલો હતો, તેનું શિક્ષણ તેને ઘરમાંજ મળતું. બાપની સત્તા સર્વોપરી હતી અને ગૃહદેવો ( લારીસ અને પીનેટીસ) ઉપરની શ્રદ્ધાનો તેને ટેકો મળતો. આ દેવો ઘરમાં બિરાજતા અને તેથી ઘરની શિસ્તને તેમણે પવિત્ર મહોર મારી દીધી હતી. યુવક જ્યારે મોટો થતો ત્યારે એજ જુસ્સો રાજ્ય અને રાજ્યના દેવો પ્રત્યેની ફરજમાં પરિણમતો. રોમનોની એવી શ્રદ્ધા બંધાઇ ગઈ હતી કે રોમને દૈવે કોઈ મહાન સરજત માટે પેદા કર્યું છે, અને તેથી રોમન રાજ્યની વફાદાર સેવા કરવામાં તેમનું અભિમાન વધતું ગયું. રોમ પ્રત્યેની ફરજ અને ભક્તિ 'ભક્તિ' નો તાત્વિક અંશ મનાતો. તેમાં તેમણે અદ્‌ભુત હિંમત અને દૃઢાગ્રહ ઉમેર્યાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોમના સેનાપતિઓ ભાગ્યેજ કોઇ પ્રતિભાવાન હતા, અને બિનપગારી નાગરિક સૈનિકોનું તેનું લશ્કર કેટલીયે વાર હારતું; પરન્તુ રોમ કદિ પરાસ્ત થયું નથી. રોમની જૂના કાળની વાતોમાં અડગ નિશ્ચયનો આ ગુણ ડગલે ડગલે દેખા દે છે.

એ બધા કરતાં કદાચ, રોમ મહાન થયું તે પોતે જીતેલું પોતાને સ્વાધીન રાખવાની તેની અસાધારણ શક્તિને લીધે. સામ્રાજ્યનો કુશળ વહીવટ કરવાની અને તેને સંગઠિત રાખવાની તેના જેવી શક્તિ ઈરાન સિવાય બીજી કોઇ સત્તાએ બતાવી નથી. રોમે તાબે કરેલો ઇટાલિનો દરેક પ્રાન્ત સંધિથી તેની સાથે સંકળાએલો એવો તેનો મિત્ર બનતો. આવા મિત્રોને જાતજાતના વિશિષ્ટ હક્કો અપાતા અને તેથી રોમની ચડતી પડતી સાથે તેમનો ગાઢ સમ્બન્ધ બંધાતો. આ નીતિ ઘણી વખત સ્વાર્થી બની બેસતી: 'નોખનોખા પાડો અને શાસન કરો' એ રોમનુ સૂત્ર હતું. તેના મિત્રોને આપસઆપસમાં મૈત્રી બાંધવાની છૂટ નહોતી. તેમ પોતાના મિત્રો વધારે પડતા બળવાન કે સ્વતંત્ર થાય તો તેમની સાથે કૃતઘ્નીપણે વર્તવામાં રોમને જરાય વાંધો નહોતો. છતાં એકંદર તેની નીતિ ઉદાર અને શાણી હતી, અને લડાઇના જેટલી જ ફત્તેહો આ નીતિ દ્વારા તેણે મેળવી છે. વોલ્સિયન અને સેમનાઈટ લોકો સામે થવામાં લેટિનો અને હરનિકનો; અને હેનીબાલ સામે થવામાં ઇટાલિયનોની વફાદાર મૈત્રી મેળવવાનું જે સદ્ભાગ્ય તેને સાંપડયું તે સદ્ભાગ્યને તે બેશક લાયક હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોમે રાજ્યદ્વારી વ્યવસ્થા પોતાના મિત્રોને ભરોસો છોડી દીધી નહોતી. લશ્કર અને વેપારી વણઝારો આવજા કરી શકે એવા ‘ ફ્લેમિનિયન ’ અને ‘ એપિનિયન ’ નામે સરિયામ રસ્તાઓ ઇટાલિની ચોમેર તેણે બાંધ્યા. આ રસ્તાઓ પરનાં અગત્યનાં મથકોએ ‘થાણાંઓ ’ એટલે કે વફાદારી અને વિશિષ્ઠ હક્કની ખાસ ગાંઠથી પોતા સાથે સંકળાયેલા એવા નાગરિકોથી વસાયેલાં શહેરો તેણે સ્થાપ્યાં. આ થાણાંઓ લશ્કરી કિલ્લેબંધી અને રોમન લાગવગની બેવડી ગરજ સારતાં. આમ જ્યાં જ્યાં રોમન સત્તા ફેલાઇ ત્યાં ત્યાં કાયદા અને કારભારની રોમન પ્રથા, રોમન વેપાર, રોમન રહેણીકરણી અને રોમન બાંધકામો પણ ફેલાયાં.તેના મિત્રો ધીમે ધીમે ‘રોમનાઇઝડ’ થતા ગયા, એટલે કે તેમનું જીવન રોમન પદ્ધતિ મુજબ ઘડાવા માંડયું. આ હકીકત ખાસ લક્ષમાં રાખવી જોઇએ, કારણ કે આખાય રોમન ઇતિહાસમાં તે ડગલે ને પગલે નજરે પડે છે. રોમે જ્યારથી પોતાની ઇટાલિમાં અનુસરેલી રાજનીતિ દરિયાપારના પ્રાન્તોમાં પણ સમ્પૂર્ણપણે લાગુ પાડવા માંડી ત્યારથી રોમન સામ્રાજ્યની ચઢતી કળાના દિવસો શરૂ થયા. રોમનો મુખ્ય પુરૂષાર્થ એ કે તેણે દુનિયાને સૌથી પહેલું દેખાડી આપ્યું કે મોટાં સંગઠિત સામ્રાજ્યને કેમ અધીન રખાય અને તેનો વહીવટ કેવી રીતે કરાય. જે રીતે તેણે પોતાના તાબા નીચેના ઇટાલિને સંયુક્ત કરીને આખાય દ્વીપકલ્પને રોમન મુલક બનાવ્યો એ આ પુરુષાર્થનું પહેલું પગથિયું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૨ રોમન પ્રજાસત્તાક

ઘણા જૂના સમયમાં રોમમાં રાજાઓની આણ વર્તતી. એક સમિતિ–સેનેટ–તેમને કારભારમાં મદદ કરતી. આ સેનેટના સભ્યો મોટાં કુટુંબો એટલે ભદ્રલોકમાંથી નીમાતા. બાકીની વસતિ 'પ્લેબ્સ' અથવા 'પ્લેબિયન્સ' એટલે અકુલીન લોક કહેવાતી. ભદ્રલોક–પેટ્રીશિયન અને આમવર્ગ–પ્લેબિયન્સ બંને મળીને રોમન–પ્રજા અથવા મહાજન ગણાતું. કેટલાંક કામ કરવા માટે મહાજનની સાધારણ સભા રાજાના પ્રમુખપણા નીચે મળતી. પરંતુ ખરી સત્તા તો રાજા અને સેનેટના હાથમાં જ હતી.

પણ એટ્રુસ્કાન ઠાકોરોને કાઢી મૂકયા પછી રોમન લોકોએ નિશ્ચય કર્યો કે 'રોમમાં બસ હવેથી રાજા જ ન જોઇએ.' તેઓ પ્રજાસત્તાવાદી બન્યા. રાજાની જગ્યાએ લોકસભા બે મેજિસ્ટ્રેટો જે 'કોન્સલો' કહેવાતા, તેમને ચૂંટતી. આ કોન્સલો એક વર્ષ પર્યન્ત હોદ્દા ઉપર રહેતા અને ફરી વાર ચૂંટાવા દેવામાં આવતા નહિ. આ કોન્સલોને સાર્વભૌમ સત્તા એટલે રાજ્યના ધાર્મિક, લશ્કરી અને આંતરિક કારભાર ઉપર સમ્પૂર્ણ અધિકાર આપવામાં આવતો. એમની સત્તા ઉપર માત્ર એટલો જ અંકુશ મૂકવામાં આવતો કે (૧) એકે કરેલું ફરમાન બીજો અટકાવી શકે, (૨) અને સેનેટની સલાહ લઇને કોઇપણ પગલુ ભરે. લોકસભાને તો આ કોન્સલોની પસંદગી કરવા સિવાય બીજી નામની જ સત્તા હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વખત જતો ગયો તેમ, જે બધું કામકાજ પેલાં બે કોન્સલ્સ મેજિસ્ટ્રેટો આટોપી લેતા તેમાંથી મહત્વના ભાગ પૂરતા વધારાના ઉતરતા દરજ્જાના મેજિસ્ટ્રેટો નીમાતા ગયા; જેવા કે કાયદાની અદાલતોના અધિષ્ઠાતા તરીકે 'પ્રાએટર્સ', તીજોરીની વ્યવસ્થા માટે 'કવેસ્ટોર્સ', શહેરનાં બાંધકામ, ગટરો અને રસ્તાઓની દેખરેખ માટે "ઇડિલ્સ" વગેરે. આ બધા અમલદારોની સંખ્યા શહેર વધતું ગયું તેમ વધતી ગઇ. એક વર્ષના અધિકારપદ માટે લોકસભા તેમની પસંદગી કરતી.

શરૂઆતમાં તો ભદ્ર માણસ જ કોન્સલ થઇ શકતો અને કોઇપણ ભદ્રજન અકુલીનને પરણી શકતો નહિઃ પરંતુ પ્લેબિયન એટલે અકુલીનોની સંખ્યા નગરજનોમાં બહુ મોટી હતી, અને દરેક નાગરિકે જરૂર પડયે લશ્કરમાં નોકરી કરવી પડતી, એટલે આ અકુલીન ગણાતા લોકોને આ ભેદભાવ ખૂંચવા માંડયો અને તેથી તેઓ કુલીનવર્ગ સાથે વધારે સમાનતાના દરજ્જાનો દાવો કરવા માંડયા. લાંબા કાળ સુધી આ સમાનતાના દાવા સામે દુરાગ્રહ પૂર્વક ખેંચતાણ થયા કરી. પણ ડગલે ડગલે અકુલીનોની જીત થતી ગઈ અને કુલીન વર્ગને એક પછી એક વિશિષ્ટ હકો આપી દેવા પડયા.

(૧) આમ ઇ. સ. પૂ. ૪૯૪ 'ટિબ્યુન્સ ઓફ ધી પ્લેબ્સ' નામની આમવર્ગની બે ખાસ અદાલતો સ્થાપવામાં આવી. આ અમલદારોને આમલોકો જ ચુંટતા અને તેમને આમલોકની સભાઓ બોલાવવાનો અધિકાર આપવામાં

આવ્યો હતો. તેઓ ભલે નવા કાયદા બાંધી શકતા નહિ પણ બીજા કોઇ ન્યાયાધીશે કરેલું અથવા કરવા ધારેલું કોઇપણ ફરમાન અટકાવી શકતા અને શહેરની હદની અંદર કોઇ પ્લેબિયનને સતામણી થતી હોય તો તેમાંથી તેને છોડાવી શકતા. એ ઉપરાંત તેમની અદાલતને 'અસ્પૃશ્ય'– અવધ્ય, પવિત્ર–જાહેર કરવામાં આવી હતી એટલે કે તેમના અધિકારપદની મુદત દરમિયાન તેમની ઉપર હાથ ઉપાડવો એ ધર્મવિરૂદ્ધ અપરાધ કર્યા બરાબર જાહેર રીતે સ્વીકારવામાં આવ્યું હતું. આ ન્યાયાધીશો ઉત્તરોત્તર વધારે ને વધારે મહત્વના થતા ગયા. આખરે ઇ. સ. પૂ. ૨૮૭ માં એક કાયદો પસાર કરીને, પ્લેબિયન સભાએ કરેલા બધા ઠરાવોને તમામ પ્રજાની સમસ્ત સભાએ પસાર કરેલા કાયદાના સમાન દરજ્જાનું વજન અપાયું.

(૨) એ જૂના કાળમાં રોમના કાયદાઓ લખી લેવામાં આવતા નહોતા. કોઇ જ જાણતું નહોતું કે કેવા કેવા કાયદા છે. અને પ્લેબિયનો સામે પોતાનો સ્વાર્થ સાધવામાં કુલીન લોકો આ અજ્ઞાનનો ખુશાલ ઉપયોગ કરતા. પણ ઇ. સ. પૂ. ૪૫૦ ની લગભગ રોમન કાયદાઓનો પહેલવહેલો લેખિત સંગ્રહ તૈયાર થયો. ત્યાર પછી થોડાક સમયમાં કુલીન અકુલીન વચ્ચે લગ્નસંબંધ કરવાની પણ છૂટ અપાઇ.

૩. ઈ. સ. પૂ. ૩૬૭ માં એવું ઠરાવવામાં આવ્યું કે પ્લેબિયનો કોન્સલ થઇ શકે, એટલું જ નહિ પણ બેમાંથી એક કોન્સલ પ્લેબિયન હોવો જ જોઇએ.

તમામ રાજદ્વારી વિશિષ્ટ હકોને લાગે વળગે એવો બેઉ વર્ગ વચ્ચેનો ભેદભાવ નાબૂદ થયો. સિદ્ધાંતની દૃષ્ટિએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાગરિક સભા સર્વોપરી હતી અને બધા કાયદા તેણે મંજૂર કરેલા હોવા જ જોઇએ એવો રિવાજ પડયો હતો. એટલે રોમ હવે સમ્પૂર્ણ અંશે પ્રજાતંત્રવાદી થયું હોત. પણ વ્યવહારમાં એવું પરિણામ કદી આવ્યું નહિ. એમ થવાનું કારણ આ રહ્યું: રોમ અવિશ્રાન્ત વિગ્રહોમાં સંડોવાયેલું હતું; મેજિસ્ટ્રેટો માત્ર એક જ વરસ સુધી અધિકાર પદે રહેતા; કોન્સલોનો અધો વખત યુદ્ધક્ષેત્રમાં લશ્કરની સરદારી લેવામાં જતો; સેનેટ એક વખત મેજિસ્ટ્રેટ થઇ ચૂકેલા સભ્યોની જ બનેલી હતી; અને સેનેટને કદિ બરખાસ્ત કરી શકાતી નહિ; એટલે રોમમાં અનુભવજન્ય જ્ઞાનવાળી સંસ્થા માત્ર સેનેટ હતી. આફતની વખતે રાહબરી માટે દરેક જણ સેનેટ સામું જોતું: આથી કરીને મેજિસ્ટ્રેટો ને લોકસભાને ભોગે સેનેટનું વજન વધ્યું અને સેનેટે પણ પ્યુનિક વિગ્રહોના સમયમાં એવા જુસ્સા ને જોમથી કામ લીધું કે તેણે મેળવેલી સત્તાને તે લાયક ઠરી.

પરંતુ મહાન વિગ્રહોનો બોજો ખતમ થયા પછી રોમન લોકોમાં ઉલટો વધારે ખરાબ પલટો થયો.


(૧) રોમન વિજયો અને રોમન સત્તાની ચડતી કળાએ રોમમાં નવી સંપત્તિનો અતુલ જથો ઢસરડી આણ્યો. વેપારીવર્ગ માલદાર બન્યો ( આ વર્ગ એકવીટીઝ અથવા અમીર કહેવાતો ) અને રાજ્યમાનમાં ભાગ પડાવવા આતુર થયો. પરંતુ સેનેટરો પોતાની પદવીને અદેખાઈ પૂર્વક વળગી રહ્યા, નવા માણસોને અધિકાર ઉપર આવતા અને સેનેટમાં દાખલ થતા અટકાવવા માટે પોતાથી બન્યા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એટલા પ્રયત્ન તેમણે કર્યા. અમીર અને આમ વર્ગો વચ્ચેની હુંસાતુંસીનો અંત આવી ગયો હતો, પણ તેની જગ્યા સેનેટરની પદવીએ પહોંચેલા માણસોનાં કુટુમ્બો અને શ્રીમંત વેપારી વર્ગની સામસામી ઇર્ષ્યાએ લીધી. આ ઇર્ષ્યા રાજ્યમાં અનેક વિટંબણાઓના મૂળ રૂપ નીવડી.

૨ સમસ્ત જનતા પોતાના પુરાણા સદ્ગુણો ખોઇ બેઠી. વર્ષોનાં વર્ષો સુધી ચાલેલી લડાઇઓમાં કેટલાંય કુટુમ્બો પાલક વગરનાં થઇ પડયાં, હજારો માણસો લડાઇમાં ખપી ગયાં; નવા નવા પ્રાન્તો જીતાતા ગયા તેમ તેમ તેને તાબે રાખવા માટે કાયમી લશ્કરની જરૂર ઉભી થતી ગઇ; એટલે ઘણાં માણસોએ સિપાઇગીરીના પેશાને જીવનવ્યવસાય તરીકે સ્વીકારી લીધો. પરિણામે ગૃહજીવન ભ્રષ્ટ થયું અને બાળકોનું ગૃહશિક્ષણ વિસરાયું. ગ્રામ વિસ્તારમાં ખેતરો પડતર રહેવા માંડયાં; કારણ કે મોટો ભાગ લશ્કરી ધંધા તરફ વળ્યો એટલે ખેતી માટે માણસોની તાણ પડવા લાગી. જમીન પૈસાદાર માણસોના હાથમાં જઈ એક હથ્થુ થવા લાગી; એકહથ્થુ થવાથી મોટાં મોટાં બીડ જેવી થઇ ગઈ. લડાઇમાંથી પકડી આણેલા ગુલામોનાં ટોળાં પાસે ખેતી કરાવવાની રસમ દાખલ થઈ. આ ગુલામોની અસર રોમન લોકો ઉપર પૂરેપૂરી ખરાબ થઇ. નાનું મોટું જરાયે જરા કામ ગુલામ ઉપર નાખી દેવાની રોમન લોકોને આદત પડી એટલું જ નહિ, પણ પ્લૉટસનાં નાટકો જેવાં રોમન લખાણો ઉપરથી તુલના કરીએ તો સરેરાશ દરેક ગુલામ જૂઠો અને ચોર બને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



રોમન લશ્કરના પ્રતીક

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

એવી ગુલામીદશાની અસર હતી. અને વળી ગામડાંઓનો પ્રદેશ ઉજ્જડ થતો ગયો એટલે ગરીબ ખેડુતો અને ઉભડ મજુરોને રોજી મળતી બંધ થવાથી એ લોકોનાં ટોળેટોળાં રોમમાં આવીને વસ્યાં. પણ રોમમાં તો તેમાંના બહુ જૂજ ભાગને જ પૂરૂં પડી શકે એટલું કામ માંડમાંડ મળતું હતું. તેથી આવા લોકોમાંથી, મળે તો છૂટક કામ કરનારા, નહિ તો કામધંધા વગરના, આળસુ લુંટફાટ કરનારા કે ભીખ માગનારા, થોડાઘણા પૈસા આપનાર ગમે તેને એસેમ્બલીનો પોતાનો મત વેચી દેનારા, એવાં માણસોનો સમૂહ ઉત્પન્ન થયો. રોમન લોકોની એસેમ્બલી–લોકસભા એટલે આવા આળસુ હરામખાઉ લોકો પોતે જ. અત્યારે ઈંગ્લાંડ અમેરિકામાં છે તેવી પ્રતિનિધિ પદ્ધતિ રોમે કદી શોધી નહિ. જે નાગરિકો જાતે હાજર હોય તેમના જ મત ગણાતા અને વ્યવહારમાં હાજર હોય એવા લોકો એટલે રોમનો આળસુ લોકસમુદાય. દુનિયાની સામ્રાજ્ઞી થતી જતી રાજ્ય સંસ્થાના કાયદા બાંધવામાં મત આપનાર લોકો આવા હતા. આવા લોક વિચારપૂર્વક, શાણપણથી, પ્રમાણિકપણે મતનો ઉપયોગ કરે એ સંભવિત નહોતું.

૩. રોમ પ્રાંતો જીતતું ગયું એટલે તેમનું શાસન કર્યા વિના તેને છૂટકો નહોતો. પણ રોમ તો વાર્ષિક ન્યાયાધીશીની પદ્ધતિને વરી ચૂક્યું હતું. એ પદ્ધતિ તેણે પોતાના પ્રાન્તોમાં પણ લાગુ પાડવાનો પ્રયત્ન કર્યો. એવો રિવાજ પડયો કે રોમમાં જેણે એક વાર પ્રાએટરપણું કે કોન્સલપણું કર્યું તેણે વર્ષભર પરદેશ જવું અને એકાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાંતનો અમલ ચલાવવો. પ્રાન્તનું આ અધિકારસત્ર ખાસ મતથી લંબાવી શકાતું અને ઘણીવાર બબ્બે ત્રણત્રણ વર્ષ સુધી લંબાયેલું પણ ખરૂં. પણ સાધારણ નિયમ એક વર્ષની નિમણુંકનો જ ગણાતો. આનો અર્થ એ થયો કે સત્રપોને પોતાના તાબાના પ્રાન્તના લોકોને ઓળખવા સમજવાની પૂરી તક જ મળતી નહિ. વતનમાં પાછા ફર્યા પછી પ્રાંતના લોકો કે બીજું કોઇ પોતાની સામે ફરિયાદ કરે તો ન્યાયાધીશોને લાંચ આપવા પૂરતા પૈસા ભેગા કરી લેવામાં માનનારા આ સુબાઓ તાબાના લોકોને અધિકાર દરમ્યાન અમાનુષી રીતે નીચોવતા. રોમની અદાલતો તદ્દન રૂશ્વતખોર બની ગઇ હતી; અને પંચ તરીકે બેસનારા સેનેટરો પોતાને મળતી લાંચ રૂશ્વતની આવક વડે પોતાનો વગવસીલો વધારવાનો મનસુબો રાખતા. પ્રાંન્તોની ઉઘરાત ઘણે ભાગે જાહેર હરરાજીથી રોમના શ્રીમંતોને ઇજારે અપાતી. ઇજારદાર આખી રકમ એક આંકડે ભરી દેતો અને પછી રૈયતને નીચોવવાની પોતાની શક્તિ અનુસાર કે પ્રાન્તનો સુબો જુલ્મ કરવામાં જેટલા આંખ આડા કાન કરે તેટલા પ્રમાણમાં વધારે પૈસા ઉઘરાવતો. આવી સુબાની ચશ્મપોશી પણ ઘણી વખત તો રૂશ્વત આપીને પહેલેથી જ નક્કી કરી રખાતી. એટલે ખરૂં જોતાં રૈયતને લૂંટવામાં સુબા ને ઇજારદારની વચ્ચે એકસંપી જેવું જ બનતું. ખરી હકીકત એ હતી કે પ્રમાણિક રોમન સુબો ભાગ્યે જ કોઇક નીકળતો. રોમના તાબાના પ્રાન્તોના એ દુઃખનાં દહાડા હતા. બળવો કર-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાની એમને તક નહોતી, રોમ અતિશય બળવાન હતું, એકજ તક હતી માત્ર પેટ ભરીને પાયમાલ થવાની.

ખરી વાત એ છે કે દરિયાપારનાં એવડાં વિશાળ સામ્રાજ્ય માટે, વાર્ષિક ઓદ્ધેદારો વડે રાજ્ય અમલ ચલાવવાની જૂની રોમન પદ્ધતિ ખુદ પોતેજ તદ્દન પ્રતિકૂળ હતી. સેનેટ અને પ્રજા જૂના સદ્‌ગુણો મોટે ભાગે ખોઇ બેઠી હતી એ વસ્તુસ્થિતિનો ગોટાળો ઉલટો વધારે ઉઘાડો પડયો. રોમન સંસ્થાનોના દિવસે દિવસે થતા જતા વધારાથી વધતો જતો બોજો ઉપાડવાની શક્તિ કે સામર્થ્ય રોમન પ્રજાસત્તાક પદ્ધતિમાં કદિ આવત નહિ. પછીનાં સો વર્ષનો ઇતિહાસ ચોખ્ખું બતાવી આપે છે કે એ સડેલા તંત્રને માત્ર થીગડાં દીધા કરવાથી ચાલે એમ હતું જ નહિ. રોમ, ઈટાલિ અને તાબાનાં બીજાં સંસ્થાનોની સુવ્યવસ્થા માટે અત્યંત જરૂરની એવી કોઇ નવીન શાસનપ્રણાલિ ઉત્પન્ન કર્યા વિના બીજો આરો જ નહોતો.

રાજ્યવહીવટમાં સુધારા કરવાના પ્રયત્ન કરવાની પહેલ કરનાર ટાઇબીરીઅસ અને ગેયસ ગ્રેકસ નામના બે ભાઇઓ હતા. એ બંને ખાનદાન કુટુમ્બના સુશિક્ષિત, ઉત્તમ ઉચ્ચ ચારિત્રવાન અને ઉન્નત વિચારના માણસો હતા. એ બેઉની વચ્ચે દસ વર્ષનો ગાળો હતો અને બંનેના હેતુઓ પણ તદ્દન સરખા નહોતા. છતાં બંને સુધારક હતા; અને અનેક સુધારકોને કપાળે લખાયેલું કમનસીબ એ બંનેને પણ ભોગવવું પડયું. ટાઇબીરીઅસની મુખ્ય ધારણા શહેરની વધારે પડતી વસતિ ઓછી કરવાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ગરીબ રોમનો અને ઇટાલિયનો પાસેથી શ્રીમંતોએ પડાવી લીધેલી સાર્વજનિક જમીન (એટલે કે વાસ્તવિક રીતે રાજ્યમાલિકીની જમીન) પાછી અસલ માલેકોને સોંપાવીને ખેતીનો પુનરુદ્ધાર કરવાની હતી. ગૅયસની મુખ્ય ઇચ્છા એવી હતી કે જે ઇટાલિયનોની મદદથી રોમ લડાઇમાં ફત્તેહો પામ્યું તેમને પણ નાગરિકના હક બક્ષવા. એકવીટીઝને ન્યાયની અદાલતોમાં પંચ તરીકે બેસવા દેવાની છૂટ મૂકીને સેનેટની સત્તા ઘટાડવાનો પણ તેણે ઠરાવ આણ્યો. આ દરખાસ્તો ડહાપણભરેલી અને શુભ ઇરાદાથી ભરેલી હોવા છતાં તદ્દન નિષ્ફળ ગઇ. એક વાર હાથ કરેલી જમીન પાછી સોંપી દેવાની શ્રીમન્તોએ ના પાડી, પોતાની સત્તા ઘટાડવાની સેનેટે ના પાડી અને ઇટાલિયનોને નાગરિક તરીકેના હક બક્ષવાની ગામ લોકોએ ના પાડી. બંને ભાઇઓનાં–ટાઇબેરીઅસનું ઇ. પૂ. ૧૩૩ માં અને ગૅયસનું ઇ. પૂ. ૧૨૧ માં દંગો થયો તેમાં–ખૂન થયાં. તેમની પ્રવૃત્તિથી માત્ર આટલી અસર થઇ; (૧) સેનેટ અને શ્રીમન્ત વેપારી વર્ગ વચ્ચેની અદેખાઈ ટોચે પહોંચી; (૨) લોકોને પોતાના પક્ષમાં વાળી લેવાને, રોમમાં ગરીબોને અનાજ સસ્તું વેચવાનો કાયદો પસાર થયો. આ સ્થિતિ તેમના મરણ પછી પણ ચાલુ રહી અને આખરે અનાજ મફત અપાવા માંડયું. આનું પરિણામ એ આવ્યું કે ખાવાને માટે કશું કામ કરવાની જરૂર જ ન રહેવાથી રોમનો લોકસમુદાય વધારે વધારે આળસુ અને બેલગામ થતો ગયો. ઇટાલિયન સહાયકોને આખરે નાગરિક તરીકેના હકો આપવામાં આવ્યા, તે પણ ઈ. પૂ. ૯૦ માં,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે આંતરવિગ્રહ સળગી ઉઠયો ત્યારે ન છૂટકે જ. એ માંહોમાંહેની લડાઇએ સેનેટ ને પ્રજાને એટલી બધી બીવ-રાવી મૂકી કે આ હકો આપવાની જે દુરાગ્રહપૂર્વક ના પાડવામાં આવતી તે તાબડતોબ આપી દીધા.

પણ પેલા બેઉ ભાઈઓના કમનસીબ મોતની સૌથી દુષ્ટ અસર તો એ થઇ કે તેઓ શાથી નિષ્ફળ નીવડયા તે વાત દરેક જણ સમજી ગયું. એ બંનેને નિષ્ફળતા એટલા માટે મળી કે તેમણે એકલો લોકસભાના બળ ઉપર જ આધાર રાખ્યો, તેમની પાછળ લશ્કરનું પીઠબળ નહોતું. એકલું લશ્કરી બળ જ કંઇક કરી શકે એમ છે એ વાત દીવા જેવી ઉઘાડી પડી ગઇ. આ પદાર્થપાઠનો અનુભવ કરી જોવા માટે તૈયાર એવા માણસો તુર્ત આગળ આવ્યા.

આવો પહેલો આગળ પડનાર માણસ મેરિયસ કરીને હતો. ન્યુમીડિયનો સાથેની લાંબી ત્રાસદાયક લડાઇના જોખમ વખતે ( ઇ. સ. પૂ. ૧૧૨–૧૦૬ ) અને કીમ્બ્રી અને ટયુટન જાતનાં જર્મન ટોળાં જે ઉત્તર તરફથી ધસી આવતાં હતાં અને જેમણે સામે આવેલાં રોમન લશ્કરોને ઉપરાઉપરી ચાર ચાર વખત હરાવ્યાં હતાં (૧૧૩–૧૦૫) તેમના ભયથી ડરીને, લોકોએ પોતાના માનીતા મેરિયસને કોન્સલ નીમ્યો અને છ વખત ફરી ફરીને એ જગ્યાએ ચૂંટયો. તેણે ન્યુમીડિયન વિગ્રહનો અંત આણ્યો અને એકવી સેકસ્ટીઇ (૧૦૨) તથા વરસેલી (૧૦૧) આગળ જંગલી દુશ્મનોને નાશ કર્યો. રોમમાં હવે તે સર્વસત્તા-ધીશ થયો. લશ્કર પોતાને મેરિયસનું તાબેદાર ગણતું,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સેનેટનું નહિ. પગાર પેનશન માટે તે તેના મોઢા સામું જોતું અને તેને ગમે તે કામમાં મદદ કરવા તૈયાર હતું. મેરિયસે પોતાની તમામ સત્તાનો ઉપયોગ માત્ર પોતાના મિત્રોને મદદ કરવામાં અને સેનેટને હલકી પાડવામાં જ કર્યો. દંગા, ખૂનખરાબા અને અંધાધૂંધી રોમમાં વધી પડયાં.

મેરિયસ અને તેના પક્ષ સામે સૂલા નામનો બીજો લશ્કરી નેતા પેદા થયો. એશિયામાં તેને મળેલી ખાસ સરદારીને લીધે તેની કીર્તિ જામી હતી. ઇ. સ. પૂ. ૮૩ માં પોતાનાં લશ્કરો સહિત તે ઇટાલિમાં ઉતર્યો અને મેરિયસના પક્ષનો નાશ કરવાનો તેણે નિશ્ચય કર્યો. આ બનાવ પછીની ભીષણુતા કદિ વીસરાઇ નથી. ૫૦૦૦ માણુસોની કતલ થઇ; અસંખ્ય નાસી છૂટયાં; એ લોકોની તમામ મિલકત જપ્ત કરવામાં આવી. પોતાની સત્તાના દિવસોમાં મેરિયસ દુશ્મનોની સાથે ઘાતકી પશુની જેમ વર્ત્યો હતો; સૂલા વધારે મીંઢો અને તેથી વધારે ભયંકર હોવાથી ઘણી વધારે ભયંકરતાભરી નિર્દય પક્કાઇથી કતલને કામે વળગ્યો. પછી તેણે સેનેટની સત્તા વધારનારા કાયદા પસાર કર્યા. આટલું કર્યા પછી તે નિરાંતે વાનપ્રસ્થ થયો. એક વર્ષ પછી તેનું મૃત્યું થયું.

તેનું મરણ થયું કે તુર્તજ તેણે કરેલી ગોઠવણો ઊંધી વળાઇ. અવ્યવસ્થા અને અનિશ્ચિતતાનાં વર્ષો ઉપર વર્ષો આવતાં ગયાં. મહાન વક્તા સિસેરો જેવા માણસોએ સેનેટ, શ્રીમંત વેપારી અને ઈટાલિયેનો વચ્ચે વધારે સારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાગણી ફેલાવવાનો અને એ રીતે વ્યવસ્થા અને સુરાજ્ય ફરી સ્થાપવાનો પ્રયાસ કરી જોયો. પણ સેનેટ અતિશય સંકુચિત મનની અને વધારે પડતી સ્વાર્થી હતી અને શ્રીમંત શાહુકારો એવા અદેખા થયા હતા કે એકસંપીનો ઘાટ પાર ઉતર્યો નહિ. અને રોમન લોકોનાં ટોળાંને એસેમ્બલી–લોકસભા ગણવામાં આવતી ત્યાં સુધી ઇટાલિયનોમાં માથું ઉંચકવાની તાકાદ નહોતી. વળી મેરિયસ અને સૂલાએ લશ્કરી સેનાપતિઓ કેટલી બધી સત્તા મેળવી શકે તેનું દૃષ્ટાન્ત પૂરું પાડયું હતું. આ દૃષ્ટાન્તનું તાબડતોબ અનુકરણ થયું.

લશ્કરની મદદ વડે માથું ઉચકનાર બીજી જોડી પોમ્પી અને સીઝરની નીકળી. પોમ્પીએ પોતાની નામના પૂર્વમાં (ઇ. પૂ. ૬૭–૬૨) મળેલી ખાસ સરદારીને લીધે પ્રાપ્ત કરી હતી. પણ તે મર્યાદિત શક્તિવાળો માણસ હતો; પોતાનો રૂઆબ કે ધાક પડે એવી રીતે પદવી ને કીર્તિનો ઉપયોગ કરી જાણવા જેટલી બુદ્ધિ કે નિર્ણયશક્તિ એકેય તેનામાં નહોતી. પોમ્પીની પછી થોડા સમય બાદ ખ્યાતિમાં આવેલો સીઝર આજ સુધીમાં થઇ ગયેલા મહાપુરુષોમાં કદાચ સૌથી વિશેષ વિચક્ષણ ગણાય. જુવાની તેણે ઉછાંછળાપણામાં અને ઉડાઉગીરીમાં ગાળી હતી. પણ એક વાર તેણે મહત્તા મેળવવી શરૂ કરી એટલે તેણે પાણીદાર સેનાપતિ ને મહાન લેખક તરીકેનું ખમીર બતાવી આપ્યું. સીઝર દીર્ઘદૃષ્ટિનો, સદ્‌હેતુવાળો, હિંમતવાન અને મોહક વ્યક્તિત્વવાળો માણસ હતો. તેને ધીરજ રાખતાં આવડતું. પણ પોતે શાને ખાતર ધીરજ રાખી રહ્યો છે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ બરાબર સમજતો. આ બધાં ઉપરાંત રાજનીતિમાં તેણે અસાધારણ બુદ્ધિપ્રભાવ બતાવ્યો છે. રોમન પ્રજાસત્તાકને કયું દર્દ લાગુ પડયું છે, રોમન દુનિયાને ખાસ જરૂર શાની છે, કયા ઉપાય વડે એ દુનિયામાં સુરાજ્ય સ્થાપી શકાય, એ વાત તમામ રોમનોમાં એકલો માત્ર સીઝર જ પારખી શકયો હતો.

પોમ્પી અને સીઝર વચ્ચેનો ઝગડો, જે ઇ. સ. પૂ. ૬૩ થી ૪૮ સુધીનાં પંદર વર્ષ સુધી ચાલ્યો, તેની ગુંચવણીયા કથનીમાં ઉંડા ઉતરવાની આપણને જરૂર નથી. પહેલાં તો એ બંને સહાયક હતા. પછી સીઝર સુબા તરીકે ગૉલ (૫૮ માં) ગયો અને પોમ્પી રોમમાં રહ્યો. સીઝરની કીર્તિ વધતી ગઇ અને તેની મહત્વાકાંક્ષાઓ વધારે સ્પષ્ટ થતી ગઇ તેમ તેમ બંને જણા ધીમે ધીમે હરીફાઇમાં તણાતા ગયા. આ હરીફાઈમાંથી બંને વચ્ચે આંતરવિગ્રહ શરૂ થયો (ઈ. પૂ. ૪૯). સીઝરે ઘણી ઝડપથી ઇટાલી તાબે કર્યું અને પોમ્પી ગ્રીસ તરફ પાછો હઠયો. સ્પેનમાં પોમ્પીના સરદારોની સાથે ટૂંકી પણ આકરી લડાઈમાં સીઝર રોકાયો જતો એટલી વારમાં પોમ્પીએ ગ્રીસમાં લશ્કર એકઠું કર્યું. સીઝર પોમ્પીની પાછળ ગ્રીસમાં જવાને છૂટો થયો એટલે લાંબા વખત સુધી છૂટીછવાઇ ઝપાઝપી અને હુમલાઓ પછી બંને સૈન્યોનો ઇ. સ. પૂ. ૪૮ માં ફારસેલસ આગળ ભેટો થયો. પોમ્પીનો સંપૂર્ણ પરાજય થયો. તે ઇજિપ્તમાં નાસી ગયો અને ત્યાં તેનું ખૂન થયું. સીઝરે ઇજિપ્ત, એશિયા, ગ્રીસ, આફ્રિકા અને સ્પેનમાંનો વિરોધ દાબી દેવાને બે વર્ષ ગાળ્યાં. પછી રોમમાં પાછો આવ્યો અને રોમન દુનિયાનો કુલ સત્તાધીશ થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આનાં પરિણામ તપાસતાં પહેલાં જરા પાછળ હઠીને આ બધા ભાતભાતના સેનાપતિઓનાં જીવન અને કારકિર્દીની અસર કેવી થઈ તે તપાસી લઈએ. દાખલા તરીકે રોમન સામ્રાજ્યનો દરિયાપાર મોટો ફેલાવો થયો. આ દરેક લશ્કરી નેતાએ પોતાનો સુબાગીરીનો કાળ કીર્તિ મેળવવામાં અને પોતાનાં લશ્કરને તાલીમ આપવામાં ગાળ્યો કે જેથી કરીને પોતે રોમ પાછો ફરે ત્યારે લશ્કરના બળે પોતે સત્તા જમાવી શકે. આમ એક પછી એક પ્રાન્ત રોમન સંસ્થાનોમાં ઉમેરતો ગયો. ન્યુમીડિયનો અને ગૉલ જાતો ઉપરના મેરિયસે મેળવેલા વિજયને લીધે રોમન સત્તાનો આફ્રિકા, લિગુરિયા અને દક્ષિણ ગૉલમાં ફેલાવો થયો હતો. ઇટાલિની બહાર, દક્ષિણ ગૉલમાં નાર્બો એ પહેલી રોમન વસાહત હતી. ગૉલમાં ગાળેલાં નવ વર્ષ દરમિયાન સીઝરે ઇંગ્લિશ ચેનલ અને એટલેન્ટિકના કિનારા સુધીનો બાકીનો દેશ જીતી લીધો હતો અને હ્રાઇનને કાંઠે રોમન સરહદ સ્થાપી હતી. તેણે બ્રીટનની પણ મુલાકાત લીધી હતી અને બેટની દક્ષિણની જાતો સામે ફત્તેહ મેળવી હતી. પૂર્વમાં પરગેમમના છેલ્લા રાજાએ મરતાં મરતાં ઇ. પૂ. ૧૩૩ માં પોતાનું રાજ્ય રોમને વારસામાં આપ્યું, જેનો એશિયામાં રોમન પ્રાન્ત થયો. પછી ઇ. પૂ. ૧૧૪ થી ૬૬ સુધી રોમન લોકોને પોન્ટસના રાજા મિથ્રિડેટિઝ અને તેના મદદગાર આરમીનિયાના રાજા ટાઇગ્રેનીસ સાથે લડાઇ ચાલી. એ લડાઇ ભયંકર હતી; મિથ્રિડેટિઝ અનેક વાર જીત્યો અને એક વખત તો આખોય લઘુએશિયા ફરી વળ્યો. સૂલા, લ્યુકયુલસ અને પોમ્પી જેવા ત્રણ ત્રણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહાન રોમન સેનાપતિઓને તેને પાછો કાઢવા મથામણ કરવી પડી. આખરે તે હાર્યો અને આપઘાત કરી મૂઓ. આને પરિણામે સીરિયા, જ્યુડિયા, સિલીશિયા, અને બિથિનિયા રોમનોએ લઇ લીધાં. એલેક્ઝાંડરનું યુફ્રેટિસ સુધીનું આખુંય પૂર્વસામ્રાજ્ય આમ રોમનોના તાબામાં આવ્યું. રોમન સામ્રાજ્યની આ પૂર્વમાં દૂરમાં દૂર સીમા હતી. આથી આગળ રોમન સામ્રાજ્ય કદિ વધ્યું નથી. યુફ્રેટિસની પૂર્વ બાજુએ પાર્થીઆનું મોટું રાજ્ય આવેલું હતું. એ રાજ્યની સાથે હવેથી રોમન સામ્રાજ્યને સતત ઝઘડો ચાલ્યા કર્યો.

છતાં આ બધી ફત્તેહો પ્રજાસત્તાકને બચાવી શકી નહિ. એ પરાક્રમ રોમન સરકારનું નહિ પણ તેના સેનાપતિઓ અને તેમનાં લશ્કરોનું હતું. સીઝરે જ્યારે રોમનું સરમુખત્યારપદ હાથમાં લીધું ત્યારે નીચે પ્રમાણે પરિસ્થિતિ હતીઃ ઈટાલિ અને બાકીની તમામ દુનિયાને શાન્તિ અને સુવ્યવસ્થાની ભારે જરૂર હતી. આ જરૂર રોમન પ્રજાસત્તાક પૂરી પાડી શકે એમ નહોતું. સેનેટને માત્ર પોતાની સ્વાર્થી મતલબોની જ પડી હતી. રોમન લોકસમૂહ વિશ્વાસને પાત્ર મુદ્દલ નહોતો. લશ્કરને જોરે સેનાપતિ મોવડીઓએ પોતાની મહત્વાકાંક્ષા સાધવાની અને પ્રજાસત્તાકને ભોગે પોતાની સત્તા સ્થાપવાની રસમ પડી ગઇ હતી. સીઝરે જો સૂલા અને બીજા સેનાપતિઓનું અંધ અનુકરણ કર્યું હોત તો પરિણામ વધારે અવ્યવસ્થા અને અંધાધુંધીમાં આવત. એ ગોટાળામાં રોમન સામ્રાજ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિનાશના ગર્તમાં પડી નાશ પામત, સંસ્કૃતિનો તમામ ખજાનો વેડફાઇ જાત અને યુરોપ પાછું જંગલી અવસ્થામાં જઇ પડયું હોત. સમભાવપૂર્વક કહીએ તો દુનિયાનું ભાવિ સીઝર પોતાના હાથમાં આવેલી સત્તાનો ઉપયોગ કેવો અને કેમ કરે છે તેની ઉપર તોળાઇ રહ્યું હતું. સુધરેલી માનવ જાતના પ્રારબ્ધને સજ્જડ અસર કરે એવું સારૂં યા નરતું કરી બેસવાની આથી વધારે મહાન તક કોઇ એક જ માનવીના હાથમાં પહેલાં કે પછી કદિ આવી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૩ ઑગસ્ટન યુગ

સીઝરને બહુ જ ટંકી મુદત રાજ્ય કરવા માટે મળી હતી. ઇ. સ. પૂ. ૪૫ની શરૂઆતમાં તે ઇટાલિમાં પાછો આવ્યો; ઇ. પૂ. ૪૪ ના માર્ચ મહિનાની ૧૫ મી તારીખે એક કાવતરાંખોર ટોળીએ રોમમાં તેનું ખૂન કર્યું. આ કાવતરાખોરોમાંથી કેટલાકને તેણે મહેરબાની દેખાડવાની ના પાડવાથી ચીડાયા હતા અને બાકીનાઓ, તેનો અમલ પ્રજાસત્તાક તંત્રની વિરૂદ્ધ હતો એટલા માટે, ખરા દિલથી નારાજ હતા. તેમને એમ લાગેલું કે સીઝરની દાનત રાજા થઇ બેસવાની છે. પરંતુ એ થોડાક મહિનાઓમાં પણ જગતનું શાસન પોતે કંઇ પદ્ધતિએ કરવા ઇચ્છે છે એ બતાવી આપવાનો સીઝરને સમય મળ્યો. તેના દૃષ્ટાંતની અસર ટકી રહી અને તેના વારસ ઑક્ટેવીઅને પાછળથી કામ ઉપાડી લીધું ત્યારે તે ઘણી બાબતમાં સીઝરે સ્થાપેલા સિદ્ધાન્તોને જ અનુસર્યો.

સીઝરનાં કામની મુખ્ય સફળતા બે ગણાય:

૧. તેણે બતાવી આપ્યું કે પોતાની વ્યક્તિગત સત્તા વડે સ્વતંત્ર શાસક તરીકે પોતે રાજવહીવટ ચલાવવા માગતો હતો. સેનેટ પાસે તેણે પોતાની સરમુખત્યાર તરીકે નીમણુંક કરાવી. ભૂતકાળમાં જ્યારે ભયંકર આફતને સમયે એવી ખાત્રી થતી કે રાજ્યની કુલ સત્તા કોઈ એક જ માણસના હાથમાં મૂકયા સિવાય છૂટકો જ નથી, ત્યારે આવો હોદ્દો અપાતો. સીઝરે આ પદવી મૃત્યુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પર્યન્ત ભોગવી અને એટલું ચોખ્ખું કરી દીધું કે તેના માનવા પ્રમાણે સારી રાજ્યવ્યવસ્થા સ્થાપવી હોય તો એક જ માણસનો કાયમી અમલ અનિવાર્ય હતો.

૨. પોતાની સત્તાનો ઉપયોગ તેણે કોઈ પક્ષના લાભ ખાતર કર્યો નહિ. તેને કોઇ માનીતા નહોતા. તેણે સૂલાનાં કૃત્યોનું અનુકરણ ન કર્યું, પણ તમામ પક્ષના માણસો સાથે ન્યાયથી અને મોટાં મનથી વર્ત્યો અને તમામ પ્રકારના લોકોનો સમભાવ મેળવવાનો પ્રયત્ન કર્યો. લશ્કરમાં, કાફલામાં, તીજોરીમાં અને ન્યાયની અદાલતોમાં તેણે સુધારા કર્યા અને બતાવી આપ્યું કે સાર્વજનિક હિતની ખાતર સુવ્યવસ્થા અને સારૂં રાજ્યતંત્ર સ્થાપવાની તેની ઉમેદ હતી.

સીઝરના ખૂનને લીધે ચૌદ વરસ સુધી સતત અંધેર અને આંતર વિગ્રહ ચાલુ રહ્યાં. આ માંહોમાંહેની લડાઇ ખરૂં જોતાં પ્રજાસત્તાકનાં અંતકાળનાં ડચકાં હતાં. પ્રજાતંત્રને હજી પણ ઉગારી શકાય એવું પ્રમાણિકપણે માનનારો સમર્થ માણસ એક માત્ર સિસેરો હતો. સાચી બહાદુરી અને હિંમતથી તેણે સેનેટને હિંમતપૂર્વક સીધી રીતે વર્તવાને ઉશ્કેરી. પણ તે હાર્યો, અને હાર વિના બીજું બને એમ જ નહોતું. એ નિષ્ફળતાની સજા તરીકે તેનું ખૂન થયું. લડાઇનો સાચો મુદ્દો માત્ર એટલોજ હતો કે રોમન રાજ્યનું શાસન કોણ કરે. સીઝરનો અફસર એન્ટની અને ઑકટેવિયન એમ બે દાવાદાર હતા. થોડો વખત બંનેએ સાથે મળીને કામ કર્યું. એન્ટનીએ ઇજિપ્તમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહીને પૂર્વનું આધિપત્ય ભોગવ્યું અને ઑક્ટેવિયને ઇટાલિ અને પશ્ચિમમાં અમલ કર્યો. પણ ધીરે ધીરે તેઓ દુશ્મનાવટ તરફ વળતા ગયા. છેવટે ઇ. સ. પૂ. ૩૧ માં એક્ટિયમની લડાઇમાં એન્ટનીનાં લશ્કરોનો ઑક્ટેવિયનનાં લશ્કરોએ સમ્પૂર્ણ પરાજય કર્યો. એન્ટીનીએ પોતે આત્મઘાત કર્યો અને ઑક્ટેવિયન, જેને આપણે હવે તેનાં વધારે પરિચિત નામ ઑગસ્ટસથી ઓળખીશું, તેણે સીઝરનું અધૂરૂં રહેલું કામ ઉપાડી લીધું.

ઑગસ્ટસમાં સીઝરના જેવી બુદ્ધિપ્રતિભાની વિશાળતા નહોતી. પણ તે સીઝરના ભત્રીજાનો પુત્ર અને દત્તકપુત્ર હતો એ તેને મોટો લાભ થયો. તેના કામને બરાબર અનુકૂળ આવે એવા કેટલાક ગુણો તેનામાં હતા. તે શાન્ત અને ગણતરીબાજ દિલનો માણસ હતો. લાગણીથી કદી દોરવાઇ જતો નહિ; તેનામાં જંગલી અત્યુત્સાહ બિલકુલ નહોતો. ડોળદમામને સાચી વસ્તુસ્થિતિ માની લેવાની ભૂલ તેણે કદી કરી નહિ. લશ્કર દોરદમામ કે આડંબરની તેને રજ ભાર પરવા નહોતી અને પોતે બરાબર સમજતો કે શાન્તિ અને સુવ્યવસ્થાની જ દુનિયાને સૌથી વધારે જરૂર હતી. તે અસાધારણ સાવચેત અને શાણો હતો. પોતાની ઉમેદો તેણે શાન્તિપૂર્વક અમલમાં મૂકી, દબદબાભર્યાં કામો વડે તેણે પોતાનો માર્ગ પરાણે મોકળો કદી કર્યો નહિ. તેનું મગજ સ્વચ્છ અને સમતોલ હતું. કામનો કોઇ ભાગ તેણે પ્રારબ્ધ ઉપર છોડયો નહિ અને તેણે ઉપાડેલું એકેય કામ અધૂરૂં રહ્યું નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



સીઝર ઑગસ્ટસ

આ બધી ઇશ્વરી બક્ષિસોને તેણે સામ્રાજ્ય માટે સંતોષકારક રાજતંત્રની પદ્ધતિ ઘડવામાં વાપરી. તેણે ઘડેલું તંત્ર સેંકડો વર્ષો સુધી ટકી રહ્યું એ જ વાત પૂરવાર કરે છે કે તેણે એ કામ કુશળતાપૂર્વક કર્યું હતું. વળી આગ્રીપ્પા અને મિસીનેસ જેવા બે મુખ્ય પ્રધાનો સદ્ભાગ્યે તેને મળી ગયા. પહેલો લશ્કરી કામકાજમાં અને બીજો રાજનૈતિક બાબતોમાં એમ બન્ને ઉચ્ચ કક્ષાના સામર્થ્યવાળા પુરુષો હતા, બંનેએ એકનિષ્ઠા અને ભક્તિપૂર્વક તેની સેવા બજાવી.

હવે આપણે ઑગસ્ટસની કારકિર્દીના મુખ્ય મુખ્ય બનાવો સમજવાનો પ્રયત્ન કરી જોઇએ. એંકાઇરા (જે હવે એંગોરા કહેવાય છે તે) માં એક દેવળ જડી આવ્યું છે. તેની એક દિવાલમાં કેટલુંક લખાણ છે તેમાં, સમ્રાટે પોતે જીવનના અંત સમયે કરેલી, પોતે કરેલાં સૌથી વધારે મહત્ત્વનાં કામોની નોંધની નકલ ઉતારેલી છે. આ નોંધ 'એન્કાઇરન મોન્યુમેન્ટ' કહેવાય છે. આગળ જતાં તેમાંથી થોડાક ઉતારા આવશે.

ઑગસ્ટસનું તંત્ર સાચી બાદશાહી અને પ્રજાતંત્રનો અસાધારણ ખુબીભર્યો સમન્વય હતો. તમામ અસરકારક સત્તા તેના એકના જ હાથમાં હોય એ ઘણું જરૂરનું હતું. આ સત્તા તેણે બે રીતે હાથ કરી: (૧) સાત વરસ સુધી કોન્સલપદ ભોગવ્યું, પણ ઇ. સ. પૂ. ૨૩ માં તે પદ છોડી દીધું અને તેર વરસ પહેલાં પોતાને મળેલી ટ્રીબ્યુનીશિયન*

* અમીરી ખાનદાનનો હોવાથી તે ખરું જોતાં ટ્રિબ્યુન–ન્યાયાધીશ નીમાઇ શકે નહિ, પણ એ હોદ્દો વ્યવહારમાં ધારણ કર્યા વિના પણ તેને ન્યાયાધીશીની કુલ સત્તા અર્પવામાં આવી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સત્તા–ન્યાયાધીશની સત્તાથી સંતોષ માન્યો. આ બહુમાનથી તે અવધ્ય થયો અને રોમમાં તેને જોઈતી તમામ સત્તા મળી. (૨) બધાં લશ્કરોનો તે કાયમી ઉપરી અધિકારી હતો. દરેક સૈનિક તેને વફાદાર રહેવાના સોગંદ લેતો અને પગાર પેનશનની ચુકવણી માટે પોતાની પાસે આવવાની તેણે લશ્કરને ટેવ પાડી દીધી હતી.

એટલે વ્યવહારમાં તે તમામ લશ્કરી બળોનો સ્વામી હતો. તેની સત્તા આગળ બાકીના બધા ઢંકાઇ જતા અને દરેક બાબતનો છેવટનો નિર્ણય કરાવવા દરેક જણ તેના સામે જોતું. પોતાની પાસેનાં આ બધાં કામને પહોંચી વળવા સારુ પોતાની નોકરીમાં તેણે કારકુનો અને કાયમી અફસરો તરીકે સેનેટરોને બદલે એકવીટીઝને નીમવા માંડયા. આ પ્રથા એક જાતની સિવિલ સર્વિસની શરૂઆત જ હતી. તેમાં એક વખત નિમાયલો માણસ કાયમી ગણાતો, સામાન્ય ન્યાયાધીશોની પેઠે તેને એક વર્ષની કામગીરી બાદ છૂટા થવાપણું નહોતું.

આમ ખરૂં જોતાં સેનેટ અને ન્યાયાધીશોની સત્તા બેશક ઘણી ઘટી ગઇ હતી; પણ બહારના દેખાવ પૂરતો તેનો ઢાંકપિછોડો કરવાના ઑગસ્ટસે તમામ પ્રયત્ન કરેલા. પોતે રાજા થઇ બેસવાની તો શું, સરમુખત્યાર સુદ્ધાં ન થવાની તેણે ખૂબ કાળજી રાખી હતી. એ તો માત્ર 'ઇમ્પરેટર' હતો, અને આ શબ્દમાંથી અંગ્રેજી 'એમ્પરર' શબ્દ નીકળ્યો છે; પણ લેટિન ભાષામાં તો કોઇ પણ લશ્કરી હકુમત ધરાવનારનો એ હોદ્દો ગણાતો, અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપખુદ સત્તાનું તેમાં આરોપણ નહોતું થતું. ઑગસ્ટસને એ પદવી બધાં રોમન લશ્કરોના ઉપરી તરીકે આપવામાં આવી હતી. તેણે ખાસ ધારણ કરેલા ખિતાબ પ્રિન્સેપ્સ=મુખ્ય નાગરિક અને પાછળથી, 'ઑગસ્ટસ'=પૂજ્ય એ બે જ માત્ર હતા. 'ઑગસ્ટસ' ની સાથે પાછળથી કૌટુમ્બિક નામ 'સીઝર' જોડાઇને બધા એમ્પરરો એક જ નામથી ઓળખાયા. 'સીઝર'માંથી જ 'કયંઝર' અને 'ઝાર' શબ્દો નીકળ્યા છે. ઉપલા બંને ખિતાબો માત્ર માનનીય હતા, કોઇ પદવી કે ગાદીનાં નામ નહિ.

વળી બહારના દેખાવમાં પ્રજાસત્તાક તંત્ર હજી ચાલુ જ હતું. લોકસભા હજીયે ન્યાયાધીશો ચૂંટતી, પણ એ પસંદગી એમ્પરરે મંજૂર કર્યા વિનાં કોઇ માણુસ હોદ્દો સંભાળી શકતો નહિ. સેનેટ હજીયે ઠરાવો ઉપર ચર્ચા કરતી; પણ શું કરવું અને શું ન કરવું તેનો છેવટનો નિર્ણય એમ્પરરનો સખૂન જ કરી શકતો. ન્યાયાધીશો હજીયે અધિકારપદે હતા; પણ એમ્પરરની મરજી વિરુદ્ધનું કોઇ પણ કૃત્ય તેમનાથી થઇ શકતું નહિ. છેવટમાં ઓગસ્ટસે કદિ એવો શબ્દ સરખોય ઉચ્ચાર્યો નહિ કે મારો વારસ જ મારો ઉત્તરાધિકારી થવો જોઇએ (તેને પોતાને પુત્ર નહોતો). સિદ્ધાન્ત એવો મનાતો હતો કે તેના મરણ પછી બધી સત્તા પાછી સેનેટ અને લોકોમાં પરિવર્ત થશે અને તેની પછી અધિકાર ઉપર આવનારને તે નવેસરથી સુપ્રત કરવામાં આવશે. છતાં વ્યવહારમાં એમ્પરરે એવી ગોઠવણ કરી મૂકી હતી કે પોતે નક્કી કરી રાખેલા ઉત્તરાધિકારી ઉપરજ પસંદગીનો કળશ ઢોળાય. એટલે બહારના દેખા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


વમાં આખું તંત્ર એમ્પરર અને સેનેટ વચ્ચે ભાગીદારીના જેવું હતું. વસ્તુતઃ એમ્પરરના તાબામાં તમામ લશ્કર હોવાથી તે જ મુખ્ય ભાગદાર હતો અને રાજ્યવ્યવસ્થા ભીતરમાં તો સાચી શહેનશાહી જ હતી. પ્રજાસત્તાક સ્વરૂપ તો રોમનોને શાન્ત રાખવાના ઇરાદાથી જ નિભાવી લેવાતું હતું. બાદશાહી વસ્તુસ્થિતિના પ્રસંગોનો તેમની આંખ આગળ બહુ ઉઘાડી રીતે ડોળ કરવામાં ન આવે તો જૂની પદ્ધતિ પાછળ વલખાં મારવાની વૃત્તિ આપોઆપ ઓછી થતી જાય.

એટલે વાસ્તવિક રીતે ઑગસ્ટસની સત્તા છેક જ અમર્યાદિત હતી. તેનો ઉપયોગ તેણે કેવી રીતે કર્યો તે જોઇએ: (૧) રોમ અને ઇટાલિમાં; (૨) તાબાનાં સંસ્થાનોમાં.


૧ રોમ અને ઇટાલિને તેની પહેલી બક્ષિસ શાન્તિની સ્થાપના હતી. થાકીને ભગ્નહૃદય થઇ ગયેલા દેશને એ બક્ષિસ અમૃત સમાન થઇ; કારણ કે આંતરવિગ્રહનાં વર્ષો દરમિયાન તે ધીમે ધીમે વિનાશના ખાડામાં ઉંધે માથે ધસ્યો જતો હતો. એક વાર શાન્તિનું સામ્રાજ્ય સ્થપાયા પછી ઓગસ્ટસ આબાદી વધારવાનાં કામ ઉપર વળગ્યો. એંકાઇરન મોન્યુમેન્ટમાં તે કહે છેઃ ‘ નહેરોની નીકો જે ઘણી જગ્યાએ ભાંગીતૂટી ગઇ હતી તે મેં સમરાવી........મારસીઅન નહેરમાં મેં પાણીનો પૂરવઠો બમણો કર્યો........એરિમિનમ સુધીનો ફ્લેમીનિયન ધોરી માર્ગ અને તમામ પૂલો મેં ફરીથી બંધાવ્યા....’ કેટલાક સમય પછી ઇટાલિના સાર્વજનિક રસ્તાઓ અને બાંધકામોની કાયમી દેખરેખ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# રોમન મલ્લો



ROMAN GLADIATORS
*By permission of the Trustees of the British Museum*



## દરિયાઈ કૃત્રિમ લડાઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઑગસ્ટસે જાતે સંભાળી લીધી. કામ છેક સાધારણ, પણ તેનાથી દેશની દશાના દિદારમાં કેટલો બધો ફેર પડી ગયો હશે! તેણે જૂનાં શહેરોને નવેસરથી અને નવાં નવાં શહેરો બંધાવ્યાં. તે કહે છે: 'ઇટાલિમાં મેં ૨૮ સ્થળોએ મોટી ને આબાદ વસતિવાળી વસાહતો વસાવી.' આ રીતે નોકરીમાંથી છૂટા થયેલા અસન્તુષ્ટ, દંગાખોર, અને ઇટાલિની સુલેહશાન્તિનો ભંગ કરવા ઇચ્છનાર, ગમે તેની નોકરી કરવા તૈયાર, એવા રોમમાં આવી પડેલા કે દેશમાં ગમે ત્યાં રખડતા સૈનિકોને વસવાટ ને કામધંધાનું સ્થાન મળ્યું. તેણે જાહેર માર્ગો લૂટારાઓ અને નાસી છૂટેલા ગુલામોના ભયથી, અને દરિયો ચાંચિયાઓના ભયથી, મુક્ત કર્યાં. ઇટાલિનાં શહેરોને પોતપોતાનાં સ્થાનિક કામકાજ માટે શહેર–અમલદારોની નિમણૂક કરવામાં ઉત્તેજન આપ્યું. આથી ઇટાલિનાં વેપાર ને આબાદી સજીવન થયાં.

રોમમાં પણ વ્યવસ્થા ને સુલેહશાન્તિ સ્થાપવાની તેણે પૂરતી કાળજી લીધી. પોલિસ અને બંબાખાનામાં તેણે સંગીન ઉમેરો કર્યો. શહેરનાં ગરીબોને મફત વહેંચવા સારુ તેણે અનાજની નિયમિત આમદાનીની ગોઠવણ કરી. લોકસભાની બધી રાજદ્વારી સત્તા પોતાના હાથમાં સંકેલી લીધી હોવાથી, જનસમૂહને આનંદમાં રાખવા ખાતર તેણે જાહેર તમાશા અને નાણાંની વહેંચણીની યોજના કરી. તે નોંધે છે કે 'મેં ગ્લેડિયેટર્સ (મોટે ભાગે ગુલામો કે બાન પકડેલા બે માણસો તલવારથી લડે તેમાં બેમાંથી એક મરે અથવા હારે ત્યારે દ્વંદ્વયુદ્ધ પૂરૂં થાય તે)ના તમાશા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આઠ વખત, મલ્લકુસ્તી ત્રણ વખત, રમતગમતના મેળાવડા સત્તાવીશ વખત કરાવ્યા અને તે ઉપરાંત વાર્ષિક લશ્કરી ખેલો ફરી શરૂ કરાવ્યા; જંગલી પશુઓનો સામુદાયિક શિકાર છવીશ વખત અને કૃત્રિમ સરોવરમાં દરિયાઇ લડાઇનો તમાશો એક વખત લોકોને બતાવવાની ગોઠવણ કરી હતી.' લોકોને 'દક્ષણા' વહેંચ્યાની મોટી રકમનો ખરડો પણ તેણે નોંધ્યો છે. વળી તેણે શહેરમાં એટલાં બધાં દેવળો, બીજાં મકાનો નવાં બંધાવ્યાં અથવા સમરાવ્યાં કે 'રોમ મારા હાથમાં આવ્યું ત્યારે ઇંટ માટીનું હતું, તેને હું આરસનું બનાવી જાઉં છું' એમ તે ગર્વપૂર્વક કહી શકે. આ બાંધકામોમાં તે સેનેટનું મકાન, કમાનો, સભાસ્થાન, બે નાટકશાળાઓ, ફોરમ જુલિયમ ને ફોરમ ઑગસ્ટી (ફોરમ એટલે પગથિયાંવાળું ચોખૂણ મેદાન જ્યાં ખુલ્લી જગ્યામાં બધું કામકાજ થઇ શકે એવું ચોટું કે મારકેટ) અને સત્તર દેવળો બંધાવ્યાનું ગણાવે છે. વળી તે ઉમેરે છે કે આ ઉપરાંત બીજાં બ્યાશી દેવળોનું સમારકામ કરાવ્યું.

૨ સંસ્થાનોમાં ઑગસ્ટસનું કાર્ય બે પ્રકારનું હતું; એક રાજતંત્રને લગતું અને બીજું રક્ષણનું.

अ રાજતંત્ર ચલાવવાની પ્રજાસત્તાક પદ્ધતિ ખરાબ નીવડી. પ્રાંતોના બે વર્ગ પાડી નાખીને ઑગસ્ટસે તંત્રમાં સુધારો કર્યો. જૂના અને શાન્ત પ્રાન્તોનો વહીવટ પ્રજાસત્તાક તંત્રની પેઠે વાર્ષિક મેજીસ્ટ્રેટોના અમલ નીચે ચાલુ રાખ્યો. પણ નવા પ્રાન્તોમાં—ખાસ કરીને સરહદના પ્રાન્તોમાં—જ્યાં મોટાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોમન લશ્કર રાખવાં પડતાં ત્યાં એમ્પરર પોતે પોતાની પસંદગીના માણસોની સુબા તરીકે નિમણૂક કરતો. (તેમનો હોદ્દો 'ઑગસ્ટસનો પ્રતિનિધિ' હતો.) એમ્પરરની મરજી હોય ત્યાં સુધી સુબો અધિકાર ઉપર રહેતો. તેણે પોતે નિમેલા હોવાથી અને ઇનામ કે બઢતીની આશા તેની પાસેથી જ રાખવાની હોવાથી સુબાઓ તેની પ્રત્યે વધારે વફાદાર રહે એ સંભવિત હતું. વળી તેણે પ્રાંતવાર મહેસુલનું મહેકમ નક્કી કર્યું એટલે પ્રાન્તના લોકોને ખબર પડી કે આપણે ભાગે કેટલી રકમ ભરવાની છે અને તેથી તેમને ઈજારદારોની દયા ઉપર જીવવાનું મટી ગયું. કોઇ ઇજારદાર જુલમ કે અન્યાય કરે તો લોકો એમ્પરર પાસે દાદ માગતા અને તેમને ન્યાય મળતો. પ્રજાસત્તાક દરમિયાન કોઇ કાળે નહોતી એવી, ગમે તે વર્ગના પ્રાન્તના સુબાએ ત્રાસ વર્તાવ્યો હોય કે ફરજ બજાવવામાં ચૂક્યો તો તેની શુદ્ધિ ઠેકાણે લાવે એવી, એક બળવાન સત્તા હવે રોમમાં અસ્તિત્વમાં આવી.

૪. સામ્રાજ્યની સરહદ બહાર પૂર્વમાં પાર્થિયનો અને ઉત્તર પશ્ચિમમાં જંગલી જાતો વસતી હતી. આ લોકોએ ઇટાલિ ઉપર અનેક વખત હુમલા કરેલા. તેમને લાગ મળે તો ધસી આવવાને અને સામ્રાજ્ય સામે હલ્લો લાવવાને તેઓ ખડે પગે થઈ રહ્યા હતા. આ ભયની સામે ઑગસ્ટસે વિચારપૂર્વક સરહદના બચાવની યોજના ઘડી કાઢી. પૂર્વમાં યુફ્રેટીસને કિનારે તેણે સરહદ બાંધી. તેના પછીના એક એમ્પરર ટ્રેજેને એ મર્યાદા ઓળંગીને સીમાડો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વધારવાનો પ્રયત્ન કરેલો ખરો, પણ તેની પછી આવનારે એ જીત તજી દીધી અને યુફ્રેટીસ એજ સામ્રાજ્યની પૂર્વ સીમા બની રહી. યુરોપમાં ઑગસ્ટસે ઠરાવ્યું કે હ્રાઇન અને ડાન્યુબ નદીઓને કાંઠે કાંઠે સરહદ ગણવી. એક વખત તેણે પોતાનાં લશ્કરને હ્રાઇનથી એલ્બ નદી સુધી આગળ ધકેલ્યું, પણ ઇ. સ. ૯ માં જર્મનોએ રોમન લશ્કરને એવી ભયંકર શિકસ્ત આપી કે હ્રાઇનથી આગળ વધવામાં જરાય માલ નથી એવી ઑગસ્ટસની ખાતરી થઇ ચૂકી. ડાન્યુબ નદીની સરહદ ઉપર ઇ. સ. ૬ માં તેને પેનોનીઆ અને ડાલ્મેશિયા પ્રાન્તોમાં બે વખત બળવો દબાવી દેવો પડયો હતો, પણ આગળ પ્રાન્તો જીતવાની તેને મુદ્દલ ઇચ્છા નહોતી. સરહદની તેની નીતિ સાવચેતી અને સલામતીની હતી, ધીમે ધીમે આગળ પગ પેસારો કરવાની નહોતી. એ નીતિ ડહાપણભરેલી હતી એ વાત એટલા ઉપરથી વધારે સાબિત થાય છે કે પાછળના કોઇ સમ્રાટે તેમાં નોંધવા લાયક ફેરફાર કર્યા નથી. ઑગસ્ટસના સમયમાં માત્ર બ્રિટન-જે ગૉલનો બહારનો ભાગ જ ગણાતું; ડૅશિયા અને ડેન્યુબને કિનારે સામ્રાજ્યની સીમા આંકતું થ્રેસ; એશિયામાં કૅપ્પેડોસીઆ અને આફ્રિકામાં મોરીટાનિયા જે રોમના તાબામાં હતાં જ અને અમલ ચલાવવાની સુગમતા ખાતર પ્રાન્તના રૂપમાં ફેરવી નાખવામાં આવ્યા હતાં, એટલાનો જ ઉમેરો થયો હતો. (ટ્રેજેને પૂર્વમાં મેળવેલી જીતો પાછળથી તજી દેવામાં આવેલી એ વાત આગળ આવી ગઈ છે.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાના સીમાપ્રદેશની બહારના જંગલીઓથી સંસ્કૃતિનું રક્ષણ કર્યું એટલુંજ નહિ, પણ પોતાના તાબા નીચેના પ્રાન્તોમાં આબાદી અને સંસ્કૃતિની ખિલવણી કરી એ રોમન સામ્રાજ્યને વાસ્તે કાંઈ જેવા તેવા ગૌરવની વાત નથી. સામ્રાજ્યનું ઉત્તમોત્તમ કામ પ્રાન્તોમાં જ થયું. બેશક પૂર્વમાં તો જૂના કાળની સંસ્કૃતિ જીવતી ચાલી આવેલી હતી અને રોમે ત્યાં તો માત્ર એટલું જ કર્યું કે પરશિયન અને હેલેનિસ્ટિક રાજાઓએ જ્યાંથી પડયું મૂકયું હતું ત્યાંથી સુધારણાનું કામ આગળ ધપાવ્યું. પરંતુ પશ્ચિમમાં તો રોમ જ પ્રથમ પહેલી સંસ્કૃતિનું માર્ગદૃષ્ટા હતું. તેણે એ કામ એવી અદ્દાથી બજાવ્યું કે સ્પેન, ગૉલ અને બ્રિટનનો પણ કેટલોક ભાગ ઈટાલિ જેવાં જ સુધરીને ઘણી વાતમાં રોમન થયાં. લેટિન ભાષાના સામ્રાજ્યમાં પેદા થયેલા શ્રેષ્ઠ લેખકોમાંના કેટલાક પ્રાન્તોમાં જન્મ્યા અને ઉછર્યા હતા.

આ સંસ્કૃતિસુધારણાનું કામ રોમે, આગળ તેણે ઇટાલિમાં અનુસરેલી પદ્ધતિ આપણે જોઇ ગયા છીએ તે પ્રમાણે જ, શરૂ રાખ્યું, મોટા ધોરી માર્ગો પ્રાંતે પ્રાંતમાં બંધાયા. રોમન રસ્તાઓ નકશામાં દોરેલા નિરખવા અને મુસાફરી, વેપાર અને અવરજવરની સરળતા ઉપર તેનાથી કેટલી મોટી અસર થઇ હશે તેનો ઘડીભર વિચાર કરવો એ પણ આહ્લાદક પ્રવૃત્તિ છે. સામ્રાજ્યમાં ઠેકાણે ઠેકાણે થાણાંઓ સ્થાપવામાં આવ્યાં હતાં. એ થાણાંઓ રોમન શાહરસમોના નમૂનારૂપ અને રોમન લાગવગના કેન્દ્રસમાં હતાં. ઑગસ્ટસ કહે કે 'મેં આફ્રિકામાં, સિસીલીમાં,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મકદુનિયામાં, બંને સ્પેનીશ પ્રાંતોમાં, આફ્રિકામાં, એશિયામાં સીરિયા, નારબોનીઝ (અથવા દક્ષિણ) ગૉલ અને પિસીડિયામાં, નિવૃત્ત સૈનિકોનાં થાણાં સ્થાપ્યાં હતાં.' પાછળના એમ્પરરોએ પણ એજ નીતિ ચાલુ રાખી હતી. દાખલા તરીકે બ્રિટનમાં ડોરસેટને કિનારેથી સીરેન્સેસ્ટર ને લીસેસ્ટરમાં થઇને લિંકન અને યોર્ક સુધી, ચીચેસ્ટરથી લંડન થઇને યોર્ક સુધી; અને ડોવરથી લંડન થઇને રૉકઝીટર અને ચેસ્ટર સુધી બાંધેલા રોમન રસ્તાઓ હતા, અને કોલ્ચેસ્ટર, લિંકન, યોર્ક, ગ્લુસેસ્ટર અને ચેસ્ટરમાં રોમન થાણાં હતાં.

આ થાણાંનાં મકાનોનાં બાંધકામોએ પણ જબરી અસર પાડી. રોમન બાંધણીનાં શહેરો ઠેરઠેર ખિલી નીકળ્યાં. એ દરેકનો વહિવટ રોમન પદ્ધતિ અનુસાર શહેરી અમલદારો અને મહાલ કે પ્રાંત પંચાયતો મારફત થવા લાગ્યો. પશ્ચિમ યુરોપની શહેરસમિતિઓ, ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલો અને મ્યુનિસિપલ વહીવટનો જે કાંઈ અર્થ અત્યારે આપણે માનીએ છીએ એ બધું રોમન સામ્રાજ્યના તંત્રમાંથી સીધો ઉતરી આવેલો વારસો જ છે. રોમન કાયદાની આણ ધીરે ધીરે બધે ફેલાઇ; રોમન પ્રણાલિની શિક્ષણશાળાઓ અને મજૂરસંઘો સ્થપાયા. જુદી જુદી જગ્યાએ પુષ્કળ તફાવત બેશક નજરે પડતો. તાબાના પ્રાન્તોમાં દેશીઓની જૂની રાહરસમો અને જૂની ધાર્મિક માન્યતાઓને નિભાવી લેવાની રોમ હમેશાં દરકાર રાખતું; પણ રોમનાઇઝેશન—રોમન સંસ્કૃતિનો પાસ બેસાડવાનું કામ તો સતત ચાલુ જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહેતું. રોમની લાગવગથી પ્રાન્તોના વેપાર, હુન્નરઉદ્યોગ અને આવકનાં સાધનો ખીલ્યાં. પ્રાન્તોના વતનીઓને રોમે જમીન અને ખનીજનો વધારે ફાયદાકારક ઉપયોગ કરતાં, વસ્તુચીજો બનાવતાં અને વેપાર કરતાં, અને પોતપોતાનાં શહેરો અને પરગણાંનો વહીવટ તેમણે જાતે કરી લેતાં શીખવ્યું.

ઑગસ્ટસની પદ્ધતિ એક અદ્ભુત સરસ રીતે રચી કાઢેલું તંત્ર હતી. પણ તે બરાબર જાણતો હતો, કે લોકોમાં પોતામાં વફાદારી, સત્યનિષ્ઠા, સુલેહશાન્તિ અને નિર્મળ ચારિત્રની પ્રબળ ભાવના જાગૃત થયા વિના આવું તંત્ર ચાલવું કે ચલાવવું ઘણું મુશ્કેલ છે. આવી ભાવના ફેલાવવા માટે તેણે શું શું કર્યું તે હવે તપાસીએ.

રોમ અને ઇટાલિમાં, મુખ્ય મુખ્ય દુરાચરણોની અટકાયત કરનારા કાયદાઓ બાંધવા ઉપરાંત અને ખાસ કરીને તો લગ્ન વિષે વધારે કડક વિચારોને પોષવા ઉપરાંત, ધર્મભાવનાને ફરીથી બલવત્તર કરવાનો પ્રયત્ન તેણે આદર્યો. જૂના દિવસોમાં રોમમાં જેની ઘણી સારી અસર હતી એવો જૂનો ગૃહધર્મ હવે લગભગ લોપ થયો હતો અને માત્ર દેશના અંદરના ભાગમાંના એકમાર્ગી, જૂની રૂઢિનાં કુટુમ્બોમાં કંઇક અંશે સચવાઇ રહ્યો હતો. જ્યુપિટર, માર્સ અને બીજા અનેક દેવોવાળા જૂના રાજધર્મમાં હવે કોઇનેય શ્રદ્ધા રહી નહોતી. તેને ઠેકાણે પૂર્વમાંથી આવેલા ભાતભાતના પંથો ચાલતા હતા અને તે સાધારણ લોકસમુદાયમાં ઘણા પ્રિય થઇ પડયા હતા. એ ધર્મો બેશક ઉત્ત-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જક હતા, પણ માનવીને સત્ચરિત બનાવે એવી કશી ખાસ અસર પાડી શકયા નહોતા. ઑગસ્ટસે જૂનો રાજધર્મ પાછો સજીવન કરવાનો પ્રયત્ન કર્યો. તે કહે છે કે "મેં જૂનાં દેવાલયો સમરાવ્યાં અને અનેક નવાં બંધાવ્યાં." પણ તેનું કશું ફળ નીપજ્યું નહિ. જૂના રોમન સદ્‌ગુણો અદૃશ્ય થયા હતા; રોમની, અને કંઈક અંશે ઇટાલિની પણ, નૈતિક અને ધાર્મિક પરિસ્થિતિ નપાવટ થઈ હતી અને વધારે થતી જતી હતી. સામાન્ય લોકોને, ક્રિશ્ચિયાનિટીએ તેમનો હાથ ઝાલ્યો ત્યાં સુધી, કશું સુધરવાપણું દેખાયું જ નહિ. સ્ટૉઈસીઝમ નામની એક પ્રકારની ફિલસુફીના પ્રચારથી કેળવાયેલા લોકોનો થોડે ઘણે અંશે બચાવ થયો. આ ફિલસુફી ગ્રીક શિક્ષકોએ શીખવી હતી. તેણે લોકોને નિર્મળ રીતે રહેતાં, પોતાનું સ્વમાન જાળવતાં, દુઃખ હિમ્મતપૂર્વક સહન કરતાં, પ્રમાણિક થતાં અને કંઈક અંશે વિચારશીલ થતાં શીખવ્યું. રોમના ઉપલા વર્ગોમાં આ જાતની વિચારસરણી ફેશનેબલ ગણાવા લાગી અને ક્રિશ્ચિયાનિટીએ પાછળથી કામ ઉપાડી લેતાં સુધી લોકોમાં ઉન્નત વિચારો પોષવામાં ઠીક ઠીક ફાળો આપ્યો.

પ્રાન્તોમાં ઑગસ્ટસે 'જીનિયસ ઑગસ્ટી' (બાદશાહનું રક્ષણ કરતી દૈવી શક્તિ) ની ભક્તિનો નવો ધર્મ ફેલાવ્યો. વખત જતાં આ ધર્મમાં ખુદ બાદશાહની પોતાની ભક્તિ સિવાય કશી વિશેષતા રહી નહિ. પૂર્વમાં આ ધર્મનો ઉમળકાપૂર્વક સત્કાર થયો. પૌર્વાત્ય લોકોને અતિ પ્રાચીન કાળથી જ પોતાના રાજકર્તાને દેવાંશી માનવાની ટેવ પડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતી. પૂર્વમાંથી આ રાજાભક્તિ ઈટાલિમાં અને પશ્ચિમ પ્રાંતોમાં ફેલાઇ. પશ્ચિમમાં તેની અસર ધાર્મિક કરતાં રાજદ્વારી વધારે થઇ; તેણે માણસને સાધુજીવન ગાળવાનું ઉત્તજન ન આપ્યું, પણ લોકોમાં એવી ભાવના પેદા કરી કે ઇશ્વરી ઇચ્છાનુસાર સામ્રાજ્યને માથે દેવનાં રખવાળાં છે અને તેથી લોકોમાં રોમ પ્રત્યે એક પ્રકારની ધાર્મિક વફાદારીને પ્રોત્સાહન મળ્યું. બસો વર્ષ સુધી રોમન સામ્રાજ્યમાં, ખાસ કરીને સાધારણ જનતામાં, આ 'સીઝર ભક્તિ' સાચું બળ હતી. વધારે શિક્ષિત વર્ગોમાં, રોમમાં તેમજ પ્રાન્તોમાં, સ્ટોઇસીઝમનું ચલણ વધારે હતું. લશ્કરમાં 'મિથ્રાઈઝમ' નામનો નવો પૌર્વાત્ય ધર્મ પ્રસર્યો અને ઘણો બળવાન થયો. આ ધર્મે, બીજા પૌર્વાત્ય ધર્મો કરત. ઉલટું, માણસને શુદ્ધ જીવન ગાળવાનું શીખવવાનો ઘણે અંશે પ્રયત્ન કર્યો.

તેમ છતાં, સામાન્ય રીતે એમ કહી શકાય કે ઇશ્વરમાં શ્રદ્ધા રાખતાં શીખવે અને આવી શ્રદ્ધામાં શુદ્ધ સાત્વિક જીવન એ અનિવાર્ય ભાગ છે એવું સમજાવનારા ધર્મ માટે તો રોમને ક્રિશ્ચિયાનિટી આવતાં સુધી રાહ જોવી પડી.

એટલે આગસ્ટસે સર્જેલા સામ્રાજ્યતંત્રમાં મુખ્ય મુદ્દાઓ આટલા છે. તેની નબળાઇઓ સારી પેઠે ઉઘાડી છે.

૧. બાદશાહની સત્તાનો બધો આધાર લશ્કર ઉપરના તેના કાબુ ઉપર હતો. તેનામાં ડહાપણ અને શક્તિ હોય ત્યાંસુધી આ ઉણપ બહુ મોટી ન ગણાય. પણ જો બાદશાહ નબળો કે બેવકૂફ હોય અને પોતાના સરદારો ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૈનિકોને વફાદાર રાખી ન શકે તો પરિણામ ભયંકર નીપજે. આ ભય જેવો તેવો નહોતો; કારણ કે, આપણે ઉપર જોઇ ગયા તેમ સિદ્ધાંત તરીકે, સામ્રાજ્ય બાપના હાથમાંથી દીકરાના કે બાદશાહ પાસેથી તેના વારસના જ હાથમાં જવું જોઇએ એવું ઠરેલું નહોતું. તેથી બાદશાહના મોતનો પ્રસંગ એ હરીફાઇની તક ગણાતી. અને સેનાપતિઓ જો લાલચુ કે મહત્વાકાંક્ષી હોય તો બાદશાહની પદવી ઝૂંટવી લેવામાં પોતપોતાનાં લશ્કરોનો ટેકો મેળવવા તેમને ફોસલાવી શકે. બીજી રીતે કહીએ તો રોમન સામ્રાજ્ય એ એક વ્યક્તિનું રાજ્ય હતું અને આવાં રાજ્યતંત્રની સફળતાનો આધાર મોટે ભાગે હમેશાં રાજકર્તાના સદ્‌ગુણો ઉપર રહે છે.

૨. પ્રાન્તો અને શહેરો પોતપોતાનો સ્થાનિક કારભાર ચલાવી શકતાં, પણ સામ્રાજ્યના એકંદર વહીવટની વિચારણામાં તે કશો ભાગ લઇ શકતાં નહિ. તેથી, વખત જતાં, સમસ્ત સામ્રાજ્યનું શું થવા બેઠું છે એ વિષે તેમના મનમાં દિવસે દિવસે કાળજી ઓછીજ થતી ગઇ. પોતાના પડોશમાં કેમ ચાલે છે એટલુંજ જોવાની તેમને દરકાર રહેતી હતી.

૩. સદ્‌ગુણ અને ધર્મની નિષ્ફળતા કે અભાવનો અર્થ એ થયો કે શહેરી સમાજજીવનની દશા દિવસે દિવસે ખરાબ અને તિરસ્કારને પાત્ર થતી ગઇ. વખત જતો ગયો તેમ ઉત્તમ કોટિના રોમનો અને ઇટાલિયનોએ, જ્યાં સમાજનું જીવન હજી વિશુદ્ધ રહ્યું હોય એવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાંતોમાં જઇને વસવા માંડયું. આથી સામ્રાજ્ય મૂળમાંથીજ સડવા લાગ્યું. આવી દશામાં આવી પડેલું કોઇ પણ રાજ્ય લાંબો વખત સંગઠિત રહી શકે જ નહિ.

નબળાઇનાં આ બધાં ચિહ્નો એકસામટાં દેખાવા લાગ્યાં નહોતાં. સામ્રાજ્યનું તંત્ર એવું સરસ ગોઠવાયેલું હતું કે ભાંગી પડવાની નિશાનીઓએ દેખાવ દેતાં ઘણો વખત લાગ્યો. છતાં આ બધી નબળાઇઓ હતી તો પહેલેથીજ. આમ ગમે તેવી હતી, પણ સામ્રાજ્ય ચલાવવાની ઑગસ્ટસે ઘડેલી પદ્ધતિનો ઉત્તમ ગુણ એ હતો કે ખળભળવા માંડયા પહેલાં તે ૨૦૦ કે તેથી પણ વધારે વર્ષો સુધી એકસરખી ટકી રહી. છેવટ જંગલીઓના હુમલા સામે તે બેશક ભાંગીને ભૂકો થઇ ગઇ; પણ સુવર્ણ યુગનાં આ ૨૦૦ વર્ષ દરમિયાન યુરોપમાં તેણે એવી સંસ્કૃતિ ઉત્પન્ન કરી કે જંગલીઓ ચડી આવ્યા ત્યારે તેઓ તેનો નાશ તો નજ કરી શક્યા, પણ ઉલટા તેના પ્રશંસક થયા અને તેમાંથી ઘણું ઘણું શીખ્યા.

ઑગસ્ટસની હયાતિમાં જ તેનો રાજ્યઅમલ સુવર્ણ યુગની શરૂઆત સમો લાગતો હતો. કવિઓ વર્જિલ અને હૉરેસ તેનાં એ રીતે ગુણગાન કરે છે. શાંતિ અને આબાદીને માટે ઝંખતું આખું જગત ઑગસ્ટસના મોઢા સામે જોઇ રહ્યું હતું. તે પોતે કહે છે કે ‘સેનેટે ફરમાન કાઢયું હતું કે દર પાંચમે વર્ષે મારા આરોગ્ય માટે માનતાઓ અર્પવી.’ આ ભલે સેનેટે માત્ર ગુલામી મનોદશાથી કરેલી ખુશામત હોય. પણ જ્યારે તે ઉમેરે છે કે ‘નાગરિકોના આખા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમાજે, વ્યક્તિઓ તરીકે ખાનગીમાં અને સુધરાઈઓ તરીકે જાહેરમાં, મારાં આરોગ્યને ખાતર, દરેકે દરેક દેવળમાં બલિદાનો આપ્યા જ કર્યાં,' ત્યારે તેની લોકપ્રિયતાનો વિશ્વસનીય પુરાવો મળી રહે છે. ઈટાલિના અને પ્રાંતોમાંથી મળી આવેલા અસંખ્ય શિલાલેખો, લેશમાત્ર શંકા રહિત, બતાવી આપે છે કે સામ્રાજ્યભરમાં તેને માટે લોકોને કેવી સાચી અને અંગત મમતા બંધાઈ ગઈ હતી અને લોકો કેવાં લાગણીપૂર્વક કબૂલ કરતાં કે 'સંસ્કારી અને ઉપાધિ રહિત જીવન ગાળી શકવાની અમારી તમામ આશાઓનો આધાર તેના રાજ્ય ઉપર છે.'

ઑગસ્ટન યુગ એ રોમન કવિતાસાહિત્યનો સુવર્ણયુગ છે. એટલા માટે આ ક્ષણેજ રોમન વાઙ્મયનો એકંદરે કંઈક ઉલ્લેખ કરી લેવો અનુકૂળ પડશે. રોમન લોકો સ્વભાવે કલાપ્રિય કરતાં વ્યવહારૂ વધારે હતા. અને તેમના ઇતિહાસનાં પહેલાં ૫૦૦ વર્ષ દરમિયાન સતત વિગ્રહોમાં પરોવાઈ રહેવાથી કલાજન્ય વિલાસની તેમને બિલકુલ ફુરસદ પણ મળી નહોતી. ઇ. સ. પૂર્વ ત્રીજા સૈકામાં તેઓ ગ્રીસના પરિચયમાં આવ્યા પછીથી જ રોમન વાઙ્મયની શરૂઆત થાય છે.

આપણે સ્પષ્ટ રીતે સમજી લેવું ઘટે કે ગ્રીક કલા અને વિદ્યા સિકંદર યુગના અંત સાથે જ નિઃશેષ થઈ ગયાં નહોતાં. જો કે હેલાસ ધીરે ધીરે ઝાંખું પડતું ગયું, છતાં ગ્રીક સંસ્કૃતિ એશિયાનાં શહેરોમાં ર્હોડસમાં, સિસીલીમાં અને ખાસ કરીને અલેકઝાંડ્રિયામાં હજીયે ખીલી રહી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતી. એલેકઝાંડ્રિયામાં તો એક ઇજિપ્શ્યન રાજાએ મોટું પુસ્તકાલય ને સંગ્રહસ્થાન બંધાવ્યું હતું. ઘણાં નમૂનેદાર કલાકામો ઈ. સ. પૂર્વે ચોથા અને ત્રીજા સૈકાની પેદાશ છે. હેલીકારનેસસનું મોસોલિયમ (જે આરામગાહ રાજા મોસોલસે પોતાની રાણીની યાદગીરીમાં બંધાવી હતી), આઇડનની સારકોફેગસ (શબ મૂકવાની પથ્થરપેટીઓ, જેમાંની એક પેટીને પડખે સિકંદરની એક લડાઇનું ચિત્ર કોતરેલું છે), પરગેમમની યજ્ઞવેદિ અને એફીસસ આગળ આરતેમિસનું દેવળઃ આ બધાં હેલનિસ્ટિક કલાના અનુપમ નમૂના છે. વિજયદેવીનું પુતળું જે સેમોથ્રેસ આગળ ઉભું કરવામાં આવ્યું હતું (હાલમાં જે પેરિસમાં છે) તે ગ્રીક-કલાનું અણમોલું રત્ન છે. આ બધાંય સિકંદરના સમય પછીનાં સર્જનો છે. સાહિત્યમાં પણ એ યુગથી હાસ્યરસના કવિ મિનાન્ડર અને 'આઈડિલ' અથવા ગ્રામજીવનને લગતાં ખંડ કાવ્યો લખનાર થિયોક્રિટસનાં નામો આવવાં શરૂ થાય છે. ગ્રીક ફિલસુફીનો મહાન યુગ વીતી ગયો હતો, છતાં હજી પણ લોકોને સચ્ચિંતન ને સદ્વર્તન તરફ દોરવે એવા, મહાન પ્રશ્નોના વિચારકો અને શિક્ષકો પેદા થતા હતા. તેમાંય સ્ટોઇકસ ને એપિક્યૂરિયન્સ વધારે જાણીતા છે. આ બધા ઉપરાંત આ સમય ગ્રીક વિજ્ઞાનનો મહાન યુગ છે. ખગોળવિદ્યા, વૈદક, ગણિત, ભૂમિતિ, ભૂગોળ અને સાહિત્યસંશોધનના વિષયોમાં એલેકઝાંડ્રિયા અને અન્ય સ્થળોના વિદ્વાનો ઘણું મહત્વનું કામ કરી રહ્યા હતા. એ કામ રોમે હેલનિસ્ટિક પૃથ્વી જીતી લીધી ત્યારપછી પણ બંધ પડયું નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ રીતે રોમ ગ્રીસના સમાગમમાં આવતાં એક સજીવન સચેત સંસ્કૃતિના પરિચયમાં આવ્યું. રોમન લોકનાં વધારે સંસ્કારી મંડળોમાં ગ્રીક વસ્તુઓ તરફ સન્માનવૃત્તિ બતાવવી એ ફેશન ગણાવા લાગી; અને આ પ્રેરણાથી પોષાઇને ગ્રીક વાઙ્મય લખાવા માંડયું. ખૂદ રોમન લોકો પોતે ઉમળકાથી કહેતા કે 'અમારૂં જે કાંઇ છે તે ગ્રીક અસરનું પરિણામ છે,' અને અમુક રીતે એ સાચું પણ છે. તેમણે કાવ્યમાં ગ્રીક ધાટી અને ફિલસુફીમાં ગ્રીક આદર્શો ઉછીના લીધા છે. તેમ છતાંય રોમન કાવ્યસાહિત્યમાં, ગ્રીક ન હોય એવી, તેની પોતાની સુવાસ અને મહત્તા છે. પ્લૅટસ અને ટેરેન્સનાં હાસ્યરસનાં નાટકો (ઇ. પૂ. ૨૩૦ અને ૧૬૦ માં લખાએલાં), ગ્રીક નાટકોની નકલ હોવા છતાં, સ્વાયત્ત જુસ્સા ને જોમથી ભરેલાં છે. બધા કવિઓમાં લુક્રેશિયસ (ઇ. પૂ. ૯૯–૫૫) સૌથી વધારે રોમન છે. તે કાવ્યશક્તિની અસાધારણ બુદ્ધિપ્રભાવાળો માણસ છે એટલું જ નહિ, પણ તેનાં કાવ્યો ગંભીર પ્રતિભા અને ઊંડી નૈતિક લાગણીથી ભરપૂર છે–એટલા માટે તો, તેમાં ધાર્મિક વહેમી માન્યતાઓ સામે ઝનૂની હુમલાઓ હોવા છતાં, જગતનાં ઉત્તમોત્તમ ધાર્મિક કાવ્યોમાં તેની ગણના થાય છે. બધા યુગના લિરિક કવિઓમાં કેટલસ (૮૪–૫૪) સર્વોત્તમ પૈકી એક ગણાય છે. ઑગસ્ટન યુગના કવિઓ વર્જિલ ને હોરેસનાં કાવ્યોમાં રોમન કાવ્યકલા ટોચે પહોંચે છે. વર્જિલ પોતાના વખતનો ઑગસ્ટન સામ્રાજ્યનો રાજકવિ હતો. વર્જિલ ભાષામાં માર્દવ, ગાંભીર્ય,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મધુર સંગીતનો સ્વામી અને રોમન ચારિત્રમાં, જે કાંઈ ઉત્તમ છે તેનો, માર્ગદૃષ્ટા છે. હોરેસનાં ઉત્તમ કાવ્યો પણ, ઑગસ્ટસે કરેલા રાજકીય સુધારાઓથી પ્રેરાઈને લખાયાં છે અને તેની ઘણી કવિતાઓમાં, શુદ્ધ સમ્પૂર્ણ રૂપમાં દર્શાવેલા, જીવન વિષેના વ્યવહારૂ વિચારોનો ભંડાર ભર્યો છે. આટલા લેખકો–કવિઓ ઉપરાંત પ્રથમ પંક્તિનાં બીજાં વધારે નામો નથી. ઓવિડ, જેણે ઑગસ્ટસના સમયમાં લખ્યું છે તે, મહાન વાર્તાલેખક છે, અને તેની કાવ્યપંક્તિઓ પણ ખામી રહિત છે, પણ તે સાચો કવિ નથી. લ્યુકેને ( ઈ. સ. ૩૯–૬૫ ) અલંકારના અતિરેકથી કવિતા બગાડી છે, ( એટલે કે સુંદર લાગે છે એટલા ખાતર જ સુંદર શબ્દાલંકાર વાપરવો અને કહેવાનું છે તે સાચું અને સાચા દિલનું ભાસે છે કે નહિ તેનો વિચાર કર્યા વગર માત્ર લખ્યા જવું તે ). જુવેનાલના ( ઇ. સ. ૬૭–૧૪૭ ) સંબંધમાં પણ એ જ હકીકત છે. તેમ છતાં તેણે રોમન સંસારના ચારિત્રની નિર્બળતાઓ અને દુર્ગુણો ઉપર અદ્‌ભુત કટાક્ષો કર્યા છે તેનું પછીના જમાનાના લેખકોએ અનુકરણ કર્યું છે.

સીઝર અને સિસેરોએ લેટિન ગદ્યને સમ્પૂર્ણ કળાએ પહોંચાડયું. પોતે લડેલી લડાઈઓના સીઝરે લખેલા ઇતિહાસમાં શુદ્ધતમ લેટિન મળી આવે છે. તેનાં લખાણો સરળ અને સાદાં છતાં રસિક છે, છતાં બેશક તે એક જ પ્રકારના વિષયને સ્પર્શે છે. સિસેરોનાં લખાણોમાં દરેક પ્રકારના ભિન્ન ભિન્ન વિષયોને સર્વોત્કૃષ્ટ બુદ્ધિ વડે સ્પર્શતું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લેટિન મળે છે. તેનાં ઘણાં વ્યાખ્યાનો સુંદર છે અને ઉત્તમ પરીક્ષકોએ તેને માત્ર ડેમોસ્થનીસથી જ બીજે નંબરે ગણ્યાં છે. ફિલસુફી વિષેનાં લખાણો ગહન નથી, છતાં તેમાં ગ્રીક મંતવ્યો શુદ્ધ લેટિનમાં રજુ કરેલાં છે. વક્તૃત્વકળા અને નેકી બદીને લગતા નૈતિક પ્રશ્નો વિષેનાં તેનાં લખાણો વધારે રસિક અને મૌલિક છે. પરન્તુ તેનાં સૌથી વધારે આહ્લાદક લખાણો તો તેના પત્રો છે. તેના ૮૦૦ પત્રો મળી શક્યા છે તે મહત્વના તેમજ મામુલી પ્રસંગોએ જુદી જુદી વ્યક્તિઓને લખેલા છે. ભવિષ્યમાં પ્રસિદ્ધ થશે એવા દૃષ્ટિબિન્દુથી એ પત્રો લખાયેલા નથી તેથી તેના બધા ગુણદોષો, તેની નબળાઇઓ તેમજ દૃઢ માન્યતાઓનું સજીવ ને સાચું-સિસેરો પોતે કેવો માણસ હતો તેનું-ચિત્ર ખડું થાય છે. ભૂતકાળમાં થઇ ગયેલા મહાપુરુષોમાં, તેના પત્રોને લીધે, આ માણસને આપણે તેના ખરા રૂપમાં ઓળખી શકીએ છીએ. પછીના જમાનાના પત્રલેખકોનો તે ગુરુ અને આદર્શ છે. તેના પત્રો એકલા લેટિનના શુદ્ધ લેખનના નમૂના રૂપ નથી, પણ એ પત્રસંગ્રહ તો આજ સુધીમાં લખાયેલાં ઉત્તમ કોટિનાં મુગ્ધ કરી મૂકે એવાં પુસ્તકોની બરોબરી કરે છે અને એ સમયનો ઇતિહાસ સમજવા માટે સુવર્ણસાંકળી સમા છે.

સિસેરોની પછી લેટિન ગદ્યની મુખ્ય કીર્તિ ઇતિહાસલેખનમાં છે. લીવીએ (ઇ. પૂ. ૫૯—ઇ. સ. ૧૭) ૧૪૨ ગ્રંથોમાં રોમનો ઇતિહાસ લખ્યો તેમાંથી માત્ર ૩૫ ઉપલબ્ધ છે, અને ટેસીટસે (ઇ. સ. ૫૫–૧૨૦) પોતાના સસરા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એગ્રિકોલાની જીવનકથા અને તેના સમયના જર્મનો અને જર્મની વિષેનાં રસિક બયાન ઉપરાંત, ઑગસ્ટસના મરણથી ઇ. સ. ૯૬ સુધીના રોમના ઇતિહાસના કેટલાક ગ્રન્થો લખ્યા છે. ઇતિહાસલેખક તરીકે જો કે આમાંથી એકેય પ્રથમ કોટિનો લેખક ગણાતો નથી, છતાં ગદ્યલેખક તરીકે તો બેશક પહેલી પંક્તિમાં આવે છે. લીવી એક સરખો રસ જાળવી રાખે છે; તેના જેવી સરસ રીતે વાર્તા કોઇ જ નહિ કહી શકે; અને ટેસિટસ અદ્‌ભુત ચારિત્ર આલેખનાર અને થોડા શબ્દોમાં અસાધારણ અર્થભંડાર ભર્યો હોય એવી વાક્યચમત્કૃતિવાળી લેખનશૈલિનો સ્વામી છે.

આ ઉપરાંત પણ બીજા ઘણા રોમન લેખકો ગણાવી શકાય, પણ બાકીનામાંથી કોઇ ઉચ્ચ કોટિનો નથી. ગ્રીક વાઙ્‌મયની સાથે સરખાવતાં રોમન વાઙ્‌મય સાચેસાચ મહાન નામો ગણાવતાં અનામિકાથી જ અટકે છે. ઘણા વિષયોમાં—ખાસ કરીને ફિલસુફી ને વિજ્ઞાન જેવા વિષયોમાં—રોમની મુખ્ય કાર્યસિદ્ધિ ગ્રીક વિચારમંથનો જગત સમક્ષ મૂકવા અને તેની ઉપર વિવેચન કરવા પૂરતી છે. પરંતુ તેના બદલામાં, રોમન ભાષાએ યૂરોપની કેળવણી ઉપર લગભગ અમાપ અસર કરી છે. ગ્રીક જેટલી તે સુંદર મધુર નથી; પરન્તુ અર્થભાન કરાવવાના સાધન તરીકે લેટિનની બરોબરી બીજી કોઇ ભાષા કરી શકી નથી. (માત્ર અર્વાચીન ફ્રેન્ચ ભાષા તેની સરખી હરીફ છે). તેને આવું સ્વરૂપ આપવામાં સિસેરોનો હાથ મુખ્ય છે. તેના પહેલાં, શાસ્ત્રીય વિષયો ઉપર વિદ્વાન માણસો વિચાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રદર્શિત કરી શકે એવી ભાષા એક માત્ર ગ્રીક હતી. સિસેરોના સમયથી તેનું સ્થાન લેટિને લીધું. સેંકડો વર્ષો સુધી આખાયે યુરોપમાં (અથવા કંઇ નહિ તો પશ્ચિમ યુરોપમાં તો ખરી જ) ભણેલાં માણસોની તે સામાન્ય ભાષા હતી. શાસ્ત્રીય વિષયોની ચર્ચા કોઈ પણ માણસ લેટિન સિવાય બીજી ભાષામાં કરતો નહિ. રાજ્યપ્રતિનિધિઓ અને પ્રધાનો બધું લખાણ કે કામકાજ લેટિન ભાષામાં કરતા. પશ્ચિમનાં ખ્રિસ્તી ધર્મમંદિરનાં વ્યાખ્યાનો લેટિનમાં થતાં અને અત્યારે રોમન કેથોલિક દેવળોમાં લેટિનમાં જ થાય છે. વળી ઘણી અર્વાચીન યુરોપિયન ભાષાઓનું ઉગમસ્થાન લેટિન છે. દાખલા તરીકે ઇટાલિયન, ફ્રેન્ચ, સ્પેનીશની માતૃભાષા લેટિન છે. અને ઇંગ્લિશના ઘણાખરા શબ્દોના ધાતુઓ લેટિન છે. ગ્રીક લોકોએ જેમ માણસને સત્ય અને ગંભીર રીતે ચિંતન કરતાં શિખવાડયું તેમ રોમન લોકોએ સ્પષ્ટ અને ચોકસાઇપૂર્વક અર્થભાન કરતાં શિખવાડયુંઃ એકે જગતને વિચારની પ્રેરણા આપી, બીજાએ વાણીનો પ્રવાહ આપ્યો. યોગ્ય રીતે કેળવાયેલા માનસની સમુત્ક્રાન્તિ માટે બંને ભેટ તદ્દન આવશ્યક છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ૪ રોમન સામ્રાજ્ય

ઇ. સ. ૧૪ માં ઑગસ્ટસનું મરણ થયું. તેની પછી ‘ જુલિયન ’ ( જુલિયસ સીઝરના નામ ઉપરથી ઓળખાતા ) વંશના ચાર એમ્પરરો થયા. તેમાં નીરો સૌથી છેલ્લો થયો. નીરોના રાજ્યનો લશ્કરી બળવાઓની પરંપરામાં અંત આવ્યો. સ્પેન, જર્મની અને પૂર્વનાં લશ્કરોના સેનાપતિઓએ એક પછી એક બખેડો જગાવ્યો અને ગાદીનો દાવો કર્યો. ઇ. સ. ૬૮–૬૯ ના બાર મહિનાની અંદર જ રોમે વારાફરતી ચાર બાદશાહો દીઠા. તેમાંના ચોથા, વેસ્પાસિયને ( ઇ. સ. ૬૯–૭૯ ) દશ વર્ષ રાજ્ય કર્યું. તેની પછી તેના બે દીકરાઓ, ટીટસ ( ૭૯–૮૧ ) અને ડોમીશિયન ( ૮૧–૯૬ ), ગાદીએ આવ્યા. તેઓ ‘ ફ્લેવિયન ’ બાદશાહો કહેવાય છે. ડૉમીશિયનનું ખૂન થયું અને તેના પછીનો નર્વા, જેને સેનેટે પસંદ કર્યો હતો, તેણે માત્ર બે જ વર્ષ અમલ ચલાવ્યો. પણ નર્વાએ મર્યા પહેલાં પોતાના વારસ તરીકે ટ્રેજેનને દત્તક લીધો હતો. ટ્રેજેને ( ૯૮–૧૧૭ ), હેડ્રિયનને; હેડ્રિયને ( ૧૧૭–૧૩૮ ) એન્ટોનિનસ પાયસને; એન્ટોનિનસે ( ૧૩૮–૧૬૧ ) માર્કસ ઓરેલિયસને દત્તક લીધો હતો. માર્કસ ઓરેલિયસ પછી તેનો દીકરો કોમોડસ ગાદીએ આવ્યો. એટલે પાછળનાં લગભગ ૧૦૦ વર્ષ સુધી ગાદી માટે કોઇ પ્રકારનો ઝઘડો ન થતાં સુલેહશાંતિ જળવાઇ હતી. વેસ્પાસિયન અને નર્વાની પછીના પહેલા ચાર બાદશાહો, ઑગસ્ટસ બાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરતાં, રોમને નસીબે સાંપડેલા કદાચ સૌથી ઉત્તમ અને સમર્થ બાદશાહો હતા. નિર્માલ્ય કોમોડસના રાજ્ય પછીનાં ૧૦૦ વર્ષ એવાં ગયાં કે જેમાં આજે આ તો કાલે પેલા લશ્કરે નવા નવા બાદશાહો ગાદીએ બેસાડયા અને ઉઠાડી મૂકયા. તેમાંના ઘણાખરાએ તો બહુ અલ્પ સમય રાજ્ય કર્યું ન કર્યું ત્યાં વળી કોઇ બીજો દાવાદાર જાગે અને એકાદ લશ્કર તેને ટેકો આપવા તૈયાર હોય જ. ડાયો-ક્લીશેન આજ રીતે ઇ. સ. ૨૮૪ માં ગાદીએ આવેલો. તેણે સામ્રાજ્યને નવેસરથી વ્યવસ્થિત કરવાનો અને શિસ્ત જાળવવાનો ભગીરથ પ્રયાસ કર્યો. પણ જેવો તેણે ઇ. સ. ૩૦૪ માં રાજીખુશીથી ગાદીત્યાગ કર્યો કે પાછી માંહોમાંહેની લડાઇ સળગી ઉઠી. ઇ. સ. ૩૦૮ માં તો એકી સાથે સામટા છ હરીફ બાદશાહો ઉભા થયા. કોન્સ્ટ-ન્ટાઇન, જેણે ઇ. સ. ૩૧૧ થી ૩૩૭ સુધી રાજ્ય કર્યું, તેણે આ બધા હરીફોનો નિકાલ કરી નાખ્યો. પણ તેના મૃત્યુ પછી વળી પાછો બખેડો જાગ્યો. ઈ. સ. ૩૬૪ માં સામ્રાજ્યના બે ભાગલા પડયા; બંનેનો બાદશાહ જુદો, અને આ ભાગલા ઠેઠ આ વાર્તાનો અંત આવતાં સુધી એમના એમ જ રહ્યા.

આ યુગનાં પહેલાં ૨૦૦ વર્ષ રોમન સામ્રાજ્યના સુવર્ણયુગ સમાં છે. ફ્લેવિયન અને તેમના પછી થયેલા બાદશાહોના રાજ્યઅમલ દરમિયાન રોમ સુખશાન્તિ અને આબાદીની ઉંચામાં ઉંચી ટોચે પહોંચ્યું. સચેત અને સમર્થ રાજતંત્ર, સરહદનું ચપળ અને યશસ્વી રક્ષણ અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાન્તિના સમયની કલાઓની પ્રગતિ એ આ બે સૈકાનાં મુખ્ય ચિહ્ન છે. રોમન કલા અને સ્થાપત્યનાં ઉત્તમોત્તમ કામો આ સમયમાં સર્જાયાં અને રોમન કાયદાને સ્થિર અને નિયમિત રૂપ મળ્યું.

ચિત્ર અને શિલ્પ કળામાં રોમનોએ મુખ્યત્વે ગ્રીક લોકોનું અનુકરણ કરીને જ સંતોષ માન્યો. કાં તો તેમણે ગ્રીક કલાધરોને કામે રોકયા, અથવા તો ગ્રીક કલાકામની નકલ કરી. તેમના નમૂનામાં ન તો સુધારો કરી શકયા કે ન તો કોઇ રીતે તેમની બરોબરી કરી શકયા. શિલ્પકામમાં કોઇ રોમન સર્જનો ખરેખર સારાં હોય તો તે નીચે પ્રમાણે છે: (૧) રોમમાં ઉભાં કરેલાં, બાદશાહો ને બીજાઓનાં આખાં તેમ જ અર્ધશરીરી પૂતળાંઓ અને સમાધિ ચિહ્નો; આ કલાકૃતિઓ તેની આબેહૂબ સજીવનતા અને સુંદર ઓપને માટે પ્રશંસનીય છે. રોમમાં માર્કસ ઓરેલિયસનું અશ્વારૂઢ પુતળું અને હિતરાઇનો સ્મરણસ્તંભ એ નાદર નમૂના છે. (૨) બાદશાહોના વિજયપ્રવેશની યાદગીરીમાં કીર્તિસ્તંભ તરીકે બાંધેલો કમાનદાર દરવાજો અને થાંભલાઓની હારો ઉપર કોતરેલાં મનોહર દ્દશ્યો અને શોભનચિત્રો—તેમાં પણ રોમમાં ટીટસે બંધાવેલો દરવાજો, ટ્રેજેને બંધાવેલી થાંભલાઓની હાર અને કોન્સ્ટન્ટાઇનનો દરવાજો તથા બેનીવેન્ટો આગળ ટ્રેજેનનો દરવાજો, એ સૌથી પ્રખ્યાત છે.

તેમ છતાં રોમને સૌથી વધારે યશ મળ્યો સ્થાપત્યમાં. આ દિશામાં તેની ઉત્તમોત્તમ કૃતિઓ દેવળો નથી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ રહેણાકનાં ઘર, રસ્તાઓ, દિવાલો, સ્નાનગૃહો, પૂલો, પાણીના નળો, પાણીની ટાંકીઓ, પાણીના બંધ, ગટર અને દીવાદાંડીઓ જેવાં માણસજાતને હમેશની સામાન્ય જરૂરિયાતોનાં બાંધકામો અને સગવડો છે. વળી રોમનોએ, સામ્રાજ્યના સમયમાં સાધારણ જનતાની બહુ માનીતી રમતો સાઠમારી, મલ્લકુસ્તી, દ્વંદ્વયુદ્ધ માટે ફરતી પગથિયાં જેવી બેઠકોવાળા ગોળાકાર અખાડા—અગડ બાંધ્યા હતા. યુરોપના ઘણાય ભાગોમાં રોમનોએ બાંધેલાં આવાં ચોગાનો હજી પણ હયાત છે, જેવાં કે ફ્રાન્સમાં નીચામે અને આર્લનાં એમ્ફીથિયેટર, બીજાં ઈટાલિ ને સિસીલીમાં અને રોમમાં ભીમકાય ફ્લેવિયન એમ્ફીથિયેટર (કોલિઝિયમ); મેરિથા અને રીમિનીના પૂલો, સેગોવિયા અથવા નીચામે આગળ પોન્ટ દુ ગાર્ડના પાણીના જળમાર્ગ, રોમમાં ચૌટાંની દિવાલો, ટિવોલી આગળ હેડ્રિયનનો બંગલો, રોમમાં કેરાકેલા અને ડાઓક્લિશેનનાં બંધાવેલાં સ્નાનગૃહો (બ્રિટનમાં પણ નાનકડું સ્નાનગૃહ હજી હયાત છે), અને અનેક જગ્યાએ રોમન મકાનોનાં ખંડિયેરો. આવાં વિશાળ બાંધકામોનાં માપ અને રોનક ઉપરાંત તેના બાંધનારાઓનાં યાંત્રિક જ્ઞાન અને શાસ્ત્રીય બુદ્ધિચમત્કૃતિ ઉપર જોનાર આફ્રીન થઇ જાય એમાં નવાઇ નથી.

પ્રાચીન કાળની તમામ પ્રજાઓમાં રોમન લોકો મોટામાં મોટા બાંધકામ જાણનાર મીસ્ત્રીઓ છે. તેમણે કાચની બારીઓ મૂકવાનું શોધી કાઢયું એટલુંજ નહિ પણ ઘરના મધ્ય ભાગમાં પૂરતી ફૂંક રહે એવી પણ રચના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોધી કાઢી. પથ્થર, ઈંટ ને ચૂનાનું તેમનું ચણતર એટલું મજબૂત અને ટકાઉ છે કે તેમાંનો ઘણો ભાગ એક કાંકરી સુદ્ધાં ખર્યા વગર એમનો એમ ઉભો છે, કાળના ઝપાટા તેને કાંઇ નુકસાન કરી શકયા નથી. આ બધા ઉપરાંત, ગ્રીક લોકોને કદિ નહોતો વિચારવો પડયો એવો, વિશાળ ખાલી ભોંયતળિયાં ઉપર ટેકા વગરનું છાપરૂં કરવાનો પ્રશ્ન તેમને ઉકેલવો પડયો. આ પ્રશ્નના ઉકેલમાં તેમણે ગોળાકાર કમાનવાળા દરવાજા, વળાંકવાળું છાપરૂં અને ઘુંમટને સમ્પૂર્ણ કળાએ પહોંચાડયાં. એગ્રીપ્પાએ બાંધેલ પાન્થિઓન અપૂર્વ ઘુંમટરચનાના ઉત્તમ નમૂના તરીકે હજીયે ઉભું છે.

વિજ્ઞાનની બીજી શાખાઓમાં રોમ ગ્રીસના જ્ઞાનભંડાર ઉપરજ જીવ્યું છે. એટલું ખરૂં કે સીઝરે ૩૬૫ દિવસના વર્ષની મિસરી કાલગણના અને ચતુર્થવાર્ષિક વૃદ્ધિતિથિ (લીપ–ઇયર) ની ગણતરી દાખલ કરીને રોમન પંચાંગમાં સાચો સુધારો કર્યો, અને ઑગસ્ટસે પોતાના આખાય સામ્રાજ્યની માપણી કરાવી. પરંતુ વિજ્ઞાનશાસ્ત્રી તરીકે કે વૈજ્ઞાનિક લેખક તરીકે, બીજા દરજ્જાનો પણ, કોઇ જ રોમન પેદા નથી થયો. વૈદક જેવું વ્યવહારૂ શાસ્ત્ર પણ એ લોકોએ ગ્રીકોના હાથમાં જ રહેવા દીધું. એથી તદ્દન ઉલટું, પોતાના તાબાનાં મોટાં મોટાં શહેરોની ગટરો અને ઘરની ખાળો બાંધવામાં અને લોકોની તંદુરસ્તીની સંભાળ લેવામાં સખત જહેમત અને બુદ્ધિ ખરચનાર પહેલવહેલી પ્રજા રોમન લોક છે. હોસ્પિટલ પદ્ધતિની પહેલ તેમણે પ્રથમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાનાં લશ્કરો માટે ચિકિત્સાલય સ્થાપીને અને પાછળથી ઘણાં શહેરોમાં વધારે સાર્વજનિક ઉપયોગ માટે કરી. આ રુગ્ણાલય પ્રવૃત્તિ ઇસ્વીસનના ચોથા સૈકા પછીથી ખ્રિસ્તી ધર્મના આશરા હેઠળ ખૂબ ખિલી અને એ રીતે અર્વાચીન યુરોપિયન જીવનમાં ઉતરી આવી.

જગતને રોમની સૌથી અગત્યની ભેટ તેની દિવાની કાયદાપદ્ધતિ છે. ફોજદારી કાયદો જે રાજ્ય વિરૂદ્ધના ગુન્હા (ખૂન, ચોરી, કાવતરૂં વગેરે) બદલ સજા ઠરાવે છે તે, દરેક યુગમાં અને દરેક પ્રજામાં મનુષ્યની પાપબુદ્ધિ સામે સમાજરક્ષણ કરવામાં કયો ઉપાય ઉત્તમ એ વિષે, જે તે વખતનાં માણસોની લાગણીઓ પ્રમાણે બદલાયા કરે છે. સાધારણ રીતે, પ્રજાઓ જેમ જેમ વધારે સંસ્કારી થતી જાય તેમ તેમ ફોજદારી કાયદો ક્રૂરતા અને કડકાઈમાં નરમ થતો જાય છે. દિવાની કાયદો એટલે મિલકત, વારસો, વેપાર અને નાગરિકના એકંદર હકોનું નિયમન, અને એ તો ઉઘાડુંજ છે કે સરળ નિરપરાધી જીવનમાં સલામતી ને આરામનો આધાર મોટે ભાગે, માણસ માણસ વચ્ચેના વ્યવહાર ધંધામાં ન્યાયને જેવું અને જેટલું સ્થાન અપાતું હોય તેના ઉપર રહે છે.

રોમન દિવાની કાયદો એ સમયનું ફળ હતો અને વારાફરતી અનેક ધારાશાસ્ત્રીઓ અને ન્યાયાધીશોએ, આગલા ન્યાયાધીશોએ આપેલા ચુકાદા અને નિર્ણય લાગુ પાડીને, તથા નવા નવા કેસોને અંગે ઘટાવીને, મઠારીને કે અનુકૂળ રૂપ આપીને, તેને પરિપૂર્ણ કર્યો. પ્રજાસત્તાકનો અંત આવતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધીમાં આ સુધારણાની પ્રવૃત્તિ ઘણી આગળ વધી ચૂકી હતી, છતાં દિવાની કાયદો હજીય કાંઇક મોઘમ અને અનિશ્ચિત દશામાં હતો. હેડ્રિયનના રાજ્ય અમલમાં તેને નિશ્ચિત રૂપ અપાયું અને બુદ્ધિમાન ધારાશાસ્ત્રીઓને તેનો અર્થ ઘટાવવાનો હક અપાયો. એ વખતથી રોમન કાયદો એ ધારાધોરણનો સ્વીકૃત સંગ્રહ ગણાયો. ત્યાર પછી પણ તેમાં સુધારાવધારા થવા ચાલુ રહ્યા. કેટલેક અંશે, અઘરા અટપટા મુકર્દમાઓમાં વકીલો પાસેથી માગવામાં આવેલા અભિપ્રાયો ઉપરથી, અને કેટલેક અંશે, અપીલની વરિષ્ઠ અદાલત એટલે એમ્પરર અને મંત્રી મંડળે આપેલા ચુકાદાઓ ઉપરથી તેમાં સુધારાઓ થયા કર્યાં. પરન્તુ આ ઉમેરા કે સુધારા, અસ્તિત્વમાં હતા જ એવા નિયમોના માત્ર વધારે સ્પષ્ટીકરણરૂપે જ હતા. સમ્પૂર્ણતા, સર્વદેશીયતા, જૂના રીતરીવાજો અને સ્થાપિત હકો પ્રત્યે સન્માનવૃત્તિ, અને માણસ માણસ વચ્ચેના અદલ વ્યવહારની પથ્ય ભાવના, એ રોમન કાયદાના મહાન ગુણો છે. મનુષ્યના સાધારણ દૈનિક જીવનને સ્પર્શતી હોય કે અસર કરે એવી બાબતોમાં નવાં પ્રસ્થાન કે નવા નવા અખતરા કરવા તરફ રોમન લોકોને સખત અણગમો હતો. કયા હકો ઉપર ભરોંસો કે આધાર રાખવો એ જો માણસ જાણતો જ ન હોય તો જીવન જરૂર બિનસલામત અને અસ્વસ્થ થઇ જાય એમ તેમને લાગતું. વળી વ્યાજબી રખાવટ માગવાના માણસના હક વિષે તેમના મનમાં સાચું સન્માન હતું. આ બધાનું પરિણામ એ આવ્યું કે એમણે એવી ડહાપણભરેલી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવી ન્યાયી અને એવી પરિપૂર્ણ દિવાની કાયદાપદ્ધતિ રચી કાઢી કે જે અત્યારે પણ યુરોપના ઘણાખરા દેશોમાં કાયદાના પાયા તરીકે છે. છેક આજે પણ, જેમને ધારાશાસ્ત્રી થવા માટે અભ્યાસ કરવો હોય તેમણે, રોમન કાયદાના સિદ્ધાન્તોના અધ્યયનથી શરૂઆત કરવી પડે છે.

હવે આપણે ઑગસ્ટસે ઘડેલા રાજતંત્રમાં તેના પછી થયેલા એમ્પરરોએ શા શા વધારા ઘટાડા કર્યા તેનો વિચાર કરવા તરફ વળવું પડશે.

૧ ધીમે ધીમે એમ્પરરની સત્તા વધારે વધારે જોહુકમી–આપખુદ થતી જાય છે. જૂની પ્રજાસત્તાક પદ્ધતિના ઘણાખરા અંશોને જેમના તેમ રહેવા દેવામાં અને કેટલીક સત્તા સેનેટ ને મેજીસ્ટ્રેટોના હાથમાં રહેવા દેવામાં ઑગસ્ટસે ડહાપણ માન્યું હતું. પરન્તુ વખત જતો ગયો તેમ મેજીસ્ટ્રેટોની અને સેનેટના નવા સભ્યોની પસંદગી એમ્પરરના હાથમાં વધારે વધારે જતી ગઇ. ઇટાલિ અને રોમમાં સૌથી વધારે જોખમભરી જગ્યાઓ ઉપર રાજ્યના નવા અમલદારોની નિમણુક, પ્રિફેક્ટસ (સેનાપતિ, અધ્યક્ષ) ના હોદ્દાથી એમ્પરર પોતે કરતો; દાખલા તરીકે નગરરક્ષક–કોટવાળ, અંગરક્ષકોનો (હાલના બોડીગાર્ડ પેઠે બાદશાહના શરીરરક્ષકો), કાફલાનો, દાણાપીઠનો, બંબાખાતાનો ઉપરી વગેરે. આ અમલદારો ધીરે ધીરે વધારે મહત્વના થતા ગયા અને જૂના મેજીસ્ટ્રેટો, પ્રાએટર્સ, કોન્સલો, વગેરેની સત્તા ક્રમે ક્રમે ઓછી થતી ગઈ. હેડ્રિયને સામ્રાજ્યનો કારોબાર ચલાવવા માટે મોટા અમલદારોની–પ્રીવી કાઉન્સીલના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેવી–હજૂર સમિતિ નીમી. ઑગસ્ટસે શરૂ કરેલી સિવિલ સર્વિસ કામના પ્રમાણમાં યોગ્ય ચઢતા ઉતરતા દરમાયાવાળાં નિયમિત અમલદારી તંત્ર તરીકે કાયમી થઇ. તેમાં ય બઢતી આપવાની મુનસફી તો એમ્પરરના હાથમાં જ રહી. આખરે ડાયોક્લિશેને એકતંત્રી રાજ્યપદ્ધતિને સમ્પૂર્ણ ચોકખી બનાવી, અને રોમની સેનેટ અને મેજીસ્ટ્રેટોને બીજાં કોઇપણ સાધારણ શહેરની સાધારણ શહેરસમિતિ જેવાં, માત્ર નામનાં જ બનાવી દીધાં. નખથી શિખાપર્યંત રાજ્યનો તમામ કારભાર એકલા એમ્પરર અને તેણે નિમેલા માણસોથી જ ચલાવવા માંડયો. એટલે ખરૂં જોતાં ડાયોક્લિશેનના અમલથી રોમમાં પૂરેપૂરો બાદશાહી અમલ શરૂ થયો, અને એમ્પરર શબ્દમાં બાદશાહ એવો અર્થ વ્યાપ્ત થયો ગણાય.

૨. ઉત્તરોત્તર બાદશાહોએ, તેમાંય મુખ્યત્વે કલોડિયસ અને ફ્લેવિયનોએ પ્રાન્તના લોકોને રોમન નાગરિકપણાના હકો છૂટે હાથે બક્ષ્યા અને આ ક્રમ બાદશાહ કેરેકેલાના ફરમાનથી ( ઇ. સ. ૨૧૨ ) સમ્પૂર્ણ થયો. એ ફરમાનથી સામ્રાજ્યભરના દરેકે દરેક સ્વતંત્ર–ગુલામીના બંધનમાં નહિ એવા–માણસને રોમન નાગરિકપણાના હક મળ્યા; અને આનો અર્થ આપોઆપ એ પણ થયો કે રોમન કાયદાની દરેક જગ્યાએ આણ ફેલાઇ. આ સમાનતાને લીધે સામ્રાજયના કામકાજ આગળ રોમ અને ઈટાલિનું જે અવ્વલ દરજ્જાનું મહત્વ હતું તે ઘટી ગયું. ઈટાલિને બીજા પ્રાન્તો જેવો પ્રાન્ત ગણનાર અને તેની ઉપર પણ કર ઠોકી બેસાડનાર પહેલો બાદશાહ ડાયોક્લિશેન હતો; ત્યાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધી ઇટાલિ કોઈપણ જાતના કરથી મુક્ત હતું. (ઉલટું આગળ તો આપણે વાંચી ગયા કે રોમન નાગરિકોને એમ્પરર ઑગસ્ટસ છૂટે હાથે નાણાં વહેંચતો ). છેવટે કોન્સ્ટન્ટાઇને પુરાણા બિઝેન્શિયમની જગાએ કોન્સ્ટાન્ટિનોપલ નામનું નવું શહેર વસાવ્યું જે બધી વાતે રોમથી આગળ પડતું થયું; અને તેના પછીના બાદશાહોએ રોમમાં નહિ રહેતાં, રાવેના અને પાવીઆ જેવાં અન્ય સ્થળોએ જ રહેવાનું પસંદ કર્યું. પશ્ચિમ સામ્રાજ્યની પડતી થઇ અને રોમના ખ્રિસ્તી ધર્માચાર્યોએ તેનું મહત્વ પાછું સજીવન કર્યું ત્યાં સુધી રોમ ફરીથી યુરોપમાં અવ્વલ દરજ્જાનું શહેર થયું નહિ.

૩. જુલિયન બાદશાહો અને તેમના ઉત્તરાધિકારીઓના અમલ દરમિયાન પ્રાન્તોમાં રોમન સંસ્કાર પાડવાનુ કામ સતત ચાલુ રહ્યું. રોમન નાગરિકત્વના ઉત્તમ નમૂના ઇટાલિમાં નહિ, પણ પ્રાન્તોમાં નીપજવાનું વળણુ વધારે વધારે થતું ગયું. પ્રાન્તોનાં વેપાર, હુન્નરકળા, ઉદ્યોગ, અને શિક્ષણશાળાઓ ખૂબ ખિલ્યાં. પરન્તુ સામ્રાજ્યનાં પહેલાં ૨૦૦ વર્ષના અન્તમાં પ્રાન્તિક જીવન બગડતું જતું દેખાય છે. પ્રાન્તના લોકોએ રોમની એકલી ઉત્તમ બાબતોની જ નહિ, પણ દુષ્ટ વાતોની પણ નકલ કરવા માંડી; અગડના લોહીતરસ્યા તમાશાઓ માટે તેમણે એમ્ફિથિયેટરો પણ બાંધ્યાં. શહેરીતંત્રનો કારભાર સંભાળનાર માણસોની ધીરે ધીરે તાણ પડવા લાગી. સામ્રાજ્ય પ્રત્યેનું પ્રાન્તોનું મમત્વ પણ ઘટતું ગયું. ઈ. સ. ૨૦૦ પછી તો બાદશાહી ગાદી માટે નજીકના ગમે તે દાવાદારને ટેકો આપવા પ્રાન્તો રાજી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતા એવું જણાય છે. સામ્રાજ્યના કારભારમાં તેમનો કશો લાગભાગ નહોતો અને તેથી કોણ રાજ્ય કરે છે તેની તેમને મુદ્દલ પરવા નહોતી. સીઝર–ભક્તિ માત્ર ઢોંગ રૂપ બની ગઇ અને તેની પાછળની દૈવી માન્યતા ભૂંસાઇ ગઈ. લડાઇ, બળવા અને ધાડાંને લીધે કરનો બોજો વધ્યો અને પ્રાન્તમાં સુબાગીરી કરવી વધારે પડતી જોખમકારક થઇ. ડાયોક્લિશોન અને તેના પછીના બાદશાહોના વખતથી મોટાં માણુસો ઉપર જાસુસી કરનારા અમલદારોનું જબરજસ્ત તંત્ર સ્થાપવામાં આવ્યું. કોન્સ્ટન્ટાઇનના રાજ્ય વખતે તો આપણે સાંભળીએ છીએ કે શહેરસમિતિઓ કે શહેરી કચેરીઓમાં કરવાં પડતાં કામમાંથી છટકવા માટે માણુસો કાં તો સૈનિક કે છેવટ ગુલામ પણ બનતા! આમ પ્રાન્તોની દશા વધારે બગડતી ગઈ અને તેમનું શહેરી જીવન સડતું ગયું. સામ્રાજ્ય પાકેલા ગુંમડા જેવું થઇ ગયું, કોઇ જરાક અડે એટલી જ ફૂટી જવાને વાર હતી.

આ બધાં દુર્ભાગી ચિહ્નો ઇ. સ. ૨૦૦ પહેલાં નજરે નથી પડતાં. એ વર્ષ સુધી સુવર્ણ યુગ અને મહાન્ બાદશાહોનો સમય નભ્યો. પણ ઑરેલિયસના પછીનો સામ્રાજ્યનો ઇતિહાસ લશ્કરી બળવાઓ અને જંગલી જાતોનાં ધાડાંઓની લાંબી કંટાળાભરેલી કથા બને છે. આ બંને બાબતો અરસપરસ સંકળાયેલી છે. સામ્રાજ્ય નબળું પડે, એટલે તેના દુશ્મનોને હુમલા કરવાની વધારે લાલચ થાય; અને, ઉલટપક્ષે, બહારના હુમલાઓથી સામ્રાજ્યની પ્રતિકાર કરવાની શક્તિ નબળી પડે. છતાં બાદશાહી અંગરક્ષક સેના, પ્રાંતીય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લશ્કરો, કે ક્વચિત્ સેનેટે, જે સરળતાથી અને ઉપરાઉપર નવા નવા બાદશાહોને વારાફરતી ગાદી ઉપર બેસાડયા ને ઉઠાડી મૂક્યા તેનું એક ખાસ કારણ છે. આ કારણની સત્ય હકીકત એ છે કે છેક શરૂઆતથી જ, બાપની પછી રાજગાદી દીકરાને જ મળવી જોઇએ એવો સિદ્ધાન્ત કોઈ દિવસ સ્થાપિત થયો જ નહિ. તેથી કોઇપણ બાદશાહના મરણ વખતે તેના પછી ગાદીએ કોણ બેસે એ વિચારણાનો ઉઘાડો પ્રશ્ન ગણાતો. આ મુશ્કેલીનો નિકાલ લાવવા સારૂ જુલિયન બાદશાહોએ, પોતાની પછી જેમને ગાદીએ લાવવા હોય તેમને વિશિષ્ટ માનઅકરામ આપીને તોડ કાઢયો હતો. નર્વા અને તેની પછીના બાદશાહોએ રાજકારભારમાં ભાગ લેવા અને સમય આવ્યે રાજકર્તાની પછી ગાદી સંભાળવા દત્તક લેવાની યુક્તિ અખત્યાર કરી. ડાયોકિલશેને વળી બહુ વિસ્તૃત યોજના કરી; તેમાં એક માણસ ‘ઑગસ્ટસ’ની પદવી સાથે રાજકારભારમાં તેનો જોડીદાર બનતો અને બીજા બે જણને ‘સીઝર’ ખેતાબ સાથે મદદનીશ નીમવામાં આવતા. આખરે સામ્રાજ્યના પૂર્વ અને પશ્ચિમ એવા બે ભાગલા પડયા, તોપણ આ પ્રશ્નનો નિકાલ તો નજ આવ્યો. સામ્રાજ્ય ઉપર લશ્કરી દોર પર નભતો એક વ્યક્તિનો એકહથ્થુ અમલ હતો અને જે કોઈ વ્યક્તિ લશ્કરી બળ વડે ગાદી ઝૂંટવી લેવા જેટલું સામર્થ્ય દાખવે તેનું રાજ્ય ગણાતું.

લશ્કરી બળવાઓનું પરિણામ એ આવ્યું કે સરહદનો બચાવ ધીમે ધીમે ભાંગી પડયો. ટ્રેજેન, હેડ્રિયન અને ઓરેલિયસે સરહદના સંરક્ષણને માટે ખાસ કાળજી રાખી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતી અને વધારેમાં વધારે સમય લશ્કર સાથે ગાળ્યો હતો. હેડ્રિયને સરહદ ઉપર કિલ્લેબંદી કરીને અને કેટલીક જગ્યાએ લાંબીચોડી દિવાલો બાંધીને ખૂબ મજબૂતી કરી હતી. આવી એક દિવાલ બ્રિટનમાં કાર્લાઇલની ઉત્તરે, પિક્ટ અને સ્કૉટ લોકોને ધસી આવતા અટકાવા માટે, બાંધી હતી. પણ ઈ. સ. ૨૦૦ પછીની રોમ ને ઇટાલિની વધતી જતી નિર્બળતાએ લશ્કરોને બળવો કરવાને લલચાવ્યાં. આને લીધે સામ્રાજ્યમાં અંધાધુંધી વધી અને જે લશ્કરો પ્રાન્તોના સંરક્ષણ માટે હતાં તે નબળાં પડયાં. ડાયોક્લિશેન અને કોન્સ્ટન્ટાઇને આવતા ભયને ટાળવા સારૂ પ્રાન્તોની સુબાગીરીના ભાગ પાડી નાખ્યાઃ મુલકી હકુમત એક માણસને અને લશ્કરી સરદારી બીજા માણસને આપી. પણ આથી તો ઉલટી દરેક પ્રાન્તના બંને સુબાઓ વચ્ચે અદેખાઇની આગ સળગી અને બહારના હુમલા સામે ટકાવ કરવાનો જરાકેય સંભવ ને શક્તિ હતાં તે ઓછાં થયાં.

આમ ઇ. સ. ૨૦૦ પછી પૂર્વ અને ઉત્તર, બંને બાજુએથી ધાડ આવવાનો યુગ બેઠો. કેટલાક રાજકર્તાઓએ આ ભયની અટકાયત કરવાને અને પરિસ્થિતિ મજબૂત કરવાને અસાધારણ જહેમત ઉઠાવી, પણ તેમના બધા પ્રયત્નો ધૂમાડાના બાચકા જેવા હતા. સડો મૂળમાં જ પેઠો હતો. ધાડપાડુઓના તાજા અને ઝનૂની જુસ્સા સામે ટકાવ કરવાનું સામર્થ્ય સામ્રાજ્યમાં રહ્યું નહોતું. એટલે જંગલી જાતોનાં ધાડાં અને રોમની પડતી સિવાય બીજું કાંઇ ખાસ મહત્ત્વનું વર્ણવવાનું રહેતું નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૫ જંગલી પરદેશીઓનાં ધાડાં

જંગલી પરદેશીઓનાં ધાડાંનો સમય ઘણીવાર 'ભટકતી પ્રજાઓનો' યુગ કહેવાય છે. મધ્ય અને ઉત્તર યુરોપની અને ઘણે દૂરની રશિયા અને મધ્ય એશિયાની પ્રજાઓમાં પહેલાં કરતાં કંઈક વધારે અસ્થિરતા અને અશાન્તિ પેઠી. આ અશાન્તિએ તેમને નવાં રહેઠાણ શોધવા સારૂ ટોળેવળીને ભટકવાની ફરજ પાડી. રોમન સરહદ ઉપર વસતી જાતો ઉપર આ ટોળાંનું દબાણ વધતું ચાલ્યું. અને તેને લીધે સરહદમાં વસતી પ્રજા સામ્રાજ્યની ભીતરના વધારે વ્યવસ્થિત પ્રદેશ તરફ દબાતી ગઇ. આ ફેરફાર નદીના પૂરના ધસારા જેવો વેગવાન હતો, અને તેની વાત ભયંકર રીતે ગોટાળી છે. આજે અહીં તો કાલે બીજે સ્થળે ટોળાંઓ દેખાય, અથવા તેમના પાછા નાના નાના ભાગ પડીને જુદી જુદી દિશાઓમાં વીંખાઇ જાય. આજે ગૉલ, કાલે સ્પેન તો પરમ દિવસે આફ્રિકા અથવા બ્રિટનમાં તેમના હુમલા થયા જ હોય. પણ, પહેલાં કે છેવટે, સહન કરવાનું તો હંમેશાં રોમ અને ઇટાલિને નસીબે જ આવે. ઇટાલિમાં સામ્રાજ્યનું નામનું પણ મધ્યસ્થળ ગણાતું અને તેની કીર્તિ લૂટારૂઓને અદમ્ય લાલચથી આકર્ષતી.

પહેલો હલ્લો ઓરેલિયસના અમલ વખતે (ઇ. સ. ૧૬૬ માં) આવ્યો, તેમાં મારકોમની અને બીજી જાતો ધસી આવી અને ડાન્યુબ સરહદના પ્રાન્તોમાં ફરી વળી. તેર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેર વર્ષની ભયંકર લડાઇઓ લડીને તેમને પાછા કાઢયા. પણ કાયમની સુલેહશાન્તિ સ્થાપવાના ઇરાદાથી ઓરેલિયસે સંખ્યાબંધ પરદેશીઓને કાયમના વતની તરીકે, તેમણે હુમલા કર્યા હતા તે પ્રાન્તોમાં, આવીને વસવા નોતર્યા. આ પગલું ઘણું અગત્યનું હતું અને પાછળથી થયેલા બાદશાહો તેને સતત અનુસર્યા. બેશક, એમ કર્યા વગર બીજો રસ્તો પણ નહોતો. સરહદનો પ્રદેશ વસતિ વગરનો છેક ઉજડ પણ રખાય નહિ, એમ કરવાથી તો ધાડ પાડવાની લાલચ ઉલટી વધે. પરન્તુ તેનો અર્થ એમ થયો કે વધારે વધારે પરદેશીઓ સામ્રાજ્યની ભીતરમાં વસતા થયા. આ આગંતુકો પ્રજામાં સૌથી ખડતલ અને સશક્ત હતા. સરહદનાં લશ્કરમાં ધીરે ધીરે એવા લોકોની ભરતી વધારે પ્રમાણમાં થાય એ સ્વાભાવિક. તેમની સંખ્યા અને મહત્ત્વ વધતાં ગયાં, તેમ તેમના સરદારો પણ સામ્રાજ્યમાં મોટા માણસો ગણાતા થયા. એટલે સામ્રાજ્ય, સૈન્ય, અને રાજદરબાર, બધાં 'જંગલી' બનતાં ગયાં. સામ્રાજ્યને માત્ર એકલા બહારથી જ આવતા જંગલીઓના પ્રવાહ સામે નમવું પડયું એવું નથી; ખુદ તેની સરહદની ભીતરમાં જ વધી ગયેલાં ' જંગલીપણાં ' એ તેને નમાવ્યું, કચરી નાંખ્યું.

મારકોમેનીક હુમલા પછી ઇ. સ. ૨૦૦ પછી એલમેની લોકનો વારો આવ્યો ( ઇ. સ. ૨૩૬ ). ગૉથ લોકોનો પહેલો હુમલો પણ એજ વર્ષમાં થયો. ફ્રાન્ક લોકોએ ઇ. સ. ૨૫૦ માં દેખાવ દીધો. પીકટ અને સ્કૉટ લોકો બ્રિટન ઉપર હલ્લો કરવાની ત્રીજા સૈકામાં ધમકી બતાવવા લાગ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વેન્ડાલ હુમલા ઇ. સ. ૪૦૬ માં શરૂ થયા. ઇ. સ. ૪૫૦ માં હુણ લોકોએ યુરોપ છેક ગૉલ સુધી ખેદાનમેદાન કર્યું. ગૉલમાં તેમની છેવટે હાર થઇ. આમ ધાડપાડુઓ રૂપી મહાસાગરનાં મોજાં પાછળ મોજાં પશ્ચિમ સામ્રાજ્ય ને ઇટાલિમાં દરેક દિશાએથી ધસી આવતાં હતાં.

આવા એકસામટા હુમલાઓનો પ્રતિકાર કરવો એ સામ્રાજયના ગજા ઉપરવટનું કામ હતું; કારણ કે પૂર્વમાં આરમીનિયાના કબજા સારૂ તેને પાર્થિયા કે પરશિયાનાં વિશાળ રાજ્ય સામે હંમેશાં લડયા કરવું પડતું. ઇટાલિ તો ઝપાટાબંધ વિનાશને પંથે વળ્યું. ઇટાલિયન વેપાર બંધ પડયો. મરકી અને દુષ્કાળથી વસતિ ઘણી ઘટી ગઇ. મોટાં મોટાં પરગણાં વસતિ વગર ઉજ્જડ પડયાં. છતાં ધાડ-પાડુઓ તો આવતા જ ગયા. ગૉલ, સ્પેન, આફ્રિકામાં તેમણે પોતાનાં રાજ્ય સ્થાપ્યાં. આ રાજ્યો પોતાને ફાવતું આવે એટલી વાતમાં પોતાને સામ્રાજ્યના પ્રાન્તો ગણાવતાં. આખરે ઇ. સ. ૪૭૬ માં ખુદ ઇટાલિમાં પણ એક પરદેશી રાજ્ય સ્થપાયું; અને પશ્ચિમ સામ્રાજ્યનો અંત આવ્યો. ઇસુનાં વર્ષ ૫૦૦એ સ્પેન અને ઇટાલિમાં ગૉથિક રાજ્યો, આફ્રિકામાં વેન્ડાલ રાજ્ય, ગૉલમાં કલોવિસનું ફ્રાન્કીશ રાજ્ય અને બ્રિટનમાં સેકસન રાજ્ય, સ્થપાતાં જોયાં.

પણ પશ્ચિમ સામ્રાજ્યનો અંત આવ્યા છતાં પાશ્ચાત્ય સંસ્કૃતિનો અંત આવ્યો નહિ. પરદેશીઓએ ઘણો નાશ કર્યો, પણ દરેકે દરેક વસ્તુનો નહિ. રોમની દરેક નિશાની જ્યાં સદંતર ભુંસાઇ ગઇ હતી એવાં બ્રિટન સિવાય બીજા દેશોમાં (ખાસ કરીને ગૉલમાં) રોમન સંસ્કૃતિ જીવતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહેવા દેવામાં આવી હતી, અને વખત જતાં નવીન આગંતુકોએ તેમાં સહેજસાજ ફેરફાર કરીને તેને સ્વીકારી લીધી અને ઉપયોગ કર્યો. ખાસ કરીને સામ્રાજ્ય નબળું પડીને નાશ પામતું ગયું તેમ તેમ રોમના પોપ અને ખ્રિસ્તી દેવાલય વચ્ચે પડતાં ગયાં અને સંસ્કૃતિનાં સંરક્ષક અને સાચવનાર થયાં. જંગલીઓને ખ્રિસ્તી ધર્મમાં લાવીને, દેવાલયે શિક્ષણપ્રચારનો હક મેળવ્યો. કેળવણીનું બધું કામ સંભાળી લઇને દેવાલય નવા યુગમાં પણ રોમન સંસ્કૃતિ ચાલુ રાખવામાં ફાવ્યું. સેંકડો વર્ષો સુધી, ભૂતકાળ માણસ જાતને જે કાંઇ શીખવી શકેલો, તેમાંથી પશ્ચિમ યુરોપમાં જેટલું અવશેષ રહેલું તેને સજીવન રાખવાનું કામ ખ્રિસ્તી ધર્મે કર્યું છે.

પૂર્વ સામ્રાજ્યે આશ્ચર્યકારક લાંબું આયુષ્ય ભોગવ્યું. એડ્રિયાટિક સમુદ્રથી યુક્રેટિસ સુધી પથરાયેલું હોવાથી પશ્ચિમ સામ્રાજ્ય કરતાં તે ખરેખર વધારે સશક્ત ને શ્રીમન્ત હતું. એટલું ખરૂં કે તેને સતત હાડમારીઓ અને પરશિયા સાથેની લડાઇનો ખર્ચ ભોગવવાં પડતાં હતાં; અને પાંચમા સૈકામાં હુણ અને સીથિયન લોકોએ તેના ઉત્તર પ્રાન્તોને ખેદાનમેદાન કરી મૂકયા હતા. પણ જસ્ટીનિયન (૫૨૭–૫૬૫) બાદશાહના અમલમાં તે પાછું પગભર થયું. બલગેરિયન, સ્લેવોનિયન અને લોમ્બાર્ડોના હુમલા થયા છતાં તેમને કોન્સ્ટાન્ટિનોપલથી દૂર રાખી શકયું. જસ્ટિનિયનના મહાન સરદારો બેલિસેરિયસ અને નાર્સિસે આફ્રિકાનું વેન્ડાલ અને ઇટાલિનું ગૉથિક રાજ્ય જીતી લીધું. ૨૦૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વર્ષ સુધી ઇટાલિનો મોટો ભાગ પૂર્વ સામ્રાજ્યનો એક પ્રાન્ત રહ્યો. એક સુબો તેની ઉપર અમલ ચલાવતો તે 'રેવન્નાનો એકસાર્ક' કહેવાતો.

જસ્ટીનિયનના રાજ્યમાં રોમન કાયદાને એકત્રિત કરી તેનો સંગ્રહ કરવામાં આવ્યો. તે ઇન્સ્ટિટયુટ ઓફ જસ્ટીનિયનના નામથી પ્રસિદ્ધ છે. વળી તેના રાજ્ય-અમલ દરમ્યાન તેમજ ત્યાર પછીનાં તુર્તનાં વર્ષોમાં 'બીઝેન્ટાઇન' સ્થાપત્યની ઉત્તમ કલાકૃતિઓ સરજાઈ. તેમાં કોન્સ્ટેન્ટિનોપલનું સાન્ટા સોફિયાનું મોટું દેવળ સૌથી સરસ નમૂનો છે. તેની રચનામાં ઘુમ્મટવાળો રોમન બાંધણીનો ઘાટ છે અને દિવાલોને પચરંગી રંગથી અથવા રંગીન પથ્થર જડીને સુશોભિત કરેલી છે.

મુસ્લિમ આરબોની ચડતી થતાં સામ્રાજ્યને માથે વધારે સખત આફત આવી. આરબોએ ઇરાન જીતી લઇને બગદાદનું આરબી રાજ્ય સ્થાપ્યું, આફ્રિકા ને સ્પેન જીત્યાં, પૂર્વ સામ્રાજ્યના એશિયાઇ પ્રાન્તોનો સંબંધ કાપી નાખ્યો અને ખુદ રાજધાની ઇસ્તંબુલને ઘેરો ઘાલ્યો. પણ એટલામાં આરબોમાં ફાટફૂટ પડવાથી તેમનું જોર નબળું પડયું અને એશિયાઇ પ્રાન્તો કંઇક અંશે પાછા હાથ આવ્યા. પૂર્વ સામ્રાજ્ય, ઉત્તરોત્તર તેનું બળ ઘટતું જવા છતાં, ઇ. સ. ૬૫૦–૧૧૦૦ સુધી નામનું પણ જીવતું રહ્યું. બલગેરિયન, હંગેરિયન, રશિયન અને નોરમન લોકોએ તેને વારાફરતી લૂટયું અને ધીમે ધીમે સંકોચાઇને યુરોપમાં તેના હાથમાં માત્ર કોન્સ્ટાન્ટિનોપલ અને તેની આસપાસનો થોડોક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રદેશ રહ્યો. તેનું બંધારણ આબેહૂબ પૌર્વાત્ય પદ્ધતિના સ્વતંત્ર રાજાની એકહથ્થુ સત્તા જેવું હતું. બાદશાહો ઉપર તેમના માનીતાઓની લાગવગ ખૂબ ચાલતી. માનીતાઓની પરસ્પરની અદેખાઇએ સામ્રાજ્યને નબળું પાડયું. સ્થાપત્ય અને જસ્ટિનિયન કાયદાસંગ્રહ ઉપરાંત પૂર્વ સામ્રાજ્યે કશું મહત્વનું પેદા કર્યું નથી. તેનું માન વધારનારી બીજી એક જ વાત એ છે કે તેના વિદ્વાન માણસોએ મહાન ગ્રીક લેખકોનાં લખાણોને સાચવી રાખ્યાં અને તેનો અભ્યાસ કર્યો. કોન્સ્ટાન્ટિનોપલ પડયા પછી પૌર્વાત્ય વિદ્વાનો પશ્ચિમમાં આવ્યા ત્યારે આ સાચવી રાખેલો જ્ઞાનભંડાર સાથે લેતા આવ્યા અને પશ્ચિમ યુરોપમાં ગ્રીક વિદ્યાને તેમણે પાછી સજીવન કરી.

ઈ. સ. ૧૦૫૦ પછી, કાસ્પિયન સમુદ્રના દક્ષિણ પ્રદેશમાંથી તુર્ક લોકો ઉતરી આવ્યા અને તેમણે એશિયા જીત્યું. આમાંથી ક્રુઝેડ નામે ઓળખાતાં ધર્મયુદ્ધોનો જન્મ થયો. આ ધર્મયુદ્ધોનું એક ફળ એ નીપજ્યું કે ક્રુઝેડરોએ કોન્સ્ટાન્ટિનોપલ પાછું હાથ કર્યું અને ત્યાં એકવાર ફરીથી લેટિન રાજ્ય સ્થાપ્યું જે ઇ. સ. ૧૨૦૪ થી ૧૨૬૧ સુધી ચાલ્યું. આમ પૂર્વ સામ્રાજ્યે આઝાદી પાછી મેળવી, પણ તેનું બળ તો ગયું તે ગયુંજ. ઇ. સ. ૧૩૦૦ માં ઓટોમન તુર્કોના નવા ધસારાએ સામ્રાજ્યમાંથી જે કાંઈ બાકી રહ્યું હતું તેને પણ ધાસ્તી લગાડી. તૈમુરની સ્વારીએ તેમને થોડો વખત અંકુશમાં રાખ્યા. તૈમુરે ઈ. સ. ૧૩૭૦ અને પછીનાં વર્ષો દરમિયાન મોંગોલ અથવા તાર્તાર સૈન્યો સાથે પૂર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એશિયામાંથી ધસી આવીને ઓટોમન સુલતાનને ઇ. સ. ૧૪૦૨ માં હરાવ્યો. તેના મૃત્યુ પછી મોંગોલ ભય જતો રહેવાથી ઓટોમન તુર્કોએ પાછા હુમલા કર્યા, ઇ. સ. ૧૪૫૩ માં કોન્સ્ટાન્ટિનોપલ લીધું અને પૂર્વ સામ્રાજ્યનો અંત આણ્યો. તેનો અંત તો વર્ષો પહેલાં આવી ગયો હતો, માત્ર નામનું ટકી રહ્યું હતું.

રોમન પૂર્વ સામ્રાજ્યની વાત પૂરી કરવા સારૂ આપણે છેક અર્વાચીન સમય સુધી આવી ગયા, એટલે પશ્ચિમમાં જૂનાં સામ્રાજ્યનું સ્થાન લેનાર ખ્રિસ્તી ધર્મનો ઇતિહાસ તપાસવા આપણે થોડું પાછળ હઠવું પડશે. ૩૦૦ વરસ સુધી ખ્રિસ્તી ધર્મને માથે મરી દળાયાં. કોઈ કોઈ વાર શહેરી લોકોનાં ટોળાં બખેડો જગાવે અને ખ્રિસ્તીઓને અગડમાં લઈ જઇ સિંહોને ખવરાવી દેવાની જીદ પકડે. પણ કેટલીક વખત તો ખૂદ બાદશાહો જ નવા ધર્મને દાબી દેવાના પ્રયત્ન કરતા. આગળ આપણે જોઈ ગયા કે રોમ તેની પ્રજાને તેના જૂના ધર્મ પાળવાની છૂટ આપતું; યાહુદી ધર્મને તેણે કશી દખલગીરી કરી નથી. પરંતુ ખ્રિસ્તી ધર્મ કોઇ એકાદ વિશિષ્ટ પ્રજાનો ધર્મ નહોતો, સાધારણ મંડળ જેવો તેનો દેખાવ લાગતો, અને તેથી બાદશાહોના મનમાં વહેમ પડતો. વળી પકડાય ત્યારે ખ્રિસ્તીઓ રાજ્યના દેવો અથવા બાદશાહની ‘ જીનિયસ ’ ને ભોગ--બલિદાન આપવાની ચોકખી ના પાડતા, એટલે તેમને કાવતરાંખોર અને દેશદ્રોહી ગણી તેમનો વધ કરવામાં આવતો. આમ ખ્રિસ્તી ધર્મને વારંવાર મોટો ભય અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સતામણી સહન કરવાં પડતાં. આવી સતામણી છતાં ખ્રિસ્તીઓની સંખ્યા વધતી ગઇ અને ખ્રિસ્તીધર્મની લાગવગ ફેલાતી ગઇ. ખ્રિસ્તીઓ કહેતા કે 'સતામણી થાય છે માટેજ ધર્મનો ફેલાવો થાય છે. શહીદોનાં લોહીનું ટીપેટીપું ધર્મનાં બી સમાન છે.'

ઇ. સ. ૨૦૦ પછીથી દુનિયાને જેની અનિવાર્ય જરૂર હતી તે ખ્રિસ્તી ધર્મે માનવજાતને આપ્યું: (૧) જીવનમાં આશા; દરેક બાબત ભાંગીને ભૂકો થવાની તૈયારીમાં હતી એવે વખતે, વત્સલ પિતા પ્રભુ અને મૃત્યુ પછીનાં જીવનની વાત ખ્રિસ્તી ધર્મે લોકોને સંભળાવી. (૨) દરેક માણસ અનુસરી શકે એવો જીવનમાર્ગ. સ્ટોઇક ફિલસુફીને બહુ થોડાં માણસો અનુસરી શકતાં; પણ ખ્રિસ્તી ધર્મે શીખવાડયું કે બધાં માણસો, કશા ભેદભાવ વિના, ક્રાઇસ્ટનું અનુકરણ કરીને, તેની પેઠે એક બીજાને ચાહી શકે, એક બીજાની સેવા કરી શકે અને કરવી જ જોઇએ. (૩) દરેક જણ ભળી શકે અને લાભ લઇ શકે એવો સમાજ: સેંકડો વર્ષો સુધી ટકી રહેલું સામ્રાજ્ય હવે ખળભળીને પડતું જતું હતું, પણ દેવાલય અડગ ઉભું રહ્યું. લડાઇઓ ને અશાન્તિના નવા યુગમાં ખ્રિસ્તી દેવાલય સિવાય બીજે કોઇ સ્થળે એકસરખી સમાનતા નજરે પડતી નહોતી. માત્ર ખ્રિસ્તી ધર્મ જ પોતાને રાષ્ટ્ર કે જાતિના તફાવતોથી પર માનતો મનાવતો. આમ ખ્રિસ્તી ધર્મ એક દેશમાંથી બીજા દેશમાં, એક વર્ગમાંથી બીજા વર્ગમાં ફેલાતો ગયો. છેવટે બાદશાહ કોન્સ્ટનન્ટાઇને તેને પૂર્વ અને પશ્ચિમ બંને સામ્રાજ્યોમાં રાજ્યાશ્રય આપીને રાજધર્મ જાહેર કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી તો તેની સત્તા ખૂબ વધી, પશ્ચિમમાં રોમ અને પૂર્વમાં કૉન્સ્ટાન્ટિનોપલ, એલેકઝાન્ડ્રિયા, ઍન્ટીઑક, ઇફેસસ જેવાં મોટાં શહેરોના ધર્મગુરુઓનું મહત્ત્વ દરેક જણની નજરમાં ઘણું વધ્યું.

ઇસ્વીસનની અગિયારમી સદીમાં રોમ અને કૉન્સ્ટાન્ટિનોપલના ધર્મગુરુઓ વચ્ચે ઝગડો થયો તેથી દેવાલયના પૂર્વ અને પશ્ચિમ એવા બે ભાગ પડયા. પૂર્વમાં દેવાલય રાજ્યના સીધા તાબામાં આવ્યું અને સામ્રાજ્યનો નાશ થતાં સુધી રાજ્યના એક ખાતા જેવું રહ્યું. તેને લીધે તેનું જીવન માંદલું થયું અને તેની લાગવગ કાયમને માટે ઘટી ગઈ. પૂર્વનાં દેવાલયે અર્વાચીન યુરોપને વારસામાં કાંઇ પણ સારી વાત આપી હોય તો તે તેની આશ્રમપદ્ધતિ (મઠ) છે. પૂર્વના એક મહાન પાદરીએ, દુનિયાદારીથી અલગ રહીને સ્ત્રીપુરુષો અભ્યાસ અને પ્રભુપ્રાર્થનામાં જીવન ગાળી શકે એટલા માટે, આ પ્રથા શરૂ કરી હતી. પૂર્વમાં તે ઘણી મહત્ત્વની થઇ પડી અને પશ્ચિમમાં બેનિડિકટાઈન પંથ સ્થાપનાર સંત બેનિડિકટે છઠ્ઠા સૈકામાં પશ્ચિમમાં પણ તેને દાખલ કરી. પછી તો પશ્ચિમ યુરોપમાં ઠેરઠેર આશ્રમો-મઠો સ્થપાયા અને તેમણે માનવજાતનું ઘણું કલ્યાણ કર્યું.

પશ્ચિમમાં, સામ્રાજ્યનો ઘણો જલદી અંત આવ્યો તેથી, દેવાલય પોતાની સ્વતંત્રતા હમેશાં જાળવી શકયું અને તેની તથા રોમના પોપની સત્તા ઘણી વધી. લાંબા વખત સુધી એ સત્તાની યુરોપમાં સૌથી વધારે પ્રબલ અને શ્રેષ્ઠ લાગવગ રહી. પણ પાછળથી પોપ ઘણી વધારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



વિદ્યાપીઠ વ્યાખ્યાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડતી સત્તા ઇચ્છવા લાગ્યા અને ધાર્મિક નહિ એવાં તેમના પ્રદેશની બહારનાં કામમાં પણ રૂઆબ કરવા લાગ્યા. પૂર્વ અને પશ્ચિમના ખ્રિસ્તી ધર્મમાં એ મુખ્ય તફાવત હતો. પશ્ચિમમાં પોપલોકોને રાજાઓ અને બાદશાહો સાથે કજીયા થયા, અને દેવાલયનાં ધર્મશિક્ષણનાં કામને પારાવાર નુકસાન થયું. આ કંકાસની વાત મોટે ભાગે અર્વાચીન ઇતિહાસની છે એટલે આપણે તેમાં ઉંડા નહિ ઉતરીએ. પણ રોમના ઇતિહાસની પૂર્ણાહુતિ કરતાં અહીં બે મુદ્દાઓ નોંધવાની જરૂર રહે છે:

૧ દેવાલય રોમન સામ્રાજ્યના મોટા ઋણમાં હતું. ધર્મનો ફેલાવો ઝડપથી થવામાં રોમન રાજમાર્ગોએ ઘણી અનુકૂળતા કરી આપી. રોમન લોકોએ ગ્રીક ફિલસુફી સુરક્ષિત રાખીને સુપ્રત કરી હતી તેનો દેવાલયે પોતાનાં ચિંતન અને વક્તવ્યમાં ઉપયોગ કર્યો. કાયદા અને રાજ્ય-વહીવટની રોમન પદ્ધતિએ દેવાલયને અનુકરણીય નમૂના પૂરા પાડયા. છેવટે, 'માણસો મોટું સામ્રાજ્ય સ્થાપી શકે તો મોટું સંગઠિત વિશ્વધર્મરાજ્ય શા માટે નહિ'? એવા વિચારનાં માણસો તૈયાર થયાં.

૨ રોમ જે કાંઇ સંસ્કાર ગ્રીસ પાસેથી શીખ્યું હતું અને જેને પોતાની રીતે ખિલવી હતી તે સંસ્કૃતિને યુરોપમાં સેંકડો વર્ષો સુધી સાચવી રાખવાનું અને ફેલાવવાનું કામ ખ્રિસ્તી દેવાલયે કર્યું. દેવાલય આપતું તે સિવાય યુરોપમાં સેંકડો વર્ષો સુધી કોઇ પ્રકારનું શિક્ષણ અપાતું નહોતું. ધાર્મિક બાબતોની હોય કે ગણિત, તર્ક, ફિલસુફી, અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાકીના કોઇ વિષયની હોય, તમામ પ્રકારની શિક્ષણ-પ્રવૃત્તિ દેવાલય ચલાવતું, બીજું કોઇજ નહિ. તમામ શાળાઓ, બધી વિદ્યાપીઠો દેવાલયે સ્થાપી અને દેવાલયે ચલાવી. દેવાલય જે જાતનું શિક્ષણ આપતું તેના પાયામાં મોટે ભાગે રોમની પડતી થયા પહેલાંની રોમન દુનિયામાં અસ્તિત્વ ધરાવતી સંસ્કૃતિનો ઉપયોગ થતો એટલે પશ્ચિમના ખ્રિસ્તી ધર્મે પ્રાચીન સંસ્કૃતિને નવા યુગમાં પણ જારી રાખી અને તેથી એ જૂની સંસ્કૃતિ વીસરાઇ ન જતાં અર્વાચીન યુરોપમાં આગળ ચાલી. આગલાં પ્રકરણોમાં જે જે વાતો આવી ગઈ તે ઉપરથી આપણે એ સંસ્કૃતિના કેટલા બધા ઋણી છીએ તેનો કંઈક ખ્યાલ આવ્યો હશે. એક અર્વાચીન વિદ્વાન તેને કેવી રીતે વર્ણવે છે તે જોઇએઃ

"આપણે જેને સંસ્કૃતિ સમજીએ છીએ તેનું મૂળ ગ્રીક છે, પણ તેમાં તત્ત્વ લેટિન છે. આપણે વિચારીએ છીએ, રચીએ છીએ અને વાણી તથા વર્તનથી ભાવો દર્શાવીએ છીએ તે રીત ગ્રીક નથી, પણ રોમન રીત છે. ગમે ત્યાં જઇએ, આપણાં પગલાં રોમન હાથોએ બાંધેલા રસ્તાઓ ઉપર પડવાનાં. આપણી પત્રલેખન કળામાં, આપણી રાજદ્વારી અને સામાજિક સંસ્થાઓમાં, આપણા વેપાર રોજગાર અને ઉદ્યોગના તંત્રમાં, આપણા કાયદા અને રાજ્ય કારોબારના તંત્રમાં, આપણા નાગરિક તેમજ જાતિય જીવનમાં, જરૂરિયાત અને ઉપયોગની દૃષ્ટિએ, રોમે સરજેલું કલેવર આપણે ગ્રહણ કરીએ છીએ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust